CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

162

ભગવાનશ્રી કુન્દકુન્દ—કહાન જૈન શાસ્ત્રમાળા
સ્થાપના વીર સં. ૨૪૭૧, પુષ્પ નં. ૨૦

શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તિદેવ વિરચિત

# દ્રવ્ય સંગ્રહ

મૂળ ગાથા, સંસ્કૃત છાયા, ગુજરાતી અન્વયાર્થ
અને ભાવાર્થ સહિત

મૂલ્ય ૬૦ નવા પૈસા

૨૮૦૩

—: પ્રકાશક :—
શ્રી. દિગમ્બરજૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ—(સૌરાષ્ટ્ર)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વીર સં. ૨૪૮૬ નવી આવૃત્તિ
વિ. સં. ૨૦૧૬ ૨૦૦૦

## જૈનશાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

### પ્રશ્ન

જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ?

### ઉત્તર

જિનમાર્ગમાં કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને 'એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે' એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયોનું ગ્રહણ છે. પણ બન્ને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી 'આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યાં નથી.

(મોક્ષમાર્ગપ્રકાશક–પાનું ૨૫૬)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

## અનુક્રમણિકા


| વિષય | પાન |
|---|---|
| ૧ છદ્રવ્યનું વર્ણન | ૧–૭૩ |
| ૨ નવ પદાર્થનું વર્ણન | ૭૪–૧૨૬ |
| ૩ મોક્ષ માર્ગનું વર્ણન | ૧૨૭–૧૮૨ |
| ૪ અર્થ સંગ્રહ | ૧૮૩–૨૦૦ |
| ૫ ભેદ સંગ્રહ | ૨૦૧–૨૦૭ |
| ૬ લઘુ દ્રવ્યસંગ્રહ | ૨૦૮–૨૧૫ |


### નકશો અને વિવરણ


| | |
|---|---|
| ૧ પ્રાણ વિવરણ | ૧૨ |
| ૨ ઉપયોગ | ૧૯ |
| ૩ પુદ્દગલના ગુણ | ૨૨ |
| ૪ ચૌદ જીવસમાસ | ૩૭ |
| ૫ પર્યાપ્તિનું વિવેચન | ૩૮ |
| ૬ અજીવ દ્રવ્યો | ૭૦ |
| ૭ ભાવાસ્ત્રવના ભેદ | ૮૩ |


Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# નિવેદન

શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તિદેવ દ્વારા રચિત આ 'દ્રવ્ય-સંગ્રહ'માં માત્ર ૫૮ ગાથાઓમાં અનેક મહત્ત્વના વિષયોનું નિરૂપણ છે. પ્રથમ અધ્યાયમાં છ દ્રવ્ય અને પાંચ અસ્તિ-કાયનું, બીજા અધ્યાયમાં નવ પદાર્થોનું અને ત્રીજા અધ્યાયમાં મોક્ષમાર્ગનું વર્ણન છે. તેથી તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે ઉપયોગી છે.

તત્ત્વાર્થસૂત્ર (મોક્ષશાસ્ત્ર)ની જેમ આ દ્રવ્યસંગ્રહ પણ લગભગ દરેક દિગમ્બર જૈન પાઠશાળાઓમાં શીખવાય છે. વિદ્યાર્થિઓને તેમ જ જિજ્ઞાસુઓને અભ્યાસમાં ઉપયોગી થાય તેવી શૈલિથી આ નવું સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં મૂળ ગાથા, સંસ્કૃત છાયા, અન્વયાર્થ અને ભાવાર્થ છે. ભાવાર્થમાં શાસ્ત્રોના આધાર સહિત સારભૂત વર્ણન લખીને આ સંસ્કરણને વિશેષ ઉપયોગી બનાવ્યું છે.

આ શાસ્ત્રની વિશિષ્ટતા એ છે કે જે જે ગાથાઓમાં નયનું વર્ણન કર્યું છે ત્યાં નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોનું વર્ણન એકી સાથે આપવામાં આવ્યું છે.

આ દ્રવ્ય સંગ્રહની સાથે જ આ શાસ્ત્રના કર્તા રચિત 'લઘુ દ્રવ્યસંગ્રહ' અર્થ સહિત આપવામાં આવ્યુ છે.

આ નવું સંસ્કરણ જરા વિસ્તારી ને વધુ સરલ બનાવવામાં આવ્યું હોવાથી સર્વ જિજ્ઞાસુઓને અભ્યાસમાં ઉપયોગી નીવડશે એવી આશા છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



આ શાસ્ત્રના કર્તા શ્રી નેમિચંદ્રસિદ્ધાન્તિદેવ લગભગ ૧૧મી શતાબ્દીમાં આ ભરત ક્ષેત્રમાં વિચરતા હતા.

આ કાર્યમાં પં. શ્રી હિંમતલાલભાઈ શ્રી ખીમચંદભાઈ બ્ર. ગુલાબચંદભાઈ બ્ર. ચંદુલાલભાઈ વગેરેએ પુરો સહકાર આપ્યો છે તે માટે તેમનો આભાર માનવા રજા લઉં છું.

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬

રામજી માણેકચંદ દોશી
પ્રમુખ
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# શુદ્ધિપત્ર

| પૃ. | લી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦ | ૧૧ | વચન, | કાય, વચન, |
| ૨૫ | ૧૮ | પુદ્‌ગલના | પુદ્‌ગલ |
| ૩૦ | ૨૪ | પુરુષ | ખીલાડા |
| ૩૬ | ૨ | પંચે | પંચિ |
| ૩૮ | ૨૦ | જીવને બે | જીવને ચાર |
| ૪૧ | ૨૧ | જન | જૈન |
| ૫૦ | ૧૪ | હાવા | હોવા |
| ૫૯ | ૯ | ગુતો | ગુત્તિ |
| ૬૩ | ૨૨ | આરાધના | આરાધનારૂપ |
| ૬૪ | ૧ | થઈ | થાય |
| ૮૦ | ૧૭ | નિ | વિં |
| ૮૯ | ૮ | કર્મોની | કર્મોના પરમાણુઓની |
| ૯૦ | ૮ | હેદ્દ | હેદૂ |
| ૯૬ | ૧૪ | શાસ્ત્રોમાં | શાસ્ત્રોમાં ગુણસ્થાનોના–સંક્ષેપથી ત્રણ વિભાગરૂપે |
| ૧૦૦ | છેલ્લી | રત્નત્રયરૂપ | વ્યવહાર રત્નત્રયરૂપ |
| ૧૦૬ | ૨૧ | અનુભવી | અનુજીવી |
| ૧૦૯ | ૧૨ | જ- | જ.) |
| ૧૩૦ | અંતિમ નીચે | ફૂટનોટમાં; | ૨–પ્રવચનસાર ગા. ૯૧ પૃ. ૧૩૮ |
| ૧૪૭ | ૧૨ | પછી | પછી પણ |
| ૧૪૮ | ૧૭ | सम्मं णाणं | सम्मण्णाणं |

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


| પૃ. | લી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૫ | ૫ | छद्दु | छद्द |
| ,, | છેલ્લી | ववयार | ववहार |
| ૧૬૨ | ૪ | णा | मा |
| ,, | ,, | अत्थे | अट्ठे |
| ૧૬૫ | ૧૦ | छप्पय चदु | छप्पण चउ |
| ૧૬૯ | ૯ | परं | परं च |
| ૧૭૦ | ૭ | वएसणे | वदेसणे |
| ૧૯૪ | ૧૪ | આસાવધાની | અસાવધાની |
| સૂચિપત્ર | | | |
| ક. પેજ એ | ૨૨ | ૦–૫૬ | ૦–૮૧ |
| ,, | ૨૩ | ૦–૫૦ | ૦–૬૦ |
| ૨૦૩ | ૧૯ | સંયોગ | સંયોગી |
| ૨૦૫ | ૩ | રીષહ | પરીસહ |
| ૨૦૬ | ૧૦ | કર્મગ્રહણરૂપ | કર્મ ગ્રહણમાં નિમિત્તરૂપ |
| ,, | ૨૦ | અનુપ્રેક્ષા | અનુપ્રેક્ષા, પરીષહ જય અને ચારિત્ર. |
| ,, | ૨૧ | પરીષહજય, ચારિત્ર | × |
| ૨૦૮ | ૩ | जयक | जयउ |
| ,, | ૮ | अत्थिका | अत्थिकाया |
| ૨૦૯ | ૧૪ | च उरिं | चउरिं |
| ,, | ૧૯ | પ્ર૦ સાર | પ્રવચનસાર |
| ૨૧૪ | ૧૩ | फायइ | झायइ |

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# मंगलाचरण

मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणी,
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥१॥

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः ॥२॥

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥३॥

अज्ञानतिमिरान्धनां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥४॥

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥५॥

★

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# श्री वीतरागाय नमः

## શ્રીનેમિચંદ્રસિદ્ધાંતિદેવવિરચિત

## દ્રવ્ય–સંગ્રહ

### મંગલાચરણ

जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिद्दिट्ठं ।
देविंदविंदवंदं वंदे तं सव्वदा सिरसा ॥ १ ॥

जीवमजीवं द्रव्यं जिनवरवृषभेण येन निर्दिष्टम् ।
देवेन्द्रवृन्दवन्द्यं वन्दे तं सर्वदा शिरसा ॥ १ ॥

**અન્વયાર્થ:–** [येन जिनवरवृषभेण] જે જિનવર વૃષભ-ભગવાને [जीवम् अजीवम् द्रव्यम्] જીવ અને અજીવ દ્રવ્યનું [निर्दिष्टम्] વર્ણન કર્યું છે, [देवेन्द्रवृन्दवन्द्यम्] દેવેન્દ્રોના સમૂહથી[1] વન્દનીય [तम्] તે પ્રથમ તીર્થંકર વૃષભદેવને હું (શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવ) [सर्वदा] હંમેશાં [शिरसा] મસ્તક નમાવી [वन्दे] નમસ્કાર કરું છું.

---

૧. ભવનવાસી દેવના ૪૦, વ્યંતર દેવના ૩૨, કલ્પવાસી દેવના ૨૪, જ્યોતિષી દેવના ૧ ચંદ્રમા અને ૧ સૂર્ય, મનુષ્યના ૧ ચક્રવર્તી અને તિર્યંચનો એક સિંહ; એ પ્રકારે સો ઇન્દ્રો છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ભાવાર્થ:–** (૧) 'जिनवरवृषभेण' એ શબ્દના બે અર્થો થાય છે:

(૧) આ કાળના પ્રથમ તીર્થંકર 'શ્રી વૃષભદેવ ભગવાને.'

(૨) 'સર્વ તીર્થંકરદેવોએ': તે નીચે પ્રમાણે—

जिन= મિથ્યાત્વ* અને રાગાદિને જીતનાર. (અસંયત સમ્યગ્દષ્ટિ, શ્રાવક અને મુનિને જિન કહી શકાય છે.)

जिनवर= જિનોમાં જે શ્રેષ્ઠ હોય છે તે 'જિનવર' છે. શ્રી ગણધરદેવ પણ જિનવર કહેવાય છે.

जिनवरवृषभ= જિનવરોમાં પણ જે શ્રેષ્ઠ હોય છે તે. દરેક તીર્થંકર ભગવાન 'જિનવરવૃષભ' (ભાવ-અપેક્ષાએ) કહેવાય છે.

(૨) द्रव्यं–

પ્રશ્ન– દ્રવ્ય એટલે શું?

ઉત્તર– ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

પ્રશ્ન– ગુણ કોને કહે છે?

ઉત્તર– જે દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે તેને ગુણ કહે છે.

(૩) जीवं–अजीवं (૧) સહજ શુદ્ધ ચૈતન્ય જેનું લક્ષણ છે તે જીવદ્રવ્ય છે.

(૨) તેનાથી વિલક્ષણ (પુદ્ગલાદિ પાંચ જેના ભેદ છે) તે અજીવદ્રવ્ય છે.

---

* જીવના શ્રદ્ધાગુણની વિપરીત અવસ્થાને મિથ્યાત્વ કહે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૩) જીવ–અજીવનું યથાર્થ જ્ઞાન ન હોવાના કારણે જ સંસારી પ્રાણીઓને સ્વ-પરનો વિવેક થઈ શકતો નથી અને તે કારણે જ તેઓ આત્મસ્વરૂપની પ્રાપ્તિથી વંચિત રહે છે અને તેથી દુઃખી છે.

(૪) માટે જેઓ કલ્યાણના માર્ગ પર ચાલવા ચાહતા હોય તેઓએ સ્વ-પરનો યથાર્થ વિવેક પ્રગટ કરવા માટે જીવ–અજીવનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. નિજ આત્મ-રૂપ ઉપાદાન (–નિજશક્તિ) કારણથી પ્રાપ્ત થતું અનંત સુખ જીવો પ્રગટ કરે એ શાસ્ત્રનું પ્રયોજન છે.

(૪) शिरसा वन्दे– નિજ શુદ્ધાત્માનું આરાધન તે ભાવનમસ્કાર છે, અને તે જિનેન્દ્ર ભગવાનની નિશ્ચય-સ્તુતિ–વંદના–પ્રણામ–નમસ્કાર છે. (જુઓ, શ્રી સમયસાર ગાથા ૩૧-૩૨-૩૩ તથા ટીકા). ધર્મી સાધક જીવનો જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરવાનો શુભ રાગ તે [૧]વ્યવહાર-નમસ્કાર છે. આવો વંદ્ય-વંદક ભાવ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે. ૧.

## જીવદ્રવ્યના નવ અધિકાર

जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥ २ ॥

---

૧. યથાર્થનું નામ નિશ્ચય છે, તથા ઉપચારનું નામ વ્યવહાર છે. (મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૭, પૃ. ૨૦૦.)

સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. નિશ્ચય–વ્યવહારનું સર્વત્ર (ચારે અનુયોગોમાં) એવું જ લક્ષણ છે. (મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૭, પૃ. ૨૫૩–૨૫૪.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



जीवः उपयोगमयः अमूर्तिः कर्त्ता स्वदेहपरिमाणः ।
भोक्ता संसारस्थः सिद्धः सः विस्रसा ऊर्ध्वगतिः ॥२॥

**અન્વયાર્થ:-** [सः] તે (જીવ) [जीवः] પ્રાણોથી જીવે છે; [उपयोगमयः] ઉપયોગમય છે; [अमूर्तिः] અમૂર્તિક છે; [कर्त्ता] કર્તા છે; [स्वदेहपरिमाणः] પોતાના નાના મોટા શરીરપ્રમાણ રહેવાવાળો છે; [भोक्ता] ભોક્તા છે; [संसारस्थः] સંસારમાં રહેવાવાળો છે; [सिद्धः] સિદ્ધ છે; [विस्रसा ऊर्ध्वगतिः] અને (અગ્નિની જ્વાળાની પેઠે) સ્વભાવથી ઊર્ધ્વગમન કરવાવાળો છે.

**ભાવાર્થ:- (૧) નવ અધિકારો:-** આ ગાથામાં જીવના નવ અધિકારોનાં નામો આપ્યાં છે.

**(૨) જીવ-અજીવનું જ્ઞાન:-** પ્રથમ તો દુઃખ દૂર કરવા માટે સ્વ-પરનું જ્ઞાન અવશ્ય જોઇએ, કારણકે સ્વ-પરનું જ્ઞાન જો ન હોય તો પોતાને ઓળખ્યા વિના પોતાનું દુઃખ તે કેવી રીતે દૂર કરે?

અથવા સ્વ-પરને એકરૂપ જાણી પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે તો તેથી પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય? અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે તો તેથી દુઃખ જ થાય, માટે સ્વ-પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે.

હવે સ્વ-પરનું જ્ઞાન જીવ-અજીવનું જ્ઞાન થતાં જ થાય છે, કારણકે પોતે જીવ છે તથા શરીરાદિક અજીવ છે. જો એનાં લક્ષણાદિ વડે જીવ-અજીવની ઓળખાણ થાય

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તો જ સ્વ-પરનું ભિન્નપણું ભાસે, માટે જીવ-અજીવ જાણવા[૧] જોઈએ. આ હેતુથી ગાથા ૩ થી ૧૪ સુધી જીવના નવ અધિકારો વર્ણવ્યા છે અને ત્યાર પછી ગાથા ૧૫ થી ૨૨ સુધી અજીવ અધિકાર વર્ણવ્યો છે. આને જાણ્યા વિના જીવ-અજીવના ભિન્નપણાનું યથાર્થ ભાન થઈ શકે નહીં.

**(૩) હેય-ઉપાદેય:**—શુદ્ધનયાશ્રિત[૨] જીવસ્વરૂપ ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય, આદરવા યોગ્ય) છે, શેષ (બાકી) સર્વ હેય[૩] (છોડવા યોગ્ય) છે. એ પ્રમાણે હેય-ઉપાદેય-રૂપ ભાવાર્થ સમજવો.

## જીવના નવ અધિકારો શરૂ કરતાં પહેલાં—
## આ શાસ્ત્રમાં કહેલા 'નયો' સંબંધી ભૂમિકા.
## આ શાસ્ત્રની વિશિષ્ટતા

(૧) આ શાસ્ત્રના કથનની વિશિષ્ટતા એ છે કે—જે જે ગાથાઓમાં 'નય' કહ્યા છે તે તે ગાથાઓમાં નિશ્ચય અને વ્યવહાર નયોનું કથન એકી સાથે કર્યું છે તેથી તેનું સ્વરૂપ ટૂંકામાં અહીં આપવામાં આવે છે.

---

૧. જુઓ, મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૪. પૃ. ૮૨.

૨. જુઓ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ પૃ. ૯. આ ગાથાની ટીકામાં કહ્યું છે કે, શાસ્ત્રોનું વ્યાખ્યાન કરવામાં શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ભાવાર્થ-એ પાંચે પ્રકારો જાણવા જોઈએ.

૩. નિયમસાર ગા. ૩૮–૫૦ તથા તેની ટીકા. નિજ શુદ્ધ અંતઃતત્ત્વ ઉપાદેય છે, બીજા બધા: ભાવો હેય છે. પૃ. ૭૮ તથા ૧૦૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## નય શું છે ?

(૨) સમ્યક્ શ્રુતજ્ઞાનપ્રમાણના અવયવને (અંશને વિકલ્પને) 'નય' કહેવામાં આવે છે. 'નય'નો ધાતુ આ ની=નય અર્થાત્ પોતાના જ્ઞાનને [1]વસ્તુના યથાર્થ સ્વરૂ તરફ લઈ જવું. વસ્તુગ્રાહક 'પ્રમાણ' છે; એકદેશગ્રાહ 'નય' છે.

## મિથ્યાદૃષ્ટિને નય હોય છે ?

(૩) મિથ્યાદૃષ્ટિનું શ્રુતજ્ઞાન મિથ્યા હોવાથી તેને સાચ 'નય' હોતા નથી. તેના શ્રુતજ્ઞાનના અંશને કુનય કહેવામ આવે છે.

## નયનું તાત્પર્ય

(૪) નયનું તાત્પર્ય એવું છે કે-વસ્તુ અનેક ધર્મ સ્વરૂપ છે, તેમાંથી કોઈ ધર્મની મુખ્યતા કરી અવિરોધપણે સાધ્ય પદાર્થને જાણવો.

## પહેલાં એકલો વ્યવહારનય હોય છે ?

(૫) ના, તેમ હોતું નથી; કેમકે આગમનું વચન એ છે કે– "निरपेक्षानयाः मिथ्याः सापेक्षा वस्तु तेऽर्थकृत्" (આપ્ત મીમાંસા શ્લોક ૧૦૮). નિશ્ચયનય સાપેક્ષ જ વ્યવહારન હોય છે. [2]નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષ માર્ગમાં છે; કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી

---

૧. દરેક વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોય છે. તેથી વસ્તુનું જ્ઞા તે પ્રમાણ છે, અને તેના એક ભાગને જાણનાર તે નય છે

૨. શ્રી સમયસાર ગાથા ૩૦૬–૩૦૭ ભાવાર્થ, પૃ. ૪૬૩ આવૃત્તિ બીજી, ગુજરાતી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



માટે પહેલાં એકલો વ્યવહારનય હોય અને પછી નિશ્ચય-નય પ્રગટે એ માન્યતા મિથ્યા છે.

## જિનવાણીની પદ્ધતિ

(૬) બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની[૧] જિન ભગવંતોની વાણીની પદ્ધતિ છે. ભગવાનનું કથન એક નયને આશ્રિત હોતું નથી. એવી બે નયાશ્રિત વ્યાખ્યા [૨]સમ્યગ્જ્ઞાન-રૂપી નિર્મળ જ્યોતિની જનની છે. શાસ્ત્રોનો અભ્યાસ હોવા છતાં જેને સમ્યગ્જ્ઞાન ન પ્રગટે તેણે જિનવાણીની પદ્ધતિનો આશય ખરેખર જાણ્યો નથી.

(૭) આ બે નયોનાં નામ 'નિશ્ચય'–'વ્યવહાર' છે. એ બે નામો એમ સૂચવે છે કે, તેમનાં સ્વરૂપ એકબીજાથી ભિન્ન–વિરુદ્ધ–પ્રતિપક્ષ છે. જો તેમ ન હોય તો જુદા-જુદા ભાવવાચક નામો 'નયો'ને આપવામાં ન આવે.

## નયજ્ઞાનની અને ભેદજ્ઞાનની આવશ્યકતા

(૮) જીવને અનાદિથી સ્વ-પરના એકત્વરૂપ શ્રદ્ધાથી મિથ્યાદર્શન છે; સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાન–મિથ્યાજ્ઞાન છે; અને સ્વ-પરના એકત્વઆચરણથી મિથ્યાચારિત્ર છે.

(૯) સર્વે દુઃખોનું મૂળકારણ મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્ર છે. એ સર્વે દુઃખોનો અભાવ કરવા માટે તેને બે પ્રકારનું ભેદજ્ઞાન કરાવવામાં આવે છે.

---

૧. નિયમસાર કલશ ૨ પૃ. ૨.

૨. પંચાસ્તિકાય કલશ ૨ પૃ. ૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**પહેલા પ્રકારનું ભેદજ્ઞાન:—** જીવ પોતાના ગુણો અને પર્યાયોથી એક છે-અભિન્ન છે; તથા પરદ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોથી અત્યંત જુદો છે-ભિન્ન છે. અર્થાત્ જીવ સ્વદ્રવ્યે-સ્વક્ષેત્રે-સ્વકાળે અને સ્વભાવે પરદ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અત્યંત જુદો છે. તેથી તે અપેક્ષાએ પર દ્રવ્યો, તેના ગુણો, પર્યાયો સાથેનો સંબંધ માત્ર વ્યવહારનયે-સંયોગરૂપ-કે નિમિત્તરૂપ છે એવું જ્ઞાન કરાવવામાં આવે છે.

આ દૃષ્ટિએ, પરદ્રવ્યો સાથેનો સંબંધ અસદ્‌ભૂત-અસત્ય હોવાથી તે સંબંધનું જ્ઞાન કરાવનારા નયને વ્યવહારનય કહેવામાં આવે છે અને જીવના દ્રવ્ય-ગુણો-પર્યાયો પોતાના હોવાથી, પરથી ભિન્ન બતાવવા 'નિશ્ચયનય' કહેવામાં આવે છે.

**(૧૦) બીજા પ્રકારનું ભેદજ્ઞાન:—** પણ આટલું જ ભેદજ્ઞાન કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન થતું નથી, કેમકે અનાદિથી જીવની પર્યાય 'અશુદ્ધ' છે. તેને પોતામાં થતી હોવાની અપેક્ષાએ 'નિશ્ચયનય'નો વિષય કહે છે, તોપણ તેને જ દ્રવ્યના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપથી ભિન્ન બતાવવા માટે તથા ગુણભેદ અને પર્યાયભેદને આશ્રયે રાગ ઉત્પન્ન થતો હોવાથી તે ગુણભેદોને—શુદ્ધ પર્યાયોને તથા અશુદ્ધ પર્યાયોને—તેનો આશ્રય છોડાવવા માટે 'વ્યવહાર' કહેવામાં આવે છે. અને જીવદ્રવ્યનું ત્રિકાળી શુદ્ધ સ્વ-રૂપ કે જે ધ્રુવ છે તેને 'નિશ્ચય' કહેવામાં આવે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કેમકે તેને આશ્રયે જ ધર્મની શરૂઆત—તેનું ટકવું—તેની વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.*

(૧૧) માટે નયોનું સ્વરૂપ આ શાસ્ત્રની જુદી-જુદી ગાથાઓમાં આપ્યું છે તે બરાબર સમજવાની જરૂર છે.

(૧૨) આ બન્ને પ્રકારનાં ભેદજ્ઞાન ત્યારે થયાં કહેવાય કે જ્યારે જીવ પોતાના ધ્રુવસ્વભાવનો આશ્રય કરી ધર્મ પ્રગટ કરે. આ પ્રમાણે અપૂર્વ ધર્મ જીવને પોતાને આશ્રયે પ્રગટે છે તે વખતે શ્રદ્ધાગુણની જે પર્યાય પ્રગટે છે તેને સમ્યગ્દર્શન કહે છે અને જ્ઞાનગુણની જે શુદ્ધપર્યાય પ્રગટે છે તેને ભાવશ્રુતજ્ઞાન અથવા સમ્યગ્જ્ઞાન કહે છે. એ ભાવશ્રુતજ્ઞાન અવયવી છે અને સમ્યક્‌નયો તેના અવયવો અર્થાત્ અંશો છે.

(૧૩) 'વ્યવહારનય'નું જ્ઞાન કરાવવાનું પ્રયોજન એ છે કે– જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે; તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને વસ્તુસ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે તે હેતુથી તેને પરમાર્થનો (નિશ્ચય-નયનો) પ્રતિપાદક ગણી સ્થાપન કરવામાં આવે છે.

---

* જુઓ, શ્રી સમયસાર–રાયચંદ્ર ગ્રંથમાળા, જયસેનાચાર્ય ટીકા. ગા. ૫૭ પૃ. ૧૦૧, ગા. ૧૦૨ પૃ. ૧૬૭, ગા. ૧૧૩ થી ૧૧૫ પૃ. ૧૭૯, ગા. ૧૩૭–૩૮ પૃ. ૧૯૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૧૪) છતાં (૧) તે અનુસરવા યોગ્ય નથી, (૨) તેના આશ્રયે રાગ ઉત્પન્ન થાય છે, (૩) નિર્વિકલ્પતા થતી નથી, માટે ભગવાન વ્યવહારનું આલંબન કરાવે છે—એમ ન સમજવું, પણ તેનું આલંબન છોડાવી પરમાર્થ-(નિશ્ચય) નયનું આલંબન કરાવે છે એમ સમજવું.

(૧૫) તેથી વ્યવહારનય નિષેધ્ય અને નિશ્ચયનયને તેનો નિષેધક કહેવામાં આવે છે. ૨.

## ૧. જીવાધિકાર

तिक्काले चदुपाणा इंदियबलमाउ आणपाणो य ।
ववहारा सो जीवो णिच्चयणयदो दु चेदणा जस्स ॥३॥
त्रिकाले चतुःप्राणा इंद्रियं बलं आयुः आनप्राणश्च ।
व्यवहारात् सः जीवः निश्चयनयतः तु चेतना यस्य ॥३॥

**અન્વયાર્થ**:— [व्यवहारात्] વ્યવહારનયથી જેને [त्रिकाले] ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં [इन्द्रियम्] ઇન્દ્રિય, [बलं] બલ, [आयुः] આયુ [च] અને [आनप्राणः] શ્વાસોચ્છ્વાસ [चतुःप्राणाः] એ ચાર પ્રાણ હોય છે [तु] અને [निश्चयनयतः] નિશ્ચયનયથી [चेतना] ચેતના [यस्य] જેને હોય છે [सः जीवः] તે જીવ છે.

**ભાવાર્થ**:—(૧) **જીવને વ્યવહારનયથી પ્રાણ**—જીવને વ્યવહારનયથી અર્થાત્ સંયોગરૂપે ઇન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ એ ચાર જડ પ્રાણો સંસારદશામાં હોય છે. એ ચાર પ્રાણો પુદ્ગલદ્રવ્યની સ્કંધરૂપ પર્યાયો છે. પુદ્ગલદ્રવ્ય જીવથી સર્વપ્રકારે અર્થાત્ દ્રવ્યે, ક્ષેત્રે,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કાળે અને ભાવે અત્યંત ભિન્ન છે. જડપ્રાણો સંયોગરૂપ હોવાથી અનિત્ય છે.

**(૨) જીવને નિશ્ચયનયથી પ્રાણ**—જીવને નિશ્ચયનયથી અર્થાત્ ખરેખર સદા ચેતનાપ્રાણ છે. આ ચેતનાપ્રાણના કારણે જીવ ખરેખર અનાદિથી અનંતકાળ સુધી જીવે છે. આ ચેતનાપ્રાણ શાશ્વત હોવાથી નિત્ય છે.

**(૩) નિશ્ચયનય-વ્યવહારનયનું સ્વરૂપ**— નયોનું સ્વરૂપ ભૂમિકામાં પારા ૧ થી ૧૫ સુધી આપ્યું છે. તે વાંચી લેવું. જોકે ખરેખર જીવ સદાય ચેતના (-ભાવ) પ્રાણથી જીવે છે તોપણ સંસારદશામાં વ્યવહારજીવત્વના કારણભૂત ઇંદ્રિયાદિ દ્રવ્યપ્રાણોથી 'વ્યવહારનયે' જીવે છે—એમ દ્રવ્યપ્રાણોના સંયોગનું જ્ઞાન કરાવવા માટે કહેવામાં આવે છે. તે દ્રવ્યપ્રાણો આત્માનું સ્વરૂપ બિલકુલ નથી કારણ કે તેઓ પુદ્ગલદ્રવ્યથી બનેલા છે.[૧]

**(૪) બન્ને નયો એકીસાથે**— આ બન્ને નયોના વિષયને પરસ્પર વિરોધ હોવા છતાં, તે વિષયોને સાથે રહેવામાં વિરોધ નથી.

**(૫) જીવને પૌદ્ગલિક પ્રાણોની સંતતિનો હેતુ**— જ્યાંસુધી દેહપ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી ત્યાંસુધી સંસારી આત્મા ફરી-ફરીને અન્ય-અન્ય પ્રાણો ધારણ કરે છે. માટે જીવ ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે

---

૧. પ્રવચનસાર ગા. ૧૪૭ પૃ. ૨૫૬–૨૫૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તો તેને પ્રાણો કઈ રીતે અનુસરે? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)[1]

**તાત્પર્ય**—જીવદ્રવ્યથી પુદ્ગલ વિપરીત હોવાથી, અનંત દર્શન–જ્ઞાન–સુખ–વીર્યાદિ અનંતગુણ–સ્વભાવમય નિજ પરમાત્મતત્ત્વથી દ્રવ્યપ્રાણો ભિન્ન છે એવી ભાવના કરવી.[2] ૩.

## પ્રાણોનો કોઠો

### વ્યવહારનયથી જીવને કેટલા પ્રાણ હોય છે:—

| જીવ | ઇન્દ્રિય | બળ | આયુ | શ્વાસ | પ્રાણ |
|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | સ્પર્શન | કાય | ,, | ,, | ૪ |
| દ્વીન્દ્રિય | ,, રસના | વચન | ,, | ,, | ૬ |
| ત્રીન્દ્રિય | ,, ,, ઘ્રાણ | ,, | ,, | ,, | ૭ |
| ચતુરિન્દ્રિય | ,, ,, ,, ચક્ષુ | ,, | ,, | ,, | ૮ |
| પંચેન્દ્રિય { અસંજ્ઞી | ,, ,, ,, ,, કર્ણ | ,, | ,, | ,, | ૯ |
| પંચેન્દ્રિય { સંજ્ઞી | ,, ,, ,, ,, ,, | મન | ,, | ,, | ૧૦ |

## ૨. ઉપયોગ અધિકાર

### (દર્શન-ઉપયોગના ભેદ.)

उवओगो दुवियप्पो दंसणणाणं च दंसणं चदुधा ।
चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं ॥ ४ ॥

उपयोगः द्विविकल्पः दर्शनं ज्ञानं च दर्शनं चतुर्द्धा ।
चक्षुः अचक्षुः अवधिः दर्शनं अथ केवलं ज्ञेयम् ॥ ४ ॥

---

૧. પ્રવચનસાર, ગા. ૧૫૦–૧૫૧ પૃ. ૨૫૯–૨૬૦–૨૬૧.
૨. પ્રવચનસાર, ગા. ૧૪૭ શ્રી જયસેનજી ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**અન્વયાર્થ:—** [उपयोगः] ઉપયોગ [द्विविकल्पः] બે પ્રકારનો છે—[दर्शनं ज्ञानं च] દર્શન અને જ્ઞાન. [दर्शनं] એમાં દર્શન-ઉપયોગ [चतुर्द्धा] ચાર પ્રકારનો [ज्ञेयं] જાણવો—[चक्षुः अचक्षुः अवधिः अथ केवलं दर्शनं] ચક્ષુદર્શન, અચક્ષુ-દર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**ભાવાર્થ:–** (૧) **ઉપયોગ**— જીવ ચેતનદ્રવ્ય છે. જ્ઞાન-દર્શન તેના ગુણો છે. તેનું એક નામ ચૈતન્ય[૧] છે. ચૈતન્યને અનુસરીને થતા આત્માના પરિણામને 'ઉપયોગ'[૨] કહેવામાં આવે છે.

(૨) **ઉપયોગના પ્રકારો**—ઉપયોગ બે પ્રકારનો છે: દર્શન અને જ્ઞાન. દર્શનોપયોગના ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન—એ ચાર ભેદો છે.

(૧) **ચક્ષુદર્શન**—નેત્રના સંબંધથી થતા મતિજ્ઞાનના પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને ચક્ષુદર્શન કહે છે.

(૨) **અચક્ષુદર્શન**—નેત્ર સિવાય બાકીની ઈન્દ્રિયો અને મનના સંબંધથી થતા મતિજ્ઞાન પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને અચક્ષુ-દર્શન કહે છે.

---

૧. ચૈતન્ય-વિશેષ તે જ્ઞાનગુણ છે. ચૈતન્ય-સામાન્ય તે દર્શનગુણ છે.

૨. ખરેખર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મોના ક્ષયોપશમ–ક્ષયને અનુસરીને ઉપયોગ થતો નથી, તેથી તે અનુસાર થયો એમ કહેવું તે નિમિત્તકારણનું જ્ઞાન કરાવવા માટે ઉપચાર છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૩) **અવધિદર્શન**—અવધિજ્ઞાન પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને અવધિદર્શન કહે છે.

(૪) **કેવળદર્શન**[૧]— કેવળજ્ઞાનની સાથે વર્તતા સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને કેવળદર્શન કહે છે. આ વિષયને લગતી આગળ ગાથાઓ ૪૩ ૪૪ છે, તે વાંચો. ગાથા ૪૩ તથા તેના ભાવાર્થમાં દર્શન-ઉપયોગની વ્યાખ્યા આપી છે.

**તાત્પર્ય:**— જિનેન્દ્રકથિત[૨] સમસ્ત દર્શન-જ્ઞાનના ભેદોને જાણીને, જે પુરુષ પરભાવોને પરિહરી નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો, શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે તે નિર્વાણ-સુખને પામે છે. ૪.

## જ્ઞાનોપયોગના ભેદ

णाणं अट्ठवियप्पं मदिसुदओही अणाणणाणाणि ।
मणपज्जयकेवलमवि पच्चक्खपरोक्खभेयं च ॥ ५ ॥

ज्ञानं अष्टविकल्पं मतिश्रुतावधयः अज्ञानज्ञानानि ।
मनःपर्ययः केवलं अपि प्रत्यक्षपरोक्षभेदं च ॥ ५ ॥

**અન્વયાર્થ:**— [मतिश्रुतावधयः अज्ञानज्ञानानि] મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવધિઅજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન

---

૧. શ્રુતદર્શન અને મન:પર્યયદર્શન હોતાં નથી, કેમકે શ્રુત અને મન:પર્યયજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે.

૨. જુઓ, નિયમસાર કલશ ૧૭. પૃ. ૨૬–૨૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



[ अपि ] અને [ मनःपर्ययः ] મનઃપર્યયજ્ઞાન [केवलं] અને કેવળજ્ઞાન—એ રીતે [ज्ञानं] જ્ઞાનોપયોગ [अष्टविकल्पं] આઠ પ્રકારનો છે [च] તેમ જ એ જ્ઞાન-ઉપયોગ [प्रत्यक्षपरोक्षभेदं] પ્રત્યક્ષ અને પરોક્ષ ભેદથી બે પ્રકારે છે.

**(૧) ભેદોના પ્રકારઃ—** (૧) જ્ઞાનોપયોગના બધા મળીને આઠ ભેદો છે. તેમાં કુમતિ અને કુશ્રુત બધા મિથ્યાદૃષ્ટિઓને હોય છે. સર્વ મિથ્યાદૃષ્ટિ દેવો, દેવીઓ તથા નારકીઓને કુઅવધિ પણ હોય છે. કોઇ-કોઈ મિથ્યાદૃષ્ટિ મનુષ્ય-તિર્યંચને પણ કુઅવધિ હોય છે. સમ્યક્મતિ-શ્રુત એ બે જ્ઞાન સર્વે છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિઓને હોય છે. સુઅવધિ જ્ઞાન કોઇ-કોઇ છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિને હોય છે. મનઃપર્યય જ્ઞાન કોઇ-કોઈ ભાવલિંગી મુનિને હોય છે. તીર્થંકરદેવને મુનિદશામાં તથા ગણધરદેવને તે જ્ઞાન નિયમથી હોય છે. કેવળજ્ઞાન કેવળી અને સિદ્ધભગવંતો સર્વેને હોય છે.

**(૨) મિથ્યાજ્ઞાન—અજ્ઞાન—કુજ્ઞાનઃ—**મિથ્યાદૃષ્ટિઓનું મતિ-શ્રુતજ્ઞાન અન્ય જ્ઞેયમાં લાગે પણ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવામાં ન લાગે એ જ્ઞાનનો જ દોષ છે; તેથી તેને 'મિથ્યાજ્ઞાન' કહ્યું છે. તે જ્ઞાનને તત્ત્વજ્ઞાનના અભાવથી 'અજ્ઞાન' કહ્યું છે, તથા પોતાનું પ્રયોજન સાધતું નથી માટે તેને જ 'કુજ્ઞાન' કહ્યું છે.

**(૩) પ્રત્યક્ષ-પરોક્ષઃ—**જ્ઞાનના પ્રત્યક્ષ-પરોક્ષ એવા બે ભેદો પણ છે. (જુઓ, ગા. ૪૨)

**તાત્પર્યઃ—** નિજ શુદ્ધાત્માનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



અનુચરણલક્ષણ-એકાગ્ર ધ્યાન વડે ચાર ઘાતિ કર્મોનો ક્ષય થતાં જે ઉત્પન્ન થાય છે તે જ સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાન[1] પ્રગટ કરવા યોગ્ય છે એમ સમજવું. ચોથી ગાથામાં જે તાત્પર્ય જણાવ્યું છે તે અહીં પણ લાગુ પડે છે. ૫.

### ઉપયોગ જીવનું લક્ષણ છે.

अट्ठ चदु णाण दंसण सामण्णं जीवलक्खणं भणियं ।
ववहारा सुद्धणया सुद्धं पुण दंसणं णाणं ॥ ६ ॥
अष्ट चतुर्ज्ञानदर्शने सामान्यं जीवलक्षणं भणितम् ।
व्यवहारात् शुद्धनयात् शुद्धं पुनः दर्शनं ज्ञानम् ॥६॥

**અન્વયાર્થ**:- [व्यवहारात्] વ્યવહારનયથી [अष्ट चतुर्ज्ञान-दर्शने] આઠ પ્રકારનું જ્ઞાન અને ચાર પ્રકારનું દર્શન, એને [सामान्यं] સામાન્ય [जीवलक्षणं] જીવનું લક્ષણ [भणितं] કહેવામાં આવ્યું છે. [पुनः] અને [शुद्धनयात्] શુદ્ધ નિશ્ચયનયથી [शुद्धं] શુદ્ધ [दंसणं] દર્શન [ज्ञानं] અને જ્ઞાન, એને જ જીવનું લક્ષણ કહેવામાં આવ્યું છે.

---

૧. કેવળજ્ઞાન-દર્શન ક્ષાયિક ભાવે છે; બાકીના દસ ઉપયોગ ક્ષાયોપશમિક ભાવે છે. તે દસ ઉપયોગોમાં જેટલો જ્ઞાન-દર્શનનો અભાવ છે તે ઔદયિક ભાવે છે. ગાથા ૬ માં કહેલ 'શુદ્ધદર્શન-જ્ઞાન' પરમપારિણામિક ભાવે છે. (જ્ઞાન-દર્શનઆવરણો તથા અંતરાય—એ ત્રણ ઘાતિકર્મોનો ઉપશમ થતો નથી, તેથી જ્ઞાન-દર્શન-વીર્ય ઔપશમિક ભાવે હોતાં નથી.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ભાવાર્થ:– ૧. સામાન્ય લક્ષણ**–અહીં જે જીવનું લક્ષણ વ્યવહારનયે કહ્યું છે તેમાં સંસારી કે મુક્ત જીવોનું જુદું-જુદું કથન કર્યું નથી તેથી 'સામાન્ય' છે; એક આ કારણ છે. બીજું કારણ એ છે કે શુદ્ધ જ્ઞાન–દર્શન એવું કથન કર્યા વિના, જ્ઞાન-દર્શન ઉપયોગોના 'સામાન્ય'પણે ભેદ કરવામાં આવ્યા છે; માટે તેમાંથી યથાસંભવ જે જીવને જે લાગુ પડે તે તે જીવનું લક્ષણ સમજવું.

**૨. ઉપયોગ**– ગાથા ૪ થી ૬માં 'ઉપયોગ'નો અર્થ જ્ઞાન-દર્શનનો ઉપયોગ સમજવો. (ઉપયોગની વ્યાખ્યા ગા. ૪ના ભાવાર્થમાં આપી છે.) ચારિત્ર ગુણની શુભોપયોગ–અશુભોપયોગ–શુદ્ધોપયોગ અવસ્થા છે તે અહીં સમજવી નહીં.

**૩. 'વ્યવહારનય'**–અભેદ આત્મામાં જ્ઞાનની પર્યાયોના ભેદ પાડવા તે 'વ્યવહાર' છે. [જુઓ, ભૂમિકા.] અહીં પોતાની પર્યાયને 'વ્યવહારનય' અને ગાથા ૩ માં પરસંયોગી પદાર્થને 'વ્યવહારનય' કહ્યો છે.

**૪. નિશ્ચયનય**-શુદ્ધનયે અર્થાત્ નિશ્ચયનયે 'શુદ્ધજ્ઞાન-દર્શન' જીવનું લક્ષણ છે. જીવનો અસલી સ્વભાવ કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ છે તેથી શુદ્ધનયે તે જીવનું લક્ષણ છે. આ લક્ષણ પોતાના દ્રવ્યથી અભેદ છે, તેથી તે શુદ્ધનયનો વિષય છે. આ નિશ્ચયનય ત્રિકાળી[1] સ્વરૂપને બતાવે

---

૧. આ નય નિષેધક છે અને તે વડે વ્યવહારનય નિષેધ્ય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



છે. તેનો વિષય અને [1]વ્યવહારનયનો વિષય પરસ્પર (ભાવે) વિરોધી છે તોપણ સાથે રહેવામાં વિરોધ નથી એવું વસ્તુનું અનેકાન્ત સ્વરૂપ છે. બન્ને નયના યથાર્થ જ્ઞાનને સમ્યક્શ્રુત-પ્રમાણ કહે છે.

તાત્પર્ય—(૧) છદ્મસ્થને કેવળજ્ઞાન-દર્શનોપયોગ હોતો નથી અને પર્યાયના આશ્રયે રાગીને રાગ ઉત્પન્ન થાય છે, વળી પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી, ત્રિકાળી દ્રવ્યમાંથી આવે છે, માટે શુદ્ધનયના વિષયભૂત એવા પોતાના ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરી, પ્રથમ અજ્ઞાન ટાળવું અને પછી સ્વાશ્રયની વૃદ્ધિ કરી કેવળજ્ઞાન પ્રગટ કરવું એ આ ગાથાનો આશય છે.

(૨) ઉપયોગના ભેદો જ્ઞાનસ્વભાવભૂત એક પદને ભેદતા નથી, પણ તેઓ જીવ પોતે જે એક પદ છે તેને [2]અભિનંદે છે; તે એક પદના આશ્રયે જીવ ધર્મની શરૂઆત કરી નિર્વાણ પામે છે. ગાથા ૪-૫માં જણાવેલ તાત્પર્ય આ ગાથાને પણ લાગુ પડે છે. ૬.

---

૧. કેવળજ્ઞાન-દર્શનોપયોગ અનુપચરિત સદ્ભૂતવ્યવહારે છે. જ્ઞાન-દર્શન અશુદ્ધસદ્ભૂત અર્થાત્ ઉપચરિત સદ્ભૂતવ્યવહારે છે. કુમતિ-કુશ્રુત અને વિભંગ એ ત્રણ ઉપચરિત અસદ્ભૂતવ્યવહારે છે. જુઓ બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૬ પૃ. ૧૬.

૨. સમયસાર ગા. ૨૦૪ ટીકા, પૃ. ૩૨૮ બીજી આવૃત્તિ. (પરમાત્મપ્રકાશ ગા. ૧૦૫ પૃ. ૧૦૯માં શ્રી સમયસારની ગા. ૨૦૪ આધારરૂપે લીધી છે. પરમાત્મપ્રકાશ ગા. ૧૦૭ પૃ. ૧૧૧માં કહ્યું છે કે-મતિજ્ઞાનાદિ પાંચ વિકલ્પરહિત જે 'પરમ-પદ' તે સાક્ષાત્ મોક્ષ-કારણ છે.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri






(ગાથા ૪–૫ અને પાંચમી ગાથાની ટિપ્પણી અનુસાર)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## ૩. અમૂર્તિક અધિકાર

### જીવ નિશ્ચયનયથી અમૂર્ત હોવા છતાં વ્યવહારનયથી મૂર્ત કહેવાય છે.

वण्ण रस पंच गंधा दो फासा अट्ठ णिच्चया जीवे।
णो संति अमुत्ति तदो ववहारा मुत्ति बंधादो ॥ ७॥

वर्णाः रसाः पंच गंधौ द्वौ स्पर्शाः अष्टौ निश्चयात् जीवे।
नो संति अमूर्तिः ततः व्यवहारात् मूर्ति बंधतः ॥ ७॥

**અન્વયાર્થ:—** [निश्चयात्] નિશ્ચયનયથી [जीवे] જીવ-દ્રવ્યમાં [वर्णाः रसाः पंच] પાંચ વર્ણ, પાંચ રસ, [गन्धौ द्वौ] બે ગંધ અને [स्पर्शाः अष्टौ] આઠ સ્પર્શ [न संति] હોતાં નથી [ततः] તેથી જીવ [अमूर्तिः] અમૂર્તિક છે. [व्यवहारात्] વ્યવહારનયથી જીવને [बन्धतः] (કર્મ) બંધન હોવાથી [मूर्तिः] મૂર્તિક કહેલ છે.

**ભાવાર્થ:–** ૧. **વર્ણાદિરહિત—** દરેક જીવ અનાદિ-અનંત વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરહિત હોવાથી દરેક સમયે ખરેખર અમૂર્તિક (–અરૂપી) છે. પણ સંસારદશામાં અનાદિથી મૂર્તિક પુદ્ગલ કર્મો સાથે તેને બંધ હોવાથી, તે સંયોગનું જ્ઞાન કરાવવા માટે મૂર્તિક કહેવામાં આવે છે; પણ તેથી તે ખરેખર મૂર્તિક થઇ જતો નથી. જીવને ખરેખર મૂર્તિક માનવામાં આવે તો જીવ-અજીવનો ભેદ રહેતો નથી.

૨. **નિશ્ચયનય–વ્યવહારનય–**(૧) નિશ્ચયનય અહીં જીવનું ત્રિકાળી અમૂર્તિકપણું બતાવે છે અને વ્યવહારનય

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પુદ્દગલ કર્મ સાથેનો અનાદિ સંબંધ બતાવે છે. આ બન્ને નયોનો વિષય પરસ્પર વિરોધી છે, પણ તેને સાથે રહેવામાં વિરોધ નથી. ગાથા ૩માં પુદ્દગલ પ્રાણો સાથેનો વ્યવહારસંબંધ બતાવ્યો છે અને અહીં પુદ્દગલ કર્મ સાથેનો વ્યવહારસંબંધ (ક્ષણિક સંબંધ) બતાવ્યો છે.

નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે અને વ્યવહાર નિશ્ચયનય વડે નિષેધ્ય છે.

(૨) સંસારદશામાં દરેક જીવને આ બંને નયોનો વિષય એકી સાથે હોય છે.

તાત્પર્ય:– ગાથા ૩નું તાત્પર્ય અહીં પણ લાગુ પડે છે. પુદ્દગલ કર્મ મારાથી અત્યંત ભિન્ન છે, તેથી તે મને લાભ–નુકસાન કરી શકે નહીં—એવો નિર્ણય કરી, અમૂર્તિક પોતાના ત્રિકાળી ધ્રુવસ્વભાવનો આશ્રય કરવાથી ધર્મ પ્રગટે છે, ટકે છે, વૃદ્ધિ પામે છે અને પૂર્ણ થાય છે. અને પૂર્ણ થતાં પુદ્દગલ કર્મ સાથેનો આત્યંતિક વિયોગ થઈ જીવ સિદ્ધપદને પામે છે. ૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## પુદ્ગલના ૨૦ પર્યાયો.

- વર્ણ (૫)
  - પીળો
  - લીલો
  - કાળો
  - લાલ
  - સફેદ
- રસ (૫)
  - તીખો
  - કડવો
  - કષાયલો
  - મીઠો
  - ખાટો
- ગન્ધ (૨)
  - સુગંધ
  - દુર્ગન્ધ
- સ્પર્શ (૮)
  - હલકો
  - ભારે
  - લૂખો
  - ચીકણો
  - ઠંડો
  - ગરમ
  - સુંવાળો
  - કર્કશ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## ૪. કર્તા અધિકાર

पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्चयदो ।
चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं ॥ ८ ॥

पुद्‌गलकर्मादीनां कर्त्ता व्यवहारतः तु निश्चयतः ।
चेतनकर्म्मणां आत्मा शुद्धनयात् शुद्धभावानाम् ॥ ८ ॥

**અન્વયાર્થ:**— [व्यवहारतः] વ્યવહારનયથી [आत्मा] આત્મા—જીવ [पुद्‌गलकर्मादीनां] પુદ્‌ગલકર્મ વગેરેનો [कर्त्ता] કર્તા છે. [तु] અને [निश्चयतः] (અશુદ્ધ) નિશ્ચયનયથી [चेतनकर्मणां] ચેતનકર્મોનો કર્તા છે. અને [शुद्धनयात्] શુદ્ધ (નિશ્ચય) નયથી [शुद्ध भावानां] શુદ્ધજ્ઞાન અને શુદ્ધદર્શન-સ્વરૂપ ચૈતન્યાદિ ભાવોનો કર્તા છે.

**ભાવાર્થ:**— **૧. કર્તાપણું:**— કર્તૃત્વ-અકર્તૃત્વ[૧] એ સામાન્ય ગુણો છએ દ્રવ્યોમાં છે, તેથી કર્તૃત્વગુણના કારણે દરેક દ્રવ્ય પોતાની અવસ્થાનો કર્તા છે અને અકર્તૃત્વગુણના કારણે પરની અવસ્થાનો કર્તા થઇ શકતો નથી. એ કારણે જીવ પોતાના પર્યાયો કરે, પરંતુ પરનું કાંઇ પણ કરે એવું કદી બનતું નથી.

**૨. જીવનું કર્તાપણું:**— (૧) ચૈતન્યસ્વભાવપણાને લીધે, કર્તૃસ્થિત (કર્તામાં રહેલી ક્રિયાનો) જ્ઞપ્તિ તથા દૃશિનો જીવ જ કર્તા છે. તેના સંબંધમાં રહેલું પુદ્‌ગલ

---

૧. પ્રવચનસાર ગા. ૯૫, પૃ. ૧૫૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તેનું કર્તા નથી, જેમ [૧]આકાશાદિ નથી તેમ. (૨) ચૈતન્યના વિવર્તરૂપ (પલટારૂપ) સંકલ્પની ઉત્પત્તિ જીવમાં થતી હોવાને લીધે, (क) સુખની અભિલાષારૂપ ક્રિયાનો, (ख) દુઃખની ઉદ્વેગરૂપ ક્રિયાનો તથા (ग) પોતાથી ચેતવામાં આવતા શુભ-અશુભ ભાવોને રચવારૂપ ક્રિયાનો જીવ જ કર્તા છે, અન્ય નહિ. (૩) શુભાશુભ કર્મના ફળભૂત ઇષ્ટ-અનિષ્ટ વિષય-ઉપભોગક્રિયાનો સુખ-દુઃખસ્વરૂપ સ્વપરિણામ-ક્રિયાની માફક જીવ જ કર્તા છે, અન્ય[૨] નથી.

(૩) આથી એમ સમજાવ્યું કે ઉપર કહેલાં અસાધારણ કાર્યો દ્વારા પુદ્‌ગલથી ભિન્ન એવો આત્મા અનુમાન કરી શકાવા યોગ્ય[૨] છે.

(૪) જીવ વિકાર કે અવિકારપણે સ્વયમેવ છ કારકરૂપે વર્તતો થકો [૩]અન્યકારકની (નિમિત્તોની) અપેક્ષા રાખતો નથી.

---

૧. ઈષ્ટોપદેશની ગાથા ૩૫ માં જેમ બધાં નિમિત્તો 'ધર્માસ્તિ-કાયવત્' કહ્યાં છે, તેમ અહીં કર્મના ઉદય, ક્ષયોપશમ, ક્ષય, ઉપશમાદિ ઇંદ્રિય-મન-નોકર્મ સર્વે નિમિત્તોને 'યથાકાશાદિ' કહ્યાં છે. પંચાસ્તિકાય. ગા. ૧૨૨, પૃ. ૧૮૩.

૨. પંચાસ્તિકાય. ગા. ૧૨૨, પૃ. ૧૮૩–૧૮૪.

૩. પંચાસ્તિકાય ગા. ૬૨, પૃ. ૬૨. પૃ. ૧૦૫. (જીવમાં કર્તૃત્વ-ગુણ હોવાથી અને અનાદિથી તેની પર્યાય ને કર્મનો સંબંધ હોવાથી, વળી તેનું ત્રિકાળ એકપણું ધ્રુવ રહેતું હોવાથી તેઓ પારિણામિકભાવથી અનાદિઅનન્ત; ઔદાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિકભાવોથી સાદિસાંત છે. તેઓ જ ક્ષાયિક-ભાવથી સાદિઅનંત છે. પંચાસ્તિકાય ગા. ૫૩ પૃ. ૯૩.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૩. નયો:—** (૧) આ ગાથામાં ત્રણ નયો કહ્યા છે—(૧) શુદ્ધનય, (૨) નિશ્ચયનય, (૩) વ્યવહારનય. અહીં વ્યવહારનયે જીવને પુદ્ગલકર્મ–નોકર્મ આદિનો કર્તા કહ્યો છે; ઉપર 'કર્તાપણું' અને 'જીવનું કર્તાપણું' એ મથાળા નીચે જીવ પરનો કર્તા કદીપણ નથી એમ બતાવ્યું છે. પણ પુદ્ગલની ક્રિયા વખતે કયા જીવનો રાગાદિ વિકાર-ભાવ નિમિત્ત હતો તેટલું જ્ઞાન કરાવવા માટે 'વ્યવહાર-નયે' કર્તા કહ્યો છે. પરન્તુ પરદ્રવ્યની પર્યાયનો કર્તાહર્તા જીવ કદીપણ થઈ શકતો નથી એમ સમજવું.

**(૨) શુદ્ધનય:—** શુદ્ધનયથી જીવ પોતાના ત્રિકાળી શુદ્ધસ્વરૂપના આશ્રયે શુદ્ધભાવોનો કર્તા છે. સંવર–નિર્જરા–મોક્ષ–નિશ્ચયસમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર, નિશ્ચયપ્રતિક્રમણ–પ્રત્યાખ્યાન, આલોચના, ધ્યાન, ભક્તિ, પ્રાયશ્ચિત, સમાધિ આદિ સર્વે નિશ્ચયક્રિયા—જે સત્ વીતરાગી ક્રિયા છે, તેનો જીવ કર્તા છે.

**(૩) નિશ્ચયનય:—** જીવ પોતાના દોષથી રાગાદિ ચેતન ભાવકર્મોનો કર્તા છે. શુભાશુભ ભાવોનો (ચેતન કર્મોનો) જીવ કર્તા છે. પુદ્ગલના કર્મનો ઉદય તે ચેતન ભાવોનો કર્તા નથી, એમ બતાવવા માટે તેને 'નિશ્ચયનય'[૧] એવી સંજ્ઞા આપવામાં આવે છે. પણ તે નિશ્ચયનય અશુદ્ધ નિશ્ચયનય છે. શુદ્ધનયની અપેક્ષાએ તે પણ 'વ્યવ-હારનય' છે. આ ગાથામાં કહેલો 'વ્યવહારનય' તે પર

૧. જુઓ, શ્રી સમયસારમાં શ્રી. જયસેન આચાર્યની ટીકા. ગા. ૫૭, ૧૦૨, ૧૧૩ થી ૧૫, ૧૩૭–૩૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



સાથેનો સંબંધ બતાવે છે. પરજીવોનું કે પરદ્રવ્યનું આ જીવ ત્રણકાળ-ત્રણલોકમાં કાંઈ કરી શકતો નથી, તેમ જ તેનું નિમિત્ત પણ થઇ શકતો નથી; એમ સમજવું.

**તાત્પર્ય:**— (૧) શુદ્ધ-અશુદ્ધ ભાવોનું જે પરિણમન છે તેનું કર્તૃત્વ જીવને છે એ જાણવા યોગ્ય છે, પણ હસ્તાદિ શરીરની કોઇપણ[૧] ક્રિયાનો કર્તા જીવ કદી પણ (-એકસમય પણ) નથી એમ નક્કી કરવું. એમ નક્કી કરવામાં આવે તો જ—શરીરની કે પરપદાર્થની—બોલવાની, ખાવા-પીવાની આદિ ક્રિયાની જે અનાદિની જીવની કર્તૃત્વબુદ્ધિ છે તે છૂટે અને પોતાના આત્મસ્વરૂપની ભાવના કરે. (૨) જીવને જાણીને અચૈતન્ય સ્વભાવને લીધે જ્ઞાનથી ભિન્ન એવાં જીવસંબદ્ધ કે અસંબદ્ધ [૨]અજીવને પોતાથી ભેદ-બુદ્ધિની પ્રસિદ્ધિ અર્થે જાણો. (૩) નિત્ય નિરંજન, નિષ્ક્રિય, નિજ આત્મસ્વરૂપની ભાવનારહિત અજ્ઞાની જીવો કર્મ-નોકર્માદિના પોતે કર્તા નહીં હોવા છતાં માને છે, તેથી તેમને કર્મ-નોકર્મ આદિના કર્તા કહેવામાં આવે છે.

**૫. વિશેષ:**— ગાથા ૨૯-૩૦ તથા ૩૨ થી ૩૭ સુધી ભાવાસ્રવ-બંધ-પુણ્ય-પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ જીવભાવોને લગતી છે. માટે આ ગાથા સાથે તે ગાથાઓ પણ વાંચવી. ૮.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૮, પૃ. ૧૯.

૨. પંચાસ્તિકાય ગા. ૧૨૩, પૃ. ૧૮૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## ૫. ભોક્તૃત્વ અધિકાર

ववहारा सुहदुक्खं पुग्गलकम्मफलं पभुंजेदि ।
आदा णिच्चयणयदो चेदणभावं खु आदस्स ॥९॥

व्यवहारात् सुखदुःखं पुद्गलकर्म्मफलं प्रभुङ्क्ते ।
आत्मा निश्चयनयतः चेतनभावं खलु आत्मनः ॥९॥

**અન્વયાર્થ:**– [व्यवहारात्] વ્યવહારનયથી [आत्मा] આત્મા–જીવ, [सुखदुःख] સુખદુઃખરૂપ [पुद्गलकर्म फलं] પુદ્‌ગલકર્મનું ફળ ભોગવે છે અને [निश्चयनयतः] નિશ્ચયનયથી [खलु] નિયમપૂર્વક [आत्मनः] આત્માના [चेतनभावं] ચૈતન્ય-ભાવને ભોગવે છે.

**ભાવાર્થ:**– **૧. ભોક્તાપણું:**– ભોક્તૃત્વ[1] અને અભોક્તૃત્વ એ સામાન્ય ગુણો છએ દ્રવ્યોમાં છે. ભોક્તૃત્વ-ગુણના કારણે દરેક દ્રવ્ય પોતાની અવસ્થાનો ભોક્તા છે અને અભોક્તૃત્વ ગુણના કારણે પરને કદી ભોગવી શકતો નથી. આ કારણે જીવ પોતાના પર્યાયને જ ભોગવે, પણ પરને ભોગવે એવું ત્રણકાળ–ત્રણલોકમાં કદી પણ બનતું નથી.

**૨. જીવનું ભોક્તાપણું:**– જીવ હર્ષ-વિષાદરૂપ અર્થાત્ સુખદુઃખરૂપ પોતાના વિકારી ભાવોનો અશુદ્ધ દશામાં ભોક્તા છે. સાધક દશામાં જીવ અતીન્દ્રિય સુખનો અંશે ભોક્તા છે, અને કેવળજ્ઞાન થતાં પોતાના પરિપૂર્ણ સુખનો ભોક્તા છે. જીવ પુદ્‌ગલકર્મના અનુભાગનો કે પર પદાર્થોનો ભોક્તા નથી.

---

૧. પ્રવચનસાર ગા. ૯૫, પૃ. ૧૫૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



૩. નયો:- આ ગાથામાં બે નયો છે—(૧) વ્યવહાર, (૨) નિશ્ચય.

(अ) પર દ્રવ્યોને જીવ ખરેખર ભોગવી શકતો નથી, પણ જીવનો વિભાવ તે પ્રસંગે નિમિત્તમાત્ર છે, એટલું જ્ઞાન કરાવવા માટે જીવ સાતા-અસાતા કર્મના અનુભાગરૂપ ફળને ભોગવે છે, એમ વ્યવહારનયે[1] (ભોક્તા) કહેવાય છે. વળી, કર્મોના ફળપણે અનુકૂળ-પ્રતિકૂળ (સુખ-દુઃખરૂપ) પદાર્થોનો સંયોગ થાય છે તેને ભોગવવાનો ભાવ જીવ કરે છે, એટલું જીવનું નિમિત્તમાત્રપણું બતાવવા માટે જીવ સુખદુઃખરૂપ બાહ્ય પદાર્થો ભોગવે છે એમ વ્યવહારનયે[2] કહેવામાં આવે છે. તેથી ખરેખર જીવ કર્મના અનુભાગને કે અનુકૂળ-પ્રતિકૂળ પદાર્થોને ભોગવે છે એમ સમજવું નહીં.

(ब) અહીં નિશ્ચયનયના બે વિભાગ પડે છે-(૧) અશુદ્ધ નિશ્ચયનય, (૨) શુદ્ધ નિશ્ચયનય. અશુદ્ધ નિશ્ચયનયથી હર્ષ-વિષાદરૂપ સુખદુઃખને જીવ ભોગવે છે; તથા શુદ્ધ નિશ્ચયનયથી અવિનાશી આનંદરૂપ સુખામૃતને જીવ ભોગવે છે.

તાત્પર્ય:- કર્તા સંબંધે જે ગા. ૮ માં જણાવ્યું છે તે આ ગાથાને પણ લાગુ પડે છે. જીવના કર્તૃત્વ અને ભોક્તૃત્વનું વિવેચન કરવાનો ગ્રંથકારનો[3] એવો અભિપ્રાય

૧. આ અનુપચરિત અસદ્ભૂત (જૂઠો) વ્યવહારનય છે.

૨. આ ઉપચરિત અસદ્ભૂત (જૂઠો) વ્યવહારનય છે.

૩. પં. હીરાલાલજીકૃત દ્રવ્યસંગ્રહ પૃ. ૨૩.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



છે કે—જીવ યથાર્થ વસ્તુસ્વરૂપને જાણીને પરની અને વિકારની કર્તૃત્વ અને ભોકતૃત્વબુદ્ધિને છોડે અને પોતાના સહજ નિર્વિકાર ચિદાનંદસ્વરૂપ શુદ્ધ પર્યાયનો કર્તા–ભોક્તા થવાનો સતત પ્રયત્ન કરે. ૯.

## ૬. સ્વદેહપરિમાણત્વ અધિકાર

अणुगुरुदेहपमाणो उवसंहारप्पसप्पदो चेदा ।
असमुहदो ववहारा णिच्चयणयदो असंखदेसो वा ॥ १० ॥

अणुगुरुदेहप्रमाणः उपसंहारप्रसर्प्पाभ्यां चेतयिता ।
असमुद्घातात् व्यवहारात् निश्चयनयतः असंख्यदेशः वा ॥

**અન્વયાર્થ:—** [व्यवहारात्] વ્યવહારનયથી [चेतयिता] જીવ [उपसंहारप्रसर्प्पाभ्यां] *સંકોચ અને વિસ્તારના કારણે

---

*જહ પઉમરાયરયણં ખિત્તં ખીરે પભાસયદિ ખીરં,
તહ દેહી દેહત્થો સદેહમિત્તં પભાસયદિ.
(પંચાસ્તિકાય ગા. ૩૩)

**અર્થ:—** જેવી રીતે દૂધમાં નાખેલું પદ્મરાગમણિ દૂધને પોતાની કાંતિથી પ્રકાશમાન કરે છે, તેવી જ રીતે સંસારી જીવ પોતાના શરીર પ્રમાણે જ રહે છે. દૂધ ગરમ કરવાથી ઊભરાય છે ત્યારે દૂધની સાથે જ પદ્મરાગમણિની કાન્તિ પણ વધતી જાય છે. એવી રીતે જ્યારે શરીર પુષ્ટ થઇ જાય છે ત્યારે તેની સાથેસાથ આત્માના પ્રદેશ પણ ફેલાઇ જાય છે, તથા શરીર દુર્બળ થઈ જાય છે ત્યારે જીવના પ્રદેશો પણ સંકોચાઈ જાય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


[असमुद्घातात्] સમુદ્ઘાત* અવસ્થાને છોડીને, [अणुगुरुदेह-प्रमाणः] નાના અથવા મોટા શરીરપ્રમાણમાં રહે છે; [वा] અને [निश्चयनयतः] નિશ્ચયનયથી [असंख्यदेशः] લોકાકાશ જેટલા અસંખ્યાત પ્રદેશવાળો છે.

---

*મૂલસરીરમછંડિય ઉત્તરદેહસ્સ જીવપિંડસ્સ,
ણિગ્ગમણં દેહાદો હોદિ સમુગ્ઘાદણામં તુ.

**અર્થ**:- મૂળ શરીરને છોડ્યા વગર આત્માના પ્રદેશોનું શરીરથી બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહેવામાં આવે છે. તેના સાત ભેદ છે—

૧. **વેદના**:- અધિક દુઃખની દશામાં મૂળ શરીરને છોડ્યા વગર જીવના પ્રદેશોનું બહાર નીકળવું.

૨. **કષાય**:- ક્રોધ વગેરે તીવ્ર કષાયના ઉદયથી ધારણ કરેલા શરીરને છોડ્યા વગર જીવના પ્રદેશોનું શરીરથી બહાર નીકળવું.

૩. **વિક્રિયા**:- વિવિધ ક્રિયા કરવા માટે મૂળ શરીરને છોડ્યા સિવાય આત્માના પ્રદેશોનું બહાર ફેલાવું.

૪. **મારણાન્તિક**:- જીવ મૃત્યુ સમયે તરત જ શરીરને છોડતો નથી પણ શરીરમાં રહીને જ (અન્ય) જન્મસ્થાનને સ્પર્શવા માટે આત્મપ્રદેશો બહાર નીકળે છે.

૫. **તૈજસ**:- આના બે પ્રકાર છે: શુભ અને અશુભ. જગતને રોગ અથવા દુર્ભિક્ષથી દુઃખી દેખીને મહામુનિને દયા ઉત્પન્ન થવાથી જગતનું દુઃખ દૂર કરવા માટે, તપના બળથી મૂળ શરીરને છોડ્યા સિવાય, જમણા ખભામાંથી પુરુષ આકારે સફેદ પૂતળું નીકળે છે અને દુઃખ દૂર કરીને પોતાના શરીરમાં પાછું પ્રવેશ કરે છે તેને શુભ તૈજસ કહે છે. અનિષ્ટકારક પદાર્થોને જોઇને મુનિઓના હૃદયમાં ક્રોધ થવાથી ડાબા ખભામાંથી પુરુષ આકારે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ભાવાર્થ:— ૧. જીવનું સ્વક્ષેત્ર:—** દરેક જીવ લોકાકાશ જેટલા અસંખ્યાત પ્રદેશોમય છે. *પ્રદેશોની આ સંખ્યા ત્રિકાળ તેટલી જ રહે છે, કેમકે તે એક અખંડ દ્રવ્ય છે. જીવ અખંડ દ્રવ્ય હોવાથી તેના કદી ખંડ–છેદન–ટુકડા વગેરે થઈ શકે નહીં. સર્વે મૂળ દ્રવ્યો અખંડ છે. (પુદ્‌ગળ સ્કંધોનો સ્વભાવ જ પોતાની યોગ્યતાથી સ્વકાળે છેદન–ભેદન–ટુકડારૂપ થવાનો છે.) દરેક દ્રવ્ય જુદું હોવાથી જીવના સ્વક્ષેત્રમાં બીજું કોઈ દ્રવ્ય પેસી શકે નહીં અને જીવ પરક્ષેત્રમાં અર્થાત્ શરીરમાં પેસી શકે નહીં. જીવ અને શરીરનો સંબંધ એકક્ષેત્રાવગાહ સંબંધ છે.

**૨. પ્રદેશત્વ ગુણ:—** દરેક દ્રવ્યને પ્રદેશત્વગુણ હોય છે, કેમકે તે એક સામાન્ય ગુણ છે. જે શકિતના

---

સિન્દૂર રંગનું પૂતળું નીકળે છે; તે જેના પર ક્રોધ થયો હોય તેનો નાશ કરે છે અને સાથોસાથ તે મુનિનો પણ નાશ કરે છે. આને અશુભ તૈજસ કહે છે.

૬. **આહારક:**– છઠ્ઠા ગુણસ્થાને વર્તતા કોઈ પરમ ઋદ્ધિધારી મુનિને તત્ત્વ સંબંધી શંકા થતાં, પોતાના તપના બળથી મૂળ શરીરને છોડ્યા વગર મસ્તકમાંથી એક હાથ જેવડું પુરુષાકાર સફેદ અને શુભ પૂતળું નીકળીને કેવળી અથવા શ્રુતકેવળી પાસે જઈને તેમનાં ચરણોનો સ્પર્શ થતાં જ પોતાની શંકા દૂર કરીને પોતાના સ્થાનમાં પ્રવેશ કરે છે.

૭. **કેવલ:**– કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી મૂળ શરીરને છોડ્યા સિવાય દંડ, કપાટ, પ્રતર અને લોકપૂરણ ક્રિયા કરતાં કેવળીના આત્માના પ્રદેશોનું ફેલાવું.

* પ્રદેશનું સ્વરૂપ ગા. ૨૭માં આપ્યું છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કારણે દ્રવ્યનો કોઈ ને કોઈ આકાર અવશ્ય હોય તેને પ્રદેશત્વ ગુણ કહે છે. આ ગુણના કારણે જીવને હર સમય પોતાનો આકાર હોય છે. જીવના પ્રદેશો લોકપ્રમાણ અસંખ્યાત (સંખ્યા અપેક્ષાએ) તેટલા જ રહે છે, પણ સંસાર દશામાં તે પ્રદેશો પોતાના કારણે સંકોચ-વિસ્તાર પામે છે. જીવનો આકાર સંસાર દશામાં એકસરખો રહેતો નથી.[1] પોતાને સંયોગરૂપે જે શરીર હોય છે તેના આકાર મુજબ જીવનો પોતાનો આકાર પોતાના કારણે (સમુદ્ઘાતના પ્રસંગો સિવાયના કાળે) હોય છે. સિદ્ધદશામાં આકાર કેવો હોય તે હવે પછી ગાથા ૧૪ તથા ૫૧માં કહેલ છે.

૩. નયઃ— જીવના જે અસંખ્યાત પ્રદેશો છે, તે સંખ્યા તેટલી ને તેટલી જ રહે છે અને કોઇપણ કાળે એકપણ પ્રદેશ ઓછોવત્તો થતો નથી, તેમ બીજા દ્રવ્યના પ્રદેશો સાથે એકમેક થઇ શકતો નથી. તે પ્રદેશોની સંખ્યા નિશ્ચય (ખરેખર) છે, તેથી તે [2]નિશ્ચયનયનો વિષય છે. અને જીવના પ્રદેશોનો આકાર (સંસારીને શરીરનો સંબંધ

---

૧. તે કારણે જીવનું સંસ્થાન અનિર્દિષ્ટ છે એમ કહેવામાં આવ્યું છે. જુઓ, સમયસાર ગા. ૪૯. આ સંબંધમાં જુઓ, પંચાસ્તિકાય ગા. ૩૩–૩૪ ટીકા, પૃ. ૬૪ થી ૬૬.

૨. આ નયો પ્રમાણજ્ઞાન કરવા માટે અર્થાત્ વસ્તુસ્વરૂપ (પ્રદેશો સંબંધી) સમજવા માટે છે. ધર્મપરિણતિ પ્રગટ કરવા માટે તો એક પોતાનો જ્ઞાયકસ્વભાવ જ આશ્રય કરવા યોગ્ય છે. સંસારી દશામાં બન્ને નયોનો વિષય સાથે રહે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



હોય છે. તેથી) [૧]વ્યવહારનયે શરીરાકારે કહેવામાં આવે છે. જીવનો આકાર શરીરાકારરૂપ થઈ જતો નથી પણ પોતારૂપે જ રહે છે એમ સમજવું.

**તાત્પર્ય:—** પૌદ્ગલિક દેહ સાથે જીવને મારાપણાની માન્યતા અનાદિની છે અને તે કારણે તે સંસારમાં પરિભ્રમણ કરી દુઃખી થઈ રહ્યો છે. માટે દેહાદિનું મમત્વ છોડી, નિર્મોહ નિજ શુદ્ધાત્માની [૨]ભાવના કર્તવ્ય છે. ૧૦

## ૭. સંસારિત્વ અધિકાર

पुढविजलतेयवाउ वंणप्फदी विविहथावरेइंदी।
विगतिगचदुपंचक्खा तसजीवा होंति संखादी ॥११॥

पृथिवीजलतेजोवायुवनस्पतयः विविधस्थावरैकेन्द्रिया।
द्विकत्रिकचतुः पंचाक्षाः त्रसजीवाः भवन्ति शंखाद्याः ॥११॥

**અન્વયાર્થ:—** [ पृथिवीजलतेजोवायुवनस्पतयः ] પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ [ विविधस्थावरैकेन्द्रियाः ] અનેક પ્રકારના સ્થાવર એકેન્દ્રિય જીવ છે અને [ शंखादयः ] શંખ વગેરે [ द्विक त्रिक चतुः पंचाक्षाः ] બેઈંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય [ त्रसजीवाः ] એ ત્રસ જીવ છે.

**ભાવાર્થ:— ૧. સંસારિત્વ:—** (૧) જીવોની બે અવસ્થા છે: (૧) સિદ્ધ અને (૨) સંસારી. સિદ્ધ જીવો

---

૧. શરીર પર પદાર્થ છે, તેથી તેના આકાર સાથેનો સંબંધ બતાવવો તે અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનય છે. જુઓ બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૨૩.

૨. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૧૦ ટીકા, પૃ. ૨૪.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પરિપૂર્ણ સુખી છે. સંસારીમાં જે અજ્ઞાની છે તે પોતાના મિથ્યામાન્યતાના કારણે ચારે ગતિઓમાં પરિપૂર્ણ દુઃખી છે. તેઓ [1]પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરે છે. તેથી અનુકૂળ બાહ્ય પદાર્થોથી સુખ અને પ્રતિકૂળ પદાર્થોથી દુઃખ માને છે અને તેથી ઇન્દ્રિય-સુખ ખરેખર દુઃખ હોવા છતાં તેને પ્રાપ્ત કરવા મથે છે અને દુઃખી થાય છે. સાધક જીવો તેમની શુદ્ધતાના પ્રમાણમાં સુખી છે. કેવળી ભગવાન પરિપૂર્ણ [2]સુખી છે.

(૨) પ્રશ્નઃ— જીવની સિદ્ધ દશા ન માનીએ તો?

ઉત્તરઃ— તો જીવની સંસારી દશા સિદ્ધ થતી નથી. તેમને 'સંસારી' વિશેષણ કોઈ બીજા જીવોથી જુદા ઓળખાવવા માટે લગાડવામાં આવે છે. જો અસંસારી (સિદ્ધ) જીવો ન હોય તો સંસારી અવસ્થા જીવોની ઠરશે નહીં. સંસારી દશાનો પ્રતિપક્ષ ભાવ સિદ્ધ દશા છે. જો જીવને સંસાર અવસ્થા જ ન હોય તો ધર્મ કરવાનો અને અધર્મ ટાળવાનો પુરુષાર્થ જ રહેશે નહીં.

**૨. સંસારી જીવોના ભેદોઃ—** સંસારી જીવોના બે ભેદ છેઃ (૧) સ્થાવર (૨) ત્રસ. સર્વે એકેન્દ્રિય જીવો સ્થાવર જીવો છે. જેના પાંચ પ્રકાર છે. તેનાં નામઃ

---

૧. ખરેખર કોઈ પર પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ નથી, તે તો બધાં જ્ઞેય માત્ર છે. પોતાની અજ્ઞાનદશા અનિષ્ટ અને જ્ઞાનદશા ઈષ્ટ છે, પણ અજ્ઞાની તેથી વિપરીત માને છે.

૨. કેવળી ભગવાન અસિદ્ધભાવને લીધે સંસારી છે. તે ભાવનો અભાવ થતાં સિદ્ધ થાય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પૃથ્વિકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય. બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો ત્રસકાય છે. શાસ્ત્રમાં કહેલાં એ કાયો, ઇન્દ્રિયો કે મન તે પુદ્ગલની પર્યાયો છે જીવ નથી; પણ તેમનામાં રહેલ જે જ્ઞાન છે તે જીવ છે એમ સમજવું.

**૩. જીવોના બીજા પ્રકારે ભેદો[3]:—** જીવતત્ત્વ સામાન્યપણે એક પ્રકારે છે. બદ્ધ અને મુક્ત એમ બે પ્રકારે છે. હવે જીવોના ત્રણ પ્રકારના ભેદો કહેવામાં આવે છે:

(૧) અસિદ્ધ, નોસિદ્ધ, સિદ્ધ. 'નો'નો અર્થ અલ્પ અહીં થાય છે. ચોથા ગુણસ્થાનથી જીવને નોસિદ્ધ કહેવામાં આવે છે.

(૨) મિથ્યાદૃષ્ટિ અસિદ્ધ, સમ્યગ્દૃષ્ટિ ઈષત્ સિદ્ધ. રત્નત્રય-પ્રાપ્ત સિદ્ધ.

**(૪) નયઃ—** આ જીવોને લગતા નયો ગાથા ૧૩માં આપ્યા છે.

**તાત્પર્યઃ—** વિશુદ્ધ જ્ઞાન–દર્શનસ્વભાવ નિજ પરમાત્મસ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન પારમાર્થિક સુખથી અજ્ઞાત હોવાના કારણે જીવ ઇન્દ્રિય-સુખમાં રુચિપૂર્વક આસક્ત થઇ, એકેન્દ્રિયાદિ જીવોનો વધ કરે છે તેથી તે ત્રસ–સ્થાવર થાય છે. માટે તેના નાશને અર્થે નિજ પરમાત્માની ભાવના[4] કર્તવ્ય છે એમ સમજવું. ૧૧

---

૩. તત્ત્વાર્થસાર ગા. ૨૩૪ પૃ. ૧૨૩.

૪. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૧૧, પૃ. ૨૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## ચૌદ જીવસમાસ*

समणा अमणा णेया पंचेंदिय णिम्मणा परे सव्वे ।
बादरसुहुमेइंदी सव्वे पज्जत इदरा य ॥ १२ ॥

समनस्काः अमनस्काः ज्ञेयाः पंचेन्द्रियाः निर्मनस्काः परे सर्व्वे।
बादरसूक्ष्मैकेन्द्रियाः सर्वे पर्याप्ताः इतरे च ॥ १२ ॥

**અન્વયાર્થ**:– [पंचेन्द्रियाः] પંચેન્દ્રિય જીવ [समनस्काः] મન સહિત અને [अमनस्काः] મન રહિત [ज्ञेयाः] જાણવા જોઇએ. અને [परे सर्व्वें] બાકીના બધા [निर्मनस्काः] મન રહિત જાણવા. તેમાં [एकेन्द्रियाः] એકેન્દ્રિય જીવ [वादरः सूक्ष्माः] બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકારના છે. [सर्वें] અને તે બધા [पर्याप्ताः] પર્યાપ્ત [च] અને [इतरे] અપર્યાપ્ત હોય છે.

**ભાવાર્થ**:– (૧) પંચેન્દ્રિય જીવના બે ભેદ છેઃ સંજ્ઞી અને અસંજ્ઞી. એકેન્દ્રિય જીવના પણ બે ભેદ છે: બાદર અને સૂક્ષ્મ. બાદર એકેન્દ્રિય જીવ બીજાને બાધા આપે છે અને પોતે બાધા પામે છે. એ કોઈ પદાર્થના આધારે રહે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ આખા લોકાકાશમાં ફેલાએલ છે, તે કોઈને બાધા આપતા નથી તેમ કોઈથી બાધા પામતા નથી.

(૨) બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેન્દ્રિય જીવ એ બધા

---

* જે દ્વારા અનેક પ્રકારના જીવના ભેદ જાણી શકાય તેને જીવસમાસ કહે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri






સંજ્ઞી પર્યાપ્ત અને સંજ્ઞી અપર્યાપ્ત એ પ્રમાણે કહેવું, આ ચૌદ જીવસમાસ છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



*પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે.

## (૩) પર્યાપ્તિનું વિવેચન

| જીવ | પર્યાપ્તિ | | | | | | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | આહાર | શરીર | ઇન્દ્રિય | શ્વાસ | | | ૪ |
| વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય | ,, | ,, | ,, | ,, | ભાષા | | ૫ |
| સંજ્ઞી પંચેન્દ્રિય | ,, | ,, | ,, | ,, | ,, | મન | ૬ |

એક અંતર્મુહૂર્તમાં પર્યાપ્તિ પૂર્ણ થાય છે. અપર્યાપ્તક જીવ એક શ્વાસમાં ૧૮ વાર જીવન–મરણ કરે છે. નીરોગી પુરુષની એકવાર નાડી ચાલવામાં જેટલો વખત લાગે તેને શ્વાસ કહે છે. ૪૮ મિનિટમાં ૩૭૭૩ શ્વાસ થાય છે.

**તાત્પર્ય:—** આ ગાથા પણ સંસારી જીવનું સ્વરૂપ બતાવે છે. અહીં એમ સમજવું કે– પર્યાપ્તિઓ અને પ્રાણ તે તો પુદ્ગળના પર્યાયો છે, અને તેમાં જે જ્ઞાન છે તે જીવ છે. પર્યાયો અને પ્રાણોથી ભિન્ન જે નિજ શુદ્ધાત્મતત્ત્વ તે જ ઉપાદેય છે એવો [1]ભાવાર્થ છે. ૧૨.

---

* (૧) જેવી રીતે મકાન, ઘડો, વસ્ત્રાદિ વસ્તુઓ પૂર્ણ અને અપૂર્ણ હોય છે તેવી રીતે જીવ પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે.

(૨) આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ ૭ પર્યાપ્તિ છે. એકેન્દ્રિય જીવને એ, બે ઇન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને પાંચ, અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ૭ પર્યાપ્તિ હોય છે.

૧ બૃ. દ્રવ્યસંગ્રહ ગાથા ૧૨, પૃ. ૨૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## જીવના બીજા ભેદ.

* मग्गणगुणठाणेहि य चउदसहिं हवंति तह असुद्धणया ।
विण्णेया संसारी सव्वे सुद्धा हु सुद्धणया ॥ १३ ॥

मार्गणागुणस्थानैः चतुर्दशभिः भवन्ति तथा अशुद्धनयात् ।
विज्ञेयाः संसारिणः सर्व्वे शुद्धाः खलु शुद्धनयात् ॥ १३ ॥

**અન્વયાર્થ:—** [तथा] તથા [संसारिणः] સંસારી જીવ [अशुद्धनयात्] અશુદ્ધનયથી [मार्गणागुणस्थानैः] માર્ગણાસ્થાન અને ગુણસ્થાનની અપેક્ષાથી [चतुर्दशभिः] ચૌદ ચૌદ પ્રકારના [भवन्ति] હોય છે. [शुद्धनयात्] શુદ્ધ નિશ્ચયનયથી [सर्व्वे] બધા સંસારી જીવ [खलु] ખરેખર [शुद्धाः] શુદ્ધ [विज्ञेयाः] જાણવા.

---

* ગઇ ઇંદિયેસુ કાયે જોગે વેદે કસાયણાણે ય,
સંજમદંસણલેસ્સા ભવિયા સમ્મત્ત સણ્ણિ આહારે.

**અર્થ:—** ૧- ગતિ [ચાર], ૨–ઇન્દ્રિય [પાંચ], ૩–કાય [છ], ૪–યોગ [ત્રણ], ૫–વેદ [ત્રણ], ૬–કષાય [પચીસ], ૭–જ્ઞાન [આઠ], ૮–સંયમ પાંચ સંયમ, એક અસંયમ અને સંયમાસંયમ [સાત], ૯–દર્શન [ચાર], ૧૦–લેશ્યા [છ], ૧૧–ભવ્યત્વ [બે], ૧૨–સમ્યક્ત્વ [છ], ૧૩–સંજ્ઞિત્વ [બે] અને ૧૪–આહાર [બે]–એ ચૌદ માર્ગણાઓ છે.

## ગુણસ્થાનોનાં નામ અને લક્ષણ

મિચ્છો સાસણ મિસ્સો અવિરદસમ્મો દેસવિરદો ય ।
વિરદા પમત્ત ઇદરો અપુવ્વ અણિયટ્ઠ સુહુમો ય ॥
ઉવસંત ખીણમોહો સજોગકેવલિજિણો અજોગી ય ।
ચઉદસ ગુણઠાણાણિ ય કમેણ સિદ્ધા ય ણાદવ્વા ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ભાવાર્થ:**— ૧. **ભૂમિકા**— બૃહદ્ દ્રવ્યસંગ્રહની ૧ ગાથાની ભૂમિકામાં લખ્યું છે કે:—

"હવે શુદ્ધપારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિ નયે સર્વે જીવો શુદ્ધ-બુદ્ધ એકસ્વભાવમય છે, પશ્ચાત્ (પછ અશુદ્ધનયે ચૌદ માર્ગણાસ્થાન તથા ચૌદ ગુણસ્થાન સહિ હોય છે એવું કથન કરે છે."

---

૧. **મિથ્યાત્વ**:— સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ અને જીવાદિ તત્ત્વો વિપરીત માન્યતા; સ્વ-પરના એકત્વની શ્રદ્ધા; અતત્ત્વશ્રદ્ધા.

૨. **સાસાદન**:— સમ્યક્ત્વ છોડીને મિથ્યાત્વ તરફ જવું.

૩. **મિશ્ર**:— સમ્યક્ત્વ અને મિથ્યાત્વના એકીસાથે પરિણામો થવું.

૪. **અવિરતસમ્યક્ત્વ**:— સમ્યક્ત્વ તો છે જ પણ નબળ વશ કોઈ પ્રકારના નિશ્ચયવ્રત અને ચારિત્ર ધારણ ન કરે. સ્વર ચરણચારિત્ર હોય.

૫. **દેશસંયત**:— સમ્યક્ત્વ સહિત એકદેશ (અંશે) નિ ચારિત્રનું પાળવું.

૬. **પ્રમત્તસંયત**:— સમ્યક્ ચારિત્રની ભૂમિકામાં અહિં શુભોપયોગરૂપ મહાવ્રતોને પાળે છે એ પ્રમાદ છે. (સર્વથા નગ્નદિગમ દશાપૂર્વક મુનિપદ હોય છે.)

૭. **અપ્રમત્તસંયત**:— પ્રમાદરહિત થઈને માત્ર આત્મસ્વરૂ સાવધાન રહે છે.

૮. **અપૂર્વકરણ**:— સાતમા ગુણસ્થાનની ઉપર પોતાની વિશુ તામાં અપૂર્વરૂપે ઉન્નતિ કરવી.

૯. **અનિવૃત્તિકરણ**:— આઠમા ગુણસ્થાનથી અધિક ઉ કરવી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**પ્રશ્ન:—** શુદ્ધ દ્રવ્યાર્થિક અને અશુદ્ધ નયોના વિષયો એકી સાથે હોવા છતાં (પ્રથમ) શુદ્ધ દ્રવ્યાર્થિકનય અને 'પશ્ચાત્' અશુદ્ધનય એમ કેમ કહ્યું છે?

**ઉત્તર:—** શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય એક જ આશ્રય કરવા યોગ્ય છે, કેમકે તેના આશ્રયે જીવને ધર્મરૂપ શુદ્ધપર્યાય પ્રગટે છે અને તેથી દુઃખનો અભાવ થઇ સુખરૂપ દશા થાય છે. અશુદ્ધનયના વિષયના આશ્રયે જીવને અશુદ્ધ પર્યાય પ્રગટે છે, માટે તેનો આશ્રય છોડવા યોગ્ય છે, તેમ બતાવવા માટે શાસ્ત્રોમાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયને પ્રથમ(તાવત્) અને અશુદ્ધનય—વ્યવહારનયને પશ્ચાત્ કહેવામાં આવે છે.*

---

**૧૦. સૂક્ષ્મ સામ્પરાય** (સૂક્ષ્મ કષાય):— સર્વે કષાયોનો ઉપશમ અથવા ક્ષય થવો, માત્ર લોભ કષાયનું સૂક્ષ્મરૂપે રહેવું.

**૧૧. ઉપશાન્ત કષાય** (ઉપશાન્તમોહ):— કષાયોનો સર્વથા ઉપશમ થઈ જવો તે.

**૧૨. ક્ષીણ કષાય** (ક્ષીણ મોહ):— કષાયોનો સર્વથા ક્ષય થઇ જવો.

**૧૩. સયોગી કેવલી:—** કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોય છતાં યોગની પ્રવૃત્તિ હોય. (૧૮ દોષરહિત હોય છે.)

**૧૪. અયોગી કેવલી:—** કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી યોગની પ્રવૃત્તિ પણ બંધ થઇ જાય છે.

* સમયસાર ગા. ૭ પૃ. ૧૮, ટીકા જયસેનાચાર્ય; રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળા.
પ્રવચનસાર ગા. ૧૯ પૃ. ૨૭ "तावन्निश्चयेन + + व्यवहारेण-संसारवस्थायां पश्चात् इन्द्रियाधारेण।"

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૨. શુદ્ધ પારિણામિક પરમભાવઃ—** (૧) પારિણામિકનો અર્થ સહજસ્વભાવ છે. ઉત્પાદ-વ્યયરહિત ધ્રુવ એકરૂપ સ્થિર રહેવાવાળો ભાવ પારિમાણિકભાવ છે. પારિમાણિકભાવ સર્વે જીવોને સામાન્ય હોય છે, અર્થાત્ સર્વે જીવો ત્રણે કાળ (અનાદિ-અનંત) ધ્રુવસ્વરૂપે—શક્તિ-રૂપે—શુદ્ધ છે. ઔદયિક–ઔપશમિક–ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવોથી રહિત જે ભાવ છે, તે પારિણા-

---

પ્ર. સાર ગા. ૩૪ પૃ. ૪૫ "निश्चयेन शुद्ध ++ जीवः पश्चाद् व्यवहारेण नरनारकादिरूपो..."

ગા. ૫૫, પૃ. ૭૨ "जीवस्तावत् शक्तिरूपेण शुद्ध द्रव्यार्थिकनयेन अमूर्त्त ++ पश्चात् ++ व्यवहारेण।"

ગા. ૭૦ પૃ. ૨૨૫ "यथायमात्मा ++ पश्चात्।"

પંચાસ્તિકાય ગા. ૧૧૩ પૃ. ૧૧૭ ટીકા જયસેનાચાર્ય "परमार्थेन स्वाधीन अनंतज्ञान ++ पश्चात् अज्ञानेन।"

ગા. ૧૫૪ પૃ. ૨૨૫ "जीव निश्चयनयेन विशुद्ध ++ पश्चात् व्य."

ગા. ૫૧–૫૨ પૃ. ૧૦૦ "निश्चयनयेन अनन्य पश्चात् व्य. ++"

ગા. ૨૯ પૃ. ६૪ "निश्चयनयेन ++ तावत् इत्थंभूतोपि संसारावस्थायां..."

बृ. द्रव्यसंग्रह ગા. ૪ પૃ. ૧૧ 'तथाहि आत्मा ++ तावत् पश्चात्।'

ગા. ૫ પૃ. ૧૩ "आत्माहि निश्चयनयेन...केवलज्ञानरूपां तावत्"

ગા. ૧૩ની સૂચનિકા "शुद्ध द्रव्यार्थिकनयेन शुद्ध...अपि जीवाः पश्चात् अशुद्धनयेन चतुर्दशमार्गणा ++"

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ક ભાવ છે. [દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે યાત રહે છે, તેથી તેને 'પરિણામ' કહે છે.] એવા રિણામસ્વરૂપ ભાવને પારિણામિકભાવ કહેવામાં આવે છે. આ ચ ભાવોમાં કર્મોપાધિની ચાર દશા—ઉદય-ઉપશમ-ક્ષયો-શમ અને ક્ષય જેમનું નિમિત્તકારણ છે એવા ચાર ભાવો છે. માં કર્મોપાધિરૂપ નિમિત્ત બિલકુલ નથી—માત્ર દ્રવ્યસ્વભાવ જેનું કારણ છે—એવો એક પારિમાણિક ભાવ છે.

(૨) એ ભાવ ત્રિકાળ શુદ્ધ અને પરમ છે, તેથી તેને દ્ધપારિમાણિક પરમભાવ કહેવામાં આવે છે, કેમકે તેના ાશ્રયે જીવને શુદ્ધ પર્યાય પ્રગટે છે. બીજા ચાર ભાવોને અપરમ' ભાવ કહેવામાં આવે છે, કેમકે તેમના આશ્રયે જીવને અશુદ્ધ પર્યાય[2] પ્રગટે છે.

(૩) સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ ત્રિકાળ નિરાવરણ છે.

૩. सव्वे सुद्धा हु सुद्धणया (શુદ્ધનયે સર્વે જીવ ખરે-ખર શુદ્ધ છે.) શુદ્ધનયનો અર્થ અહીં દ્રવ્યાર્થિકનય થાય છે. આ દૃષ્ટિએ જોતાં સર્વે જીવો શુદ્ધ જ્ઞાયકસ્વભાવના ધારક છે. માત્ર પર્યાયદૃષ્ટિએ જીવોની પર્યાયોમાં ફેર હોય છે. તે બતાવવા માટે, અહીં તેને અશુદ્ધ નયનો વિષય કહેવામાં આવે છે. તે પર્યાયો જીવ પોતે પોતાથી જ-રથી નિરપેક્ષપણે—નિશ્ચયનયે કરે છે. કર્મનું નિમિત્ત હોવા

---

૧. આ સંબંધીનું વિશેષ વર્ણન શ્રી. પંચાસ્તિકાય શાસ્ત્રની ગાથા ૫૩થી ૬૮ અને તેની ટીકામાં, તથા મોક્ષશાસ્ત્રના અધ્યાય ૨ સૂત્ર ૧થી ૮ અને તેની ટીકામાં કરવામાં આવ્યું છે. ત્યાંથી જોઈ લેવું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



છતાં કર્મ તે કરાવતું નથી; તેથી, પરથી તેનું ભેદજ્ઞ કરાવવા માટે 'અશુદ્ધનય' કહેવામાં આવે છે, અ શુદ્ધનયની અપેક્ષાએ અશુદ્ધનય પણ વ્યવહારનય છે–એ સમજવું. આ કારણે શ્રી સમયસારની ૫૬મી ગાથા માર્ગણાસ્થાન–ગુણસ્થાનાદિ ભાવોને વ્યવહારનયનો વિ કહ્યો છે.[૧]

**માર્ગણાસ્થાનઃ—** જે જે ધર્મ-વિશેષોથી જીવો અન્વેષણ (શોધ) કરવામાં આવે તે તે ધર્મ-વિશેષ માર્ગણા કહેવામાં આવે છે. તેમાં ચૌદ સ્થાનો–ભેદ તેનાં નામઃ—

(૧) ગતિ (૨) ઈન્દ્રિય (૩) કાય (૪) યોગ (૫) (૬) કષાય (૭) જ્ઞાન (૮) સંયમ (૯) દર્શન (૧૦) લે (૧૧) ભવ્યત્વ (૧૨) સમ્યક્ત્વ (૧૩) સંજ્ઞિત્વ (૧૪) આહાર

આ બધાં ભગવાન પરમાત્માને (નિજ ત્રિકાળ શુ ત્માને) શુદ્ધનિશ્ચયનયના બળે નથી[૩] પણ અશુદ્ધનયે

**૫. ગુણસ્થાનઃ—** મોહ અને યોગના સદ્‌ભાવથી અભાવથી, જીવના શ્રદ્ધા–ચારિત્ર–યોગ આદિ ગુણે તારતમ્યતારૂપ અવસ્થા વિશેષોને 'ગુણસ્થાન' કહે તેના પણ ચૌદ ભેદો છે. આ ચૌદ ભેદો ભગવાન પરમાત

---

૧. શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાલા–સમયસાર ગા. ૬૮ નીચે જયસેન આચાર્યની ટીકા. પૃ. ૧૧૧–૧૧૨; ગા. ૫૭, પૃ. ૧ ગા. ૧૦૨ પૃ. ૧૬૭; ગા. ૧૧૩ થી ૧૧૫ પૃ. ૧૭૯; ગા. ૧ ૩૮; પૃ. ૧૯૮.

૨. આના વિશેષ વર્ણન માટે જુઓ, આ ગાથા ૧૩ નીચેની ફુટ

૩. નિયમસાર ગા. ૪૨ ટીકા પૃ. ૮૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



શુદ્ધ નિશ્ચયનયના બળે નથી, પણ અશુદ્ધનયે છે—એમ ગાથાનો અર્થ સમજવો.

તાત્પર્ય:— જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિ માત્ર છે. તે અવિનાશી હોવાથી શુદ્ધપારિણામિકભાવ કહેવાય છે. તે ભાવ ધ્યેય (—ધ્યાન કરવાયોગ્ય) છે. પણ તે ધ્યાનરૂપ નથી, કેમકે ધ્યાનપર્યાય વિનશ્વર છે, અને શુદ્ધપારિણામિક ભાવ દ્રવ્યરૂપ છે તેથી તે અવિનાશી છે, માટે તે આશ્રય કરવા યોગ્ય છે—એમ સમજવું. ૧૩.

## —૯. સિદ્ધત્વ અને વિસ્રસા ઊર્ધ્વગમનત્વ અધિકાર

णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो सिद्धा ।
लोयग्गठिदा णिच्चा उप्पादवयेहिं संजुत्ता ॥ १४ ॥

निष्कर्म्माणः अष्टगुणाः किंचिदूनाः चरमदेहतः सिद्धाः
लोकाग्रस्थिताः नित्याः उत्पादव्ययाभ्यां संयुक्ताः ॥ १४ ॥

અન્વયાર્થ:— [निष्कर्म्माणः] જ્ઞાનાવરણ આદિ આઠ કર્મરહિત, [अष्टगुणाः] સમ્યક્ત્વાદિ* આઠ ગુણો સહિત, [चरमदेहतः] અન્તિમ શરીરથી [किंचिदूनाः] કાંઈક ન્યૂન [लोकाग्र-

* ૧. સમ્યક્ત્વ, ૨. જ્ઞાન, ૩. દર્શન, ૪. વીર્ય, ૫. સૂક્ષ્મત્વ, ૬. અવગાહન, ૭. અગુરુલઘુ, ૮. અવ્યબાધ—આ સર્વ ગુણોની પરિપૂર્ણશુદ્ધ પર્યાયો સિદ્ધમાં હોય છે. આઠ કર્મનો અભાવ હોય છે. વ્યવહારથી આઠ ગુણ અને નિશ્ચયથી અનંતગુણ સર્વસિદ્ધ ભગવંતોને હોય છે. [પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધથી મુક્ત થઇને જીવ ઊર્ધ્વગમન કરે છે. સંસારી જીવોને વિદિશામાં નહિ જતાં આકાશના પ્રદેશોની શ્રેણી અનુસાર બાકીની ૭ દિશાઓમાં ગમન થાય છે.]

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



स्थिताः] ત્રણ લોકના અગ્રભાગે સ્થિત, [नित्याः] ધ્રુવ અવિન [उत्पादव्ययाभ्यां] ઉત્પાદ અને વ્યયથી [संयुक्ताः] સહિત [सिद्धाः] સિદ્ધ છે.

**ભાવાર્થ:— (૧) સિદ્ધ ભગવાનને પ્રગટ થરે આઠ ગુણો(પર્યાયો):**—ખરેખર (નિશ્ચયથી સિદ્ધ ભગવાન આઠ ગુણો જ નહિ પણ અનંત ગુણો (પરિપૂર્ણ શુદ્ધ પર્યા પ્રગટ થઈ ગયા છે. પણ આઠ ગુણોનું વર્ણન મ રુચિવાળા શિષ્યોની અપેક્ષાએ (વ્યવહારનયથી) કહ્યું[1]

**૨. સંક્ષેપરુચિ શિષ્યો પ્રત્યે[2]:**— (૧) અભેદ અનંતજ્ઞાનાદિ ચતુષ્ટય, (૨) અનંતજ્ઞાન-દર્શન-સુખ (૩) કેવળજ્ઞાન-દર્શન બે, (૪) સાક્ષાત્ અભેદનયે— ચૈતન્ય જ એક ગુણ—એમ સંક્ષેપરુચિ શિષ્યોની અપેક્ષ ટૂકમાં કહેવામાં આવે છે.

**(૩) મધ્યમરુચિ શિષ્યો પ્રત્યે:**—[2] સમ્યક્ત્વાદિ ગુણો મધ્યમરુચિ શિષ્યોની અપેક્ષાએ કહેવામાં આવે વિશેષ ભેદ નયે—(૧) નિર્ગતિત્વ, (૨) નિરિન્દ્રિયત્વ, નિષ્કાયત્વ, (૪) નિર્યોગત્વ, (૫) નિર્વેદત્વ, (૬) નિષ્કષાય (૭) નિર્નામત્વ, (૮) નિર્ગોત્રત્વ, (૯) નિરાયુત્વ—ઈત્ય વિશેષ ગુણો તેમ જ (૧) અસ્તિત્વ, (૨) વસ્તુત્વ, પ્રમેયત્વાદિ સામાન્ય ગુણો—એમ સ્વાગમથી અવિ અનંત ગુણો જાણવા.

---

૧. પં. હીરાલાલજી ટીકા. દ્રવ્ય સંગ્રહ પૃ. ૪૯.

૨. બૃ. દ્રવ્યસંગ્રહ, પૃ. ૩૮; પ્રવચનસાર ગા. ૧૧૭, પૃ. ૧૬ શ્રી જયસેનાચાર્યે નિર્નામ તથા નિર્ગોત્ર કહ્યા છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



### ૪. આઠ ગુણો–પર્યાયોનું ટૂંક સ્વરૂપઃ—

(૧) કેવળજ્ઞાનઃ—ત્રણલોક–ત્રણકાળવર્તી સમસ્ત વસ્તુ-ગત અનંતધર્મોને યુગપત્ વિશેષરૂપે પ્રકાશે તે કેવળજ્ઞાન.[૧]

(૨) કેવળદર્શનઃ—તે સર્વને યુગપત્ સામાન્યરૂપે પ્રકાશે તે કેવળદર્શન.

(૩) અનંત પદાર્થોના જ્ઞાનમાં ખેદરહિતપણું તે અનંતવીર્ય.

(૪) સમસ્ત જીવાદિ તત્ત્વોના વિષયમાં વિપરીત અભિનિવેશ (અભિપ્રાય) રહિત પરિણતિ તે પરમ ક્ષાયિક-સમ્યક્ત્વ.[૨] (આમાં સમ્યક્ચારિત્ર, અને અનંતસુખનો સમાવેશ થાય છે).

(૫) સૂક્ષ્મ અતીન્દ્રિય કેવળજ્ઞાનનો વિષય હોવાથી સિદ્ધોના સ્વરૂપને સૂક્ષ્મ કહે છે, તે સૂક્ષ્મત્વ[૨] છે.

(૬) એક સિદ્ધ હોય ત્યાં અનંત સિદ્ધો સમાવેશ પામે તે અવગાહન.[૨]

(૭) જીવોમાં નાના-મોટાપણાનો અભાવ તે અગુરુલઘુ.

(૮) કોઈથી બાધા ન પામે તે અવ્યાબાધ.

---

૧. પ્રવચનસાર ગા. ૧૫, પૃ. ૧૯; પંચાસ્તિકાય ગા. ૪૯, પૃ. ૯૮; ગા. ૯૬, પૃ. ૧૫૫; ગા. ૧૫૪, પૃ. ૨૨૪. શ્રી જય-સેનજી સમયસાર કલશ ૨ ભાવાર્થ, પૃ. ૪. [કેવળી અપેક્ષિત ધર્મોને ન જાણે એવી માન્યતા ન્યાયવિરુદ્ધ છે. કેવળી સર્વ રહસ્યોને જાણે છે. કેવળી અમુકને ન જાણે એમ માનનાર કેવળીને (સર્વજ્ઞ ન માનતાં) અલ્પજ્ઞ માને છે.]

૨. બૃ. દ્રવ્યસંગ્રહ પા. ૩૭–૩૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૫. ચરમદેહથી કિંચિત ન્યૂન:—** તેરમા ગુણસ્થાનના અંતભાગમાં નાસિકાદિ છિદ્રો પુરાઇ જઇ એક ચૈતન્યઘન બિંબ થઇ જતા હોવાથી સિદ્ધ ભગવાનોનો આકાર ચરમ-દેહથી કાંઇક ન્યૂન[1] હોય છે.

**૬. લોકાગ્રસ્થિત:—**(૧) આ ગાથામાં તથા ગા. ૫૧ માં બન્ને સ્થળોએ આત્માના ઉપાદાનકારણનું જ કથન કર્યું છે. બન્નેમાંથી એકે ય ગાથામાં 'ધર્માસ્તિકાયના અભાવ'ને વર્ણવ્યો જ નથી, કારણ કે તે તો અભાવરૂપ નિમિત્ત-માત્રનું જ્ઞાન છે. ઉપાદાનકારણ હોય ત્યાં ઉચિત નિમિત્ત જ સદ્ભાવ કે અભાવરૂપ હોય એ અબાધિત નિયમ છે. તેથી ઉપાદાનકારણ કહેતાં જ નિમિત્તકારણ ગૌણપણે (અધ્યાહારરૂપે) આવી જ ગયું. નિમિત્તકારણ તે ખરું કારણ નથી, એ તો ઉપચારમાત્ર કારણ છે. (૨) ગાથા-૨ માં કહેલ આ ઊર્ધ્વગમનસ્વભાવ વિસ્રસા ઊર્ધ્વગતિ છે.

**૭. ઉત્પાદ-વ્યય સહિત:—** સિદ્ધપણું થયું તે બદલીને સંસારીપણું ન થાય; પણ દરેક સમયે ઉત્પાદ-વ્યય ન થાય તો દ્રવ્યના સત્‌પણાનો નાશ થાય કેમકે—'ઉત્પાદવ્યય-ધ્રુવયુક્ત સત્' હોય છે.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૩૮ તથા પં. હીરાલાલજી ટીકાવાળું દ્રવ્ય-સંગ્રહ પૃ. ૫૦. [ દ્રવ્ય સંગ્રહની ગા. ૫૧ માં 'પુરુષાકાર' શબ્દ વિશેષ જણાવ્યો છે, તે અર્થસૂચક છે. (તે એમ બતાવે છે કે કોઇપણ દ્રવ્ય સ્ત્રી કદી મોક્ષ પામવાને પાત્ર નથી.) સિદ્ધ ભગવંતો ખડ્ગાસન કે પદ્માસન આકારે હોય છે.]

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


**તાત્પર્ય:**— કેવળી-સિદ્ધભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઇચ્છતા નથી, તે શ્રદ્ધાનનું બળ જાણવું * જેવું સાત તત્ત્વોનું શ્રદ્ધાન છદ્મસ્થને હોય છે તેવું જ કેવળી-સિદ્ધભગવાનને પણ હોય છે. માટે જ્ઞાનાદિકની હીનતા-અધિકતા હોવા છતાં પણ તિર્યંચાદિક અને કેવળી-સિદ્ધભગવાનને સમ્યક્ત્વ ગુણ તો સમાન જ કહ્યો છે. માટે સર્વે જીવોએ તેવું શ્રદ્ધાન પ્રગટ કરવું અને આગળ વધવાનો પ્રયાસ ચાલુ રાખવો જોઈએ. ૧૪.

## અજીવ દ્રવ્યોનું વર્ણન

જોકે શુદ્ધબુદ્ધ એકસ્વભાવ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે, તોપણ હેયરૂપ જે અજીવ દ્રવ્યો છે તેનું કથન કરવામાં આવે છે; કારણકે હેય તત્ત્વનું પરિજ્ઞાન કર્યા વિના તેનો આશ્રય છોડી ઉપાદેય તત્ત્વનો આશ્રય કરી શકાતો નથી.

## અજીવ તત્ત્વના ભેદ

अज्जीवो पुण णेओ पुग्गल धम्मो अधम्म आयासं ।
कालो पुग्गल मुत्तो रूवादिगुणो अमुत्ति सेसा दु ॥ १५ ॥

अजीवः पुनः ज्ञेयः पुद्गलः धर्मः अधर्मः आकाशम् ।
कालः पुद्गलः मूर्तः रूपादिगुणः अमूर्ताः शेषाः तु ॥ १५ ॥

**અન્વયાર્થ:**— [पुनः] વળી [पुद्गलः] પુદ્ગલ, [धर्म्मः] ધર્મ, [अधर्म्मः] અધર્મ, [आकाशम्] આકાશ અને [कालः] કાલ

* મોક્ષમાર્ગ પ્રકાશક ૯મો અધિકાર, પૃ. ૩૨૩. (આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે કેવળી અને સિદ્ધ ભગવાન જેવું જ નિશ્ચયસમ્યક્ત્વ ચોથા ગુણસ્થાને હોય છે.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



એને [अजीवः] અજીવ દ્રવ્ય [ज्ञेयः] જાણવાં. [पुद्गलः] પુદ્ગલ-દ્રવ્ય [रूपादिगुणः] રૂપાદિ ગુણવાળું [मूर्तः] મૂર્તિક છે [तु] અને [शेषाः] બાકીનાં દ્રવ્યો [अमूर्ताः] અમૂર્તિક (અરૂપી) છે.

**ભાવાર્થ:—૧. અજીવનો અર્થ:—** જે દ્રવ્યોમાં જાણવા-દેખવાની શક્તિ ન હોય તેને અજીવ દ્રવ્યો કહે છે.

**૨. અજીવ દ્રવ્યના ભેદો:—** અજીવ દ્રવ્યના પાંચ ભેદ છે. (૧) પુદ્ગલ, (૨) ધર્મ, (૩) અધર્મ, (૪) આકાશ અને (૫) કાળ. તેમાં પુદ્ગલ મૂર્તિક છે; બાકીનાં ચાર દ્રવ્યો અમૂર્તિક છે. જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ—એ ગુણે હોય તે મૂર્તિક છે; જેમાં તે ન હોય તે અમૂર્તિક છે. ગાથા ૭ માં અમૂર્તિકની વ્યાખ્યા આપી છે. મૂર્તિક દ્રવ્યના એ ચાર ગુણો તથા તેની પર્યાયોનો કોઠો પૂર્વે આવી ગયો છે.

**તાત્પર્ય:—** (૧) ઉપાદેયભૂત અનંત સુખરૂપ જીવાસ્તિકાયથી વિલક્ષણ હોવાથી આ હેયતત્ત્વ છે એમ સમજવું. (૨) આ ગાથાના પરિજ્ઞાનનું ફળ:— પરમાત્મતત્ત્વથી અજીવ દ્રવ્યો ભિન્ન છે, (અર્થાત્ જીવ તેનું કાંઈ કોઈ પ્રકારે કરી શકે નહિ અને તેઓ જીવનું કાંઈ કોઇ પ્રકારે કરી શકે નહિ—એવું દૃઢ નિશ્ચયાત્મક જ્ઞાન થવું તે છે.) (૩) પાંચ દ્રવ્યોનું સ્વકીય સ્વકીય (પોતપોતાના) પરિણામે પરિણમન એ જ તેનું કર્તૃત્વ છે. (૪) કર્તૃત્વ અને અકર્તૃત્વ—

(૧). પંચાસ્તિકાય ગા. ૭૪ ટીકા પૃ. ૧૨૭ શ્રી જયસેનજી. (૨) પંચાસ્તિકાય ગા. ૭૫ ટીકા. પૃ. ૧૨૯ શ્રી જયસેનજી. (૩) બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૬૯, દ્વિતીય અધિકાર શરૂમાં વિશેષ ગાથાની ટીકા. (૪) પ્રવચનસાર ગા. ૯૫. પૃ. ૧૫૦ (ઉપર તાત્પર્યમાં ૧ થી ૪ના આ આધારો છે.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


એવા બે સામાન્ય ગુણો દરેક દ્રવ્યમાં હોય છે. માટે એ પાંચ દ્રવ્યો પોતે પોતાની પર્યાયોના કર્તા છે, કોઇપણ પદાર્થ પરદ્રવ્ય તથા પરની પર્યાયનો કર્તા થઇ શકતો નથી. (૫) કોઇપણ જીવ પુદ્‌ગલનું કાંઇ કરી શકતો નથી, તે પૂર્વે ગાથા ૮ માં કહેવાઈ ગયું છે. ૧૫.

## પુદ્‌ગલદ્રવ્યની પર્યાયો

सद्दो बंधो सुहुमो थूलो संठाण भेद तम छाया ।
उज्जोदादवसहिया पुग्गलदव्वस्स पज्जाया ॥ १६ ॥
शब्दः बन्धः सूक्ष्मः स्थूलः संस्थानभेदतमश्छायाः ।
उद्योतातपसहिताः पुद्गलद्रव्यस्य पर्यायाः ॥ १६ ॥

**અન્વયાર્થ:**— [शब्दः] શબ્દ, [बंधः] બંધ, [सूक्ष्मः] સૂક્ષ્મ, [स्थूलः] સ્થૂળ, [संस्थान] આકાર, [भेद] ખંડ, [तमः] અંધકાર, [छायाः] છાયા, [उद्योतातपसहिता] ઉદ્યોત અને આતપ સહિત [पुद्गलद्रव्यस्य] પુદ્‌ગલ દ્રવ્યના [पर्यायाः] પર્યાયો છે.

**ભાવાર્થ:—૧. દસ પર્યાયો**—પુદ્‌ગલ દ્રવ્યના શબ્દ વગેરે દસ* પર્યાયો છે.

---

* ૧–વીણા વગેરેનો સ્વર તે શબ્દ. ૨–લાખ અને લાકડી વગેરેનું જોડાવું તે બંધ. ૩–ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય તે સૂક્ષ્મ. ૪–ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય તે સ્થૂલ. ૫– ત્રિકોણ, ચતુષ્કોણ, ગોળ વગેરે તે આકાર. ૬–સ્કંધનો કોઇપણ ભાગ તે ખંડ. ૭–દષ્ટિને રોકે તે અંધકાર. ૮–તડકામાં મનુષ્યની છાયા તથા દર્પણમાં મુખાદિ દેખાય તે છાયા, પ્રતિબિંબ. ૯–ચંદ્રમા અથવા ચંદ્રકાન્તમણિનો પ્રકાશ તે ઉદ્યોત. ૧૦–સૂર્ય અથવા સૂર્યકાન્તમણિનો પ્રકાશ તે આતપ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૨. બંધ:—** (૧) કર્મબંધથી પૃથક્ભૂત સ્વશુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યબંધ છે; (અર્થાત્ સમ્યગ્જ્ઞાની જીવને ચોથા ગુણસ્થાનથી શ્રદ્ધાની મુખ્યતાએ બંધ નથી.) (૨) નિષ્કષાય શુદ્ધાત્માના જ્ઞાનથી રહિત જીવોને કર્મવર્ગણારૂપ પુદ્ગલ-દ્રવ્ય આવે છે તેને દ્રવ્યાસ્રવ જાણવો જોઈએ. (૩) જેમ નેત્ર દૃશ્ય પદાર્થોને કરતું–ભોગવતું નથી, દેખે જ છે; તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે, અને બંધ–મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે.

**તાત્પર્ય:—** (૧) ગાથા ૧૫માં જે તાત્પર્ય કહ્યું છે તે અહીં પણ લાગુ પડે છે. (૨) આસ્રવ-બંધની ઉપરની વ્યાખ્યા શ્રી સમયસાર ગાથા ૭૨ ટીકા તથા *ભાવાર્થને અનુસરે છે. ૧૬.

## ધર્મદ્રવ્યનું લક્ષણ

गइपरिणयाण धम्मो पुग्गलजीवाण गमणसहयारी ।
तोयं जह मच्छाणं अच्छंता णेव सो णेई ॥ १७ ॥
गतिपरिणतानां धर्म्मः पुद्गलजीवानां गमनसहकारी ।
तोयं यथा मत्स्यानां अगच्छतां नैव सः नयति ॥ १७ ॥

---

* જ્ઞાનીને આસ્રવ-બંધ નથી—એ કથન દર્શનમોહ અને અનંતાનુબંધીની પ્રકૃતિનો બંધ થતો નથી એની મુખ્યતાથી છે. અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ–અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. (જુઓ, સમયસાર પૃ. ૧૩૬ થી ૧૩૮ આવૃત્તિ બીજી).

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**અન્વયાર્થ:—** [गतिपरिणतानां] ગતિમાં પરિણમેલા [पुद्गलजीवानां] પુદ્ગલ અને જીવોને [गमनसहकारी] ચાલવામાં સહકારી [धर्म्मः] ધર્મદ્રવ્ય છે. [यथा] જેવી રીતે [मत्स्यानां] માછલીઓને [तोयं] પાણી સહકારી છે. પણ [सः] તે ધર્મદ્રવ્ય [अगच्छतां] નહિ ચાલવાવાળાને [नैव नयति] કદાપિ ચલાવતું નથી.

**ભાવાર્થ:—૧. ગમન:–** જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોનો સામાન્ય ગુણ 'સક્રિયત્વ'[1] છે, તેથી એ બે દ્રવ્યો ગમન કરે છે. ક્ષેત્રથી ક્ષેત્રાંતર ગમનરૂપ પરિસ્પંદવાળી–ચલનવાળી ક્રિયા જેમાં વિદ્યમાન છે તે ક્રિયાવંત [2]જીવ-પુદ્ગલ છે.

**૨. ગતિનિમિત્તતા:–** ધર્માસ્તિકાય દ્રવ્યનો ગતિનિમિત્તતા વિશેષ ગુણ છે. આ દ્રવ્ય સિવાય બીજા કોઈ દ્રવ્યમાં તે નથી.

**૩. એક જ કાળે સમસ્તને નિમિત્ત:–** એક જ કાળે ગતિપરિણત સમસ્ત જીવ–પુદ્ગલોને લોક સુધી ગમનનું હેતુપણું ધર્મદ્રવ્યને જણાવે છે કારણ કે:–

(૧) કાળ અને પુદ્ગલ એકપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી.

(૨) જીવ સમુદ્ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યાતમાં ભાગમાત્ર હોવાથી તેને તે સંભવતું નથી.

---

(૧) પ્રવચનસાર ગા. ૯૫ પૃ. ૧૫૦.
(૨) બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૬૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૩) લોક અને અલોકની સીમા અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી.

(૪) અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી અધર્મને તે સંભવતું[1] નથી.

**૪. સહકારી:–** (૧) સહકારીનો અર્થ [2]નિમિત્તમાત્ર છે. જેમ સિદ્ધ ભગવાન ઉદાસીન છે તો પણ સિદ્ધગુણાનુરાગે પરિણત ભવ્ય જીવોને સિદ્ધગતિ માટે સહકારી કારણ છે, તેમ ધર્મદ્રવ્ય પણ, પોતાના સ્વભાવે જ ગતિપરિણત જીવ–પુદ્ગલોનું ઉદાસીન (તોપણ ગતિનું) [2]સહકારી કારણ છે. ગાથામાં લોકપ્રસિદ્ધ જળ અને માછલાનું દૃષ્ટાંત આપ્યું છે. (૨) સ્વયમેવ જ ગમનાદિ ક્રિયારૂપ પ્રવર્તતા જે જીવ-પુદ્ગલ તેને ધર્માસ્તિકાય સહકારી કારણ છે. [3]તેમાં તેનું કારણપણું એટલું જ છે કે જ્યાં ધર્માદિક દ્રવ્ય હોય ત્યાં જ ગમનાદિ ક્રિયારૂપ જીવ-પુદ્ગલ પ્રવર્તે છે.

**૫. પ્રદેશો:–** આ દ્રવ્યના પ્રદેશો લોકપ્રમાણ અસંખ્યાત છે અને તે એક અખંડ લોકવ્યાપી દ્રવ્ય છે. (ગાથા ૨૫ માં આ સ્પષ્ટતા કરી છે.)

**તાત્પર્ય:–** ધર્મ-અધર્મ તે સ્વતંત્ર દ્રવ્યો છે. તેનો અહીં પુણ્ય-પાપ એવો અર્થ કરવો નહિ. જોકે પાંચ

---

૧. પ્રવચનસાર ગા. ૧૩૩–૧૩૪, પૃ. ૨૩૩.

૨. પંચાસ્તિકાય. ગા. ૮૪ શ્રી જયસેનજી ટીકા. પૃ. ૧૪૨. (હિંદી પૃ. ૧૪૨માં 'નિમિત્તમાત્ર' પં. હેમરાજજીએ કહેલ છે. ગા. ૮૪માં બેવાર, ગાથા ૮૫માં ત્રણવાર 'નિમિત્તમાત્ર' શબ્દ વાપર્યો છે.)

૩. ગોમ્મટસાર જીવકાણ્ડ ગા. ૫૬૭ મોટી ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



દ્રવ્યો જીવને નિમિત્ત છે તોપણ તેને દુઃખનાં (નિમિત્ત) કારણ જાણી અક્ષય અનંત સુખાદિકારણ વિશુદ્ધજ્ઞાન-દર્શનોપયોગસ્વભાવ નિજ-પરમાત્મદ્રવ્યને ધ્યેય બનાવી તેમાં સાધકે અનુષ્ઠાન* કરવું એ કર્તવ્ય છે. ૧૭.

## અધર્મદ્રવ્યનું લક્ષણ

ठाणजुदाण अधम्मो पुग्गलजीवाण ठाणसहयारी ।
छाया जह पहियाणं गच्छंता णेव सो धरई ॥ १८ ॥
स्थानयुतानां अधर्म्मः पुद्गलजीवानां स्थानसहकारी ।
छाया यथा पथिकानां गच्छतां नैव सः धरति ॥ १८ ॥

**અન્વયાર્થઃ—** [स्थानयुतानां] સ્થિર થયેલા [पुद्गलजीवानां] પુદ્ગલ અને જીવ દ્રવ્યોને [स्थानसहकारी] સ્થિર રહેવામાં સહકારી [अधर्मः] અધર્મદ્રવ્ય છે. [यथा] જેવી રીતે [पथिकानां] મુસાફરોને [छाया] છાયા. પણ [सः] તે અધર્મદ્રવ્ય [गच्छतां] ચાલવાવાળા જીવ અને પુદ્ગલ દ્રવ્યોને [नैव धरति] કદાપિ રોકી રાખતું નથી.

**ભાવાર્થઃ— ૧. ગતિપૂર્વક સ્થિતિઃ—** સ્વયં ગતિ-પૂર્વક સ્થિતિરૂપ પરિણમેલાં જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે નિમિત્ત હોય તેને અધર્માસ્તિકાય દ્રવ્ય કહે છે. જેમ મુસાફરને સ્થિર રહેવામાં વૃક્ષની છાયા. સદાય સ્થિર રહેનારાં ધર્માસ્તિકાય, આકાશ અને કાળ દ્રવ્યો કે જે અનાદિથી સ્થિર જ છે તેમની સ્થિતિમાં અધર્મદ્રવ્યનું નિમિત્તપણું નથી.

* શ્રી પ્રવચનસાર ગા. ૧૩૩-૧૩૪ શ્રી જયસેનજી ટીકા પૃ. ૧૮૯-૯૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૨. સ્થિતિકારણત્વ:—** અધર્માસ્તિકાય દ્રવ્યનો [1]સ્થિતિકારણત્વ એ વિશેષ ગુણ છે. આ દ્રવ્ય સિવાય બીજા કોઈ દ્રવ્યમાં તે ગુણ નથી.

**૩. એક જ કાળે સમસ્તને નિમિત્ત:—**એક જ કાળે (ગતિપૂર્વક) સ્થિતિપરિણત સમસ્ત જીવ-પુદ્ગલોને લોક સુધી સ્થિતિનું હેતુપણું અધર્મદ્રવ્યને જણાવે છે. કારણકે:-

(૧) કાળ અને પુદ્ગલ એકપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી,

(૨) જીવ સમુદ્દ્ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યાતમાં ભાગમાત્ર હોવાથી તેને તે સંભવતું નથી,

(૩) લોક અને અલોકની સીમા અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી,

(૪) અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી ધર્મદ્રવ્યને તે સંભવતું નથી.[2]

**૪. સહકારી:—** ગાથા ૧૭ નો પારા ૪ અહીં પણ લાગુ પડે છે.[3]

**૫. પ્રદેશો:—** ગાથા ૧૭ નો પારા ૫ અહીં પણ લાગુ પડે છે.

**તાત્પર્ય:—**(૧) ગાથા ૧૭ નો પારા ૬ વાંચો. (૨) અહીં એમ આશય છે કે-જે દ્રવ્ય ગમનનું નિમિત્ત છે, જે દ્રવ્ય સ્થિતિનું કારણ છે, વળી બીજું જે દ્રવ્ય સર્વને સ્થાન

---

૧. પ્રવચનસાર ગા. ૯૫, પૃ. ૧૫૦.

૨. પ્રવચનસાર ગા. ૧૩૩-૩૪ પૃ. ૨૩૪.

૩. પંચાસ્તિકાય ગા. ૮૬ પૃ. ૧૪૪ જયસેનાચાર્ય ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



દેવામાં પ્રવીણ છે, તે બધાને સમ્યક્‌દ્રવ્યરૂપે અવલોકીને (યથાર્થપણે સ્વતંત્ર દ્રવ્ય તરીકે સમજીને) ભવ્યસમૂહ સર્વદા નિજ તત્ત્વમાં પ્રવેશો.*

જેમ શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિતિનું નિશ્ચયથી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન કારણ છે તથા વ્યવહારથી અર્હંત-સિદ્ધાદિ પરમેષ્ઠીના ગુણોનું સ્મરણ કારણ છે, તેમ જીવ-પુદ્‌ગલોને સ્થિતિનું નિશ્ચયકારણ પોતાનું ઉપાદાનકારણ છે તથા વ્યવહારથી અધર્મદ્રવ્ય કારણ છે.—એવો સૂત્રાર્થ છે. ૧૮.

## આકાશદ્રવ્યનું લક્ષણ

अवगासदाणजोग्गं जीवादीणं वियाण आयासं ।
जेण्हं लोगागासं अलोगागासमिदि दुविहं ॥ १९ ॥

अवकाशदानयोग्यं जीवादीनां विजानीहि आकाशम् ।
जैनं लोकाकाशं अलोकाकाशं इति द्विविधम् ॥ १९ ॥

**અન્વયાર્થ:**— [जीवादीनां] જીવ આદિ દ્રવ્યોને [अवकाशदानयोग्यं] અવકાશદાન યોગ્ય [जैनं] જિનેન્દ્ર ભગવાને દર્શાવેલું [आकाशं] આકાશ દ્રવ્ય [विजानीहि] જાણવું. આ આકાશ દ્રવ્ય [लोकाकाशं] લોકાકાશ અને [अलोकाकाशं] અલોકાકાશ [इति] એમ [द्विविधं] બે પ્રકારનું છે.

**ભાવાર્થ:—૧. અવકાશદાન યોગ્ય:—**ષટ્‌દ્રવ્યાત્મક

* નિયમસાર ગા. ૩૦ શ્લોક ૪૬ પૃ. ૬૪-૬૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



લોકમાં [1]બધાં બાકીનાં દ્રવ્યોને જે પૂરેપૂરા અવકાશનું નિમિત્ત છે તે આકાશ છે, કે જે વિશુદ્ધ ક્ષેત્રરૂપ છે.

**૨. એક જ કાળે સર્વદ્રવ્યોને અવગાહન:**— [2]એક જ કાળે સર્વ દ્રવ્યોને સાધારણ અવગાહનું નિમિત્તભૂતપણું આકાશને જણાવે છે. કારણ કે, બાકીનાં દ્રવ્યો સર્વવ્યાપક નહિ હોવાથી તેમને તે સંભવતું નથી.

**૩. સર્વવ્યાપી:**— (૧) આકાશ એક સર્વવ્યાપી અખંડ દ્રવ્ય છે, પણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો તેમાં હોવાથી આકાશના લોકાકાશ અને અલોકાકાશ એવા બે ભેદ પડે છે. જો ધર્મ-અધર્મ દ્રવ્ય લોકમાં ન હોત તો લોક—અલોક એવા બે ભેદ ન [3]પડત. (જુઓ, હવે પછીની ગાથા ૨૦) આ આકાશની વચોવચ[4] લોકાકાશ છે, જેમાં જીવાદિ પદાર્થો રહે છે. (૨) સિદ્ધ ભગવાન કે કોઇપણ દ્રવ્ય લોકાકાશના વિસ્તારને વધારી શકે અને અલોકાકાશને ઓછો કરી શકે એવી શક્તિ ધરાવતું નથી. (દરેક

---

૧. જેઓ નિશ્ચયનયે નિત્યનિરંજન જ્ઞાનમય પરમાનંદ જેનું લક્ષણ છે એવા અનંતાનંત જીવો, તેમનાથી અનંતગણા પુદ્ગલો, અસંખ્ય કાળાણુઓ, અને અસંખ્યપ્રદેશી ધર્મ અને અધર્મ એ બધાંય દ્રવ્યો વિશિષ્ટ અવગાહન વડે લોકાકાશમાં, જોકે તે લોકાકાશમાત્ર અસંખ્યપ્રદેશી છે તોપણ, અવકાશ મેળવે છે. (પંચાસ્તિકાય ગા. ૯૦ પૃ. ૧૪૩.)

૨. પ્રવચનસાર ગા. ૧૩૩-૧૩૪ ટીકા, પૃ. ૨૩૩.

૩. પંચાસ્તિકાય ગા. ૮૭ ટીકા, પૃ. ૧૩૮.

૪. બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૫૧.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



દ્રવ્યમાં અકર્તૃત્વ ગુણ હોવાથી પરનું કાંઈ કરી શકે નહિ. જો કરે તો બન્ને દ્રવ્યોનો નાશ થાય.)

તાત્પર્યઃ– પૂર્વની ગા. ૧૭–૧૮માં કહેલ છે તે અહીં પણ લાગુ પડે છે. શુદ્ધબુદ્ધ એક સ્વભાવ‡ મોક્ષનું કારણ છે, માટે સર્વપ્રકારે ઉપાદેયરૂપ શુદ્ધ જીવાસ્તિકાયથી આકાશ-દ્રવ્ય ભિન્ન છે, તેથી તે હેય છે. ૧૯.

## લોકાકાશ અને અલોકાકાશનું લક્ષણ

धम्माधम्मा कालो पुग्गलजीवा य संति जावदिये ।
आयासे सो लोगो तत्तो परदो अलोगुत्तो ॥ २० ॥
धर्माधर्मौ कालः पुद्‌गलजीवाः च सन्ति यावतिके ।
आकाशे सः लोकः ततः परतः अलोकः उक्तः ॥२०॥

અન્વયાર્થઃ–[यावतिके] જેટલા [आकाशे] આકાશમાં [धर्माधर्मौ] ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, [कालः] કાળ દ્રવ્ય [च] અને [पुद्‌गलजीवाः] પુદ્‌ગલ દ્રવ્યો અને જીવ દ્રવ્યો [सन्ति] રહેલાં છે, [सः] તેને [लोकः] લોકાકાશ* કહેવાય છે, [ततः] લોકાકાશથી [परतः] બહાર છે તેને [अलोकः] અલોકાકાશ [उक्तः] કહેવામાં આવે છે.

---

‡ પંચાસ્તિકાય ગા. ૯૦ નું મથાળું. પૃ. ૧૪૯ હિંદી.

* यत्र पुण्यपापफललोकनं स लोकः । અર્થઃ–જ્યાં પુણ્ય અને પાપનાં સુખ અને દુઃખરૂપ ફળ જોવામાં આવે તેને લોક કહે છે. આ જીવમાં જોવામાં આવે છે. જીવ દ્રવ્ય લોકાકાશમાં જ રહે છે. અથવા लोक्यन्ते-दृश्यन्ते जीवादि पदार्थाः यत्र स लोकः । અર્થઃ– જ્યાં જીવ વગેરે દ્રવ્યો જોવામાં આવે તેને લોક કહે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ભાવાર્થ:— ૧. લોકાકાશ-અલોકાકાશ:—** (૧) જેટલા સ્થાનમાં બધાં દ્રવ્યો માલૂમ પડે તેને લોકાકાશ કહે છે. અને લોકાકાશની બહાર કેવળ આકાશ છે તેને અલોકાકાશ કહે છે. (૨) લોકના ત્રણ ભાગ છે—ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક. આને જ ત્રણ લોક કહેવામાં આવે છે, અને તેજ લોકાકાશ છે. તેનાથી બહાર અનંત અલોકાકાશ છે.

**૨. લોક અનાદિનિધન:**-(૧) આ લોક અનાદિ-અનંત છે. તેને કોઇ પુરુષે બનાવ્યો નથી, કોઇ તેનો નાશ કરી શકતો નથી, કોઈએ તેને ધારણ કર્યો નથી અને કોઇ તેની રક્ષા કરતો નથી. (૨) આ લોકમાં જે જીવાદિ પદાર્થો* છે તે જુદા-જુદા અનાદિનિધન છે. તેમની અવસ્થાની પલટના થયા કરે છે—એ અપેક્ષાએ તેને ઊપજતા-વિણસતા કહીએ છીએ. સ્વર્ગ, નરક, દ્વીપાદિક છે તે અનાદિથી એ જ પ્રમાણે છે અને સદાકાળ એમ જ રહેશે. જીવાદિક વ સ્વર્ગાદિક સ્વયંસિદ્ધ છે. સંસારમાં જીવ છે તે જ, યથાર્થ જ્ઞાનવડે મોક્ષમાર્ગ સાધનથી, સર્વજ્ઞ-વીતરાગ થાય છે ત્યારે તેને પરમબ્રહ્મ કહેવામાં આવે છે. કોઇ જુદો આ જગતનો કર્તા પરમબ્રહ્મ નથી.

**૩. નાના પ્રમાણવાળા લોકાકાશમાં અનંત દ્રવ્યો કેવી રીતે રહી શકે?**

---

* મોક્ષમાર્ગ પ્રકાશક. અ. ૫, પૃ. ૧૧૪-૧૧૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


**પ્રશ્ન:**— આ *અસંખ્યાત પ્રદેશી લોકાકાશમાં અનંત જીવો રહે છે, તેનાથી અનંતગણા પુદ્‌ગલો રહે છે, લોકાકાશના અસંખ્ય પ્રદેશોની બરાબર અસંખ્યાત કાલાણુ રહે છે, તથા આખા લોકાકાશમાં ધર્મ અને અધર્મ પણ વ્યાપ્ત છે. તો આ નાના પ્રમાણવાળા લોકાકાશમાં આટલાં અનંત દ્રવ્યો કેમ રહી શકે?

**ઉત્તર:**— (૧) જેમ એક દીવાના પ્રકાશમાં અનેક દીવાનો પ્રકાશ સમાઈ જાય છે, (૨) જેમ એક ગૂઢરસ વિશેષથી ભરેલા શીશાના પાત્રમાં ઘણું સુવર્ણ અવકાશ પામે છે, (૩) જેમ દૂધના ભરેલા ઘડામાં તેના પ્રમાણમાં રાખ (ભસ્મ) અને સોઈઓ બરાબર સમાઇ જાય છે તેમ આકાશ-દ્રવ્યની વિશિષ્ટ અવકાશદાન શક્તિથી ઉપર કહેલાં અનંત દ્રવ્યો પણ લોકાકાશમાં સમાઇ જાય છે, તેના રહેવામાં કાંઈ બાધા આવતી નથી.

આકાશ દ્રવ્ય સ્વયં અમૂર્ત્ત છે, તેથી અમૂર્ત્તમાં અનંત અમૂર્ત્ત જીવ તેમ જ ધર્મ-અધર્મ દ્રવ્ય તથા કાલાણુ (જે અમૂર્ત્ત છે તે) નિરાબાધ અવકાશ પામે છે. પુદ્‌ગલ પણ બે પ્રકારના છે: સૂક્ષ્મ તથા સ્થૂળ. અનંત-બહુભાગ પુદ્‌ગલ સૂક્ષ્મરૂપે જ આકાશમાં વ્યાપ્ત છે. જે થોડા ભાગના સ્થૂળ પુદ્‌ગલસ્કંધો છે તે લોકાકાશમાં સમાઈ શકે છે.

**૪. અવકાશદાન ન માનવામાં દોષ:**—જો આ પ્રકારની અવકાશદાન શક્તિ ન હોય તો લોકના અસંખ્યાત પ્રદેશોમાં

* બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૫૨, પં. હીરાલાલજીકૃત દ્રવ્યસંગ્રહ પૃ. ૬૬-૬૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



અસંખ્યાત પરમાણુઓનો જ નિવાસ હોય, અને એમ હોય તો સર્વે જીવો જેમ શુદ્ધ નિશ્ચયે શક્તિરૂપે નિરાવરણ તથ શુદ્ધબુદ્ધ એક સ્વભાવના ધારક છે તેમ વ્યક્તિરૂપે વ્યવહાર નયે પણ થઇ જાય; પણ તેમ નથી, કેમકે એમ માનવામાં પ્રત્યક્ષનો અને આગમનો વિરોધ છે.

**તાત્પર્ય:**– એ પ્રમાણે§ યથાર્થ શ્રદ્ધાનવડે સર્વ પદાર્થે અકૃત્રિમ જુદા-જુદા અનાદિનિધન માનવા. જો નિરર્થક ભ્રમ વડે સાચ-જૂઠનો નિર્ણય જીવ ન કરે તો તે જાણે; કારણ તેના શ્રદ્ધાનનું ફળ તે જ પામે છે. ૨૦.

## કાળદ્રવ્યનું લક્ષણ અને તેના ભેદોનું સ્વરૂપ

दव्वपरिवट्टरूवो जो सो कालो हवेइ ववहारो ।
परिणामादीलक्खो वट्टणलक्खो य परमट्ठो ॥ २१ ॥
द्रव्यपरिवर्तनरूपः यः सः कालः भवेत् व्यवहारः ।
परिणामादिलक्ष्यः वर्त्तनालक्षणः च परमार्थः ॥ २१ ॥

**અન્વયાર્થ:**— [यः] જે [द्रव्यपरिवर्तनरूपः] દ્રવ્યના બદલ વામાં મિનિટ, કલાક, દિવસ, માસ વગેરે રૂપ છે અને [परिणामादिलक्ष्यः] પરિણમન આદિ લક્ષણોથી જાણી શકાય છે [सः] તે [व्यवहारकालः] વ્યવહારકાળ [भवेत्] છે [च] અને (वर्त्तनालक्षणः) વર્તના લક્ષણવાળો [परमार्थः] પરમાર્થકાળ છે.

**ભાવાર્થ:**— ૧. વ્યવહારકાળ–નિશ્ચયકાળ:–

§ મોક્ષમાર્ગ પ્રક.શક, અ. ૫. પૃ. ૧૧૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


'સમય'* નામનો જે ક્રમિક પર્યાય તે વ્યવહારકાળ છે; તેના આધારભૂત દ્રવ્ય તે નિશ્ચયકાળ છે.

**૨. કાળ સંબંધી જ્ઞાન કરાવવા માટેની કથનપદ્ધતિઃ-**

(૧) વ્યવહારકાળ નિશ્ચયકાળની પર્યાય છે (તે ખરેખર પોતાના દ્રવ્યથી જ ઉત્પન્ન થાય છે) છતાં તે જીવ-પુદ્‌ગલોના પરિણામથી મપાતો-જણાતો હોવાને લીધે જીવ-પુદ્‌ગલોના પરિણામથી ઉત્પન્ન થતો કહેવાય છે. (વ્યવહારકાળને સિદ્ધ કરવા માટે જ તેમ કહેવાની શાસ્ત્રપદ્ધતિ છે.)

(૨) જીવ-પુદ્‌ગલોના પરિણામ બહિરંગદ્રવ્યભૂત દ્રવ્યકાળના સદ્‌ભાવમાં ઉત્પન્ન થતા હોવાને લીધે દ્રવ્ય-કાળથી ઉત્પન્ન થતા કહેવાય છે. (નિશ્ચયકાળની સિદ્ધિ કરવા માટે જ તેમ કહેવાની શાસ્ત્રપદ્ધતિ છે; ખરેખર તે પરિણામ તો પોતાના ઉપાદાનકારણથી થાય છે)

**૩. કાળલબ્ધિવશેઃ-પ્રશ્નઃ-**'જીવ કાળલબ્ધિના વશે અનંત સુખનું ભાજન થાય છે.' એવું કથન હોય ત્યાં શું અર્થ કરવો?

**ઉત્તરઃ-** (૧) આ કથન કાળદ્રવ્યના નિમિત્તપણાની સિદ્ધિ કરવા માટે હોય છે, માટે ત્યાં ઉપરના પારા નં. ૨માં કહેલ છે તે પદ્ધતિએ કાળદ્રવ્યથી ઉત્પન્ન થયું કહેવાય છે. (૨) વિશુદ્ધ જ્ઞાન-દર્શનસ્વભાવી નિજ પર-માત્મતત્ત્વનાં સમ્યક્‌શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાન, બહિર્દ્રવ્ય ઇચ્છા-નિવૃત્તિલક્ષણ તપશ્ચરણરૂપ અર્થાત્ નિશ્ચયચતુર્વિધ આરાધના

---
* પંચાસ્તિકાય ગા. ૧૦૦ ટીકા પૃ. ૧૫૪.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ઉપાદાનકારણથી સુખપ્રાપ્તિ થઇ છે અને કાળથી નહિ એમ સમજવું; કાળ તો હેય[1] છે (–કાળલબ્ધિ હેય છે.)

**૪. ઉપાદાન કાર્યરૂપે પરિણમે તો કાળ નિમિત્ત કહેવાય, જો ન પરિણમે તો ન કહેવાય**–(૧) સમસ્ત વિકલ્પરહિત વીતરાગચારિત્ર તે જ ત્રણે કાળે મુક્તિકારણ છે. [2]તેના અભાવે કાળ મુક્તિનું સહકારી કારણ પણ થતું નથી, તેથી તે હેય છે.

(૨) તેથી એમ સમજવું કે નિમિત્તકારણ હેય છે અને જ્યાં ઉપાદાનકારણ હોય ત્યાં જ નિમિત્તકારણનો ઉપચાર ઉચિત પરપદાર્થ ઉપર આવી શકે, તે વિના કદી પણ નહિ. તેથી જે જીવે પોતાના આત્માની સન્મુખ થઇ, ધર્મ પરિણતિ પ્રગટ કરી હોય તેને જ કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન હોય. તેમ ન હોય તે [3]એકાંત કાળવાદી છે. કાળલબ્ધિને યથાર્થપણે માનનાર નથી.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ ગા ૨૧, પૃ. ૫૫. ઉપર પ્રમાણે કથન બીજા શાસ્ત્રોમાં પણ આવે છે. જેમકે—શ્રી રાયચંદ્ર શાસ્ત્રમાળા પંચાસ્તિકાય પૃ. ૪૨, પૃ. ૧૬૦, પૃ. ૨૧૭, [પોતાનું ઉપાદાનકારણ ઉપાદેય છે અને કાળ(લબ્ધિ) હેય છે.] મોક્ષપાહુડ ગા. ૨૪માં 'કાળાદિલબ્ધિ' ભગવાન શ્રીકુંદકુંદાચાર્યે તથા સ્વામીકાર્તિકેય અનુપ્રેક્ષામાં ગા. ૧૮૮–૨૧૯–૨૪૪. ૩૨૧થી ૩૨૩–૪૧૮ માં વાપરેલ છે. ત્યાં પણ ઉપર પ્રમાણે જ અર્થ કરવો.

૨. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૨૨ પૃ. ૫૯ વીતરાગચારિત્ર સાથે અવિનાભાવપણે નિશ્ચયસમ્યક્ત્વ હોય છે. મોક્ષપ્રાભૃતની ગા. ૮૮માં કહ્યું છે કે "બહુ કથન શું કરવું? જે શ્રેષ્ઠ પુરુષ ભૂતકાળમાં સિદ્ધ થયા, વર્તમાનમાં થાય છે, ભવિષ્યમાં થશે તે સમ્યક્ત્વનું માહાત્મ્ય છે."

૩. ગોમ્મટસાર કર્મકાણ્ડ ગા. ૮૭૯.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


**૫. કાળલબ્ધિનું મોક્ષમાર્ગમાં સ્થાન:– અનેકાંત સિદ્ધાંત:–** સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ, ભવિતવ્ય અને કર્મના ઉપશમાદિ–એ પાંચ કારણોનો મેળાપ (સમવાય) હરેક સમયે એકી સાથે મોક્ષમાર્ગમાં હોય છે એવો શ્રી જૈનધર્મનો અનેકાંત સિદ્ધાંત છે. પૂર્વોક્ત કારણો કહ્યાં તેમાં કાળલબ્ધિ અને ભવિતવ્ય તો કોઈ વસ્તુ જ નથી, પણ જે કાળમાં કાર્ય બને તેજ કાળલબ્ધિ, તથા જે કાર્ય થયું તેજ ભવિતવ્ય (એટલે આત્માએ તેમાં કાંઇ કરવાનું જ નથી.) કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્ગલની શક્તિ છે, તેનો કર્તા–હર્તા આત્મા નથી, તથા પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે તે આત્માનું કાર્ય છે, માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ (સ્વસન્મુખ થવાનો ઉદ્યમ) કરવાનો ઉપદેશ આપીએ છીએ. આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ (સ્વસન્મુખ થવારૂપ) ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો મળેજ મળે– (મેળવવાનો પ્રયત્ન કરવાનો હોતો નથી) એ રીતે કાળલબ્ધિ નિમિત્તમાત્ર છે–હેય છે; તેના તરફનું વલણ તો રાગ ઉત્પન્ન કરે છે માટે કાળલબ્ધિનો આશ્રય છોડી નિજ જ્ઞાનસ્વભાવનો આશ્રય[1] કરવો.

**તાત્પર્ય:–** જીવ [2]આગમભાષાએ કાલાદિ લબ્ધિરૂપ, અધ્યાત્મ ભાષાએ શુદ્ધાત્મઅભિમુખ (સન્મુખ) પરિણામરૂપ સ્વસંવેદન પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિનો

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક ૯ મો અધિકાર, પૃ. ૩૧૧.
૨. પંચાસ્તિકાય ગા. ૧૫૦–૧૫૧. શ્રીજયસેનજી ટીકા. પૃ. ૨૧૭ હિંદી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ઉપશમ થાય જ છે. [1]સમય, નિમેષ, કાષ્ઠા, કળા, ઘડી વગેરે ભેદો વ્યવહારકાળના છે, પરંતુ શુદ્ધ એક નિજ નિરુપમ તત્ત્વને છોડીને તે કાળથી મને કાંઈ ફળ નથી (એમ નિશ્ચય કરવો). હરકોઇ નિમિત્ત કે ઉપાદાનકારણ કહ્યું હોય ત્યાં પાંચે કારણો હોય છે એવો અર્થ કરવો તે જ ખરો સ્યાદ્‌વાદ (નયવાદ) છે.[2] ૨૧.

## નિશ્ચયકાળનું વિશેષ લક્ષણ.

लोयायासपदेसे इक्केक्के जे ठिया हु इक्केक्का ।
रयणाणं रासीइव ते कालाणू असंखदव्वाणि ॥ २२॥

लोकाकाशप्रदेशे एकैकस्मिन् ये स्थिताः हि एकैकाः ।
रत्नानां राशिः इव ते कालाणवः असंख्यद्रव्याणि ॥ २२ ॥

**અન્વયાર્થ:—** [एकैकस्मिन्] એક એક [लोकाकाशप्रदेशे] લોકાકાશ પ્રદેશ ઉપર [ये] જે [एकैकाः] એકએક [कालाणवः] કાળનાં અણુઓ [रत्नानां] રત્નોનાં [राशिः इव] ઢગલાની માફક [हि] જુદાં જુદાં [स्थिताः] રહેલાં છે, [ते] તે કાલાણુઓ [असंख्य द्रव्याणि] અસંખ્ય દ્રવ્યો છે.

**ભાવાર્થ:—** લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર રત્નોના રાશિની માફક કાલાણુઓ અલગ અલગ રહેલાં છે. જે રીતે રત્નોનો ઢગલો કરવાથી દરેક રત્ન અલગ અલગ ર

---

૧. નિયમસાર ગા. ૩૧, કળશ ૪૭, પૃ. ૬૭.
૨. સમયસાર નાટક (બનારસીદાસજી) સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર શ્લોક ૪૨-૪૩; પૃ. ૩૩૫–૩૩૬. ['એકમાં અનેક ખોજે તે સુદૃષ્ટિ છે' તથા 'આ પાંચને સર્વાંગી માનવા તે શિવમાર્ગ છે' એમ કહ્યું છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



છે, તેવી રીતે લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર એક એક કાલાણુ અલગ અલગ છે. લોકાકાશના પ્રદેશ અસંખ્યાત હોવાને કારણે કાલદ્રવ્ય પણ અસંખ્યાત દ્રવ્ય છે. આ કાલાણુઓના નિમિત્તથી બધાં દ્રવ્યોની અવસ્થા પલટાય છે. ૨૨.

## દ્રવ્યોનો ઉપસંહાર અને અસ્તિકાય

एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं ।
उत्तं कालविजुत्तं णायव्वा पंच अत्थिकाया दु ॥ २३ ॥
एवं षड्भेदं इदं जीवाजीवप्रभेदतः द्रव्यम् ॥
उक्तं कालवियुक्तम् ज्ञातव्याः पंच अस्तिकायाः तु ॥ २३ ॥

**અન્વયાર્થ:—** [एवं] આ પ્રમાણે [जीवाजीव प्रभेदतः] જીવ અને અજીવના પેટા ભેદોથી [इदं] આ [द्रव्यं] દ્રવ્ય [षड्भेदं] છ પ્રકારે [उक्तं] કહેવામાં આવ્યું છે. [तु] વળી તેમાં [कालवियुक्तम्] કાળદ્રવ્ય સિવાય [पंच अस्तिकायाः] પાંચ અસ્તિકાય [ज्ञातव्याः] જાણવા.

**ભાવાર્થ:–** દ્રવ્યના મુખ્ય બે ભેદ છે: જીવ અને અજીવ. અજીવના પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ ભેદ છે. કુલ દ્રવ્ય છ છે; આમાંથી કાળ સિવાય બાકીનાં પાંચ દ્રવ્યો 'પંચાસ્તિકાય' કહેવાય છે. ૨૩.

## અસ્તિકાયનું લક્ષણ

संति जदो तेणेदे अत्थीति भणंति जिणवरा जम्हा ।
काया इव बहुदेसा तम्हा काया य अत्थिकाया य ॥ २४ ॥
सन्ति यतः तेन एते अस्ति इति भणन्ति जिनवराः यस्मात् ।
कायाः इव बहुदेशाः तस्मात् कायाः च अस्तिकायाः च ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**અન્વયાર્થ:—** [यतः] જેથી કરીને [एते] પાંચ અસ્તિ-કાય [सन्ति] છે [तेन] તે કારણથી [जिनवराः] જિનેન્દ્રભગવાન [अस्ति] "અસ્તિ" [इति] એમ [भणन्ति] કહે છે. [यस्मात्] જેથી કરીને [कायाः इव] કાયાની માફક [बहुदेशाः] ઘણા પ્રદેશવાળા છે [तस्मात्] તે કારણથી [कायाः] "કાય" કહેવાય છે [च] અને ભેગા મળીને [अस्तिकायाः च] અસ્તિકાય પણ કહેવાય છે.

**ભાવાર્થ:—** જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ દ્રવ્યો છે તેને 'અસ્તિ' કહેવામાં આવ્યા છે અને કાયાની માફક બહુપ્રદેશી છે માટે તેને 'કાય' કહે છે. આ કારણથી આ પાંચ દ્રવ્યો 'અસ્તિકાય' છે. કાલાણુ એક-એક પ્રદેશવાળો હોય છે, તેથી તેને કાયસંજ્ઞા નથી. તેની અંદર અસ્તિપણું છે, કાયપણું નથી, એ કારણથી તેને અસ્તિકાયમાં ગણેલ નથી. ૨૪.

## દ્રવ્યોની પ્રદેશસંખ્યા

होंति असंख्या जीवे धम्माधम्मे अणंत आयासे ।
मुत्ते तिविह पदेसा कालस्सेगो ण तेण सो काओ ॥ २५ ॥

भवन्ति असंख्याः जीवे धर्म्माधर्म्मयोः अनन्ताः आकाशे
मूर्त्ते त्रिविधाः प्रदेशाः कालस्य एकः न तेन सः कायः ॥

**અન્વયાર્થ:—** [जीवे] એક જીવમાં [धर्म्माधर्म्मयोः] ધર્મ અને અધર્મ દ્રવ્યોમાં [असंख्याः] અસંખ્યાત, [आकाशे] આકાશ દ્રવ્યમાં [अनन्ताः] અનંતા અને [मूर्त्ते] પુદ્ગલમાં [त्रिविधाः] ત્રણ પ્રકારના એટલે સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા [प्रदेशाः] પ્રદેશો છે, અને [कालस्य] કાળદ્રવ્યનો

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



[एकः] એક પ્રદેશ છે [तेन] તેથી [न सः कायः] તે કાળ-દ્રવ્ય કાયવાન નથી.

ભાવાર્થ:— એક જીવ સમસ્ત લોકાકાશમાં પ્રસરી શકે છે, લોકાકાશના અસંખ્યાતા પ્રદેશ છે તેથી જીવ અસંખ્યાતપ્રદેશવાળો છે. ધર્મ અને અધર્મ પણ સમસ્ત લોકાકાશમાં તલમાં તેલની માફક ફેલાયેલ છે, તેથી તે બન્ને દ્રવ્યો પણ અસંખ્યાતપ્રદેશવાળાં છે. આકાશના અનંત પ્રદેશ છે, કારણ કે, આકાશ લોકાકાશની બહાર પણ છે, તેની કોઈ મર્યાદા નથી. પુદ્ગલ દ્રવ્યના અનંતા પરમાણુઓ છે, પરન્તુ એક પરમાણુ અલગ પણ હોય છે અને બે, ચાર, વીશ, હજાર, લાખ વગેરે પરમાણુઓ મળીને નાનો અથવા મોટો સ્કંધ થાય છે. આ કારણથી પુદ્ગલને સંખ્યાત, અસંખ્યાત તથા અનંત પ્રદેશવાળો કહેવામાં આવેલ છે. કાલના અણુ એક એક અલગ રહે છે, તે મળીને સ્કંધ થતો નથી. આ કારણથી કાલદ્રવ્ય કાયવાન નથી. ૨૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri






Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


## પુદ્ગલપરમાણુ કાયવાન છે

एयपदेसो वि अणू णाणाखंधप्पदेसदो होदि।
बहुदेसो उवयारा तेण य काओ भणंति सव्वण्हु ॥२६॥

एकप्रदेशः अपि अणुः नानास्कन्धप्रदेशतः भवति।
बहुदेशः उपचारात् तेन च कायः भणन्ति सर्वज्ञाः ॥२६॥

**અન્વયાર્થ:—** [एकप्रदेशः अपि] એક પ્રદેશવાળો હોવા છતાં [अणुः] પુદ્ગલ પરમાણુ [नानास्कन्धप्रदेशतः] વિવિધ સ્કંધરૂપ પ્રદેશવાળો થતો હોવાના કારણે [बहुदेशः] બહુ-પ્રદેશી [भवति] થાય છે [च] અને [तेन] તે કારણથી [सर्वज्ञाः] સર્વજ્ઞદેવ પુદ્ગલપરમાણુને [उपचारात्] ઉપચારથી [कायः] કાયવાન [भणन्ति] કહે છે.

**ભાવાર્થ:—**પુદ્ગલનો એક પરમાણુ અનેક પ્રકારના સ્કંધોમાં મળવાના કારણે વિધવિધ સ્કંધરૂપે થઈ શકે છે, તેથી તેને કાયવાન કહે છે. પરંતુ કાલાણુ વિધવિધ સ્કંધ-રૂપે થઈ શકતો નથી તેથી કાલાણુ એકપ્રદેશી છે, કાયવાન નથી. ૨૬.

## પ્રદેશનું લક્ષણ

जावदियं आयासं अविभागीपुग्गलाणुउट्टद्धं।
तं खु पदेसं जाणे सव्वाणुट्टाणदाणरिहं ॥२७॥

यावतिकं आकाशं अविभागिपुद्गलाण्वष्टब्धम्।
तं खलु प्रदेशं जानीहि सर्वाणुस्थानदानार्हम् ॥२७॥

**અન્વયાર્થ:—** [यावतिकं] જેટલું [आकाशं] આકાશ [अविभागीपुद्गलाण्वष्टब्धं] પુદ્ગલપરમાણુ દ્વારા વ્યાપ્ત છે [तं]

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તેને [खलु] ખરેખર [सर्व्वाणुस्थानदानार्हम्] સર્વ અણુઓને સ્થાન દેવા યોગ્ય [प्रदेशं] પ્રદેશ [जानीहि] જાણવો.

**ભાવાર્થ:**—આકાશના જેટલા ક્ષેત્રમાં પુદ્ગલનો સૌથી નાનો ટુકડો આવી જાય તેટલા ક્ષેત્રને પ્રદેશ કહે છે. આ પ્રદેશમાં ધર્મ અને અધર્મ દ્રવ્યનો પ્રદેશ, કાલાણુ, અને પુદ્ગલના અનેક અણુ લોઢાની અંદર આગની માફક સમાઈ શકે છે. આ કારણથી પ્રદેશને બધાં દ્રવ્યના અણુઓને સ્થાન દેવા યોગ્ય કહેલ છે. નાનામાં નાનો અણુ, જેના વિભાગ ન થઈ શકે તેને પરમાણુ કહે છે. ૨૭.

અજીવાધિકાર સંપૂર્ણ

**પ્રથમ અધિકાર સમાપ્ત**

## પહેલા અધિકારનો સારાંશ

આ અધિકારનો સાર એ છે કે:—

(૧) જીવને મોહ (રાગ-દ્વેષ-પુણ્ય-પાપ) સાથે એકપણાની બુદ્ધિ છે; તે છોડી દઈને પોતાના આત્માનો અનુભવ કરવો. મારું આત્મસ્વરૂપ સર્વતઃ નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે. માટે આ મોહ મારો કાંઈ પણ લાગતોવળગતો નથી, અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી. હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું. એમ નક્કી કરી પોતાથી જ પોતાના એક આત્મસ્વરૂપનો [1]અનુભવ કરવો.

---

૧. સમયસાર કળશ ૩૦, પૃ. ૮૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૨) મારી પ્રચંડ ચિન્માત્ર શક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યાં હોવાથી, જાણે અત્યંત અંતર્મગ્ન થઇ રહ્યાં હોય, જ્ઞાનમાં તદાકાર ડૂબી રહ્યાં હોય—એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે–એવાં આ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ તથા અન્ય જીવ—એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી; કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં હોવાથી, પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે.

વળી અહીં સ્વયમેવ નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે છે કે–હું પ્રગટ નિશ્ચયથી એક જ છું, માટે જ્ઞેય-જ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે, સદાય પોતાનામાં એકપણાને પ્રાપ્ત હોવાથી આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ એવો ને એવો જ [૧]સ્થિત રહે છે.

આ પ્રમાણે ભાવકભાવથી અને જ્ઞેયભાવોથી જીવે ભેદજ્ઞાન કરવું—એ આ અધિકારનો સાર છે.

---

૧. સમયસાર ગા. ૩૭, પૃ. ૮૧-૮૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# અધિકાર બીજો

## *આસ્રવ વગેરે પદાર્થોનું વર્ણન

आसवबंधणसंवरणिज्जरमोक्खा सपुण्णपावा जे ।
जीवाजीवविसेसा तेवि समासेण पभणामो ॥२८॥

आस्रवबंधनसंवरनिर्जरमोक्षाः सपुण्यपापाः ये ।
जीवाजीवविशेषाः तान् अपि समासेन प्रभणामः ॥२८॥

**અન્વયાર્થ:—** [ये] જે [आस्रवबंधनसंवरनिर्जरमोक्षाः] આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ [सपुण्यपापाः] પુણ્ય અને પાપ સહિત સાત તત્ત્વ છે તે [जीवाजीवविशेषाः] જીવ અને અજીવ દ્રવ્યના ભેદ છે [तान् अपि] તેઓને પણ [समासेन] સંક્ષેપથી [प्रभणामः] અમે કહીએ છીએ.

**ભાવાર્થ:— ૧. સાત તત્ત્વોનાં નામો:—** જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે

---

* જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ—આ સાત તત્ત્વો છે; આમાં પુણ્ય અને પાપ મેળવવાથી નવ પદાર્થ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગમાં આ નવ પદાર્થ અવશ્ય જાણવા યોગ્ય છે. આસ્રવ વગેરેમાં જીવ અને અજીવ એટલે કે આત્મા અને કર્મ બન્નેનો સંબંધ છે. કર્મરહિત આત્મા શુદ્ધ એટલે કે મુક્ત કહેવાય છે.

જીવ અને અજીવમાં છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થોનો સમાવેશ થઇ જાય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


**૨. જીવ-અજીવની વ્યાખ્યાઃ—**

(૧) જીવ અર્થાત્ આત્મા; તે સદા જ્ઞાતાસ્વરૂપ, પરથી ભિન્ન અને ત્રિકાળ સ્થાયી (ટકનારો) છે. આવા જીવો અનંત છે.

(૨) અજીવઃ- જેમાં ચેતના-જાણપણું નથી; તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળાણુ અસંખ્ય —એ ચાર અરૂપી છે; અને પુદ્ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણસહિત છે. તેની સંખ્યા અનંતાનંત છે.

**૩. જીવતત્ત્વ સંબંધી ભૂલઃ—** જીવ તો ત્રિકાળ જ્ઞાતાસ્વરૂપ છે. તેને જીવ અજ્ઞાનવશ જાણતો નથી અને જે શરીર છે તે હુંજ છું, શરીરનું કાર્ય હું કરી શકું છું—એવું માને છે. શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય; બાહ્ય અનુકૂળ સંયોગોથી હું સુખી અને બાહ્ય પ્રતિકૂળ સંયોગોથી હું દુઃખી; હું નિર્ધન, હું ધનવાન, હું બળવાન, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુંદર છું—એવું માને છે. શરીરાશ્રિત ઉપદેશ અને ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે. હું બોલી શકું, રોટલાદિ ખાઈ શકું, જળાદિ પી શકું, પરજીવોનું ભલું-બુરું કરી શકું, વગેરે પ્રકારે પરદ્રવ્યની ક્રિયાનો પોતાને માલિક માને છે.

આવી રીતે અજ્ઞાની જીવ પરને સ્વસ્વરૂપ માની, પોતાના સ્વતત્ત્વનો (જીવતત્ત્વનો) ઈન્કાર કરે છે. પોતાને પોતારૂપ જાણી તેમાં પરનો અંશ પણ ન મેળવવો તથા પોતાનો અંશ પણ પરમાં ન મેળવવો- એવું સાચું શ્રદ્ધાન કરતો નથી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૪. અજીવતત્ત્વ સંબંધી ભૂલ:–** મિથ્યા અભિ પ્રાયવશ જીવ એવું માને છે કે શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઈશ, શરીર-ધનાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થતાં પોતાનામાં ઇષ્ટ-અનિષ્ટ પરિવર્તન માનવું, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરની ભૂખ-તૃષાદિરૂપ અવસ્થા થતાં મને ભૂખ તૃષાદિ થઇ રહ્યાં છે એમ માનવું, શરીર કપાઇ જતાં હું કપા ગયો—ઈત્યાદિરૂપ અજીવની અવસ્થાને અજ્ઞાની જીવ પોતાની અવસ્થા માને છે. અજીવને પોતાનું સાધન-કારણ-આધારાદિ માને છે, આ તેની અજીવતત્ત્વ સંબંધી ભૂલ છે; કારણ તે અજીવને જીવ માને છે. આમાં અજીવને સ્વતત્ત્વ (જીવ તત્ત્વ) સ્વીકારતાં તે અજીવતત્ત્વનો અસ્વીકાર કરે છે.

**૫. જીવની મિથ્યાદર્શનરૂપ પ્રવૃત્તિ:–** હરકોઇ પ્રકા પોતાને ને શરીરને તે એકરૂપ માને છે. શરીરના અંગરૂ સ્પર્શનાદિ દ્રવ્યઇંદ્રિયો છે. અજ્ઞાની જીવ તે સર્વને એકરૂ માની એમ માને છે કે "હાથ વગેરે સ્પર્શ વડે મેં સ્પર્શ્યું જીભ વડે મેં ચાખ્યું, નાસિકા વડે મેં સૂંઘ્યું, નેત્ર વડે મે દીઠું, કાનવડે મેં સાંભળ્યું. દ્રવ્યમન તથા જ્ઞાનને એકરૂ માની તે એમ માને છે કે મેં મન વડે [1]જાણ્યું." એમ અને પ્રકારે માત્ર અચેત જેવો બની પર્યાયમાં જ અહંબુદ્ધિ ધારે છે

**૬. જીવની મિથ્યાચારિત્રરૂપ પ્રવૃત્તિ:–**(૧) પોતાનો સ્વભાવ તો જ્ઞાતાદ્રષ્ટા છે. હવે પોતે કેવળ દેખવાવાળો-જાણવા-

૧. મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૪, પૃ. ૮૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



વાળો તો રહેતો નથી; પણ જે જે પદાર્થોને તે દેખે-જાણે છે તેમાં ઇષ્ટ-અનિષ્ટપણું માને છે અને તેથી રાગી-દ્વેષી થાય છે. (૨) કોઇના સદ્‌ભાવને તથા કોઈના અભાવને ઇચ્છે છે, પણ તેનો સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો નથી. (૩) કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કર્તા છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે. (૪) માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ [૧]થાય છે.

૭. **આસ્રવાદિનું સ્વરૂપ:**— તેને લગતી ગાથાઓમાં આપ્યું છે. ૨૮.

## ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવનું લક્ષણ

आसवदि जेण कम्मं परिणामेणप्पणो स विण्णेओ ।
भावासवो जिणुत्तो कम्मासवणं परो होदि ॥२९॥
आस्रवति येन कर्म्म परिणामेन आत्मनः सः विज्ञेयः ।
भावास्रवः जिनोक्तः कर्म्मास्रवणं परः भवति ॥२९॥

**અન્વયાર્થ:**— [ आत्मनः ] આત્માના [ येन ] જે [ परिणामेन ] પરિણામથી [ कर्म्म ] કર્મ [ आस्रवति ] આવે છે [ सः ] તેને [ जिनोक्तः ] જિનેશ્વર ભગવાને કહેલો [ भावास्रवः ] ભાવાસ્રવ [ विज्ञेयः ] જાણવો જોઇએ અને [ कर्मास्रवणं ] પુદ્‌ગલ કર્મનું આવવું તે [ परः ] દ્રવ્યાસ્રવ [ भवति ] છે.

**ભાવાર્થ:**—૧. **આસ્રવ:**— વિકારી શુભાશુભ ભાવરૂપ

૧. મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૪, પૃ. ૯૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે તે ભાવાસ્રવ છે; અને તે સમયે નવીન કર્મયોગ્ય રજકણોનું સ્વયં સ્વતઃ આવવું (આત્મા સાથે એક ક્ષેત્રે આવવું) તે દ્રવ્યાસ્રવ છે. (તેમાં જીવનો અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે)

**૨. અજ્ઞાન દશામાં આસ્રવનું અયથાર્થ જ્ઞાન શ્રદ્ધાનઃ—**

(૧) અજ્ઞાનતાના કારણે જીવ મિથ્યાત્વ-કષાયાદિ પોતાનો સ્વભાવ માને છે; દર્શન-જ્ઞાનોપયોગ અને આસ્રવ ભાવ એ બન્નેને તે એકરૂપ માને છે, કારણ કે તેના આધારભૂત એક આત્મા છે. વળી તેનું અને આસ્રવભાવોનું પરિણમન એક જ કાળમાં હોવાથી તેને એ ભિન્નપણું ભાસતું નથી.

(૨) એ ભિન્નપણું ભાસવાના કારણરૂપ વિચારો છે તે મિથ્યાદર્શનનાં બળથી થઈ શકતા નથી.

(૩) એ મિથ્યાત્વભાવ અને કષાયભાવ આકુળતા સહિત છે, તેથી તે વર્તમાન દુઃખમય છે, અને ભાવિમાં પણ દુઃખના જ હેતુ રૂપ છે. તેને એ પ્રમાણે ન માનતાં ઊલટા ભલા જાણી પોતે એ ભાવોરૂપ[1] થઈ પ્રવર્તે છે.

**૩. આસ્રવતત્ત્વ સંબંધી ભૂલઃ—** ૧. મિથ્યાત્વ રાગદ્વેષ શુભાશુભ ભાવ આસ્રવ છે, તે ભાવ આત્માને પ્રગટ દુઃખ દેવાવાળા છે; મિથ્યાદૃષ્ટિ જીવ તેમને હિતરૂપ માની નિરંતર તેમનું સેવન કરે છે. આ તેની આસ્રવતત્ત્વ સંબંધી ભૂલ છે. (૨) અહિંસાદિરૂપ પુણ્યાસ્રવને ભલો માને છે—ઉપાદેય માને છે.

---

૧ મોક્ષમાર્ગપ્રકાશક-અધિકાર ૪, પૃ. ૮૬.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**તાત્પર્ય:**- (૧) આસ્રવો[1] અશુચિ છે- અપવિત્ર છે. ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ જ્ઞાયકસ્વભાવ હોવાથી અત્યંત શુચિ-પવિત્ર છે.

(૨) આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે, માટે તેઓ ચૈતન્યથી વિપરીત સ્વભાવ-વાળા છે. ભગવાન આત્મા તો સદાય વિજ્ઞાનઘન સ્વભાવમય હોવાથી પોતે જ ચેતક છે.

(૩) આસ્રવો આકુળતા ઉપજાવે છે, ભગવાન આત્મા સુખરૂપ છે. આ પ્રમાણે બન્નેનો તફાવત જાણીને, પરાશ્રય છોડી, નિજ શુદ્ધાત્માનો આશ્રય કરવો તે જીવનું કર્તવ્ય છે.

(૪) આસ્રવો[2] જીવ સાથે નિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુઃખરૂપ છે, દુઃખ જ જેનું ફળ છે એવા છે.—એમ જાણીને જીવે સ્વાશ્રય કરવો જોઈએ. ૨૯.

## ભાવાસ્રવોનાં નામ અને તેના ભેદ

मिच्छत्ताविरदिपमादजोगकोहादओऽथ विण्णेया ॥
पण पण पणदह तिय चदु कमसो भेदा दु पुव्वस्स ॥ ३० ॥
मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयः अथ विज्ञेयाः ॥
पंच पंच पंचदश त्रयः चत्वारः क्रमशः भेदाः तु पूर्वस्य ॥ ३०

**અન્વયાર્થ:**— [अथ] અને [पूर्वस्य] ભાવાસ્રવના [मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयः] મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ અને ક્રોધ વગેરે [भेदाः] ભેદો છે; [तु] વળી તેના [क्रमशः] ક્રમે કરીને [पंच] પાંચ, [पंच] પાંચ, [पंचदश] પંદર, [त्रयः]

૧. સમયસાર ગા. ૭૨. ૨. સમયસાર ગા. ૭૪.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ત્રણ [चत्वारः] અને ચાર એમ બત્રીશ ભેદો. [विज्ञेयाः] જાણવ
જોઇએ.

**ભાવાર્થ:— ૧. મિથ્યાત્વની વ્યાખ્યા:**—(૧) અભ્યં-તરમાં[1] વીતરાગ નિજ આત્મતત્ત્વ-અનુભૂતિની રુચિ સંબંધી વિપરીત અભિનિવેશ તે મિથ્યાત્વ છે. (૨) [2]પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના અન્યથા શ્રદ્ધાનને અને અદેવ (કુદેવ)ને દેવ માનવા, અતત્ત્વને તત્ત્વ માનવાં, અધર્મ (કુધર્મ)ને ધર્મ માનવો ઇત્યાદિ વિપરીત શ્રદ્ધાનને મિથ્યાત્વ કહે છે.

**૨. તેના પાંચ ભેદો:**— (૧) એકાંત, (૨) વિપરીત, (૩) સંશય, (૪) અજ્ઞાન અને (૫) વિનય મિથ્યાત્વ. તે વ્યાખ્યા શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાંથી વાંચી લેવી.

**૩. અવિરતિની વ્યાખ્યા:**— (૧) નિર્વિકાર[2] સ્વ સંવેદનથી વિપરીત અવ્રતપરિણામરૂપ વિકારને અવિરતિ કહે છે. (૨) હિંસાદિ પાપોમાં તથા પાંચ ઇન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી તે અવિરતિ છે. (૩ અભ્યંતરમાં [1]નિજ પરમાત્મસ્વરૂપ ભાવનાથી ઉત્પન્ન જે પર સુખામૃતરતિ તેનાથી વિલક્ષણ, બહિર્વિષયમાં અવ્રતરૂપભા તે અવિરતિ છે.

**૪. અવિરતિના પાંચ ભેદો:**— (૧) [1]હિંસા, (૨ અસત્ય, (૩) ચોરી, (૪) અબ્રહ્મ અને (૫) પરિગ્રહ—એમ ઇચ્છારૂપ અવિરતિ પાંચ પ્રકારની છે.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ. પૃ. ૭૮-૭૯.
૨. લઘુજૈનસિદ્ધાંત પ્રવેશિકા. પૃ. ૭૮ થી ૮૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



૫. **પ્રમાદની વ્યાખ્યાઃ—** અભ્યંતરમાં નિષ્પ્રમાદ શુદ્ધાત્માની અનુભૂતિથી ચલનરૂપ, બહિર્વિષયમાં મૂળ ઉત્તરગુણ મલજનકભાવ–તે પ્રમાદ છે.

૬. **યોગઃ—** કર્માસ્રવના હેતુભૂત આત્માના પ્રદેશોનું પરિસ્પંદ તે યોગ છે.

૭. **ક્રોધાદિ કષાયઃ—** જે પરમ ઉપશમરૂપ નિજ-પરમાત્મસ્વરૂપ છે તેમાં ક્ષોભ ઉત્પન્ન કરનાર તથા બાહ્ય વિષયમાં પર પ્રત્યે ક્રૂરતા આદિ આવેશરૂપ જે ક્રોધાદિ છે તે કષાય છે. (તેના પેટા ભેદો માટે કોઠો જુઓ).

૮. **જૈનધર્મની આમ્નાયઃ—**જૈનધર્મમાં* તો એવી આમ્નાય છે કે પહેલાં મોટું પાપ છોડાવી, પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી એ મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે. એ મિથ્યાત્વ શત્રુનો અંશ પણ બુરો છે, માટે જે પાપના ફળથી ડરતો હોય તથા પોતાના આત્માને દુઃખસમુદ્રમાં ડુબાવવા ન ઈચ્છતો હોય તે જીવ આ મિથ્યાત્વ પાપને અવશ્ય છોડો.

૯. **મિથ્યાત્વાદિ સંબંધી થતી ભૂલોઃ—**

(૧) અન્ય દેવાદિ સેવનરૂપ ગૃહીત મિથ્યાત્વને તો જાણે પણ અનાદિ અગૃહીત મિથ્યાત્વ છે તેને ન ઓળખે.

(૨) બાહ્ય ત્રસ-સ્થાવરની હિંસાને વા ઇન્દ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિને અવિરતિ જાણે પણ હિંસામાં પ્રમાદ-

* મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૬ પા. ૧૫૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પરિણતિ મૂળ છે તથા વિષય-સેવનમાં અભિલાષા મૂળ છે તેને અવલોકે નહિ.

(૩) બાહ્ય ક્રોધાદિ કરવો તેને કષાય જાણે પણ અભિપ્રાયમાં જે રાગદ્વેષ રહે છે તેને ઓળખતો નથી.

(૪) બાહ્ય ચેષ્ટા થાય તેને યોગ જાણે, પણ શક્તિભૂત યોગોને ન જાણે.

એ પ્રમાણે આસ્રવોનું સ્વરૂપ અજ્ઞાનીજીવ [1]અન્યથા જાણે છે.

**૧૦. આસ્રવ અને સંસારના અભાવનો ક્રમઃ—**

(૧) ચોથે ગુણસ્થાનકે મિથ્યાત્વ પ્રથમ જાય છે મિથ્યાત્વ સંસારનું મૂળ છે. તે જતાં સમ્યગ્દર્શન થાય છે કે જે ધર્મનું મૂળ છે. (૨) પાંચમે ગુણસ્થાનકે અવિરતિ જાય છે અને ભાવલિંગી શ્રાવકપણું પ્રગટે છે. (૩) સાતમે ગુણસ્થાને પ્રમાદ હોતો નથી. (૪) ૧૧-૧૨મા ગુણસ્થાને કષાય નહિ હોવાથી યથાખ્યાતચારિત્ર પ્રગટે છે. (૫) ૧૪મે ગુણસ્થાને યોગ નહિ રહેવાથી અયોગી ગુણસ્થાન પ્રગટે છે. (૬) અંતમાં અસિદ્ધત્વ નામનો ઔદયિક ભાવ જતાં સિદ્ધદશા પ્રગટે છે.

**તાત્પર્યઃ—** પારા ૮માં કહેલ જૈનધર્મની આમ્નાય સ્વીકારી પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવું. [2]મુનિપદનો ક્રમ

---

૧ મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૭ પૃ. ૨૩૦.

૨. આ તે કઈ જાતની વિપરીતતા છે કે તત્ત્વજ્ઞાનરહિત અને વિષયાસક્ત જીવને માયાવડે વા લોભ બતાવી મુનિપદ આપી પાછળથી અન્યથા પ્રવૃત્તિ કરાવવી ! પણ એ મહાન અન્યાય છે. (મોક્ષમાર્ગ પ્રકાશક. પૃ. ૧૮૨, અધિકાર ૬.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri






Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



એ છે કે પહેલાં તત્ત્વજ્ઞાન થાય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, પછી ઉદાસીન પરિણામ થાય, પરિષહાદિ સહન કરવાની શક્તિ થાય અને તે પોતાની મેળે જ મુનિ થવા ઇચ્છે ત્યારે શ્રીગુરુ તેને મુનિધર્મ અંગીકાર કરાવે-આ વિધિ (આજ્ઞા) છે-માટે તે પ્રમાણે વર્તવું. ૩૦.

## દ્રવ્યાસ્રવના ભેદ

णाणावरणादीणं जोग्गं जं पुग्गलं समासवदि ।
दव्वासवो स णेओ अणेयभेयो जिणक्खादो ॥३१॥

ज्ञानावरणादीनां योग्यं यत् पुद्गलं समास्रवति ।
द्रव्यास्रवः सः ज्ञेयः अनेकभेदः जिनाख्यातः ॥३१॥

**અન્વયાર્થ**:—[ ज्ञानावरणादीनां ] જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મોરૂપ [ योग्यं ] થવાયોગ્ય [ यत् पुद्गलं ] જે કાર્મણવર્ગણાના પુદ્ગલ [ समास्रवति ] આવે છે [ सः ] તે [ अनेकभेदः ] અનેક ભેદવાળા [ द्रव्यास्रवः ] દ્રવ્યાસ્રવ [ ज्ञेयः ] જાણવા જોઈએ [ जिनाख्यातः ] એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ભાવાર્થ:**—જ્ઞાનાવરણ આદિ *આઠકર્મરૂપ થવાયોગ્ય કાર્મણવર્ગણાના પુદ્ગલસ્કંધ જે આવે છે તેને દ્રવ્યાસ્રવ કહે છે. ૩૧.

---

* **આઠ કર્મોનાં લક્ષણ**

૧. જ્ઞાનાવરણ—જ્યારે આત્મા પોતે પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને જ્ઞાનાવરણ કહે છે.

૨. દર્શનાવરણ—જ્યારે આત્મા પોતે પોતાના દર્શનભાવનો ઘાત કરે ત્યારે આત્માના દર્શનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને દર્શનાવરણ કહે છે.

૩. વેદનીય—આત્માને સગવડતા કે અગવડતાના સંયોગો પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને વેદનીય કહે છે.

૪. મોહનીય—જીવ પોતાના સ્વરૂપને ભૂલીને સ્વ-પરને એકરૂપ માને અથવા સ્વરૂપાચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને મોહનીય કહે છે.

૫. આયુ—જ્યારે જીવ પોતાની યોગ્યતાથી નરક, તિર્યંચ, મનુષ્ય કે દેવના શરીરમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને આયુકર્મ કહે છે.

૬. નામ—જીવ જે શરીરમાં હોય તે શરીરાદિ રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને નામકર્મ કહે છે.

૭. ગોત્ર—જીવને ઊંચ કે નીચ આચરણવાળા કુળમાં પેદા થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ગોત્રકર્મ કહે છે.

૮. અંતરાય—જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને અંતરાયકર્મ કહે છે.

આ પ્રમાણે આઠ કર્મોના ૫+૯+૨+૨૮+૪+૯૩+૨+૫= ૧૪૮ એકસો અડતાલીસ ભેદ છે. વાસ્તવમાં કર્મોના અનંત ભેદ છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## ભાવબંધ અને દ્રવ્યબંધનું લક્ષણ.

बज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबंधो सो ।
कम्मादपदेसाणं अण्णोण्णपवेसणं इदरो ॥ ३२ ॥
बध्यते कर्म्म येन तु चेतनभावेन भावबन्धः सः ।
कर्म्मात्मप्रदेशानां अन्योन्यप्रवेशनं इतरः ॥ ३२ ॥

**અન્વયાર્થ:**— [येन] જે [चेतनभावेन] ચૈતન્યભાવ [कर्म्म] કર્મ [बध्यते] બંધાય છે [सः] તે પરિણ [भाववंधः] ભાવબંધ છે [तु] અને [कर्मात्मप्रदेशानां] કર્મ અ આત્મપ્રદેશોનો [अन्योन्यप्रवेशनं] એકબીજામાં પ્રવેશ થ તેને [इतरः] દ્રવ્યબંધ કહે છે.

**ભાવાર્થ:— ૧. બંધની વ્યાખ્યા:—** અજ્ઞ રાગદ્વેષ, પુણ્ય-પાપરૂપ વિભાવમાં આત્માનું રોકાઈ (–અટકી જવું) તે ભાવબંધ છે. અને તે સમયે કર્મ પુદ્ગલોનું સ્વયં–સ્વતઃ જીવની સાથે એકક્ષેત્રાવગાહ બંધાવું તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવનો અશુદ્ધ નિમિત્તમાત્ર છે.)

**૨. જીવ અને કર્મના બંધમાં કોઈ કોઈનો ક નથી:**—એ [૧]બંધાનમાં કોઈ કોઇના કર્તારૂપે તો છે ન જ્યાં સુધી બંધાન રહે ત્યાં સુધી એ બંનેનો સાથ પણ છૂટાં પડે નહિ, તથા પરસ્પર કાર્ય-કારણપણું (નિમિ નૈમિત્તિક સંબંધ) તેઓનું બન્યું રહે એટલું જ અ બંધાન જાણવું.

૧. મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૨૮

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૩. બંધતત્ત્વ સંબંધી ભૂલ:**--જેવી સોનાની બેડી તેવી જ લોઢાની બેડી—બંને બંધનકારક છે. તેવી રીતે પુણ્ય અને પાપ બંને જીવને બંધનકર્તા છે, પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવ એવું નહિ માનતાં પુણ્યને સારું–હિતકારી માને છે. તત્ત્વદૃષ્ટિએ તો પુણ્ય–પાપ બંને અહિતકર જ છે. પરંતુ અજ્ઞાની તેવું માનતો નથી—એ બંધ તત્ત્વની ભૂલ છે.

**આસ્રવ અને બંધની વ્યાખ્યા તથા તે બે વચ્ચેનો ભેદ:**—જીવના મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામ તે [૧]ભાવઆસ્રવ છે અને તે મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામ જેનું નિમિત્ત છે એવા જે યોગ દ્વારા પ્રવેશતા પુદ્ગલોના કર્મપરિણામ તે દ્રવ્ય-આસ્રવ છે.

જીવના મોહ-રાગ-દ્વેષ વડે સ્નિગ્ધ પરિણામ તે [૧]ભાવબંધ છે અને તે સ્નિગ્ધ પરિણામના નિમિત્તથી કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય વિશિષ્ટ અવગાહન તે દ્રવ્યબંધ છે.

ઉપરના કથનથી એમ સિદ્ધ થયું કે મોહરાગદ્વેષરૂપ પરિણામ તે ભાવઆસ્રવ છે અને તે મોહરાગદ્વેષરૂપ પરિણામમાં સ્નિગ્ધતા અર્થાત્ રંગાયેલાપણું તે ભાવબંધ છે.

**૪. તાત્પર્ય:**—આત્માની સન્મુખ થઈ, સ્વદ્રવ્યનો આશ્રય કરવાથી નવો બંધ થતો નથી, અને જૂનો બંધ નિર્જરી જાય છે. ૩૨.

---

૧. પંચાસ્તિકાય ગા. ૧૦૮, ૧૩૫, ૧૩૯, ૧૪૭, તથા તેની ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


## બંધના ચાર પ્રકાર અને તેનાં કારણો

पयडिट्ठिदिअणुभागप्पदेसभेदा दु चदुविधो बंधो।
जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो होंति ॥३३॥

प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदात् तु चतुर्विधः बन्धः।
योगात् प्रकृतिप्रदेशौ स्थित्यनुभागौ कषायतः भवतः ॥३३॥

**અન્વયાર્થ:**—[वन्धः] બંધ [प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदात्] પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશના ભેદથી [चतुर्विधः] ચાર પ્રકારનો છે. તેમાં [प्रकृतिप्रदेशौ] પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ [योगात्] યોગથી અને [स्थित्यनुभागौ] સ્થિતિબંધ અને અનુભાગબંધ [कषायतः] કષાયથી [भवतः] થાય છે.

[બંધના ચાર ભેદ છે:— ૧-પ્રકૃતિ, ૨-સ્થિતિ, ૩-અનુભાગ અને ૪-પ્રદેશ. પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી તથા સ્થિતિ અને અનુભાગબંધ ક્રોધ વગેરે કષાયોથી થાય છે.

૧. **પ્રકૃતિ:**—કર્મનો જે સ્વભાવ છે તેને પ્રકૃતિ કહે છે. જેવી રીતે જ્ઞાનાવરણકર્મની પ્રકૃતિ પદાર્થોને ન જાણવામાં નિમિત્ત થાય અને દર્શનાવરણકર્મની પ્રકૃતિ પદાર્થોને ન દેખવામાં નિમિત્ત થાય વગેરે. જેમ લીમડો કડવો અને ગોળ મીઠો છે એવી રીતે બધાં કર્મોની પ્રકૃતિ જાણવી જોઈએ.

૨. **સ્થિતિ:**—સ્વભાવથી ચોક્કસ વખત સુધી નહિ છૂટવું. જેવી રીતે બકરી વગેરેના દૂધમાં મીઠાશ છે. મીઠાશનું ન છૂટવું તે સ્થિતિ છે. તેવી રીતે જ્ઞાનાવરણ વગેરે કર્મોનો

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


પદાર્થોને ન જાણવા દેવું વગેરે સ્વભાવ ચોક્કસ વખત સુધી ન છૂટવો તે સ્થિતિબંધ છે.

૩. **અનુભાગઃ**—બકરી, ગાય અને ભેંસ વગેરેના દૂધમાં ચીકાશ ઓછી, સાધારણ અને વિશેષ માલૂમ પડે છે, તેવી રીતે કર્મપુદ્‌ગલોની શક્તિવિશેષને અનુભાગ અથવા અનુભવબંધ કહે છે; એટલે કે કર્મફલશક્તિને અનુભાગ કહે છે.

૪. **પ્રદેશઃ**—બંધાયેલાં કર્મપરમાણુઓનું આત્માના પ્રદેશો સાથે એકક્ષેત્ર અવગાહીને રહેવું, અથવા કર્મોની સંખ્યાને પ્રદેશબંધ કહે છે.]

**ભાવાર્થઃ**— ૧. **પ્રદેશ—પ્રકૃતિબંધઃ**—યોગના નિમિત્તથી કર્મનું આગમન થાય છે, માટે યોગ છે તે આસ્રવ છે એમ કહ્યું છે. એ યોગ દ્વારા ગ્રહણ થયેલાં કર્મ-પરમાણુઓનું નામ પ્રદેશ છે. તેઓનો બંધ થયો અને તેમાં મૂળ-ઉત્તર પ્રકૃતિઓનો વિભાગ થયો તેથી યોગના નિમિત્તે પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે એમ સમજવું.[1]

૨. **સ્થિતિ—અનુભાગબંધઃ**— વળી મિથ્યાત્વ-ક્રોધાદિરૂપ ભાવ થાય છે, તે સર્વનું સામાન્યપણે 'કષાય' એ નામ છે. તેનાથી કર્મપ્રકૃતિઓની સ્થિતિ બંધાય છે તથા અનુભાગ શક્તિના ભેદો થાય છે. એ રીતે કષાયોના નિમિત્તે સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે એમ જાણવું.[1]

**તાત્પર્યઃ**—અહીં એમ સમજવું કે નવા બંધમાં મોહ-રાગ-દ્વેષ ભાવની જ [2]મુખ્યતા છે. રાગાદિ ભાવોનો

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૨, પૃ. ૩૧.
૨. પંચાસ્તિકાય ગા. ૧૪૮ પૃ. ૨૧૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


અભાવ હોતાં દ્રવ્યમિથ્યાત્વ, દ્રવ્યઅસંયમ, દ્રવ્યકષા દ્રવ્યયોગના સદ્ભાવમાં પણ જીવ બંધાતો નથી તેથી રાગ ભાવોને અંતરંગ બંધહેતુપણું હોવાને લીધે ખરેખર બંધના હેતુ છે—એમ નક્કી [1]કરવું. અને આ ચાર બં [2]રહિત સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું—એ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી. ૩૩.

## ભાવસંવર અને દ્રવ્યસંવરનું લક્ષણ

चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेऊ ।
सो भावसंवरो खलु दव्वासवरोहणो अण्णो ॥३४॥
चेतनपरिणामः यः कर्मणः आस्रवनिरोधने हेतुः ।
सः भावसंवरः खलु द्रव्यास्रवरोधनः अन्यः ॥३४॥

**અન્વયાર્થ:—** [यः] જે [चेतनपरिणामः] આત્ પરિણામ [कर्मणः] કર્મના [आस्रवनिरोधने] આસ્રવને રોક [हेतुः] કારણ છે [सः खलु] તે જ [भावसंवरः] ભાવસંવ અને [द्रव्यास्रवरोधनः] દ્રવ્યાસ્રવનું ન થવું તે [अन्यः] દ્ર સંવર છે.

(આત્માના જે પરિણામથી કર્મ આવતાં બંધ તેને ભાવસંવર અને દ્રવ્યાસ્રવનું ન થવું તેને દ્રવ્યસં કહે છે.)

**ભાવાર્થ:— ૧. સંવરની વ્યાખ્યા:—** પુણ્ય-પાપ અશુદ્ધભાવને આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે ભાવસં

---

૧. પંચાસ્તિકાય ગા. ૧૪૯ પૃ. ૨૧૮.
૨. નિયમસાર ગા. ૯૮ ટીકા, તથા કલશ ૧૩૩, પૃ. ૧૮૯.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



છે અને તદનુસાર કર્મોનું આવવું સ્વયં–સ્વતઃ અટકવું તે દ્રવ્યસંવર છે.

**૨. સંવરની ભૂલઃ–** (૧) નિશ્ચય સમ્યક્દર્શન–જ્ઞાન-ચારિત્ર જીવને હિતકારી છે (કેમકે તે સંવર-નિર્જરારૂપ છે) પણ મિથ્યાદૃષ્ટિ તેમને કષ્ટદાયક માને છે એ તેની સંવર-તત્ત્વ સંબંધી ભૂલ છે. (૨) સંવરતત્ત્વમાં [૧]અહિંસાદિરૂપ શુભાસ્રવભાવને સંવર માને છે; પરંતુ એક જ કારણથી પુણ્યબંધ પણ માનીએ તથા સંવર પણ માનીએ એમ બને નહિ.

**પ્રશ્નઃ–** મુનિને એકજ કાળમાં બે ભાવ થાય છે ત્યાં તેમને બંધ પણ થાય છે તથા સંવર–નિર્જરા પણ થાય છે તે કેવી રીતે?

**ઉત્તરઃ–** (૧) એ ભાવ મિશ્રરૂપ છે. કંઈક વીતરાગ થયા છે તથા કંઈક સરાગ થયા છે. (૨) ત્યાં જે અંશ વીતરાગ થયો છે તે વડે તો સંવર જ છે, તથા જે અંશ સરાગ રહ્યો છે તે વડે બંધ છે. (૩) મિશ્ર ભાવથી બે કાર્ય તો બને પણ એક પ્રશસ્તરાગથી જ પુણ્યાસ્રવ પણ માનવો તથા સંવર–નિર્જરા પણ માનવાં એ ભ્રમ છે. (૪) મિશ્ર-ભાવમાં પણ આ સરાગતા છે અને આ વીતરાગતા છે એવી ઓળખાણ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, તેથી તે અવશેષ સરાગ ભાવને હેયરૂપ શ્રદ્ધે છે. (૫) પણ મિથ્યાદૃષ્ટિને એવી ઓળખાણ નથી તેથી તે સરાગ ભાવમાં સંવરના ભ્રમથી પ્રશસ્તરાગરૂપ કાર્યોને ઉપાદેયરૂપ શ્રદ્ધે છે.

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક અ. ૭ પૃ. ૨૩૧.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


**૩. ચારિત્ર ગુણની મિશ્ર અવસ્થા સંબંધે:**- ચારિત્ર ગુણનો એવો સ્વભાવ છે કે ચોથા ગુણસ્થાનથી તેની આંશિક શુદ્ધિ હોય અને આંશિક અશુદ્ધિ હોય છે. આવી દશા દશમાં ગુણસ્થાનના અંત સુધી રહે છે. યથાખ્યાત ચારિત્ર પ્રગટતાં આ મિશ્ર દશા રહેતી નથી.

**૪. ચારિત્ર ગુણની શુદ્ધ અવસ્થા વિષેઃ**—ચોથે ગુણસ્થાને [૧]સ્વરૂપાચરણ ચારિત્ર અનંતાનુબંધી કષાયનો અભાવ થતાં થાય છે. પ્રશ્નઃ- તેનું સ્વરૂપ કેવું છે? ઉત્તરઃ- જેમ સુવર્ણને પકાવતાં તેની કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે; તેમ જીવદ્રવ્યના અનાદિથી જે અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ છે તે જાય છે. શુદ્ધસ્વરૂપમાત્ર શુદ્ધ-ચેતનારૂપ જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર કહીએ. તે મોક્ષમાર્ગ છે. (૨) તેનું વિશેષઃ- શુદ્ધ પરિણમન સર્વોત્કૃષ્ટ થાય ત્યાંસુધી શુદ્ધપણાના અનંત ભેદ છે. તે ભેદ જાતિભેદ તો નથી; પણ ઘણી શુદ્ધતા, તેનાથી વળી ઘણી શુદ્ધતા, તેનાથી પણ ઘણી શુદ્ધતા—એવા થોડા-ઘણારૂપ ભેદ છે. ભાવાર્થ એવો છે કે- જેટલી શુદ્ધતા હોય તેટલું મોક્ષ-કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય ત્યારે સંપૂર્ણ કર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય.[૨]

**૫. સંવરઃ**- સંવર[૩] શબ્દથી વાચ્ય શુદ્ધોપયોગ છે. તે સંસારના કારણભૂત મિથ્યાત્વ-રાગાદિની માફક અશુદ્ધ

---

૧. પં. ગોપાલદાસજીકૃત હિંદી જૈન સિદ્ધાંત પ્રવેશિકા પ્રશ્ન ૨૨૨-૨૨૩.
૨. સમયસાર કલશ ૭; પુણ્ય-પાપ અધિકાર. ટીકા પૃ. ૧૦૭, કલશ ૧૦૬.
૩. બૃ. દ્રવ્યસંગ્રહ ટીકા, આ ગાથા નીચે પૃ. ૮૬.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



નથી તેમ કેવળજ્ઞાનસ્વરૂપ પૂર્ણ શુદ્ધ પર્યાય છે તેની માફક પૂર્ણ શુદ્ધ પણ નથી. પણ તે બન્ને પર્યાયોથી વિલક્ષણ શુદ્ધાત્માના અનુભવસ્વરૂપ નિશ્ચયરત્નત્રય-મોક્ષનું કારણ-તે એકદેશ વ્યક્તિરૂપ (-એટલે કે એકદેશ આવરણરહિત એવી) ત્રીજા પ્રકારની અવસ્થાન્તર છે.

**૬. શુદ્ધોપયોગની શરૂઆતઃ-(૧) ચોથા ગુણ-સ્થાને** અનાદિની મિથ્યાદૃષ્ટિ જતાં ૪૧ પ્રકૃતિનો સંવર શરૂ થાય છે; તે નિશ્ચયસમ્યગ્દર્શનનો મહિમા છે. તે પ્રથમ નિર્વિકલ્પ દશા થતાં થાય છે. તે નિર્વિકલ્પ દશા અલ્પ કાળ રહે છે. અને પછી ઘણે અંતરાળે થાય છે. (પરંતુ જે શુદ્ધતા થઈ છે તે ચાલુ રહે છે અને તે ક્રમે-ક્રમે વધે છે. એ શુદ્ધતાને શુદ્ધપરિણતિ કહેવામાં આવે છે. એવી રીતે ચોથા ગુણસ્થાનથી અંશે શુદ્ધ-અંશે અશુદ્ધ એવી મિશ્ર ચારિત્રપર્યાય હોય છે. જે ઉપર પારા ૨-૩ ૪માં બતાવ્યું છે.) આ નિર્વિકલ્પ દશા તે જ શુદ્ધોપયોગ[૧] છે. પરંતુ ચોથે ગુણસ્થાને શુદ્ધોપયોગ બહુ ગૌણ છે અને શુભોપયોગ પ્રચુરપણે હોય છે. તેથી બહુપદના પ્રધાન-પણાના કારણે 'આમ્રવન'-'નિમ્બવન' માફક શુભોપયોગ અથવા [૨]પરંપરા શુદ્ધોપયોગ (નિમિત્ત) સાધક શુભોપયોગ હોય છે એમ કહેવાની શાસ્ત્રની પદ્ધતિ છે. પણ તેથી ૪-૫

૧. મોક્ષમાર્ગ પ્રકાશકમાં શ્રી. ટોડરમલજી ચીઠી પૃ. ૩૪૯, આત્મ-અવલોકન પૃ. ૧૬૨-૬૩-૬૫.

૨. પ્રવચનસાર ગા. ૯ જયસેનજી ટીકા પૃ. ૧૧. પ્ર. સાર અ. ૩ ગા. ૪૮ પૃ. ૩૪૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા અર્થાત્ શુદ્ધોપયોગ હોતો જ નથી એમ નથી, પણ કોઇ કાળે [1]હોય છે.

વળી 'અંતરાત્મા'પણું તથા નિશ્ચયધર્મધ્યાન ચોથા ગુણસ્થાનથી હોય છે. જો પોતાની પર્યાય આત્માની સાથે અભેદ થતી ન હોય તો અંતરાત્માપણું અને ધર્મધ્યાન કહી શકાય નહિ. માટે આ ગુણસ્થાને શુદ્ધોપયોગ કોઇ કોઇ વખતે હોય છે અને જ્યારે ન હોય ત્યારે ચારિત્રની આંશિક શુદ્ધિરૂપ પરિણતિ નિરંતર ચાલુ હોય છે એમ [2]નિર્ણય કરવો.

**(૨) પાંચમે ગુણસ્થાને** તો તેથી શુદ્ધિ વિશેષ હોય છે. ચોથા ગુણસ્થાનની અપેક્ષાએ નિર્વિકલ્પ અનુભવ શીઘ્ર શીઘ્ર [3]થાય છે. ભગવાન [4]કુંદકુંદાચાર્યે શ્રાવકોને નિશ્ચ

---

૧. પ્રવચનસાર પૃ. ૩૪૨. જયસેનજીએ આસ્રવન-નિંબવનનું દૃ… આપ્યું છે. પંચાસ્તિકાય ગા. ૧૦૬ પછી એક વધારે … શ્રી. જયસેનજીએ આપી છે. તેમાં વ્યવહારમોક્ષમાર્ગી પણ … કોઇ વખતે નિર્વિકલ્પ સમાધિકાળે નિશ્ચયમોક્ષમાર્ગ પામે … પણ તેને વ્યવહારનું પ્રચુરપણું હોવાથી વ્યવહારની મુખ્યતા… વ્યવહારમોક્ષમાર્ગી કહ્યો; કેમ કે 'વિવક્ષિતો મુખ્ય' એ વ… ત્યાં લાગુ પડે છે. પૃ. ૧૬૯.

૨. પં. બટેશ્વર શાસ્ત્રીની તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં (પૃ. ૨૬) ચો… ગુણસ્થાને શુદ્ધોપયોગ કહ્યો છે.

૩. મો. મા. પ્રકાશક પૃ. ૩૪૯; આત્માવલોકન પૃ. ૧૬૫. (… દ્રવ્યસંગ્રહ હિંદી, પૃ. ૧૫૮ માં તેમ જ કહ્યું છે.)

૪. નિયમસાર ગા. ૧૩૪ ટીકા પૃ. ૨૬૯, સમયસાર ગા. ૪૧૦… ૪૧૪ તથા ટીકા. ચારિત્રપ્રાભૃત ગા. ૨૦, પ્રવચનસાર પૃ. ૩૪… જયસેનજી. સામાયિક કાળાદિ પ્રસંગે શુદ્ધોપયોગ શ્રાવકને કહ્યો છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



રત્નત્રય હોય છે એમ નિયમસાર, સમયસાર તથા ચારિત્ર-પ્રાભૃતમાં કહેલ છે. શ્રી. અમૃતચંદ્રાચાર્ય સમયસારમાં, શ્રી જયસેન આચાર્ય સમયસાર તથા પ્રવચનસારમાં અને શ્રી. પદ્મપ્રભમલધારિદેવ નિયમસારની ટીકામાં પણ તેમ જ કહે છે.

(૩) **છઠ્ઠે ગુણસ્થાને:**—અહીં ત્રણ કષાયનો અભાવ હોય છે એટલી શુદ્ધ પરિણતિ નિરંતર છે. અને જેટલી અશુદ્ધિ છે તે શુભોપયોગરૂપ છે.

(૪) **સાત–આઠ–નવ–દશ ગુણસ્થાનના અંત સુધી** શુદ્ધોપયોગ સાથે રાગ (અબુદ્ધિપૂર્વક) હોય છે, તો પણ ત્યાં મુખ્યતાની અપેક્ષાએ શુદ્ધોપયોગ કહ્યો છે અને શુભભાવને ગૌણ ગણી તેને કહ્યો નથી.

**આ સંબંધી કથનપદ્ધતિ:**—(૧) નિચલીદશામાં[1] કોઇ જીવોને શુભોપયોગ અને શુદ્ધોપયોગનું યુક્તપણું[2] હોય છે. (તેથી વ્રતાદિ શુભોપયોગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, પણ વસ્તુ વિચારતાં શુભોપયોગ મોક્ષનો ઘાતક જ છે.)

(૨) દ્રવ્યાનુયોગમાં શુદ્ધોપયોગ કરવાનો જ મુખ્ય ઉપદેશ છે: માટે ત્યાં છદ્મસ્થ જીવ જે કાળમાં બુદ્ધિગોચર ભક્તિ આદિ અને હિંસા આદિ કાર્યરૂપ પરિણામોને છોડી આત્માનુભવરૂપ કાર્યમાં પ્રવર્તે તે કાળમાં તેને શુદ્ધોપયોગી

---

૧. ૪–૫–૬ ગુણસ્થાનોને નીચલીદશા કહેવામાં આવે છે. ૭માં ગુણસ્થાનથી શુદ્ધોપયોગ જ કહેવાય છે.

૨. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૬૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



જ કહીએ છીએ. જો કે અહીં કેવળજ્ઞાનગોચર સૂક્ષ્મ રાગાદિક છે તોપણ તેની અહીં વિવક્ષા નથી, પણ પોતાની બુદ્ધિગોચર રાગાદિ છોડયા એ અપેક્ષાએ તેને શુદ્ધોપયોગી કહ્યો છે. ×× નીચલીદશામાં દ્રવ્યાનુયોગ અપેક્ષાએ તે કદાચિત્ શુદ્ધોપયોગ થાય છે. ×××

(૩) વળી કોઈ ઠેકાણે [૨]મુખ્યતાની અપેક્ષાએ વ્યાખ્યા હોય તેને સર્વ પ્રકારરૂપ ન જાણવું. જેમ મિથ્યાદૃષ્ટિ અને સાસાદન ગુણસ્થાનવાળા જીવોને પાપજીવ કહ્યા, તથા અસંયતાદિ ગુણસ્થાનવાળા જીવોને પુણ્યજીવ કહ્યા એ તો મુખ્યતાથી એમ કહ્યું છે પણ તારતમ્યતાથી તો બંનેને યથાસંભવ પાપ-પુણ્ય હોય છે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ જાણવું.

બૃ. દ્રવ્યસંગ્રહ ગાથા ૩૪ ટીકામાં તથા પ્રવચનસારાદિ શાસ્ત્રોમાં અશુભોપયોગ, શુભોપયોગ તથા શુદ્ધોપયોગનું જે કથન જ્યાં-જ્યાં છે ત્યાં-ત્યાં તે મુખ્યતાની અપેક્ષાએ છે એમ સમજવું, સર્વ પ્રકારે ન સમજવું. ૩૪.

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૮, પૃ. ૨૮૮.

૨. મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૮, પૃ. ૨૮૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



# ભાવસંવરના ભેદ

*वदसमिदीगुत्तीओ धम्माणुपिहा परीसहजओ य ।
चारित्तं +बहुभेयं णायव्वा भावसंवरविसेसा ॥ ३५ ॥
व्रतसमितिगुप्तयः धर्म्मानुप्रेक्षाः परीषहजयः च ।
चारित्रं बहुभेदं ज्ञातव्याः भावसंवरविशेषाः ॥ ३५ ॥

**અન્વયાર્થ:—** [ व्रतसमितिगुप्तयः ] વ્રત, સમિતિ અને ગુપ્તિ, [ धर्म्मानुप्रेक्षाः ] ધર્મ, અનુપ્રેક્ષા, [ परीषहजयः ] પરીષહ-જય [ च ] અને [ चारित्रं बहुभेदं ] ઘણા ભેદવાળું ચારિત્ર એ [ भावसंवरविशेषाः ] ભાવસંવરના ભેદો [ ज्ञातव्याः ] જાણવા.

**ભાવાર્થ:— ૧. વ્રત–સમિતિ–ગુપ્તિ :—** આ ગાથા સંવર અધિકારની છે. માટે અહીં નિશ્ચયવ્રત–નિશ્ચય સમિતિ–નિશ્ચયગુપ્તિ સમજવાં. વ્યવહાર વ્રત–સમિતિ–ગુપ્તિ ગાથા ૪૫ માં કહી છે તે તો આસ્રવ છે.

**૨. નિશ્ચયવ્રત :—** નિશ્ચયે[1] વિશુદ્ધ જ્ઞાન–દર્શન-સ્વભાવ નિજ આત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતના આસ્વાદરૂપી બળથી સમસ્ત શુભાશુભ રાગાદિ વિકલ્પથી નિવૃત્તિ તે **વ્રત** છે.

---

* 'वद' ને બદલે 'तव' પણ પાઠ છે. તવ = તપ.

\+ 'बहुभेया' પણ પાઠ છે જેનો અર્થ ઘણા પ્રકારના ભાવ-સંવરના ભેદ જાણવા જોઈએ. ત્યારે 'बहुभेदाः भावसंवर-विशेषाः ज्ञातव्या ।' એવો અન્વય થાય છે.

૧. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૩૫ ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૩. નિશ્ચય સમિતિ:–** અભેદ-અનુપચાર[1] રત્નત્રય-રૂપી માર્ગે પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઇતિ' અર્થાત્ પરિણતિ તે સમિતિ છે; અથવા નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મોની સંહતિ (મિલન-સંગઠન) તે સમિતિ છે.

**૪. નિશ્ચય ગુપ્તિ:–** નિશ્ચયથી સહજ શુદ્ધાત્મ ભાવના લક્ષણ ગૂઢસ્થાનમાં સંસારકારણ રાગાદિના ભયથી સ્વાત્માનું ગોપન, (પ્રચ્છાદન, ઝંપન, પ્રવેશન, રક્ષણ) તે ગુપ્તિ છે.

**૫. નિશ્ચયધર્મ:–** (૧) નિશ્ચયથી[2] સંસારમાં પડતા આત્માને ધારણ કરે એવી વિશુદ્ધ જ્ઞાનદર્શનલક્ષણ નિજ શુદ્ધાત્માની ભાવના તે ધર્મ છે. (૨) પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે. જ્યારે તત્ત્વજ્ઞાનના[3] અભ્યાસથી કોઇ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિ ઉપજતાં નથી અને ત્યારે જ સાચો ધર્મ થાય છે. નિશ્ચયધર્મ તો વીતરાગ ભાવ છે.

**૬. નિશ્ચય અનુપ્રેક્ષા:–** જેવો[3] પોતાનો તથા શરીરાદિકનો સ્વભાવ છે, તેવો ઓળખી, ભ્રમ છોડી, તેને ભલાં જાણી રાગ ન કરવો તથા બૂરાં જાણી દ્વેષ ન કરવો એવી સાચી ઉદાસીનતા અર્થે અનિત્યાદિનું યથાર્થ ચિંતવન કરવું એ જ સાચી અનુપ્રેક્ષા છે.

---

૧. નિયમસાર ગા. ૬૧ પૃ. ૧૧૯.
૨. બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૯૦.
૩. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૭. નિશ્ચય પરિષહજય:–** દુઃખનાં કારણો મળતાં દુઃખી ન થાય તથા સુખના કારણો મળતાં સુખી ન થાય પણ જ્ઞેયરૂપથી તેનો જાણનારો જ રહે એ જ સાચો પરિષહજય છે.

**૮. નિશ્ચય ચારિત્ર:–** નિશ્ચયથી તો નિષ્કષાય ભાવ છે તે જ સાચું ચારિત્ર છે. જે સદા પ્રત્યાખ્યાન કરે છે, સદા પ્રતિક્રમણ કરે છે અને સદા આલોચના કરે છે તે આત્મા પોતામાં જ—જ્ઞાન સ્વભાવમાં જ નિરંતર ચરતો હોવાથી (વિચરતો–આચરણ કરતો હોવાથી) ચારિત્ર છે[1] અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો પોતાને–જ્ઞાનમાત્રને ચેતતો હોવાથી પોતે જ જ્ઞાનચેતના છે. ચારિત્ર તે ખરેખર ધર્મ છે.

**૯. પાપસંવર સંબંધી સ્પષ્ટતા:–**

પ્રશ્ન:– બૃ. દ્રવ્યસંગ્રહની ગા. ૩૫ની ટીકામાં કહ્યું છે કે:– "વ્રતથી શરૂ કરી ચારિત્ર સુધી સર્વેનું જે વ્યાખ્યાન કર્યું તેમાં નિશ્ચયરત્નત્રય સાધક વ્યવહારરત્નત્રયરૂપ શુભોપયોગનાં પ્રતિપાદક જે વાક્યો છે, તે તો "પાપ-આસ્રવના સંવરનું કારણ જાણવું," તેનો શું અર્થ છે?

ઉત્તર:– (૧) શ્રી પંચાસ્તિકાય ગા. ૧૪૧માં પાપાસ્રવના સંવરનું સ્વરૂપ આપ્યું છે ત્યાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે "સારી રીતે માર્ગમાં રહીને ઇંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલો નિગ્રહ કરે છે તેટલું પાપાસ્રવનું છિદ્ર બંધ થાય છે."

---

૧. સમયસાર ગા. ૩૮૬, પૃ. ૫૪૯-૫૦, પ્રવચનસાર ગા. ૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૨) તેની ટીકામાં કહ્યું છે કેઃ– "માર્ગ ખરેખર સંવર છે, તેના નિમિત્તે (તેના અર્થે) ઇંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે તેટલા અંશે અથવા તેટલો કાળ પાપાસ્રવદ્વાર બંધ થાય છે."

(૩) શુભોપયોગને સંવર કહ્યો નથી પણ માર્ગ ખરેખર સંવર છે એમ સ્પષ્ટતા કરી છે. વળી ત્યાં 'જેટલા અંશે'–'તેટલા અંશે' એ શબ્દો વાપર્યા છે, તે બતાવે છે કે સાધક જીવોને ચારિત્રની એક પર્યાયમાં બે અંશે હોય છે. (૧) વીતરાગી અંશ અને (૨) રાગ અંશ છે તેમાં જે વીતરાગી અંશ અર્થાત્ શુદ્ધ પરિણતિ કષાયના અભાવરૂપ છે તે સંવર છે, જે રાગ અંશ છે તે શુભોપયોગ છે; તે તો બંધનું જ કારણ છે. તેને સંવર માનવો તે ભ્રમણા છે.

(૪) આ શુભોપયોગ ભૂમિકાનુસાર વીતરાગી શુદ્ધ પરિણતિનો સહચર છે, તેથી તેને સંવરનું (ઉપાદાનકારણ નહિ પણ) માત્ર નિમિત્તકારણ કહેવામાં આવે છે.

(૫) તે નિમિત્તકારણ છે એવું જ્ઞાન કરાવવાનું પ્રયોજન એ છે કે આવો શુભોપયોગ સાધક જીવને તન્મયબુદ્ધિએ—એકત્વબુદ્ધિએ હોતો નથી પણ નિષેધબુદ્ધિએ (હેયબુદ્ધિએ—વિયોગબુદ્ધિએ) હોય છે, તેને તે ઓળંગી જવા માગે છે અને તેનો પુરુષાર્થ ચાલુ છે; શુદ્ધતાનો પુરુષાર્થ ક્રમે ક્રમે વધારી શુભ ભાવનો અભાવ કરશે. આ કારણે જ રત્નત્રયરૂપ શુભોપયોગ પરમાર્થે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



બાધક હોવાં છતાં સહચર* હોવાથી વ્યવહારનયે નિશ્ચયનયનો સાધક એટલે ભિન્ન સાધક સાધ્ય (નિમિત્તરૂપે) કહેવાય છે.

## નિર્જરાનું લક્ષણ અને ભેદ.

जहकालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण ।
भावेण सडदि णेया तस्सडणं चेदि णिज्जरा दुविहा ॥ ३६ ॥
यथाकालं तपसा च भुक्तरसं कर्म्मणपुद्गलं येन ।
भावेन सडति ज्ञेया तत्सडनं चेति निर्जरा द्विविधा ॥ ३६ ॥

**અન્વયાર્થ:—** [यथाकालं] સમય આવ્યેથી [च] અને [तपसा] તપ વડે [भुक्तरसं] જેનું ફળ ભોગવાઇ ગયું છે એવા [कर्म्मपुद्गलं] કર્મરૂપ પુદ્ગલ [येन] જે [भावेन] ભાવથી [सडति] ખરી જાય છે તેને ભાવનિર્જરા [ज्ञेया] જાણવી [च] અને [तत्सडनं] કર્મોનું ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે [इति] —આ પ્રમાણે [निर्जरा] નિર્જરા [द्विविधा] બે પ્રકારે છે.

**ભાવાર્થ:—** ૧. નિર્જરા:— અખંડાનંદ શુદ્ધાત્મસ્વભાવના બળ વડે આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાની આંશિક હાનિ કરવી તે ભાવનિર્જરા છે; અને તે પ્રસંગે દ્રવ્યકર્મોનું સ્વયં સ્વતઃ અંશે ખરી

---

* સર્વજ્ઞ વીતરાગકથિત આગમમાં કહ્યો તેવો જ વ્યવહાર—નિમિત્ત ભૂમિકાનુસાર હોવાનો નિયમ છે માટે તેને સહચર કહેલ છે; પણ શ્વેતાંબર આદિ મત કથિત ગમે તેવા શ્રદ્ધા—જ્ઞાન—ચારિત્ર લિંગ—વેશ હોય તેને સહચર માનેલ નથી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



જવું તે દ્રવ્યનિર્જરા છે. (તેમાં જીવનો શુદ્ધભાવ નિમિત્ત માત્ર છે.)

**નિર્જરા તત્ત્વ સંબંધી ભૂલ:–** આત્મામાં એકાગ્ર થઈ શુભ–અશુભ બન્ને પ્રકારની ઈચ્છા રોકવાથી જે નિજ આત્માની શુદ્ધિનું પ્રતપન થવું તે તપ છે અને એ સમ્યક્ તપથી નિર્જરા થાય છે. આવું તપ સુખદાયક છે; પરંતુ અજ્ઞાની તેને ક્લેશદાયક માને છે અને આત્માની જ્ઞાનાદિ અનંત શક્તિઓને ભૂલી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માની તેમાં પ્રીતિ કરે છે. એ નિર્જરા તત્ત્વ સંબંધી ભૂલ છે. (જ્ઞાનીને તપ કાળે પરિણામોની શુદ્ધતાનુસાર નિર્જરા થાય છે, માત્ર બાહ્ય તપથી નિર્જરા માનવી તે પણ ભૂલ છે.)

**૩. સવિપાક નિર્જરા:—** દ્રવ્યકર્મો ઉદયમાં આવવા છતાં જેટલે દરજ્જે જીવ તેનાથી પાછો ફરે અર્થાત્ ન જોડાય તેટલે દરજ્જે સમ્યગ્દષ્ટિને સંવરપૂર્વક નિર્જરા થાય છે. (અજ્ઞાનીઓની સવિપાક નિર્જરા અહીં ન લેવી.) સમ્યગ્દષ્ટિને સવિકલ્પ દશામાં જે શુદ્ધ પરિણતિ થાય છે, તેનાથી નિર્જરા થાય છે. તે અશુભકર્મોનો વિનાશ કરે છે પણ શુભ કર્મોનો વિનાશ નથી કરતી પણ સંસાર-સ્થિતિને ઘટાડે છે.[૧] (નિર્વિકલ્પ દશામાં જે નિર્જરા થાય છે તે શુભ–અશુભ બન્ને કર્મોનો વિનાશ કરે છે.)

**૪. અવિપાક નિર્જરા:—** આત્માની શુદ્ધ પરિણતિ થતાં સત્તામાં રહેલાં કર્મોની સ્થિતિ ઓછી થાય છે, અને તે

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ રાયચંદ્ર શાસ્ત્રમાલાનું ગા. ૩૬ ટીકા, ૧૩૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



જ્યારે આત્માથી જુદાં પડે ત્યારે તેની અવિપાક નિર્જરા થઈ કહેવાય છે. દ્રવ્યકર્મ અપેક્ષાએ તે અવિપાક નિર્જરા છે. જીવભાવની અપેક્ષાએ તે સકામ નિર્જરા છે.

**૫. ભાવનિર્જરા—દ્રવ્યનિર્જરા:—** સમ્યગ્દષ્ટિ, શ્રાવક, ભાવમુનિ, ઉપશમક, ક્ષપકાદિ જીવોનાં પરિણામ ઉત્તરોત્તર અનંતગુણી[1] વિશેષ શુદ્ધિવાળાં હોય છે તે ભાવનિર્જરા છે અને તે કાળે દ્રવ્યકર્મોની અસંખ્યાત ગુણિત ક્રમથી વૃદ્ધિગત અર્થાત્ ઉત્તરોત્તર અસંખ્યાતગુણી નિર્જરા થાય છે તે દ્રવ્યનિર્જરા છે. ૩૬.

## મોક્ષનાં ભેદ અને લક્ષણ

सव्वस्स कम्मणो जो खयहेदू अप्पणो हु परिणामो।
णेओ स भावमोक्खो दव्वविमोक्खो य कम्मपुधभावो ॥३७॥
सर्वस्य कर्मणः यः क्षयहेतुः आत्मनः हि परिणामः।
ज्ञेयः सः भावमोक्षः द्रव्यविमोक्षः च कर्म्मपृथग्भावः ॥३७॥

**અન્વયાર્થ:—**[आत्मनः] આત્માના [यः] જે [परिणामः] પરિણામ [सर्वस्य कर्मणः] બધાં કર્મોનો [क्षयहेतुः] ક્ષય થવામાં કારણ છે [स हि] તે જ [भावमोक्ष] ભાવમોક્ષ [ज्ञेयः] જાણવો [च] અને [कर्म्मपृथग्भावः] આત્માથી દ્રવ્યકર્મોનું જુદા થવું તે [द्रव्यविमोक्षः] દ્રવ્યમોક્ષ છે.

**ભાવાર્થ:— ૧. મોક્ષ**—સમસ્ત કર્મોના ક્ષયના કારણભૂત તથા નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમ વિશુદ્ધ પરિણામો તે ભાવમોક્ષ છે; અને પોતાની યોગ્યતાથી સ્વયં સ્વતઃ

1. પં. હીરાલાલજી કૃત દ્રવ્યસંગ્રહ ગા. ૩૬, ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



द्रव्यकर्मोनो आत्मप્રદેશોથી અત્યંત અભાવ થવો તે દ્રવ્ય મોક્ષ છે. જીવ અત્યંત શુદ્ધ થઈ જાય તે દશાને મો તત્ત્વ કહે છે. ગાથા ૨–૧૪–૫૧ માં 'સિદ્ધ પરમે સંબંધી જે કહ્યું છે તે અહીં લાગુ પડે છે.

**૨. મોક્ષતત્ત્વ સંબંધી ભૂલ**–(૧) આત્માની પૂર્ણ શુદ્ધદશાનું પ્રગટ થવું તે મોક્ષ છે; તેમાં આકુળતા અભાવ છે–પૂર્ણ સ્વાધીન નિરાકુળ સુખ છે; પરંતુ અજ્ઞા એવું નહિ માનતાં શરીરમાં—મોજશોખમાં જ સુખ મ છે. મોક્ષમાં દેહ, ઈંદ્રિય, ખાવું-પીવું, મિત્રાદિ કાંઈપણ નથી, તેથી અજ્ઞાની અતીન્દ્રિય મોક્ષસુખને માનતો એ તેની મોક્ષતત્ત્વની ભૂલ છે. (૨) અજ્ઞાની સિદ્ધ-સુ અને ઈંદ્રાદિ-સુખની એક જાતિ જાણે છે. જે ધર્મ-સાધનનું ફળ સ્વર્ગ માને છે તે જ ધર્મ-સાધનનું ફળ તે મોક્ષ માને છે. કોઈ જીવ ઈંદ્રાદિ પદ પામે તથા કોઈ મોક્ષ પામે ત્યાં એ બન્નેને એક જાતિરૂપ ધર્મનું ફળ થયું માને છે. વળી તે એવું માને છે કે જેને થોડું સાધન હોય છે તે ઈંદ્રાદિ પદ પામે છે, તથા જેને સંપૂર્ણ સાધન હોય છે તે મોક્ષ પામે છે. જે કારણની જાતિ એક જાણે છે તેને કાર્યની પણ એક જાતિનું શ્રદ્ધાન અવશ્ય હોય, કારણ કે, કારણવિશેષતા થતાં જ કાર્યવિશેષતા થાય છે. તેથી એવો નિશ્ચય થાય છે કે તેના અભિપ્રાયમાં ઈંદ્રાદિ સુખ અને સિદ્ધ-સુખની જાતિમાં એક જાતિનું શ્રદ્ધાન છે. ઈન્દ્રાદિને જે સુખ છે તે તો કષાયભાવોથી આકુળતારૂપ છે તેથી તે પરમાર્થથી દુઃખી જ છે, તેથી તેની અને મોક્ષ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



સુખની એક જાતિ નથી. વળી સ્વર્ગ-સુખનું કારણ તો પ્રશસ્તરાગ છે, ત્યારે મોક્ષસુખનું કારણ વીતરાગભાવ છે, તેથી કારણમાં પણ ભેદ છે. હવે એવો ભાવ અજ્ઞાનીને ભાસતો નથી તેથી મોક્ષતત્ત્વનું પણ તેને સાચું શ્રદ્ધાન[૧] નથી. (૩) જેને એક તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ હોય તેને બધાં તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ હોય એમ સમજવું.

**૩. મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે શરીર-સુખનું સાધન હોવાની વાતનું ખંડનઃ—** ખરેખર આ આત્માને સશરીર અવસ્થામાં પણ શરીર-સુખનું સાધન થતું જ્ઞાનીઓ દેખતા-અનુભવતા નથી. સશરીર અવસ્થામાં પણ આત્મા જ સુખરૂપ પરિણતિએ પરિણમે છે. ઇન્દ્રિય-સુખનું પણ વાસ્તવિક કારણ આત્માનો જ અશુદ્ધ સ્વભાવ છે. તેમાં દેહ કારણ નથી. જોકે અજ્ઞાનીઓ 'વિષયો સુખનાં સાધન છે' એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ (આશ્રય) કરે છે, તોપણ સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે? અકિંચિત્કર છે—કાંઇ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને [૨]અવલંબે છે.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૭. સિદ્ધ અવસ્થામાં દુઃખના અભાવની સિદ્ધિ માટે જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૭૬.

૨. પ્રવચનસાર ગા. ૬૫થી ૬૮ તથા ટીકા પૃ. ૯૭ થી ૧૦૩. બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૩૭ ટીકા પૃ. ૧૩૯–૧૪૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૪. કેવળી અને સિદ્ધ ભગવંતોનું સુખ:**— તે [૧]સુખ અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપમ, અનંત (અવિનાશી) અને અવિચ્છિન્ન (અત્રુટક) છે. આ સુખ નિજઆત્મારૂપ ઉપાદાનકારણથી સિદ્ધ છે.

**૫. મોક્ષ અવસ્થા:**—સંપૂર્ણપણે ભાવકર્મ–દ્રવ્ય કર્મરૂપ મલકલંકથી રહિત તથા શરીર રહિત જે આત્મા છે તેને આત્યંતિક, સ્વાભાવિક, અચિંત્ય, અદ્ભુત અને અનુપમ સકળ વિમળ કેવળજ્ઞાનાદિ અનંતગુણોનું સ્થાનરૂપ જે વિશિષ્ટ અવસ્થા છે તે [૨]મોક્ષ છે.

**૬. ભાવમોક્ષ:**—આ અવસ્થા ચાર ઘાતિકર્મને નાશ થતાં તેરમે ગુણસ્થાનકે [૩]પ્રગટે છે.

**૭. દ્રવ્યમોક્ષ:**—સિદ્ધ થતાં બાકી રહેલાં બધાં કર્મોનો અભાવ થાય છે.

**(૮) અભવ્યત્વ [૪]ગુણ:**— સ્વશુદ્ધાત્મા-અભિમુખ-પરિ

---

૧. પ્રવચનસાર ગા. ૧૩ ટીકા. પૃ. ૧૭. બૃ. દ્રવ્યસંગ્રહ પૃ. ૧૩૯. ઉપાદાનથી સિદ્ધ કહેતાં જ કર્મના અભાવના કારણે તે સુખ થયું નથી એમ સમજવું, કેમકે કર્મ પરદ્રવ્ય છે તે સુખ-દુઃખ આપવા સમર્થ નથી.

૨. બૃ. દ્રવ્યસંગ્રહ પા. ૧૩૯.

૩. પંચાસ્તિકાય ગા. ૧૫૧–૧૫૩.

૪. ભવ્યત્વ અને અભવ્યત્વ એ જીવનાં અનુભવી ગુણો છે. જુઓ, પં. ગોપાલદાસજી કૃત જૈન સિદ્ધાંત પ્રવેશિકા, આપ્તમીમાંસા શ્લોક નં. ૯૯–૧૦૦ ટીકા. તથા બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૩૮ ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ણુતિરૂપ (કર્મને હણવાની) બુદ્ધિ કોઈ કાળે ન કરે તે લક્ષણ અભવ્યત્વ ગુણનું સમજવું.

**૯. કર્મોદય નિરંતર હોવાથી શુદ્ધાત્મભાવના ન બની શકે એવી શંકા સંબંધી પ્રશ્નોત્તર :—**

**પ્રશ્ન:**—સંસારીને નિરંતર કર્મબંધ છે તેમ જ ઉદય પણ છે, તો શુદ્ધાત્મભાવનાનો પ્રસંગ જીવને દેખાતો નથી, તો પછી મોક્ષ તો ક્યાંથી થાય?

**ઉત્તર:**— ભગવાનનો ઉપદેશ ભવ્ય સંજ્ઞી પર્યાપ્ત જીવોને જ છે કેમકે તેઓ ધર્મ કરવાની પાત્રતા ધરાવે છે. ચારે ગતિના સંજ્ઞી પર્યાપ્ત જીવ અનાદિથી મિથ્યાદૃષ્ટિ હોવા છતાં ભગવાનના ઉપદેશ અનુસાર યથાર્થ પુરુષાર્થ કરવાથી નિશ્ચય સમ્યગ્દર્શન પામી શકે છે. સંજ્ઞી પંચેન્દ્રિય-તિર્યંચ પંચમ ગુણસ્થાન પ્રાપ્ત કરી શકે છે. આ કાળમાં આ ક્ષેત્રે જન્મેલા પુરુષો સાતમાં ગુણસ્થાન સુધી પહોંચી શકે છે અને સ્ત્રીઓ ત્રણે કાળે પંચમ ગુણસ્થાન સુધી પહોંચી શકે છે. તેનો ઉપાય નીચે પ્રમાણે છે:—

(૧) કર્મ અચેતન છે તેથી જ્ઞાનને અને કર્મને વ્યતિરેકપણું છે, છતાં આત્મા અને કર્મનો વિવેક નહીં કરનારા શુદ્ધાત્મભાવના કરી શકતા નથી; પણ આત્માના અને કર્મના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા પ્રબળકર્મનો જીવને મેળાપ હોવા છતાં જીવ શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી પોતાના એક જ્ઞાયકભાવને અનુભવી શકે છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ શ્રી સમયસાર ગા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



૧૧માં ફરમાવે છે કે વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે. એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે–થાય છે. કર્મનો સ્વભાવ જ એવો છે કે જીવ જ્યારે આ ગાથામાં કહ્યા પ્રમાણે પુરુષાર્થ કરે ત્યારે તેની અવસ્થા ઉપશમાદિરૂપ થયા વિના રહે જ નહિ.

(૨) સમયસાર કળશ નં. ૧૨ માં કહ્યું છે કે જગતના પ્રાણીઓ એ સમ્યક્‌સ્વભાવનો અનુભવ કરો. કારણ કે ત્રણે કાળના કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ–શીઘ્ર ભિન્ન કરીને, મિથ્યાત્વને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને–નાશ કરીને–અંતરંગમાં પોતાના આત્માનો અનુભવ કરી શકાય છે.

(૩) અનાદિના કર્મબંધના કારણે નહિ પણ અનાદિ બંધના વશે પર સાથે એકપણાના નિશ્ચયથી જીવ મૂઢ-અજ્ઞાની છે, પણ ભેદજ્ઞાનમાં પ્રવીણપણું કરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. કર્મ કંઈ જીવને આત્મજ્ઞાન કરતાં રોકતું નથી, તે તો જડ છે. પોતે કોણ અને જીવ કોણ, તેની તો તેને ખબર પણ નથી. માટે કર્મનો દોષ કાઢવો તે અન્યાય છે. જો કર્મનો દોષ હોત તો જીવોને ભગવાન ઉપદેશ ન આપત; પણ જીવોનો જ દોષ છે, તેથી ભગવાને દોષ બતાવી તે દોષ ટાળવા માટે પરનો આશ્રય છોડી, સ્વનો આશ્રય કરવાનો ઉપદેશ જીવોને આપ્યો છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૪) આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ–અજ્ઞાન–અવિરતિ–યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગ-દ્વેષ-મોહસ્વરૂપ આસ્રવ-ભાવનું કારણ છે, તેથી સંસાર છે. પરંતુ જીવ જ્યારે આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધાત્માને ઉપલબ્ધ કરે છે ત્યારે આસ્રવભાવોનાં કારણોનો અભાવ થાય છે. (સમયસાર ગા. ૧૯૦–૧૯૧–૧૯૨ તથા ટીકામાં; તથા પંચા-સ્તિકાય ગા. ૧૫૦–૧૫૧ ની ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્ય તથા શ્રી જયસેનાચાર્ય કહે છે કે–જીવ અનાદિથી કર્મને વશ થયો છે પણ તે જો આત્મા-અભિમુખ (સ્વસન્મુખ) થાય તો દર્શનમોહ અને અનંતાનુબંધીની કર્મપ્રકૃતિ ઉપશમાદિ અવસ્થા અવશ્ય પામે જ.

(૫) શ્રી સમયસાર ગા. ૩૧૪, ૩૧૫ના ભાવાર્થમાં કહ્યું છે કે જ્યાં સુધી આત્મા પોતાના અને પરના સ્વ-લક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી [૧] પરિણમે છે; એ રીતે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અસંયમી થઇને, કર્તા થઈને કર્મનો બંધ કરે છે; અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમે છે.

(૬) શ્રી સમયસાર ગા. ૩૧૬ ના ભાવાર્થમાં કહ્યું છે કે—અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે

૧. કર્મોદયને વશ પરિણમવું કહો કે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમવું કહો—એ બન્ને એકાર્થ વાચક છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કર્મ ઉદયમાં આવે તેને જ પોતારૂપ જાણીને ભોગવે છે પણ જ્ઞાનીને તો શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.

(૭) શ્રી સમયસાર ગાથા ૭૪ ટીકામાં જણાવ્યું છે : આસ્રવો અને જીવનું ભેદજ્ઞાન કરે છે ત્યારે (તે જ કાળે) કર્મવિપાક શિથિલ થઈ જાય છે અને જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઇ છે એવા દિશાના વિસ્તારની જેમ, અમર્યાદ જેનો વિસ્તાર છે એવો સહજપણે વિકાસ પામતી ચિતૂશક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે.

(૮) પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય જ્ઞાનનો વિકાસ સર્વ પંચેન્દ્રિય જીવોને થયો છે. તત્ત્વવિચારાદિ કરવા યોગ્ય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ તેમને થયો છે તેથી જ ઉપયોગને ત્યાં લગાવવાનો ઉદ્યમ કરવા માટે ભગવાનનો ઉપદેશ છે. અસંજ્ઞી જીવોને તેવો ક્ષયોપશમ નથી તેથી તેમને ઉપદેશ શા માટે આપે ? સંજ્ઞી પર્યાપ્ત જીવોને નિર્ણય કરવાની શક્તિ પ્રગટ થઇ છે. જ્યાં ઉપયોગ લગાવે તેનો જ નિર્ણય થઇ શકે છે અને અહીં ઉપયોગ લગાવતો નથી. એ તો એનો પોતાનો જ દોષ છે, ત્યાં કર્મનું કાંઇ પ્રયોજન નથી.

(૯) સમ્યક્ત્વનું ઘાતક દર્શનમોહ કર્મ છે અને ચારિત્રનું ઘાતક ચારિત્રમોહ કર્મ છે; એટલે તેનો અભાવ થયા વિના

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



મોક્ષનો ઉપાય કેવી રીતે બને ? એવી શંકાનું સમાધાન એ છે કે—સત્ય-પુરુષાર્થપૂર્વક જો તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવે તો સ્વયં જ દર્શનમોહનો અને ચારિત્ર-મોહનો અભાવ થાય છે. જીવ સત્ય-પુરુષાર્થ કરે ત્યારે મોહકર્મની સ્થિતિ અને અનુભાગ ઘટે છે અને ક્રમે ક્રમે પુરુષાર્થ વધતાં તે કર્મોનો અભાવ થાય છે. તેથી તત્ત્વ-નિર્ણય કરવામાં ઉપયોગ લગાવવાનો પુરુષાર્થ કરવો. અને ઉપદેશ પણ એ જ પુરુષાર્થ કરાવવા અર્થે આપવામાં આવે છે. એ પુરુષાર્થથી મોક્ષના પુરુષાર્થની સિદ્ધિ આપોઆપ થાય છે. (જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૮૧-૨૦૪-૩૧૨-૩૧૩.)

**નોંધઃ**— બૃ. દ્રવ્યસંગ્રહની ગાથા ૩૮ની ટીકામાં કર્મોની સ્થિતિ-અનુભાગ-બંધ જ્યારે હિયમાન કરવામાં આવે ત્યારે ધર્મનો પુરુષાર્થ થતી શકે છે એમ જણાવ્યું છે. પણ તે માટે શું ઉપાય કરવો તે જણાવ્યું નથી તેથી અહીં વિસ્તારથી એ ઉપાય દર્શાવ્યો છે. ૩૭.

## પુણ્ય અને પાપનું લક્ષણ

सुहअसुहभावजुत्ता पुण्णं पावं हवंति खलु जीवा ।
सादं सुहाउ णामं गोदं पुण्णं पराणि पावं च ॥३८॥
शुभाशुभभावयुक्ताः पुण्यं पापं भवन्ति खलु जीवाः ।
सातं शुभायुः नाम गोत्रं पुण्यं पराणि पापं च ॥३८॥

**અન્વયાર્થઃ**— [जीवाः] જીવ [शुभाशुभभावयुक्ताः] શુભ અને અશુભ ભાવોમાં જોડાઇને [पुण्यं] પુણ્યરૂપ અને [पापं] પાપરૂપ [भवन्ति] થાય છે. [सातं] સાતાવેદનીય કર્મ, [शुभायुः] શુભ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



આયુ, [नाम] શુભનામ, [गोत्रं] શુભગોત્ર—ઉચ્ચગોત્ર—એ સર્વે [पुण्यं] પુણ્ય-પ્રકૃતિઓ છે [च] અને [पराणि] અશાતાવેદની અશુભઆયુ, અશુભનામ અને નીચગોત્ર તથા ચાર ઘાતિયા કર્મો તે [पापं] પાપ-પ્રકૃતિઓ છે.

[જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય એ ચાર ઘાતિયા કર્મ પાપરૂપ છે અને વેદનીય, આયુ, નામ ગોત્ર એ પુણ્ય અને પાપ બન્ને રૂપ છે]

**ભાવાર્થ:–૧. પુણ્ય-પાપ:–** (૧) દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરેના શુભભાવ (મંદકષાયરૂપ) જીવને થાય તે અરૂપી અશુદ્ધભાવ છે, તે ભાવપુણ્ય છે. તે સમયે સાતાવેદનીય, શુભનામ આદિ કર્મયોગ્ય પરમાણુઓનો સમૂહ સ્વયં, સ્વતઃ એકક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે, તે દ્રવ્યપુણ્ય છે. (તેમાં જીવનો પુણ્યરૂપ અશુદ્ધ ભાવ નિમિત્તમાત્ર છે.)

(૨) મિથ્યાત્વ, હિંસા, અસત્ય, ચોરી વગેરેના અશુભ ભાવ જીવને થાય તે અરૂપી અશુદ્ધ ભાવ છે, તે ભાવપાપ છે. તે સમયે અસાતાવેદનીય, અશુભનામ આદિ કર્મ યોગ્ય પરમાણુઓનો સમૂહ સ્વયં સ્વતઃ એકક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપાપ છે. (તેમાં જીવનો પાપરૂપ અશુદ્ધભાવ નિમિત્તમાત્ર છે.)

**૨. પુણ્ય–પાપભાવ વડે ઘાતીકર્મોનો બંધ નિરંતર થાય છે.** શુભાશુભ ભાવો વડે પુણ્ય-પાપના વિશેષો તો અઘાતીકર્મોમાં થાય છે, પણ અઘાતીકર્મો કાંઈ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



આત્મગુણના ઘાતક નથી. બીજું, શુભાશુભ ભાવોમાં ઘાતી-કર્મોનો બંધ તો નિરંતર થાય છે જે સર્વ [1]પાપરૂપ જ છે અને એ જ આત્મગુણનો ઘાતક છે; માટે અશુદ્ધ શુભાશુભ ભાવો વડે કર્મબંધ થાય તેને ભલો-બૂરો માનવો એ જ મિથ્યાશ્રદ્ધાન છે, અને એવા શ્રદ્ધાનથી પુણ્ય-પાપ તત્ત્વોની સત્ય શ્રદ્ધા થતી નથી. (અહીં કર્મને ઘાતક કહ્યાં; પણ જીવ જ્યારે પોતાના ભાવનો ઘાતક થાય છે ત્યારે તે દ્રવ્યકર્મ ઉપર નિમિત્ત તરીકે ઘાતકનો આરોપ આવે છે એમ સમજવું.)

**૩. વાસ્તવિક સ્વરૂપઃ**—પરમાર્થતઃ (વાસ્તવમાં) પુણ્ય-પાપભાવ આત્માને અહિતકર છે. સમ્યગ્દૃષ્ટિને પુણ્યભાવથી (શુભોપયોગથી) આંશિક સંવર-નિર્જરા થાય છે એ માન્યતા જૂઠી છે.

**૪. શ્રાવક—મુનિની શુભક્રિયા સંબંધી સ્પષ્ટતા—** કોઈ ભ્રાંતિ આણે છે કે મિથ્યાદૃષ્ટિની જે યતિપણાની ક્રિયા છે તે તો બંધનું કારણ છે, પણ સમ્યગ્દૃષ્ટિને જે યતિપણાની શુભક્રિયા છે તે મોક્ષનું કારણ છે, કેમકે અનુભવજ્ઞાન તથા દયા, વ્રત, તપ, સંયમરૂપ ક્રિયા બન્ને મળી જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કોઈ અજ્ઞાની જીવ કરે છે. તેનું સમાધાનઃ— જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ વિકલ્પ અથવા દ્રવ્યના વિચાર અથવા શુદ્ધસ્વરૂપના વિચાર ઇત્યાદિ સમસ્ત

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૧.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કર્મબંધનાં કારણ છે. એવી ક્રિયાનો એવો જ સ્વભાવ; સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિનો એવો કોઇ ભેદ તેમાં નથી. એ ક્રિયા થકી બન્નેને બંધ છે. શુદ્ધસ્વરૂપ પરિણમન [1]માત્ર મોક્ષ છે.

જોકે એક જ કાળે સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન (વીતરાગી અંશ) પણ છે, ક્રિયારૂપ પરિણામ પણ છે. ત્યાં ક્રિયારૂપ પરિણામથી એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશ પણ થતો નથી એવું વસ્તુસ્વરૂપ છે. ત્રણે કાળે શુદ્ધસ્વરૂપ અનુભવજ્ઞાન જે છે તે વડે કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી. વસ્તુનું જ એવું સ્વરૂપ છે. ક્રિયારૂપ પરિણામથી સંવર-નિર્જરા અંશમાત્ર થતાં નથી, પણ તેનાથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ [2]થાય છે.

**૫. પુણ્ય-પાપમાં વ્યવહારનયે વિશેષ હોવા છતાં નિશ્ચયે (ભેદ) નથી:—** શુભોપયોગથી સાધ્ય જે ઇંદ્રિય-સુખ તે નિશ્ચયે (ખરેખર) દુઃખ છે. વ્યવહારનયે વિશેષ હોવા છતાં નિશ્ચયનયે એ પ્રસિદ્ધ છે, કે શુદ્ધોપયોગથી વિલક્ષણ એવા શુભાશુભોપયોગમાં ભિન્નતા કોઇ રીતે થઇ શકતી [2]નથી. શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક અને સુખદુઃખના દ્વૈતની માફક પરમાર્થે પુણ્ય-પાપનું દ્વૈત ટકતું (રહેતું) નથી કારણ કે બન્નેમાં અનાત્મધર્મપણું સમાન

૧. સમયસાર કળશટીકા. પૃ. ૧૧૨-૧૧૩, કળશ ૧૧૦. પુણ્ય-પાપ અધિકાર કળશ ૧૧.
૨. પ્રવચનસાર ગા. ૭૨ પૃ. ૯૨ શ્રીજયસેનજી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



છે. એ રીતે પુણ્ય-પાપમાં તફાવત નથી એમ જે નથી[૪] માનતો તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર, અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે, દુઃખને જ અનુભવે છે. ૩૮.

## પરિશિષ્ટ

**આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ, એ સંબંધી સાચી શ્રદ્ધા માટે નય(-દૃષ્ટિકોણ) વડે સ્પષ્ટતા:—**

૧. નિશ્ચયનય અને વ્યવહારનય બન્ને ઉપાદેય માનવા તે પણ ભ્રમ છે. કારણ કે-નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધતા સહિત છે. શ્રી સમયસાર (ગાથા ૧૧)માં પણ એમ કહ્યું છે કે "વવહારોऽભૂયત્થો, ભૂયત્થો દેસિદો દુ સુદ્ધણઓ" અર્થ—વ્યવહાર અભૂતાર્થ છે, સત્યસ્વરૂપને નિરૂપતો નથી પણ કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે; તથા નિશ્ચય શુદ્ધનય છે—ભૂતાર્થ છે કારણ કે તે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું નિરૂપે છે; એ પ્રમાણે બંનેનું સ્વરૂપ તો વિરુદ્ધતા સહિત છે. (મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૭, પૃ. ૨૫૪).

૨. નિશ્ચય નિરૂપણને સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું. વ્યવહાર નિરૂપણને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.

૩. (૧) નિશ્ચયનું નિશ્ચયરૂપ તથા વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે, (૨) નિશ્ચયનય વડે જે નિરૂપણ

૪. પ્રવચનસાર ગા. ૭૭ ટીકા. પૃ. ૧૧૪ ગુજરાતી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકા કરવું; તથા વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તે અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.

માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

૪. વળી વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના [1]ભાવોને વા કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં ભેળવી, નિરૂ પણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો.

૫. વળી નિશ્ચયનય[2] તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઇને કોઈમાં ભેળવતો નથી. તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું. (મોક્ષમાર્ગ પ્રકાશક, અ. ૭, પૃ. ૨૫૫–૨૫૬.)

૬. **વ્યવહારનય:–** જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ

---

૧. જુઓ, સમયસાર ગા. ૫૬. પૃ. ૧૧૧. "જીવના ઔપાધિક ભાવોને અવલંબીને પ્રવર્તતો થકો (તે વ્યવહારનય) બીજાના ભાવને બીજાનો કહે છે."

૨. જુઓ, સમયસાર ગા. ૫૬. પા. ૧૧૧. "નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરાપણ બીજાનો નથી કહેતો, નિષેધ કરે છે."

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



શુદ્ધનયનો [1]હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે, પણ તેનું ફળ [2]સંસાર જ છે. (શ્રી સમયસાર ગાથા ૧૧ ભાવાર્થ, પૃ. ૨૬. ગુ. આવૃત્તિ બીજી).

૭. **વ્યવહારનયને** અશુદ્ધનય[3] પણ કહે છે. અશુદ્ધનયને હેય કહ્યો છે, કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે. (શ્રી સમયસાર ગાથા ૬, ભાવાર્થ, પૃ. ૧૮. ગુ. આવૃત્તિ બીજી).

૮. **વ્યવહારધર્મ:–** અભેદરત્નત્રયમય જ મોક્ષમાર્ગ નિશ્ચયથી કર્મબંધ છેદક છે. વ્યવહારરત્નત્રયમય ધર્મ તે શુભોપયોગનો વિકલ્પ છે, [4]પુણ્યબંધકારક છે, મોક્ષકારક નથી. (શ્રી સમયસાર કળશ ૧૦૩, કળશાટીકા, પૃ. ૧૦૪, પુણ્ય-પાપએકત્વ અધિકાર કળશ–૪.) ભાવલિંગી મુનીશ્વરોને–શ્રાવકોને વ્યવહારધર્મરૂપ શુભક્રિયા પણ [5]મોક્ષમાર્ગ નથી–બંધનો માર્ગ છે. શુભ ક્રિયામાં રહેતાં જીવ વિકલ્પી છે તેથી દુ:ખી છે. (શ્રી સમયસાર કળશ ૧૦૪ કળશ ટીકા,

---

૧. હસ્તાવલંબ=પ્રતિપાદક, બહિરંગ સાધક, બહિરંગ સહકારી કારણ, નિમિત્ત, બાહ્યહેતુ.
૨. સંસાર=આસ્રવ–બંધ.
૩. "અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા-જુદા એક-એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય." (શ્રી સમયસાર ગાથા ૧૨, ટીકા, પૃ. ૨૭.)
૪. પુણ્યબંધની સાથે જ્ઞાનાવરણાદિ ચારે ઘાતીકર્મ જે પાપકર્મ છે તે બંધાય છે.
૫. મોક્ષમાર્ગ નથી=સંવર–નિર્જરા નથી, આસ્રવ–બંધ છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પૃ. ૧૦૫. બનારસીદાસ સમયસાર-નાટક પુણ્ય-પાપએકત્વ અધિકાર, કવિત ૮.)

૯. **વ્યવહારધર્મ**[1] જ્ઞાનીને બંધનો હેતુ અર્થાત્ બંધનો માર્ગ છે. (કળશટીકા, પૃ. ૧૦૬). વળી તે કામળામાં ચીતરેલા નાહર જેમ કહેવા માત્ર નાહર છે; તેમ વ્યવહાર ચારિત્ર કહેવા માત્ર ચારિત્ર છે, પણ તે ખરેખર ચારિત્ર નથી. તે કર્મક્ષપણનું કારણ નથી, બંધકારણ છે. અહીં એવી શ્રદ્ધા કરાવી છે કે મોક્ષમાર્ગ માત્ર આત્મિક વીતરાગ ભાવ છે. અતિ સૂક્ષ્મ પણ રાગરૂપ વર્તન બંધનું કારણ છે, કર્મની નિર્જરાનું કારણ નથી. (રાજમલજીકૃત સમયસાર કળશટીકા., પૃ. ૧૦૯.)

૧૦. **વ્યવહારધર્મની ક્રિયાઃ**– જ્ઞાનીને [2]મોક્ષપંથની કાતરનારી છે, બંધની ક્રિયા છે, બાધક છે, વિચારમાં નિષિદ્ધ છે. (શ્રી સમયસાર નાટક, પુણ્ય-પાપ અધિકાર, કવિત ૧૨) તે ભલી છે એવી ભ્રાંતિ[3] ન કરવી. (કળશાટીકા, પૃ. ૧૧૧.) સમ્યગ્દષ્ટિને તે ક્રિયા ચારિત્રમોહના બળાત્કારથી થાય છે, [4]જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર નથી કરતી.

---

૧. વ્યવહારધર્મ=વ્યવહારનયે કહેલો ધર્મ.

૨. મોક્ષપંથ=સંવર–નિર્જરા.

૩. ભ્રાંતિ=અસત્ય શ્રદ્ધા, ઊંધી–વિપરીત શ્રદ્ધા.

૪. જ્ઞાનાવરણાદિ ચારે ઘાતી કર્મો પાપકર્મ છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



વ્યવહારનય—જ્ઞાતાને જ્ઞાનના [1]વિભાગની ક્લિષ્ટ કલ્પનાથી શું પ્રયોજન છે? (શ્રી પ્રવચનસાર ગાથા ૩૫, પૃ. ૫૦).

વ્યવહારનય આદરવા યોગ્ય નથી. (પ્રવચનસાર ગા. ૩૪, પૃ. ૪૮; ગા. ૯૮, પૃ. ૧૬૩.) કેમકે તેમાં ભેદવાસના છે. (શ્રી સમયસાર ગા. ૮, ૧૧.)

૧૧. **ભાવલિંગી મુનિને જે શુભોપયોગ વર્તે છે તે કષાયકણ** અવિનષ્ટ હોવાથી તેઓ સાસ્રવ જ છે. (પ્રવચનસાર ગા. ૨૪૫ પૃ. ૪૦૨–૪૦૩.) તે શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે. (પ્રવચનસાર ગા. ૨૫૩, પૃ. ૪૧૩.) તે અગ્નિથી ગરમ થયેલા ઘી જેવો હોવાથી દાહદુઃખ ઉત્પન્ન કરે છે. પ્રવચનસાર ગા. ૧૧, પૃ. ૧૫.)

૧૨. **વ્યવહારનય:–** આમ આ પદ્ય વડે પરમજિનયોગીશ્વરે ખરેખર "વ્યવહાર આલોચનાના પ્રપંચનો [2]ઉપહાસ કર્યો છે." (નિયમસાર શ્લોક ૧૫૫ નીચેની ટીકા, પૃ. ૨૧૫.)

૧૩. **વ્યવહારનય:–** "અહીં સ્વસ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઇ નથી." (એમ છ વખત શ્રી સમયસાર ગા. ૩૫૯ થી ૩૬૫ની ટીકામાં પૃ. ૫૧૯ થી ૫૨૩ માં કહ્યું છે.)

---

૧. આવો ભેદ પણ ક્લેશ ઉત્પન્ન કરે છે એટલે કે આસ્રવ છે–બંધનું કારણ છે. સંવર–નિર્જરાનું કારણ નથી.

૨. ઉપહાસ=મશ્કરી, ઠેકડી, હાંસી, તિરસ્કાર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



૧૪. સર્વવ્યવહાર છોડવા યોગ્ય છે. (યોગસાર ગા. ૩૭, ૫૫, ૮૯.)

૧૫. નિશ્ચયનય:– (૧) ભૂતાર્થ છે, તેના આશ્રયે જ [1]સમ્યગ્દર્શન થાય છે. (શ્રી સમયસાર. ગા. ૧૧.)

(૨) પરમાર્થના આશ્રયે મુનિઓને [1]કર્મનો નાશ આગમમાં કહ્યો છે. (શ્રી સમયસાર ગા. ૧૫૬ તથા ટીકા, ગુ. પૃ. ૨૫૬.)

(૩) નિશ્ચયનયના આશ્રયે મુનિઓ [1]નિર્વાણની પ્રાપ્તિ કરે છે. (શ્રી સમયસાર ગા. ૨૭૨ ટીકા, પૃ. ૪૧૫ ગુ.)

(૪) શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ[1] છે. (સમયસાર ગા. ૧૧ ભાવાર્થ, પૃ. ૨૬ ગુ.)

(૫) શુદ્ધનય ભૂતાર્થ છે–સત્યાર્થ છે. તેનો આશ્રય કરવાથી [1]સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે. (સમયસાર ગા. ૧૧ ભાવાર્થ, પૃ. ૨૬.)

(૬) સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું શુદ્ધ નિશ્ચયનયાત્મક ચારિત્ર છે (નિયમસાર–નિશ્ચયપ્રતિક્રમણ ઉત્થાનિકા પૃ. ૧૪૯.)

(૭) વ્યવહાર છ આવશ્યકથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચય આવશ્યક છે. (નિયમસાર અ. ૧૧, ઉત્થાનિકા પૃ. ૨૧૨).

(૮) નિશ્ચયધર્મ–(સમ્યક્‌દર્શન-જ્ઞાનચારિત્રા–વ્યવહારધર્મથી પરમનિરપેક્ષ છે. (નિયમસાર ગા. ૨, પૃ. ૭; ગા.

---

૧. સમ્યગ્દર્શન થતાં સંવર–નિર્જરા શરૂ થાય છે અને શુદ્ધિ વધતાં સંવર–નિર્જરા વધે છે, છેવટે મોક્ષ થાય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



૯૩, પૃ. ૧૭૭; ગા. ૧૮૭, પૃ. ૩૭૩; – (શ્રી સમયસાર કળશટીકા. પૃ. ૧૭.)

(૯) સમસ્ત કર્મના [1]પ્રલયનો હેતુભૂત શુદ્ધોપયોગ છે. (નિયમસાર અ. ૧૨, ઉત્થાનિકા પૃ. ૩૧૮.)

(૧૦) શુદ્ધોપયોગ વડે ભેદવાસનાની પ્રગટતાનો [1]પ્રલય થાય છે, શુદ્ધોપયોગનો વિરોધી શુભ–અશુભ ઉપયોગ છે. (પ્રવચનસાર ગા. ૯૧ પૃ. ૧૩૮.)

(૧૧) 'પુરુષમેવ'–આત્મા જ અભેદનયે શુદ્ધનયનો વિષય હોવાથી, શુદ્ધાત્મસાધક[2] હોવાથી અને શુદ્ધપરિણામ હોવાથી શુદ્ધ છે એમ જાણ. (સમયસાર ગા. ૧૪ જયસેનજી ટીકા. પૃ. ૩૮. નવી આવૃત્તિ.)

(૧૨) શુદ્ધનય કહો, આત્માની અનુભૂતિ કહો, આત્મા કહો–એ એક જ છે, જુદાં નથી. (સમયસાર ગા. ૧૪, પૃ. ૩૯.)

(૧૩) નિશ્ચયથી મારો આત્મા જ સંવર છે. (સમયસાર ગા. ૨૭૭; નિયમસાર ગા. ૧૦૦, પૃ.૧૯૨–૧૯૩. પૃ. ૪૨૦)

આ પ્રમાણે નવ તત્ત્વોનું સાચું સ્વરૂપ સમજવા માટે નિશ્ચય અને વ્યવહારનયનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

—(પરિશિષ્ટ પૂર્ણ)

---

1. સંવર–નિર્જરાપૂર્વક મોક્ષ થાય છે.
2. શુદ્ધાત્મસાધક=સંવર–નિર્જરા મોક્ષનું ખરું કારણ છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## ત્રીજા અધિકારની ભૂમિકા.

૧. પહેલા અધિકારમાં છ દ્રવ્યોનું અને પાંચ અસ્તિકાયનું વર્ણન કર્યું, તેની સાથે નયોનું સ્વરૂપ પણ સમજાવ્યું. એ રીતે જીવ અને અજીવ એ બે તત્ત્વોની ઓળખાણ કરાવી. શાસ્ત્રોનું પ્રયોજન વીતરાગતા છે અને તે જીવને અનંત દુઃખોથી છોડાવવા માટે છે. માટે જે ભાવોનું શ્રદ્ધાન કરતાં મોક્ષ થાય તથા જેનું શ્રદ્ધાન કર્યા વિના મોક્ષ ન થાય તે આસ્રવાદિ તત્ત્વોનું સ્વરૂપ બીજા અધિકારમાં કહ્યું.

૨. હવે આ અધિકારમાં મોક્ષનો ઉપાય સમજાવવામાં આવ્યો છે, કેમકે ઉપાય કર્યા વિના મોક્ષરૂપ કાર્યની પ્રાપ્તિ ન થાય.

૩. આ સંબંધી વિચારવાનો પ્રશ્ન એ છે, કે—મોક્ષના ઉપાય કેટલા છે? તેનો ઉત્તર એ છે કે–'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'– મોક્ષનો ઉપાય એક જ છે, બે કે વધારે નથી જ. શ્રી પ્રવચનસાર જ્ઞાન-અધિકાર ગા. ૮૨, જ્ઞેય-અધિકાર ગા. ૧૯૯ તથા ચરણાનુયોગ અધિકાર ગા. ૨૪૨—એ ત્રણે અધિકારમાં સ્પષ્ટપણે ભગવાન કુંદકુંદાચાર્યદેવે તેમ કહ્યું છે અને તેને અનુસરીને આ શાસ્ત્રમાં પણ તેમ જ જણાવ્યું છે.

૪. ગા. ૩૭માં મોક્ષનું સ્વરૂપ કહેવાઈ ગયું છે. આત્માનું પરિપૂર્ણ સુખ પ્રગટવું તે મોક્ષ છે. તેને કાર્ય-સમયસાર અથવા કાર્ય-પરમાત્મા પણ કહેવામાં આવે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તે આત્માની પરિપૂર્ણ શુદ્ધ અવસ્થા છે. તેથી તેનો ઉપાય પણ 'શુદ્ધ' જ હોઈ શકે. શ્રી પ્રવચનસારની છેલ્લી પાંચ ગાથા જેને 'નિર્મળ પાંચ રત્નો' કહેવામાં આવ્યાં છે, તેમાંથી ગાથા ૨૭૪ માં "શુદ્ધને જ શ્રામણ્ય કહ્યું છે-શુદ્ધને દર્શનજ્ઞાન કહ્યું છે-શુદ્ધને નિર્વાણ હોય છે, તે જ (શુદ્ધ જ) સિદ્ધ હોય છે; તેને નમસ્કાર હો"—એમ કહ્યું છે. શ્રી પરમાત્મ પ્રકાશ ગા. ૬૭, અ. ૨ માં પણ તેમ જ કહ્યું છે. તેથી શુદ્ધ તે જ મોક્ષનો ઉપાય-મોક્ષનો પંથ-મોક્ષનો માર્ગ છે એમ નિશ્ચય કરવો.

૫. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક, અ. ૭, પૃ. ૨૫૩ માં પણ કહ્યું છે કે- "હવે મોક્ષમાર્ગ કાંઈ બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષ-માર્ગને 'મોક્ષમાર્ગ' નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહારમોક્ષમાર્ગ છે; કારણ કે નિશ્ચય-વ્યવ-હારનું સર્વત્ર એવું જ લક્ષણ છે-અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર."

૬. એક જ મોક્ષમાર્ગ હોવા છતાં તેનું નિરૂપણ બે પ્રકારે હોવાનું કારણ એ છે કે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જે ચારિત્ર તે સાચો અને એક જ મોક્ષમાર્ગ છે. ત્યાં ચારિત્રની ... અંશે વીતરાગરૂપ 'શુદ્ધ' અને અંશે સરાગરૂપ 'શુભ'—આ બન્ને અંશોનું જ્ઞાન કરાવવામાં ન આવે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તો ચારિત્રની તે પર્યાયનું સાચું જ્ઞાન થાય જ નહિ, માટે 'પ્રમાણજ્ઞાન' કરવા બન્ને અંશોનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ. વળી દરેક કાર્ય માટે ઉપાદાન અને નિમિત્ત બન્ને કારણો પણ જાણવાં જોઈએ. જો એમાંથી એક પણ કારણમાં ભૂલ થાય તો બન્ને કારણોમાં ભૂલ થાય; એટલે બન્ને અંશોનો યથાર્થ નિર્ણય કરવો જરૂરી છે.

૭. એ નિયમને અનુસરીને આ શાસ્ત્રમાં પણ સાચો મોક્ષમાર્ગ એક જ કહેલ છે અને તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, પણ તેનું નિરૂપણ બે પ્રકારે કર્યું છે. 'શુદ્ધ' (વીતરાગી અંશ) અને શુભ (સરાગી અંશ) બતાવવા માટે કર્યું છે.

૮. મુનિરાજની મુખ્યતાથી અહીં નિશ્ચય-મોક્ષમાર્ગ કહ્યો છે; તેથી નીચેનાં ગુણસ્થાનોમાં નિશ્ચય-મોક્ષમાર્ગ હોતો નથી એમ ન સમજવું. નીચેના ૫–૬ ગુણસ્થાનોમાં 'અસમગ્ર રત્નત્રય' હોય છે– એમ પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા ૨૧૧, શ્રી નિયમસાર ગા. ૧૩૪, શ્રી સમયસાર ગાથા ૪૧૦–૪૧૧–૪૧૪ તથા ચારિત્ર પાહુડ ગાથા ૨૧માં કહેલ છે. શ્રી બૃ. દ્રવ્યસંગ્રહ ટીકામાં ગા. ૪૧. પૃ. ૧૫૮માં કહ્યું છે કે—બાહ્ય-અભ્યંતર એમ બન્ને પ્રકારનાં રત્નત્રયને ધારણ કરવાવાળા મુનિ, આર્યિકા, શ્રાવક તથા શ્રાવિકા-એ ચાર પ્રકારના સંઘમાં ગાયને વત્સમાં પ્રીતિ રહે છે તે સમાન ×××" તે જ પાને સ્થિતિકરણની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે– "ભેદાભેદ રત્નત્રયના ધારક મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા–એ ચારનો સંઘ છે. ×××"

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



૯. આ સંબંધમાં વિશેષ આધારો નીચે મુજબ છે:–

(૧) શ્રી પ્રવચનસાર–ચરણાનુયોગ અધિકાર, ગા. ૪૮, પૃ. ૩૪૨, 'શ્રાવકોને પ્રચુરપણે શુભોપયોગ વર્તે છે, તેથી જો કે તેઓ કોઈ કોઈ કાળે શુદ્ધઉપયોગભાવના કરે છે તો પણ શુભોપયોગી કહેવામાં આવે છે. [ભાવના=એકાગ્રતા.]

(૨) શ્રી પ્રવચનસાર ગા. ૧૧, પૃ. ૧૩. સં.—રત્નત્રયાત્મક ધર્મ સાગાર–અણગારને હોય છે.

(૩) શ્રી ભાવપાહુડ ગા. ૬૬માં કહ્યું છે કે–શ્રાવકપણા તથા મુનિપણાના કારણભૂત ભાવ જ છે.

(૪) મોક્ષપાહુડ ગા. ૧૦૬ હિંદી ટીકા, પૃ. ૩૬૦માં કહ્યું છે કે-"એ રીતે સર્વ કર્મના અભાવરૂપ મોક્ષ થાય છે તેનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહેવાય છે, તેની પ્રાપ્તિ ચોથે ગુણસ્થાને સમ્યક્ત્વ પ્રગટતાં–એકદેશ કહીએ."

(૫) નિયમસાર ગા. ૧૪૯, પૃ. ૩૦૦–૩૦૧માં કહ્યું છે કે—અંતરાત્માને નિશ્ચય આવશ્યક હોય છે, ટીકામાં કહે છે કે—અસંયતસમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે એટલે તેને નિશ્ચય–વ્યવહારનયે આવશ્યક હોય છે.

(૬) શ્રી. યોગીન્દ્રદેવકૃત યોગસાર ગા. ૬૫ માં 'શ્રાવક હો યા મુનિ હો, જે કોઈ નિજ આત્મામાં વાસ કરે છે તે શીઘ્ર સિદ્ધિ-સુખ પામે છે એમ શ્રી જિનવરે કહ્યું છે.'

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૭) રાજમલ્લજીકૃત શ્રી સમયસાર કળશટીકામાં–જીવ અધિકારમાં કળશ ૩૧ ની ટીકા પૃ. ૪૪ માં નીચે પ્રમાણે કહ્યું છે– "વળી કેવો છે આત્મા ? दर्शनज्ञानवृतैःकृतपरिणतिः। દર્શન કહેતાં શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ; જ્ઞાન કહેતાં જાણપણું, ચારિત્ર કહેતાં શુદ્ધ પરિણતિ—એવાં જે રત્નત્રય તેનું કૃત કહેતાં કર્યું છે, પરિણતિ કહેતાં પરિણમન, જે એવો છે. ભાવાર્થ—એવો જે "મિથ્યાત્વ-પરિણતિનો ત્યાગી થતાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે." આગળ જતાં કહ્યું છે કે–ભાવાર્થ—એવો જે "સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ" એવું જે કહ્યું છે તે સર્વ જૈન-સિદ્ધાંત માંહે છે અને તે જ પ્રમાણ છે."

આ ઉપરથી સિદ્ધ થાય છે કે ચોથે ગુણસ્થાને મિથ્યાત્વનો ત્યાગ થતાં જ સાક્ષાત્ રત્નત્રય પ્રગટે છે. વળી તે જ શાસ્ત્રમાં કળશ ૬ ની ટીકા પૃ. ૧૩માં પણ તે જ પ્રમાણે કહ્યું છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# અધિકાર ત્રીજો

## * મોક્ષમાર્ગનું બે પ્રકારે નિરૂપણ

**सम्मद्दंसण णाणं चरणं मोक्खस्स कारणं जाणे ।**
**ववहारा णिच्चयदो तत्तियमइओ णिओ अप्पा ॥ ३९ ॥**
**सम्यग्दर्शनं ज्ञानं चरणं मोक्षस्य कारणं जानीहि ।**
**व्यवहारात् निश्चयतः तत्त्रिकमयः निजः आत्मा ॥ ३९ ॥**

**અન્વયાર્થ:—** [व्यवहारात्] વ્યવહારનયથી [सम्यग्दर्शनं] સમ્યગ્દર્શન, [ज्ञानं] સમ્યગ્જ્ઞાન અને [चरणं] સમ્યક્ચારિત્ર એને [मोक्षस्य] મોક્ષનું [कारणं] કારણ [जानीहि] સમજો; [निश्चयतः] નિશ્ચયનયથી [तत्त्रिकमयः] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની એકતારૂપ [निजः] પોતાનો [आत्मा] આત્મા મોક્ષનું કારણ છે.

**ભાવાર્થ:— ૧. ગાથા ૮–૯નો ગા. ૩૪–૩૫–૩૬ સાથેનો સંબંધ:—** ગાથા ૮ માં જીવ શુદ્ધભાવોનો શુદ્ધ-

---

* "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" અર્થ:–સમ્યગ્દર્શન આદિ ત્રણ મળીને મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન વગેરે જુદા જુદા મોક્ષમાર્ગ નથી. જેવી રીતે કોઈ બીમાર કેવળ દવા માત્રનો ભરોસો કરવાથી અગર તેનું માત્ર જ્ઞાન કરવાથી અથવા તેનું માત્ર આચરણ–સેવન કરવાથી તે નીરોગી થતો નથી, તેવી રીતે સમ્યગ્દર્શન વગેરેમાંથી માત્ર એકનું સેવન કરવાથી મોક્ષ થતો નથી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



નયે કર્તા છે, તથા ગાથા ૯માં પોતાના શુદ્ધ ભાવોનો શુદ્ધનયે ભોક્તા છે—એમ કહ્યું છે. તેના અનુસંધાનમાં અહીં નિશ્ચય મોક્ષમાર્ગનો કર્તા-ભોક્તા જીવ પોતે છે એમ સમજવું કેમકે તે જીવનો શુદ્ધભાવ છે. ગા. ૩૪–૩૫–૩૬ માં સંવર–નિર્જરાનું સ્વરૂપ કહ્યું છે. સંવર–નિર્જરા તે નિશ્ચય-માર્ગ છે અને સંવર–નિર્જરાના ધારક મુખ્યપણે મુનિરાજ છે, તેથી નિશ્ચય મોક્ષમાર્ગનું બીજું નામ-એકાગ્રતા લક્ષણવાળું [1]શ્રામણ્ય પણ છે.

**૨. આ ગાથા તથા ગા. ૪૦ માં કહેલો નિશ્ચય-મોક્ષમાર્ગ—** આ ગાથામાં સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્રની એકતારૂપ પોતાનો આત્મા તેને મોક્ષમાર્ગ કહ્યો છે, અને ગાથા ૪૦ માં એ ત્રણની એકતારૂપ આત્મા મોક્ષમાર્ગ (મોક્ષનું કારણ) કેમ છે તે બતાવ્યું છે. પ્રવચનસારની ગાથા ૨૪૨ની ટીકામાં દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી જે પ્રજ્ઞાપન છે, તેને આ ગાથા અનુસરે છે. શ્રી મોક્ષશાસ્ત્રમાં–'સમ્યગ્દ-ર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એવી વ્યાખ્યા કરી છે, તે (નિશ્ચયમોક્ષમાર્ગની) પર્યાયની મુખ્યતાથી કરી છે. એ 'પર્યાયપ્રધાન વ્યવહારનય'થી પ્રજ્ઞાપન છે. (અહીં 'વ્યવહારનય' કહ્યો માટે તે શુભરાગરૂપ વ્યવહાર-મોક્ષમાર્ગ છે એમ ન સમજવું). નિશ્ચય-મોક્ષમાર્ગનું કથન પ્રમાણથી, દ્રવ્યાર્થિકનયથી (દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી) અને પર્યાયા-ર્થિકનયથી (પર્યાયપ્રધાન વ્યવહારનયથી) એમ ત્રણ પ્રકારે થાય છે એમ શ્રી પ્રવચનસાર ગા. ૨૪૨ની ટીકામાં

---

૧. પ્રવચનસાર ગા. ૨૪૨, ટીકા. પૃ. ૩૯૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



જણાવ્યું છે એ રીતે આ શાસ્ત્રમાં અને મોક્ષ-શાસ્ત્રમાં કથન-પદ્ધતિનો ફેર હોવા છતાં ભાવમાં કાંઇ પણ તફાવત નથી.

**૩. નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ એકી સાથેઃ—** ગા. ૪૭ માં કહ્યું છે કે—"કારણ કે મુનિ પણ નિયમથી બન્ને પ્રકારનાં મોક્ષ કારણોને ધ્યાનથી પ્રાપ્ત કરે છે તેથી તેમાં પ્રયત્નશીળ થઇને તમે ધ્યાનનો સારી રીતે અભ્યાસ કરો". બૃ. દ્રવ્યસંગ્રહની ગા. ૪૭ ટીકામાં પૃ. ૧૮૦ માં કહ્યું છે કેઃ— "એ બંને પ્રકારના પણ મોક્ષ-માર્ગને મુનિ નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમધ્યાન વડે પ્રાપ્ત કરે છે." એ જ પ્રમાણે શ્રી પ્રવચનસાર ગા. ૨૪૦ થી ૨૪૨ ના મથાળામાં તથા નિયમસાર ગા. ૬૦ પૃ. ૧૧૭ માં 'સદાય નિશ્ચય—વ્યવહારાત્મક સુંદર ચારિત્રભર વહનારા' કહી -બન્ને સાથે હોય છે, એમ પ્રતિપાદન કર્યું છે.

**૪. વ્યવહારમોક્ષમાર્ગની વ્યાખ્યાઃ—** વીતરાગ-સર્વજ્ઞ પ્રણીત છ દ્રવ્ય—પાંચ અસ્તિકાય—સાત તત્ત્વ—નવ પદાર્થના સમ્યક્ શ્રદ્ધાન—જ્ઞાન—વ્રતાનુષ્ઠાન વિકલ્પરૂપ વ્યવ-હાર મોક્ષમાર્ગ છે. તે વિકલ્પરૂપ હોવાથી 'સરાગદશા' (સરાગઅંશ) છે. તે પરદ્રવ્યપ્રવૃત્તિ છે તેથી તેને સૂક્ષ્મ પર-સમય કહેવામાં આવે છે. તેનું ફળ સંસાર છે (સમયસાર ગાથા ૧૧, ભાવાર્થ પાનું ૨૬.) તેનું સ્વરૂપ તથા તેનું ફળ નિશ્ચય મોક્ષમાર્ગથી [૧]પ્રતિપક્ષ છે. શુદ્ધોપયોગ (અર્થાત્

૧. નિયમસાર પૃ. ૧૪૯; પ્રવચનસાર ગા. ૭૨ પૃ. ૯૨ જયસેનજી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0 In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


નિશ્ચયમોક્ષમાર્ગ )થી શુભ અને અશુભોપયોગ બન્ને [2]વિલક્ષણ છે- વિરોધી છે, છતાં મુનિને સાથે રહેવામાં બાધ (વિરોધ) નથી. એ સરાગ અંશનો અભાવ દશમાં ગુણસ્થાનને અંતે થાય છે. વ્યવહાર-મોક્ષમાર્ગ તે પર-દ્રવ્ય પ્રવૃત્તિ છે. શ્રી. પંચાસ્તિકાયની ગાથા ૧૬૦ માં જે વ્યાખ્યા આપી છે તેમાં તે જ પ્રમાણે જણાવ્યું છે. આ શાસ્ત્રની ગા. ૨૯ પ્રમાણે તે આસ્રવ છે.

**૫. નિશ્ચયમોક્ષમાર્ગની વ્યાખ્યા:-** નિજનિરંજન શુદ્ધાત્મ તત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણમાં એકાગ્ર પરિણતિરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે. (આ મોક્ષશાસ્ત્રને અનુ-સરતી વ્યાખ્યા છે.) આ ગાથા તથા ગા. ૪૦ પ્રમાણે નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જે નિજઆત્મા છે તે નિશ્ચયમોક્ષમાર્ગ છે.

**૬. 'ધાતુપાષાણે અગ્નિવત્ સાધક વ્યવહાર-મોક્ષમાર્ગ' એ કથનનો અર્થ:-** દૃષ્ટાંત હમેશાં એક-દેશી હોય છે, સર્વાંશે લાગુ પડે નહિ. સોનાને પકવવામાં ઉપાદાનકારણ તો સોનું પોતે અને તેની યોગ્યતા છે, પણ નિમિત્ત અગ્નિ જ હોય, બીજા કોઈમાં ઉચિત નિમિત્તપણાની યોગ્યતા નથી. તેમ નિશ્ચય-મોક્ષમાર્ગ માટે ઉપાદાનકારણ તો પોતાનો આત્મા અને તેની યોગ્યતા છે, પણ નિમિત્ત વ્યવહાર-મોક્ષમાર્ગ જ હોય, બીજા કોઇ ભાવમાં ઉચિત નિમિત્તપણાની યોગ્યતા નથી. દૃષ્ટાંતમાં બે ભિન્ન પુદ્ગળ પદાર્થો છે. [ સિદ્ધાંત ] સાધકને ચારિત્ર ગુણની એક પર્યાયમાં

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



બે અંશો—એક વીતરાગી અંશ અને એક સરાગી અંશ છે. અગ્નિ જેમ નિમિત્ત તરીકે વ્યવહારનયે સાધક છે, તેમ વ્યવહારમોક્ષમાર્ગ નિમિત્ત તરીકે વ્યવહારનયે સાધક છે એટલે કે ઉપચારથી સાધક છે— ખરેખર સાધક નથી. ખરેખર સાધક હોય તો તે 'વ્યવહાર' એવું નામ પામે નહિ.

૭. આ શાસ્ત્રની ગાથા ૪૫ જે વ્યવહાર-ચારિત્ર સંબંધી છે તથા ગાથા ૪૯ જેમાં મંત્રો જપવા તથા પંચ-પરમેષ્ઠીનું ધ્યાન કરવા જણાવ્યું છે તે વ્યવહાર-મોક્ષમાર્ગને પ્રરૂપે છે.

૮. **સાધક વ્યવહારનયે:—** આ અધિકારમાં તથા બીજાં સ્થળોએ વ્યવહારને નિશ્ચયનો સાધક કહ્યો છે. ત્યાં દરેક સ્થળે તે સાધક વ્યવહારનયે હોવાથી તેનો અર્થ નિમિત્તમાત્ર છે એમ સમજવું. વળી પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ કેટલાક માને છે તે યથાર્થ નથી; કેમકે નિશ્ચયરૂપ સાધ્ય થાય ત્યારે તે વખતના કે પૂર્વના રાગાંશને 'વ્યવહાર' (ઉપચાર) કારણ કહેવાય. જો નિશ્ચયરૂપ સાધ્ય (કાર્ય) ન થાય તો સાધક કોનું? કાર્ય થયા વિના કોઈ પણ વસ્તુ કે પર્યાયને નિમિત્તકારણ કહી શકાય નહિ. કાર્ય વિના કારણ કોનું કહેવું? માટે કાર્ય થયા પહેલાં, તે વખતનો રાગાંશ કે પૂર્વનો રાગાંશ વ્યવહાર-મોક્ષમાર્ગ-(વ્યવહાર) સાધક એવું નામ પામે નહિ.

૯. **નિશ્ચય સાધક—** પુરુષ તે જ (આત્મા જ)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



અભેદનયે શુદ્ધનયનો વિષય હોવાથી, શુદ્ધાત્મનો સાધક હોવાથી, શુદ્ધઅભિપ્રાયરૂપે પરિણત હોવાથી શુદ્ધ છે એમ જાણવું. (જુઓ, સમયસાર ગા. ૧૪ શ્રી જયસેનાચાર્યની ટીકા, છેવટનો ભાગ, નવી આવૃત્તિ પૃ. ૩૮, જૂની આવૃત્તિ પૃ. ૪૧). ૩૯.

## નિશ્ચય મોક્ષમાર્ગનું વિશેષ કથન

रयणत्तयं ण वट्टइ अप्पाण मुयत्तु अण्णदवियम्हि ।
तह्मा तत्तियमइओ होदि हु मोक्खस्स कारणं आदा ।।४०।।
रत्नत्रयं न वर्त्तते आत्मानं मुक्त्वा अन्यद्रव्ये ।
तस्मात् तत्त्रिकमयः भवति खलु मोक्षस्य कारणं आत्मा ।।४०।।

**અન્વયાર્થ:**— [आत्मानं] આત્માને [मुक्त्वा] છોડીને [अन्य द्रव्ये] બીજા દ્રવ્યમાં [रत्नत्रयं] રત્નત્રય [न वर्त्तते] રહેતું નથી [तस्मात्] તે કારણથી [तत्त्रिकमयः] તે ત્રણ રત્નની એકતાવાળો [आत्मा] આત્મા [खलु] ખરેખર [मोक्षस्य कारणं] મોક્ષનું કારણ [भवति] છે.

**ભાવાર્થ:- ૧. નિશ્ચયરત્નત્રયનું સ્થાન-** (૧) નિજ શુદ્ધાત્મા સિવાય બીજે ક્યાંય પણ અન્ય દ્રવ્યમાં નિશ્ચય-રત્નત્રય હોતાં નથી-વર્તતાં નથી. "મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પદાર્થ નથી-નથી." ( નિયમસાર, કલશ ૧૩૫, પૃ. ૧૯૪). કોઈ પણ પરપદાર્થના આશ્રયે રત્નત્રય પ્રગટી શકે નહિ, કેમકે તેમાં તે હોતાં નથી. જીવોને અનાદિથી પરાશ્રયબુદ્ધિ વર્તે છે. અનુકૂળ પદાર્થોનો

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



સંયોગ હોય તો પોતે સુખી અને પ્રતિકૂળ પદાર્થોનો સંયોગ હોય તો દુઃખી એવી મિથ્યા માન્યતા કરી રહ્યો છે. પરપદાર્થો ઈષ્ટ-અનિષ્ટ કદી છે જ નહિ એમ તે માનતો નથી. તેથી પરપદાર્થો પ્રત્યેનો આશ્રય છોડાવી ત્રિકાળી શુદ્ધ ઉપાદાન—નિજશુદ્ધાત્માનો આશ્રય અહીં કરાવ્યો છે.

(૨) વ્યવહારરત્નત્રય છે તે પરદ્રવ્ય પ્રવૃત્તિ છે, તેના આશ્રયનું ફળ સંસાર છે, તેથી પરદ્રવ્ય તરફની પ્રવૃત્તિ છોડી, (સ્વદ્રવ્યના આશ્રયરૂપ) સ્વદ્રવ્યપ્રવૃત્તિ કર્યા વિના નિશ્ચયરત્નત્રય કદી પ્રગટે નહિ.

(૩) પોતાનો શુદ્ધાત્મા જ પોતાનું આલંબન-[૧]સાધન છે અને તે [૧]પરથી નિરપેક્ષ-નિરાલંબ છે, એવું વસ્તુનું સ્વરૂપ છે.

(૪) અને તેથી જ નિજ [૨]પરમાત્મતત્ત્વનાં સમ્યક્-શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયમાર્ગ પરમનિરપેક્ષ હોવાથી મોક્ષનો સાચો ઉપાય છે, અને તે શુદ્ધરત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ (મોક્ષની પ્રાપ્તિ) છે.

**૨. તે ત્રિકમય નિજઆત્મા—** આ કથન દ્રવ્યાર્થિકનયનું છે. એ ગા. ૩૯માં જણાવ્યું છે. શ્રી સમયસારની ગા. ૨૭૭ ને અનુસરીને આ ગાથા છે. નિશ્ચયસમ્ય-

---

૧. નિયમસાર ગા. ૯૯, પ્રવચનસાર ગા. ૧૯૨.

૨. નિયમસાર ગા. ૨ ટીકા, પૃ. ૭ તે (શુદ્ધરત્નત્રયમાર્ગ) વ્યવહાર-રત્નત્રયથી પરમનિરપેક્ષ છે એવો તેનો અર્થ છે.
(વ્યવહારનું ફળ સંસાર છે. જુઓ સ. સાર ગા. ૧૧ નો ભાવાર્થ.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે 'રત્નત્રય' છે એમ મૂળ ગાથામાં જ કહ્યું છે, તેથી એમ સમજવું કે શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે; શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે જ્ઞાનનો આશ્રય છે; શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે. તેમાં વ્યવહારનય પ્રતિષેધ્ય-નિષેધ્ય છે એમ સમજવું.

**૩. સર્વે વ્યવહાર છોડવા યોગ્ય છે:-** શ્રી યોગસાર (શ્રી યોગીન્દ્રદેવકૃત)ની ગાથા ૩૭, ૫૫ તથા ૮૯માં સર્વે વ્યવહાર છોડવા યોગ્ય છે એમ કહ્યું છે. તે છોડયા વિના તે રાગાંશનો અભાવ શી રીતે થાય? વ્યવહારરત્નત્રય છે ખરાં, જો તે ન જ હોય તો છોડવાં કોને? જો તે સાચો ધર્મ હોય તો છોડવા યોગ્ય હોઈ શકે નહિ-તેથી તેને માત્ર વ્યવહારનયે [૧]'સાધક' કહ્યાં છે પણ તે ઉપરથી તેમાં અંશે ધર્મ છે એમ માનવું તે ભ્રમ છે.

**૪. મોક્ષનું કારણ:-** એ રત્નત્રયરૂપે પરિણમેલો પોતાનો આત્મા તે જ મોક્ષનું ખરું-વાસ્તવિક-નિશ્ચય કારણ-(સાધન) છે. એમ જણાવી વ્યવહારરત્નત્રય તે મોક્ષનું ખરું કારણ નથી એમ સ્પષ્ટ જણાવ્યું છે. મોક્ષમાર્ગના ત્રણે અવયવોની વ્યાખ્યા હવે પછી ગાથા ૪૧-૪૨ અને ૪૬ માં આપી છે. ૪૦.

---

૧. અહીં સાધક એટલે નિમિત્ત-એવો અર્થ સમજવો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## સમ્યગ્દર્શનનું લક્ષણ

जीवादीसद्दहणं सम्मत्तं रूवमप्पणो तं तु ।
दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जम्हि ॥४१॥
जीवादिश्रद्धानं सम्यक्त्वं रूपं आत्मनः तत् तु ।
दुरभिनिवेशविमुक्तं ज्ञानं सम्यक् खलु भवति सति यस्मिन् ॥

**અન્વયાર્થઃ—** [जीवादिश्रद्धानं] જીવ વગેરે તત્ત્વોનું શ્રદ્ધાન કરવું [सम्यक्त्वं] તે સમ્યગ્દર્શન છે [तु] અને [तत्] તે [आत्मनः] આત્માનું [रूपं] સ્વરૂપ છે; [यस्मिन् सति] જે સમ્યગ્દર્શન થતાં [खलु] ખરેખર [ज्ञानं] જ્ઞાન [दुरभिनिवेशविमुक्तं] *વિપરીત અભિપ્રાયથી રહિત [सम्यक्] સમ્યક્ [भवति] હોય છે :—

**ભાવાર્થઃ- ૧. નિશ્ચયસમ્યગ્દર્શનઃ—** આ ગાથા નિશ્ચય સમ્યગ્દર્શનની છે. આત્મામાં 'શ્રદ્ધા' નામનો એક ગુણ છે, તેની અનાદિથી વિપરીત પર્યાય છે, તેને મિથ્યાદર્શન કહેવામાં આવે છે. ચોથે ગુણસ્થાને તે પર્યાયનો અભાવ થઇ સમ્યગ્દર્શનરૂપ પર્યાય થાય છે. તે સમ્યગ્દર્શન આત્માનું સ્વરૂપ છે. એ શ્રદ્ધાગુણની ત્રણ પ્રકારની પર્યાયો હોય છેઃ—

**(૧) મિથ્યાદર્શનઃ—** જે, જીવોને અનાદિથી છે (અને જે, જીવો સમ્યગ્દર્શન પામ્યા પછી ફરી મિથ્યાદર્શન

---

* સંશય, વિપરીત અને અનધ્યવસાયરૂપ જ્ઞાનને દુરભિનિવેશ (વિપરીત અભિપ્રાય) કહેવામાં આવે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



રૂપે પરિણમે તેને હોય છે, તેઓ સાદિ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.) આ પર્યાય ઊલટી-ઊંધી-વિપરીત છે.

**(૨) સમ્યગ્દર્શન:—** શ્રદ્ધાગુણની શુદ્ધ પર્યાય છે, તેને આ ગાથામાં 'आत्मनःरूपं' અર્થાત્ આત્માનું સ્વરૂપ કહ્યું છે. શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા ૨૨ માં 'आत्मरूपं तत्' અર્થાત્ તે આત્મસ્વરૂપ છે એમ કહ્યું છે. તેજ ગાથામાં તેને 'सदैवकर्तव्यम्' અર્થાત્ સદાકાળ કરવા યોગ્ય છે એમ કહ્યું છે. (એ શાસ્ત્ર શ્રાવકાચાર છે.) આ પર્યાય ચોથે ગુણસ્થાને પ્રથમ ઉપશમ-સમ્યક્ત્વ થતાં જ પ્રગટે છે. તે પુરુષાર્થ-સિદ્ધિ ઉપાય શાસ્ત્રની ગાથા નીચે પ્રમાણે છે:—

जीवाजीवादिनां तत्त्वार्थानां सदैवकर्तव्यम् ।
श्रद्धानं विपरीताभिनिवेश विविक्तात्मारूपं तत् ॥

(આ ગાથાનો અર્થ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૩૨૦ માં નીચે પ્રમાણે કર્યો છે):—

"અર્થ:— વિપરીત અભિનિવેશ રહિત જીવ-અજીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન સદાકાળ કરવા યોગ્ય છે. એ શ્રદ્ધાન આત્માનું જ સ્વરૂપ છે; કારણ કે દર્શનમોહરૂપ ઉપાધિ દૂર થતાં પ્રગટ થાય છે, માટે એ આત્માનો સ્વભાવ છે. ચતુર્થાદિ ગુણસ્થાનમાં પ્રગટ હોય છે અને પછી સિદ્ધ અવસ્થામાં પણ સદાકાળ તેનો સદ્ભાવ રહે છે."

**(૩) મિશ્ર અવસ્થા:—** જે, કાંઈક સમ્યક્ અને કાંઈક મિથ્યાત્વરૂપ હોય છે. આ અવસ્થા સાદિ મિથ્યાદૃષ્ટિને

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



હોય છે. અને તે સમ્યક્ત્વથી પતન થતાં થાય છે અને ઘણો અલ્પકાળ રહે છે. (આ કારણે આ પર્યાય સંબંધી વિશેષ કથનની જરૂર નથી; આ ત્રીજે ગુણસ્થાને જ હોય છે.)

**૨. ચોથે ગુણસ્થાને પ્રગટતું નિશ્ચયસમ્યગ્દર્શન એક જ પ્રકારે છે:—** સમ્યગ્દર્શન તો કાંઈ [1]બે નથી, પણ સમ્યગ્દર્શનનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા સમ્યગ્દર્શનને સમ્યગ્દર્શન નિરૂપણ કર્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે તથા જે સમ્યગ્દર્શન તો નથી પરંતુ સમ્યગ્દર્શનનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી સમ્યગ્દર્શન કહીએ. તે વ્યવહાર સમ્યગ્દર્શન છે; કારણ કે નિશ્ચય-વ્યવહારનું [2]સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર; માટે નિરૂપણ અપેક્ષાએ બે પ્રકારે સમ્યગ્દર્શન જાણવાં, પણ એક નિશ્ચય સમ્યગ્દર્શન છે, અને એક વ્યવહાર સમ્યગ્દર્શન છે—એમ બે સમ્યગ્દર્શન માનવાં મિથ્યા છે.

**૩. નિશ્ચય-વ્યવહાર સમ્યગ્દર્શનની વ્યાખ્યા તથા તેનું એક જ કાળે થવું:—** (૧) સાચા દેવ-ગુરુ-ધર્મમાં દૃઢ પ્રતીતિ, (૨) જીવાદિ સાત તત્ત્વોની યથાર્થ પ્રતીતિ, (૩) સ્વપરનું શ્રદ્ધાન, (૪) આત્મશ્રદ્ધાન અર્થાત્ શ્રદ્ધાગુણની નિર્મળ દશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધાત્માની—

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૫૩-૨૫૪. 'મોક્ષમાર્ગ'ને બદલે 'સમ્યગ્દર્શન' શબ્દ ઉપર લીધો છે.

૨. ચારે અનુયોગોનાં સર્વ શાસ્ત્રોમાં.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



અખંડજ્ઞાયકભાવની પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આ લક્ષણોના અવિનાભાવ સહિત જે શ્રદ્ધા થાય છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ પણ ધ્યાનમાં રાખવું કે નિશ્ચય-વ્યવહાર સમ્યગ્દર્શન એક જ કાળે થાય છે. વિપરીત અભિનિવેશરહિત આત્મપરિણામ તે નિશ્ચય સમ્યક્ત્વ છે, કારણ કે એ સત્યાર્થ સમ્યક્ત્વનું સ્વરૂપ છે. અને સત્યાર્થનું નામ જ નિશ્ચય છે, તથા એ વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાનનું (નિમિત્ત) કારણભૂત શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે. કારણ કે અહીં કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે, અને ઉપચારનું નામ જ વ્યવહાર છે. ત્યાં જીવને દેવ-ગુરુ-ધર્માદિનું સાચું શ્રદ્ધાન છે અને તેના જ નિમિત્તથી તેના શ્રદ્ધાનમાં વિપરીત અભિનિવેશનો અભાવ થાય છે. માટે અહીં વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે તો નિશ્ચયસમ્યક્ત્વ છે, તથા દેવ-ગુરુ-ધર્માદિનું શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે. એ પ્રમાણે એક જ કાળમાં તેને બન્ને સમ્યક્ત્વ હોય છે.

**૪. ઉપર કહેલ નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યાનો ખુલાસો:**—(૧) જે જીવને સાચા દેવ-ગુરુ અને ધર્મની પ્રતીતિ હોય તેને સાત તત્ત્વની, સ્વપરની તથા આત્માની શ્રદ્ધા હોય જ, કેમકે સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનું પ્રયોજન સાત તત્ત્વોની શ્રદ્ધા તે છે અને સાત તત્ત્વોની શ્રદ્ધાનું પ્રયોજન—જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ તે સ્વ છે અને અજીવ, આસ્રવ અને બંધ તે પર છે—એવી શ્રદ્ધા કરવી

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તે છે. અને સ્વ-પરની શ્રદ્ધાનું પ્રયોજન પોતાની પર્યાય પોતાના જીવ-સામાન્ય સન્મુખ કરવી તે છે. કેમકે તેના આશ્રયે સંવર-નિર્જરા ને મોક્ષપર્યાય પ્રગટે છે.

(૨) જો એ ચારમાંથી કોઇ પણ એકની, બેની કે ત્રણની શ્રદ્ધા હોય અને બાકીનાની ન હોય તો તેને એકેની સાચી શ્રદ્ધા નથી—એમ સમજવું.

(૩) દેવ, ગુરુ અને ધર્મ અથવા આપ્ત, આગમ અને ગુરુની શ્રદ્ધા—એ બન્ને કથનમાં ફેર નથી, બન્ને એક જ છે.

નિશ્ચયસમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી સિદ્ધ અવસ્થા સુધીના સર્વે સમ્યગ્દષ્ટિને હોય જ છે.

શ્રી રત્નકરણ્ડ શ્રાવકાચાર શાસ્ત્રની ગા. ૩૦–૩૩–૩૪–૩૫–૩૬ અગત્યની છે. ગાથા ૩૦ માં કહ્યું છે કે–શુદ્ધદષ્ટિ (નિશ્ચય સમ્યગ્દષ્ટિ) જીવ, ભય–આશા–સ્નેહ અથવા લોભથી કુદેવાદિને પ્રણામ કે વિનય કરતા નથી. ગાથા ૩૩ માં કહ્યું છે કે નિર્મોહી (સમ્યગ્દષ્ટિ) ગૃહસ્થ મોક્ષ-માર્ગમાં સ્થિત છે, પણ મિથ્યાદષ્ટિ મુનિ તો મોક્ષમાર્ગમાં સ્થિત નથી, તેથી મિથ્યાદષ્ટિ મુનિથી સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે. (મોક્ષમાર્ગ એટલે નિશ્ચયસમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા.) ગાથા ૩૫ માં કહ્યું છે કે–સમ્યગ્દર્શનથી શુદ્ધ અવ્રતી હોય તોપણ તે નારક–તિર્યંચ–નપુંસક–સ્ત્રી–માઠું કુળ–વિકળ અંગ કે નિર્ધનતામાં જન્મતો નથી. અહીં ચોથા ગુણસ્થાનવાળો જીવ શુદ્ધ (નિશ્ચય) સમ્યગ્દર્શનધારી

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


હોય છે, એમ સ્પષ્ટ કર્યું છે. ગાથા ૩૬ માં સમ્યગ્દર્શનથી પવિત્ર જીવ કેવા કુળમાં જન્મે છે તથા કેવા શરીરની પ્રાપ્તિ કરે છે તે જણાવ્યું છે. એટલે તે પણ ચોથા ગુણસ્થાનવાળા જીવને પવિત્ર (નિશ્ચય) સમ્યગ્દર્શન હોય છે એમ સિદ્ધ કરે છે. આ ગાથા ૩૫-૩૬નો આધાર બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૪૧ ટીકા, પૃ. ૧૬૧ માં લીધો છે. ગાથા ૩૪ માં કહ્યું છે કે, ત્રણ કાળ અને ત્રણ લોકમાં શરીરધારીઓને સમ્યક્ત્વ સમાન કાંઇપણ કલ્યાણ-શ્રેય નથી અને મિથ્યાત્વ સમાન કાંઈપણ અકલ્યાણ-અશ્રેય નથી. હવે મિથ્યાત્વ તો સમ્યગ્દર્શન થતાં ચોથે ગુણસ્થાને જ જાય છે. કલ્યાણકારી સમ્યગ્દર્શન તો નિશ્ચય સમ્યગ્દર્શન છે કેમકે તે શ્રદ્ધાગુણની શુદ્ધ પર્યાય છે. વ્યવહાર-સમ્યક્ત્વ તો શ્રદ્ધાગુણની પર્યાય જ નથી, એ તો ચારિત્ર-ગુણની વિકારી પર્યાય અર્થાત્ શુભોપયોગ છે—એમ શ્રી પ્રવચનસારની ગાથા ૧૫૭ માં શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતે કહ્યું છે. માટે ચોથે ગુણસ્થાનથી જ નિશ્ચય-સમ્યગ્દર્શન હોય છે એમ નિર્ણય કરવો.

૨. શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયઃ— (જે શ્રાવકાચારનું શાસ્ત્ર છે) ગાથા ૨૨ માં કહ્યું છે કે-વિપરીત અભિનિવેશથી રહિત જીવ-અજીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન સદાકાળ કર્તવ્ય છે; એ શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે. ચોથે ગુણસ્થાનથી નિશ્ચય-સમ્યક્ત્વ હોય છે એવો તેનો અર્થ છે, કેમકે અહીં તેને આત્માનું સ્વરૂપ કહ્યું છે અને સદા કર્તવ્ય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



વ્યવહાર સમ્યક્ત્વ તો રાગ છે; તે નીચેના ગુણસ્થાનમાં—ખેદ છે કે— આવ્યા વિના રહેતો નથી, પણ સમ્યગ્દષ્ટિ તે રાગનો માત્ર જ્ઞાતા છે, કર્તા નથી. એટલે કે તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. આ સમ્યક્ત્વ ચોથા ગુણ-સ્થાનમાં શરૂ થાય છે અને સિદ્ધ અવસ્થામાં પણ સદા-કાળ તેનો સદ્ભાવ રહે છે—એમ મોક્ષમાર્ગ પ્રકાશકમાં પૃ. ૩૨૦ માં કહ્યું છે. આ વ્યાખ્યા સાત તત્ત્વોની મુખ્યતાથી છે, ત્યાં બાકીના ત્રણ (–નિજ આત્માનું, સ્વ-પરનું તથા સુદેવાદિનું શ્રદ્ધાન) અવિનાભાવપણે હોય છે. સિદ્ધ ભગવાનને વ્યવહાર સમ્યક્ત્વ હોતું નથી.

**૫. શાસ્ત્રોમાં સમ્યગ્દર્શન સંબંધી કથન-પદ્ધતિઃ**— શાસ્ત્રોમાં કેટલીક જગ્યાએ સમ્યગ્દર્શન થયા પછી ચારિત્રની સવિકલ્પ દશા અગર નિર્વિકલ્પ દશાને ભેળવી સમ્યગ્દર્શનનું વર્ણન કરવામાં આવે છે; તે પ્રસંગે નીચે પ્રમાણે કથન હોય છેઃ—

(૧) દશમા ગુણસ્થાનના છેલ્લા સમયે સંપૂર્ણ રાગનો અભાવ થાય છે અને તે પહેલાં ભૂમિકા અનુસાર રાગ રહે છે. તેથી "[૧]ચોથા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધીના જીવ સરાગી સમ્યગ્દષ્ટિ કહેવાય છે, અને તેના ઉપરના વીતરાગી કહેવાય છે."

(૨) સાતમા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધી

૧. પં. હીરાલાલજી કૃત દ્રવ્યસંગ્રહ ટીકા, ગા. ૩૬, પૃ. ૧૨૧.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



અબુદ્ધિપૂર્વક રાગ રહે છે તેને ગૌણ કરી "×× અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી વીતરાગચારિત્ર અવિનાભૂત વીતરાગ સમ્યક્ત્વ" અને ચોથે-પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને સરાગ સમ્યક્ત્વ કહ્યું.[1]

(૩) વીતરાગી ભાવલિંગી મુનિ સાતમે અને છઠ્ઠે ગુણસ્થાને વારંવાર આવે છે, તેની મુખ્યતા લઈ શ્રી જયસેનાચાર્યે શ્રી સમયસારની ટીકામાં કહ્યું છે કે- "પંચમ ગુણસ્થાન ઉપરના ગુણસ્થાનવર્તી વીતરાગ સમ્યગ્દષ્ટિઓનું મુખ્યપણે અને સરાગ સમ્યગ્દષ્ટિઓનું ગૌણપણે ગ્રહણ-એ પ્રમાણે વર્ણન 'સમ્યગ્દષ્ટિ'ની વ્યાખ્યા કાળે સર્વત્ર તાત્પર્યપણે જાણવું.[2]"

[સરાગ સમ્યગ્દષ્ટિને વીતરાગસમ્યગ્દષ્ટિની અપેક્ષાએ વ્યવહાર સમ્યગ્દષ્ટિ કહેવાય છે, અને વીતરાગ સમ્યગ્દષ્ટિને સરાગ સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ નિશ્ચય સમ્યગ્દષ્ટિ પણ કહેવામાં આવે છે. "જે જીવોને વ્યવહાર સમ્યગ્દષ્ટિ કહ્યા છે તેઓ ઉપચારથી સમ્યગ્દષ્ટિ છે એમ ન સમજવું, પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દષ્ટિ છે એમ સમજવું. ચારિત્ર-

---

૧. શ્રી. સમયસાર ગા. ૧૭૭-૧૭૮ શ્રી જયસેનજી ટીકા, પૃ. ૨૫૨-૨૫૩ પ્રથમ આવૃત્તિ. આવું કથન દ્રવ્યસંગ્રહ ગા. ૨૨ તથા પરમાત્મપ્રકાશની ટીકામાં આવે છે. પણ ત્યાં ગુણસ્થાન જણાવ્યા નથી.

૨. શ્રી સમયસાર ગાથા ૨૦૧-૨૦૨. શ્રી જયસેનજી ટીકા, પૃ. ૨૮૭ આવૃત્તિ પહેલી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



અપેક્ષાએ રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્‌ત્વવાળા કહીને વ્યવહાર સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ (પંચાસ્તિકાયની ૧૫૦–૧૫૧મી ગાથાની ટીકામાં) કહ્યું છે કે જ્યારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ–સમ્યગ્દૃષ્ટિ [1]થાય છે." એ રીતે સરાગ સમ્યગ્દૃષ્ટિ પણ ખરેખર (સાચા–નિશ્ચય) સમ્યગ્દૃષ્ટિ છે.]

બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૩૯ની ટીકા પૃ. ૧૩૭–૩૮ માં સમ્યગ્દૃષ્ટિને 'વીતરાગ' એવું વિશેષણ શામાટે લગાવ્યું છે એવો પ્રશ્ન કર્યો છે. તેના સમાધાનમાં કહ્યું છે કે–ભેદવિજ્ઞાન ઉત્પન્ન થવા છતાં જેટલા અંશે રાગાદિનો અનુભવ કરે છે, તેટલા અંશે ભેદવિજ્ઞાની પુરુષ પણ બંધાય છે. ( અહીં કોઈ ગુણસ્થાનની વાત કહી નથી.)

(૪) શ્રદ્ધાગુણની એકની અપેક્ષા લેતાં ચોથે ગુણસ્થાને પ્રગટ થતું સમ્યગ્દર્શન વાસ્તવિક છે તેથી તે નિશ્ચય-સમ્યગ્દર્શન છે. અને સાતમે ગુણસ્થાને પ્રગટ થતું વીતરાગ અથવા નિશ્ચય સમ્યગ્દર્શન એ તો શ્રદ્ધા અને ચારિત્ર એ બે ગુણને ભેગા લઈને કહેવામાં આવે છે. આ સંબંધમાં શ્રી પરમાત્મપ્રકાશ અ. ૨, ગા. ૧૭, પૃ. ૧૪૬–૧૪૭ માં

૧. શ્રી પંચાસ્તિકાય ગા. ૨૭૨ ટીકા, પૃ. ૨૬૧ ફૂટનોટ. ગુજરાતી તથા હિંદી પંચાસ્તિકાય શ્રી. જયસેનજીની ટીકા પૃ. ૨૧૭-૨૧૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કહ્યું છે કે- "એ મહાપુરુષોને શુદ્ધાત્મા ઉપાદેય છે એવી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો છે, પણ ચારિત્રમોહના ઉદયથી સ્થિરતા નથી." આગળ જતાં તે ટીકામાં જ કહ્યું છે કે "શુભરાગના યોગથી તેઓ સરાગ સમ્યગ્દૃષ્ટિ છે."

(૫) શ્રી પંચાધ્યાયી ભાગ-૨માં કહ્યું છે કે 'સમ્યગ્દર્શન' માં સવિકલ્પ (સરાગ-વ્યવહાર) અને નિર્વિકલ્પ (વીતરાગ-નિશ્ચય) એવા ભેદ ખરેખર નથી. તેની ગાથા ૮૨૧-૨૨ માં કહ્યું છે કે શાસ્ત્ર અને લોકમાં એવી રૂઢિ છે કે-સમ્યક્ત્વ નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારના છે. વ્યવહાર સમ્યક્ત્વ સરાગ અર્થાત્ સવિકલ્પ છે અને નિશ્ચય સમ્યક્ત્વ વીતરાગ અર્થાત્ નિર્વિકલ્પ છે. તેના સમાધાનમાં પ્રથમ એમ જણાવ્યું છે કે ખરેખર એવું માનનાર પોતાની પ્રજ્ઞાના અપરાધથી ખોટા આશયવાળા છે. તેમનો જે કાંઇ શ્રુત-અભ્યાસ છે તે કેવળ કાયક્લેશ માટે છે. (ગા. ૮૨૭). શાસ્ત્રોમાં આ કથન કેવી રીતે આવે છે; તેનો ખુલાસો (આગળ જતાં) ઘણી ગાથાઓમાં આવે છે, તેમાંથી બે ગાથા જરૂરની હોવાથી અહીં તેનો હવાલો આપ્યો છે. પંચાધ્યાયી ભા. ૨, ગાથા ૯૦૨ નીચે પ્રમાણે છે:—

यत्पुनः कैश्चिदुक्तं स्यात्स्थूल लक्ष्योन्मुखैरिह ।
अत्रोपचारहेतुर्यस्तं ब्रुते किल साम्प्रतम् ॥९०१॥

અર્થ:— કોઈ પુરુષોએ સ્થૂલ ઉપચારદૃષ્ટિથી જે દર્શન-જ્ઞાનને સવિકલ્પ કહ્યું છે તેમાં જે ઉપચારકારણ છે, તેને હું હવે સ્પષ્ટરૂપથી કહું છું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૬) ત્યાર પછી ઉપચારકારણની ચર્ચા કરીને ગાથા ૯૦૯-૧૦માં કહ્યું કે—

विमृश्यैतत्परंकैश्चिदसदभूतोपचारतः ।
रागवज्ज्ञानमत्रास्ति सम्यक्त्वं तद्वदीरितम् ॥
हेतोः परं प्रसिद्धैर्यैः स्थूल लक्ष्यैरिति स्मृतम् ।
आप्रमत्तं च सम्यक्त्वं ज्ञानं वा सविकल्पकम् ॥

અર્થ:— કેવળ આ વાતનો વિચાર કરીને કોઈ પુરુષોએ ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયથી તે ગુણસ્થાનોમાં રાગસહિત જ્ઞાનને દેખીને સમ્યક્‌ત્વને પણ તેવું (સરાગ) કહ્યું છે. ૯૦૯.

કેવળ એ હેતુથી (બુદ્ધિપૂર્વક રાગના હેતુથી) પ્રસિદ્ધ રીતે સ્થૂલ ઉપચારદૃષ્ટિથી તેઓ તરફથી એમ કહેવામાં આવ્યું છે કે પ્રમત્તગુણસ્થાન સુધી (૪-૫-૬ ગુણસ્થાન સુધી) સમ્યક્‌ત્વ અને જ્ઞાન સવિકલ્પક (સરાગ) છે. ૯૧૦.

(૭) ઉપર કહેલાં શાસ્ત્રોમાં તથા બીજા શાસ્ત્રોમાં જ્યાં શ્રદ્ધા અને ચારિત્રગુણની પર્યાયો જુદી-જુદી વર્ણવી છે, ત્યાં એવું વર્ણન છે કે—ચોથા ગુણસ્થાનથી જ જીવને (૧) શુદ્ધ[૧] જિનજ્ઞાનદૃષ્ટિ, (૨) સમ્યકત્વચરણ ચારિત્ર, (૩) [૧]જિન સમ્યકત્વગુણ-વિશુદ્ધ અને (૪) સમ્યકત્વચરણ-શુદ્ધ હોય છે. (૫) જે જીવ વિશુદ્ધસમ્યક્‌ત્વ (શ્રદ્ધા) કરે છે તે ચારિત્રના દોષને પરિહરે છે, (૬) સમ્યક્‌ત્વને અનુસરનારો દુઃખનો ક્ષય કરે છે.

૧. ચારિત્રપાહુડ ગા. ૫-૮-૯-૧૩-૧૪-૧૭-૧૯.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૮) (૧) 'શ્રાવક તથા [1]મુનિપણાના કારણભૂત નિશ્ચય-સમ્યગ્દર્શનાદિ' હોય છે.

(૨) અવિરત દેશવિરત[2] આદિમાં ગુણનો એકદેશ આવે છે.

(૩) શુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન અતીંદ્રિય સુખ ઉપાદેય છે એમ પ્રતીતિ કરે છે (પ્રતિભાતિ) તે [3]ભાવસમ્યગ્દષ્ટિ છે. તે [4]નિશ્ચયસમ્યક્ત્વ છે.

(૪) શ્રદ્ધાન સદાકાળ કર્તવ્ય છે, એ [5]આત્માનું જ સ્વરૂપ છે; તે દર્શનમોહરૂપ [6]ઉપાધિ દૂર થતાં પ્રગટ થાય છે માટે એ આત્માનો સ્વભાવ છે. ચતુર્થાદિ ગુણસ્થાનમાં પ્રગટ હોય છે, પછી સિદ્ધ-અવસ્થામાં પણ સદાકાળ તેનો સદ્ભાવ રહે છે.

---

૧. ભાવપાહુડ ગા. ૬૬ અર્થ તથા ભાવાર્થ.

૨. ભાવપાહુડ ગા. ૧૨૦ ભાવાર્થ.

૩. પંચાસ્તિકાય ગા. ૧૬૩. ઉત્થાનિકા, પૃ. ૨૨૩ જયસેનજી.

૪. પરમાત્મપ્રકાશ અ. ૧, ગા. ૯૩, પૃ. ૯૭ સં., ગા. ૯૪, પૃ. ૯૮; અ. ૨. ગા. ૧૫ પૃ. ૧૪૩. સં., (ત્યાર પછી અ. ૨ ગા. ૧૭ પૃ. ૧૪૬-૧૪૭ એ પ્રકારે વ્યાખ્યાન) મોક્ષમાર્ગ-પ્રકાશક અ. ૯ પૃ. ૩૩૧-૩૩૨. બનારસીદાસકૃત સમયસાર-નાટક, ગુણસ્થાન અધિકાર. શ્લોક ૫૧ પહેલી કડી-બીજી લીટી, પૃ. ૪૯૦.

૫. પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગા. ૨૨.

૬. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૩૨૦-૩૨૩-૩૩૧-૩૩૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૫) તિર્યંચાદિક અને કેવળી–સિદ્ધ ભગવાનને સમ્યક્ત્વ-ગુણ સમાન કહ્યો છે.

(૬) વિપરીત અભિનિવેશરહિત આત્મપરિણામ તે તો નિશ્ચય-સમ્યક્ત્વ છે, કારણ કે એ સત્યાર્થ સમ્યક્ત્વનું સ્વરૂપ છે.

(૭) સમ્યગ્દર્શન [૧]શુદ્ધ–નિર્મળ હોય છે.

(૮) જેને ભેદજ્ઞાન પ્રગટ્યું–ચંદન[૨] જેવું શીતળ ચિત્ત જેને થયું, શિવમાર્ગમાં જે કેલિ કરે છે, જિનેશ્વરનો જે લઘુનંદન છે, સત્યસ્વરૂપ સદા જેને પ્રગટ્યું છે, જેને શાન્ત દશા છે, ગણધર જેવો વિવેક પ્રગટ્યો છે તે સમ્યગ્દષ્ટિ છે.

(૯) સમ્યક્ત્વ થતી વખતે [૩]નિર્વિકલ્પ દશા હોય છે પછી કોઇ કોઇ વખતે નિર્વિકલ્પ દશા પણ હોય છે.

(૧૦) જે અંતરાત્માપણું[૪] પ્રગટે છે તે મિથ્યાત્વ, રાગાદિ રહિત હોવાથી શુદ્ધ છે;—તેમાં જેટલે અંશે શુદ્ધિ છે તેટલે અંશે મોક્ષનું કારણ થાય છે.

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ ( રાયચંદ્ર શાસ્ત્રમાલા ) પૃ. ૧૫૧, ૧૬૨, ૧૭૬; રત્નકરંડશ્રાવકાચાર ગા. ૩૫–૩૬.

૨. બનારસીદાસ સમયસાર નાટક, મંગલાચરણ કાવ્ય ૬–૭–૮.

૩. અનુભવપ્રકાશ પૃ. ૫, પ્રવચનસાર ગા. ૮૦ જયસેનાચાર્ય ટીકા, પૃ. ૧૦૧–૨, પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી મોક્ષમાર્ગ-પ્રકાશક પૃ. ૩૪૯.

૪. પ્રવચનસાર અ. ૩. ગા. ૩૮ પૃ. ૩૨૯ જયસેનજી ટીકા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


(૧૧) શ્રાવકને ભેદાભેદ રત્નત્રય તથા શુદ્ધોપયોગ-શુદ્ધાત્મભાવના હોય છે.

(૧૨) સમ્યગ્દૃષ્ટિ જીવ અંતર્દૃષ્ટિ વડે મોક્ષપદ્ધતિ સાધી જાણે છે; તે બાહ્યભાવને બાહ્ય નિમિત્તરૂપ માને છે; તે નિમિત્ત તો નાના પ્રકારનાં છે, એકરૂપ નથી, તેથી અંતર્દૃષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગ સાધે છે.

એ વગેરે પ્રકારે ચોથા ગુણસ્થાનેથી પ્રગટ થનાર સમ્યગ્દર્શનનું અદ્‌ભુત મહાત્મ્ય છે. તે પ્રગટતાં જ્ઞાનમાંથી પણ વિપરીતપણું છૂટી જતાં સમ્યગ્જ્ઞાન થાય છે. (જુઓ, હવે પછી ગા. ૪૨, ભાવાર્થ, પારા નં. ૪.)

**સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો ઉપાય:—** શ્રી સમયસાર ગા. ૧૧ માં જણાવેલ ભૂતાર્થનયનો વિષય એવા નિજજ્ઞાયકભાવનો આશ્રય કરવો. ધર્મ પ્રગટ કરવા માટે આદિ–મધ્ય અને અંતમાં તે એક જ ઉપાય છે. ૪૧.

## સમ્યગ્જ્ઞાનનું લક્ષણ

संशयविमोहविब्भमविवज्जियं अप्पपरसरूवस्स ।
गहणं सम्मं णाणं सायारमणेयभेयं च ॥ ४२ ॥
संशयविमोहविभ्रमविवर्जितं आत्मपरस्वरूपस्य ।
ग्रहणं सम्यक् ज्ञानं साकारं अनेकभेदं च ॥ ४२ ॥

**અન્વયાર્થ:—** [संशयविमोहविभ्रमविवर्जितं] સંશય, વિમોહ અને વિભ્રમથી રહિત [साकारं] આકાર (વિકલ્પ)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



સહિત [ आत्मपरस्वरूपस्य ] આત્મા અને પરના સ્વરૂપનું [ग्रहणं] ગ્રહણ કરવું-જાણવું તે [ सम्यग्ज्ञानं ] સમ્યગ્જ્ઞાન છે. [च] અને તે [ अनेकभेदं ] અનેક પ્રકારે છે.

[*સંશયાદિ દોષ રહિત અને આકાર સહિત સ્વ-પર પદાર્થોનું જાણવું તે સમ્યગ્જ્ઞાન છે.]

**ભાવાર્થ:— ૧. જ્ઞાન સાકાર છે તેનો અર્થ:—** પ્રથમ તો અર્થવિકલ્પ તે જ્ઞાન છે; (૧) ત્યાં અર્થ એટલે શું? (૨) વિકલ્પ એટલે શું? ઉત્તર:- (૧) સ્વ-પરના વિભાગપૂર્વક રહેલું વિશ્વ તે અર્થ. સમસ્ત પદાર્થોને-સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને 'વિશ્વ' એવા એક શબ્દથી કહેવામાં

---

* **સંશય:—** विरुद्धानेककोटिस्पर्षि ज्ञानं संशयः- 'આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે' એવું જે પરસ્પર વિરુદ્ધતાપૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન તેને સંશય કહે છે; જેમકે આત્મા પોતાના કાર્યને કરી શકતો હશે કે જડના કાર્યને કરી શકતો હશે! એવું જાણવું તે સંશય છે.

**વિપર્યય:—** विपरीतैककोटीनिश्चयो विपर्ययः- વસ્તુસ્વરૂપથી વિરુદ્ધતાપૂર્વક 'આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે; જેમકે શરીરને આત્મા જાણવો તે વિપર્યય છે.

**અનધ્યવસાય:—** किमित्यालोचनमात्रमनध्यवसायः- 'કંઈક છે' એવો નિર્ધારરહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે. જેમકે 'હું કોઈક છું' એમ જાણવું તે અનધ્યવસાય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



આવે છે; તેથી છયે દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોના સમૂહને વિશ્વ કહે છે–એમ જાણવું. પદાર્થોમાં સ્વ અને પર એવા બે વિભાગ છે. જે જાણનાર આત્માનું પોતાનું હોય તે સ્વ છે અને બીજું બધું પર છે.

(૨) તેના આકારોનું અર્થાત્ સ્વરૂપોનું અવભાસન તે વિકલ્પ છે. (અવભાસન=અવભાસવું તે, પ્રકાશવું તે, જણાવું તે, પ્રગટ થવું તે. એક પદાર્થથી બીજો પદાર્થ જે સ્વરૂપે જુદો છે તે રીતે પોતાના જ્ઞાનમાં નક્કીપણે ભાસ થવો તે.)

એ રીતે સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન તે જ્ઞાન છે. જેમ દર્પણના નિજ વિસ્તારમાં સ્વ અને પર આકારો એકી સાથે પ્રકાશે છે, તેમ જેમાં યુગપદ્ સ્વ-પર આકારો (સ્વરૂપો) અવભાસે છે તે જ્ઞાન છે.

**૨. યુગપદ્ સ્વ-પરના સ્વરૂપનું જ્ઞાન થવા સંબંધી દૃષ્ટાંત:—** પરમાત્મા અનંત જ્ઞાન–સુખાદિરૂપ તે હું, તથા રાગાદિ આસ્રવો તે મારાથી જુદા અર્થાત ભિન્ન—એ રીતે સ્વપરાકારનું અવભાસન તે યુગપદ્ સ્વ-પરનું [1]યથાર્થ જ્ઞાન છે, કેમકે આત્મા અને આસ્રવનો ભેદ જ્યાં સુધી જીવ જાણે નહિ ત્યાં સુધી બંધ થયા વિના રહે નહિ, અને જ્યારે આત્મા અને આસ્રવનો તફાવત (ભેદ) જાણે ત્યારે તેને બંધનો નિરોધ [2]થાય છે.

---

૧. પ્રવચનસાર ગા. ૧૨૪ ટીકા, પૃ. ૨૧૩ ગુ., સં. ટીકા, પૃ. ૩૦૪ જયસેનાચાર્ય.

૨. સમયસાર ગા. ૬૮ થી ૭૨ તથા ૭૪.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૩. આકાર-વિકલ્પ-ના અર્થો:**— (૧) આકાર એટલે લાંબુ-પહોળું કે ગોળ, ચોરસ આદિ—એમ અહીં અર્થ થતો નથી; પણ જ્ઞાન સાકાર છે એટલે કે જ્ઞાન જ જુદા-જુદા પદાર્થોની તથા તેના સ્વરૂપની મર્યાદા નક્કી કરે છે. (૨) વિકલ્પનો અર્થ અહીં રાગ—(વિ=વિરુદ્ધ, કલ્પ=આચાર) એમ ન કરવો; પણ વિ અર્થાત્ વિશેષ અને કલ્પ અર્થાત્ જાણવું.—એ રીતે વિકલ્પનો અર્થ અહીં 'જ્ઞાન' સમજવો.

**૪. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું કારણ-કાર્યપણું:**—[૧]જ્ઞાનમાં મિથ્યા તથા સમ્યક્—એવી સંજ્ઞા મિથ્યાદર્શન--સમ્યગ્દર્શનના નિમિત્તથી થાય છે. જેમ મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ સુવર્ણાદિ પદાર્થોને જાણે છે તો સમાન, પરંતુ એ જ જાણપણું મિથ્યાદૃષ્ટિને મિથ્યાજ્ઞાન તથા સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન નામ પામે છે. એ જ પ્રમાણે સર્વ મિથ્યાજ્ઞાન-સમ્યગ્જ્ઞાનનું (નિમિત્ત) કારણ મિથ્યાદર્શન-સમ્યગ્દર્શન જાણવું.

**પ્રશ્ન:**- જ્ઞાન-શ્રદ્ધાન તો યુગપત્ હોય છે, તો તેમાં કારણ-કાર્યપણું કેવી રીતે કહો છો?

**ઉત્તર:**- 'એ હોય તો એ હોય' એ અપેક્ષાએ કારણ-કાર્યપણું હોય છે; જેમ દીપક અને પ્રકાશ એ બંને યુગપત્ હોય છે; તો પણ દીપક હોય તો પ્રકાશ હોય, તેથી દીપક કારણ છે અને પ્રકાશ કાર્ય છે.—એ પ્રમાણે અહીં જાણવું.

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક અ. ૪, પૃ. ૯૧.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૫. સમ્યગ્જ્ઞાન અને રાગ:—** સમ્યગ્જ્ઞાનોપયોગનો વિષય જ્યારે આત્મા હોય ત્યારે તે જ્ઞાન સ્વસંવેદનજ્ઞાન કહેવાય છે, તેથી ચારિત્ર અપેક્ષાએ તે જ્ઞાનને વીતરાગી જ્ઞાન અથવા નિશ્ચયજ્ઞાન, અને જ્યારે તે જ્ઞાનનો વિષય સમ્યગ્દષ્ટિને પરપદાર્થ હોય ત્યારે તે જ્ઞાનને વ્યવહારજ્ઞાન-સ્થૂળ દૃષ્ટિથી-કહેવામાં આવે છે. પણ તેથી તે વ્યવહારજ્ઞાન-ઉપચારરૂપ થઈ જતું નથી પણ ખરેખર તે (નિશ્ચય) સમ્યગ્જ્ઞાન જ છે. આ વિષય પંચાધ્યાયીમાં લેવામાં આવ્યો છે. (આ માટે જુઓ ગાથા ૪૧.) ભાવાર્થ પારા–૫ (૧) થી (૭) માં છે તે પ્રમાણે અહીં પણ એમ સમજવું કે બન્ને ગુણોને જુદા-જુદા ન ગણતાં તે જ્ઞાન સમ્યક્ જ ખરેખર છે, તે ઉપચાર નથી.

**પ્રશ્ન:**—ચારિત્રની અપેક્ષાએ કથન હોય ત્યારે રાગ સાથે રહેલા સમ્યગ્જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહી તેને સાધક અને નિર્વિકલ્પ દશાના નિશ્ચયજ્ઞાનને [૧]સાધ્ય કહેવામાં આવે છે. તેનો શું અર્થ છે?

**ઉત્તર:—** સમ્યગ્દષ્ટિ પોતાનો પુરુષાર્થ વધારી સ્વસંવેદન જ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે ઉપર કહેલા વ્યવહારજ્ઞાનનો અભાવ થાય છે છતાં તે તે વખતે સહચારી છે. એમ ભૂતનૈગમનયે ગણી તેને નિમિત્ત—બહિરંગ સાધક—

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહમાં આ ગાથા ૪૨ની ટીકામાં પૃ. ૧૬૬ માં આ મતલબે જણાવ્યું છે. શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળા આવૃત્તિ ૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(ઉચિત નિમિત્ત)નું જ્ઞાન કરાવવા માટે કહેવાય છે. ખરી રીતે નિશ્ચય સાધક તો પોતાનો સ્વસન્મુખ થયેલો પુરુષાર્થ છે એમ સમજવું.

**૬. સમ્યગ્જ્ઞાન અર્થે થતી પ્રવૃત્તિ સંબંધી:–** જો [1]જીવને સાચું તત્ત્વજ્ઞાન થાય તો તે પુણ્ય–પાપના ફળને સંસાર જાણે, શુદ્ધોપયોગથી મોક્ષ માને અને ગુણસ્થાનાદિ-રૂપ જીવનું વ્યવહારનિરૂપણ જાણે. હવે તત્ત્વજ્ઞાનનું કારણ તો અધ્યાત્મરૂપ દ્રવ્યાનુયોગના શાસ્ત્ર છે. ત્યાં કોઈ જીવ એ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, પરંતુ ત્યાં જેમ લખ્યું છે તેમ પોતે નિર્ણય કરી પોતાને પોતારૂપ, પરને પરરૂપ તથા આસ્રવાદિને આસ્રવાદિરૂપ શ્રદ્ધા કરતો નથી. માટે યથાર્થ નિર્ણય કરી 'હું જ્ઞાનસ્વરૂપ છું' એવો પોતાને પર દ્રવ્યથી ભિન્ન–કેવળ ચૈતન્યદ્રવ્યમય અનુભવવો એ કાર્યકારી છે.

**૭. સમ્યગ્જ્ઞાનના ભેદો:—** આ ભેદો પાંચ છે— (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યય અને (૫) કેવળજ્ઞાન—આ પાંચ જ્ઞાનગુણની સમ્યક્ પર્યાયો છે. આ, જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પણ ઊલટા તેને અભિનંદે છે–અભેદરૂપ જાહેર કરે છે. માટે એવા એક અભેદ આત્મસ્વભાવનું આલંબન કરવું. [2]તેનાથી જ નિજ પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો

---

૧. જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૭, પૃ. ૨૪૦.

૨. સમયસાર ગા. ૨૦૪, પૃ. ૩૨૮–૩૨૯; પરમાત્મપ્રકાશ અ. ૧, ગાથા ૧૦૫ પૃ. ૧૦૯, ગા. ૧૦૭ પૃ. ૧૧૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



નાશ થાય છે, આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે, કર્મ (ભાવકર્મ અને દ્રવ્યકર્મ) જોરાવર થઈ શકતું નથી, રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થતા નથી, ફરી કર્મ આસ્રવતું નથી, ફરી કર્મ બંધાતું નથી, પૂર્વે બંધાયેલું કર્મ નિર્જરી જાય છે, સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. ૪૨.

## દર્શનોપયોગનું લક્ષણ

जं सामण्णं गहणं भावाणं णेव कट्टुमायारं ।
अविसेसिदूण अट्ठे दंसणमिदि भण्णए समये ॥४३॥
यत् सामान्यं ग्रहणं भावानां नैव कृत्वा आकारम् ।
अविशेषयित्वा अर्थान् दर्शनं इति भण्यते समये ॥४३॥

**અન્વયાર્થ**:– [ अर्थान् ] પદાર્થોના [ नैव कृत्वा आकारं ] આકારને નહિ ગ્રહણ કરતાં [ अविशेषयित्वा ] વિશેષતા ન કરતાં [ यत् ] જે [ भावानां सामान्यं ग्रहणं ] પદાર્થોનું સામાન્ય ગ્રહણ કરવું તે [ दर्शनं ] ❀દર્શન છે [ इति ] એમ [ समये ] શાસ્ત્રમાં [ भण्यते ] કહેલું છે.

**ભાવાર્થ**:– પદાર્થોનું જે સામાન્ય ગ્રહણ કરવું તેને દર્શન કહે છે. તેની અંદર "આ કાળો છે, આ ઘડો છે, આ આ છે" વગેરે કોઈ પણ પ્રકારની વિશેષતા પેદા થતી નથી; અથવા આત્માના ઉપયોગનું પદાર્થ તરફ ઝૂકવું તે

---

❀ "विषयविषयिसन्निपाते दर्शनम्" અર્થ:–પદાર્થ અને ઇંદ્રિયનો સંબંધ થતાં દર્શન થાય છે. (આ દર્શનગુણને સામાન્ય ચેતના કહેવામાં આવે છે.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



દર્શન છે. (જ્ઞાન થવા પહેલાં સામાન્ય પ્રતિભાસરૂપ ચેતનાનો વ્યાપાર તેને દર્શનઉપયોગ કહે છે.)

## દર્શન અને જ્ઞાનની ઉત્પત્તિ થવામાં નિયમ

दंसणपुव्वं णाणं छदुमत्थाणं ण दुण्णि उवओगा ।
जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दोवि ॥४४॥
दर्शनपूर्व्वं ज्ञानं छद्मस्थानाम् न द्वौ उपयोगौ ।
युगपत् यस्मात् केवलिनाथे युगपत् तु तौ द्वौ अपि ॥४४॥

**અન્વયાર્થઃ—** [छद्मस्थानाम्] અલ્પ જ્ઞાનીઓને [दर्शनपूर्व्वं] દર્શનપૂર્વક [ज्ञानं] જ્ઞાન હોય છે [यस्मात्] તે કારણથી [द्वौ उपयोगौ] બે ઉપયોગ [युगपत्] એકીસાથે [न] હોતા નથી [तु] પરંતુ [केवलिनाथे] કેવળી ભગવાનને [तौ द्वौ अपि] તે બન્ને ઉપયોગો [युगपत्] એકીસાથે હોય છે.

**ભાવાર્થઃ—** અલ્પજ્ઞાનીઓને પહેલાં દર્શન હોય છે, પછી જ્ઞાન થાય છે, બે ઉપયોગ સાથે હોતા નથી; પણ સર્વજ્ઞદેવને દર્શન અને જ્ઞાન એ બે ઉપયોગ એકીસાથે હોય છે.

## વ્યવહારચારિત્રનું લક્ષણ અને ભેદ

असुहादो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं ।
वदसमिदिगुत्तिरूवं ववयारणया दु जिणभणियं ॥ ४५ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



अशुभात् विनिवृत्तिः शुभे प्रवृत्तिः च जानीहि चारित्रम् ।
व्रतसमितिगुप्तिरूपं व्यवहारनयात् तु जिनभणितम् ॥ ४५ ॥

**અન્વયાર્થ:—** [ अशुभात् ] અશુભ ક્રિયાઓથી [ विनिवृत्तिः ] નિવૃત્ત થવું [ च ] અને [ शुभे प्रवृत्तिः ] શુભમાં પ્રવૃત્તિ કરવી તેને [ चारित्रं ] ચારિત્ર [ व्यवहारनयात् ] વ્યવહારનયથી [ जानीहि ] જાણવું અને તે ચારિત્ર [ व्रतसमिति-गुप्तिरूपं ] વ્રત, સમિતિ અને ગુપ્તિરૂપ છે એમ [ जिनभणितं ] જિનેશ્વર ભગવાને કહેલું છે.

**ભાવાર્થ:– ૧. વ્યવહારચારિત્ર—** (૧) આ ગાથા સમ્યગ્દૃષ્ટિના વ્યવહારચારિત્રની છે. (મિથ્યાદૃષ્ટિને વ્યવહાર-ચારિત્ર હોતું નથી). ચારિત્ર ગુણની પર્યાયની શુદ્ધિનો નિયમ એવો છે કે તે ગુણની પર્યાય ચોથા ગુણસ્થાનથી ક્રમે ક્રમે શુદ્ધ થાય છે તેથી ૪ થી ૧૦માં ગુણસ્થાનના અંત સુધી તે ચારિત્રની એક પર્યાયના બે અંશો હોય છે. (૧) વીતરાગી અંશ જે સંવર–નિર્જરારૂપ છે અને (૨) રાગાંશ.

આ ગાથા છઠ્ઠા ગુણસ્થાનના ભાવલિંગીનું વ્યવહાર-ચારિત્ર કેવું હોય અર્થાત્ ત્યાં શુભરાગાંશ જે આસ્રવ-બંધરૂપ શુભોપયોગ છે તે કેવો હોય એ સમજાવે છે.

(૨) તત્ત્વાર્થસૂત્રમાં આસ્રવપદાર્થનું નિરૂપણ કરતાં મહાવ્રત–અણુવ્રતને પણ આસ્રવરૂપ કહ્યાં છે તો એ ઉપાદેય-રૂપ કેવી રીતે હોય? તથા આસ્રવ તો બંધનો સાધક છે અને ચારિત્ર મોક્ષનું સાધક છે, તેથી એ મહાવ્રતાદિરૂપ આસ્રવભાવોને ચારિત્રપણું સંભવતું નથી. (૩) પણ સર્વ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


કષાયરહિત ઉદાસીનભાવ (વીતરાગભાવ) તેનું જ નામ ચારિત્ર છે. (૪) ચારિત્રમોહના દેશઘાતી સ્પર્દ્ધકોના ઉદયના નિમિત્તે જે મહામંદ પ્રશસ્ત રાગ થાય છે તે તો ચારિત્રનો મળ છે. એને નહિ છૂટતો જાણીને તેનો ત્યાગ કરતા નથી અને સાવદ્ય યોગનો જ ત્યાગ મુનિઓ કરે છે. તેઓ હિંસાદિ તીવ્ર કષાયરૂપ ભાવોનો ત્યાગ કરે છે તથા કોઇ મંદ કષાયરૂપ [૧]મહાવ્રતાદિને પાળે છે, પરંતુ તેને મોક્ષ-માર્ગ માનતા નથી. (૫) તેને વ્યવહારચારિત્ર કહ્યું છે તેનું કારણ એ છે કે વ્યવહાર નામ ઉપચારનું છે. એ [૨]મહાવ્રતાદિ થતાં જ પુરુષાર્થ વધારી તેને ઓળંગી જતાં વીતરાગચારિત્ર થાય છે. એવો સંબંધ જાણી એ મહા-વ્રતાદિકમાં ચારિત્રનો ઉપચાર કર્યો છે. પણ નિશ્ચયથી તો નિષ્કષાય ભાવ છે તે જ સાચું ચારિત્ર છે.

**૨. પ્રથમની ગાથા ૩૫માં કહેલ વ્રતાદિ સંબંધીઃ–** સંવર અધિકારમાં જે વ્રત–સમિતિ–ગુપ્તિ આદિ કહ્યાં છે તે નિશ્ચયવ્રત–સમિતિ–ગુપ્તિ આદિ સમજવાં; અર્થાત્ જે નિષ્કષાયભાવરૂપ વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા આદિ છે તે નિશ્ચયચારિત્ર છે. ૪૫.

---

૧. પ્રવચનસાર ગા. ૧૫૭, પાનું ૨૬૯ ગુ., પંચાસ્તિકાય ગા. ૧૩૭, પૃ. ૨૦૧ ગુ.

૨. પ્રવચનસાર ગા. ૫, ગુ., તથા મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૭, પૃ. ૨૩૩.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## નિશ્ચયચારિત્રનું લક્ષણ

बहिरब्भंतरकिरियारोहो भवकारणप्पणासट्ठं ।
णाणिस्स जं जिणुत्तं तं परमं सम्मचारित्तं ॥४६॥
बहिरभ्यन्तरक्रियारोधः भवकारणप्रणाशार्थम् ।
ज्ञानिनः यत् जिनोक्तम् तत् परमं सम्यक्चारित्रम् ॥४६॥

**અન્વયાર્થ:—** [ भवकारणप्रणाशार्थं ] ભવનાં કારણને નાશ કરવા માટે [ज्ञानिनः] જ્ઞાનીઓને [ बहिरभ्यन्तरक्रियारोधः ] બાહ્ય અને અભ્યન્તર* ક્રિયાઓનું રોકવું છે [ तं ] તે [ जिनोक्तम् ] જિનેશ્વરદેવે કહેલું [ परमं ] ઉત્કૃષ્ટ+ [ सम्यक्चारित्रम् ] સમ્યક્ચારિત્ર છે.

**ભાવાર્થ:—૧. પરમ સમ્યક્ચારિત્ર:—** નિશ્ચય-ચારિત્ર કહો કે પરમ સમ્યક્ચારિત્ર કહો, બન્ને એક જ છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક હોય છે. તેથી જ્ઞાનીઓને જ હોય છે એમ સમજવું. આ સંબંધમાં બે ગાથાઓ શ્રી પ્રવચનસારમાં છે તે નીચે આપી છે:—

[ ગાથા ૭ ]

"ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે, ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજપરિણામ છે. ॥ ૭ ॥

---

* શુભ અને અશુભરૂપ વચન અને કાયાની ક્રિયાને બાહ્યક્રિયા કહે છે. શુભ તથા અશુભ મનના વિકલ્પરૂપ ક્રિયાના વ્યાપારને અભ્યંતરક્રિયા કહેવામાં આવે છે.

+ નિશ્ચય.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## [ ગાથા ૯૨ ]

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,
વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ–મહાત્મા 'ધર્મ' છે. ॥૯૨॥

(આ ગાથાઓની ટીકા વાંચવી). આચાર્યદેવ ગા. ૯૨ની ટીકામાં કહે છે કે જીવને પોતાને ધર્મ થયો છે કે નહિ તેની ખબર પડી શકે છે, કેમકે પોતાને 'ધર્મ' પ્રગટ્યો છે એમ તેમાં જણાવે છે.

૨. ધર્મ:—નિશ્ચયચારિત્ર મોક્ષનું સાક્ષાત્ કારણ છે અને તેથી તેને 'ધર્મ' કહ્યો છે. ચોથે–પાંચમે–છઠ્ઠે ગુણસ્થાને તે તે ગુણસ્થાનને લાયક શુદ્ધિરૂપ ધર્મ હોય છે. ૪૬.

## ધ્યાનાભ્યાસ કરવાની પ્રેરણા

दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा ।
तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ॥ ४७ ॥
द्विविधं मोक्षहेतुं ध्यानेन प्राप्नोति यत् मुनिः नियमात् ।
तस्मात् प्रयत्नचित्ताः यूयं ध्यानं समभ्यसत ॥ ४७ ॥

અન્વયાર્થ:—[ यत् ] કારણ કે [ मुनिः ] મુનિ [ नियमात् ] નિયમથી [ द्विविधं अपि ] બન્ને પ્રકારના પણ [ मोक्षहेतुं ] મોક્ષનાં કારણોને [ ध्यानेन ] ધ્યાનથી [ प्राप्नोति ] પ્રાપ્ત કરે છે. [ तस्मात् प्रयत्नचित्ताः ] તેથી તેમાં પ્રયત્ન-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



શીલ થઈને [ यूयं ] તમે [ ध्यानं ] ધ્યાનનો* [ समभ्यसत ] સારી રીતે અભ્યાસ કરો.

**ભાવાર્થઃ—૧. નિજ શુદ્ધાત્મામાં એકતારૂપ ધ્યાન કરવાથી નિશ્ચયવ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટે છે એવો નિયમઃ—**

મુનિદશાને ઉચિત ધ્યાનનું સામર્થ્ય પ્રગટ કરવાથી જીવને ૭મું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે અને તે નિર્વિકલ્પ દશાથી ખસીને જ્યારે તે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે તેને ૨૮ મૂળગુણરૂપ વ્યવહારમોક્ષમાર્ગ હોય છે. જ્યાં સુધી શ્રેણી માંડવાનો પ્રચંડ પુરુષાર્થ ન પ્રગટ કરે ત્યાં સુધી મુનિઓ વારંવાર ૭મા અને ૬ઠ્ઠા ગુણસ્થાને આવે છે. આમ મુનિદશાના ધ્યાનનું સામર્થ્ય જ એવું હોય છે કે જ્યારે નિર્વિકલ્પદશામાં તેઓ ન રહી શકે ત્યારે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય વ્યવહારમોક્ષમાર્ગના વિકલ્પ આવે છે.

જીવને ચોથું ગુણસ્થાન પ્રથમ પ્રગટ થવા કાળે જે નિર્વિકલ્પ ધ્યાન પ્રગટે છે તે ધ્યાનથી ખસીને જ્યારે અવિરત સમ્યગ્દૃષ્ટિ સવિકલ્પ દશામાં આવે છે ત્યારે તેને

---

* उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम्ः—

**અર્થઃ**—ઉત્તમ સંઘયણવાળાનું એકાગ્રતાપૂર્વક ચિંતાને રોકવું તે ધ્યાન છે. આ ધ્યાન અંતર્મુહૂર્ત (બે ઘડીથી કાંઇક ઓછા સમય) સુધી રહે છે. બીજી ક્રિયાંઓથી ચિત્તને હટાવીને એક જ ક્રિયામાં રાખવું તેને **એકાગ્રચિંતાનિરોધ** કહે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



* આઠ અંગ અર્થાત્ આઠ ગુણરૂપ સમ્યક્ આચરણ (-ચરણ) હોય છે. અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને કુતત્ત્વનો તેને સ્વીકાર હોતો નથી તથા કુદેવાદિ પ્રત્યે સ્તુતિ, પ્રશંસા, વંદન, નમસ્કાર, મહિમા, આદર વગેરેરૂપ અનાચાર તેને હોતો નથી.

વળી તે જ જીવ જ્યારે પાંચમા ગુણસ્થાનને યોગ્ય ધ્યાનનું સામર્થ્ય પ્રગટ કરે છે ત્યારે તેને નિર્વિકલ્પ ધ્યાન હોય છે અને તે ધ્યાનથી ખસીને જ્યારે સવિકલ્પ દશામાં આવે છે ત્યારે તેને તે ભૂમિકાને યોગ્ય અણુવ્રતાદિનું આચરણ (-ચરણ) હોય છે, પણ અવ્રતના અશુભ ભાવો હોતા નથી.

આ ઉપરથી એમ સમજવું કે સ્વસન્મુખતારૂપ ધ્યાનમાં જ એવું સામર્થ્ય છે કે જીવ તે ધ્યાન વડે નિશ્ચય અને વ્યવહારમોક્ષમાર્ગ (શ્રાવક અને મુનિ ભૂમિકાનુસાર) પ્રાપ્ત કરે છે. ત્યાં જેટલા અંશે વીતરાગભાવ છે તેટલા અંશે સાચો મોક્ષમાર્ગ છે.

**૨. ધ્યાનનો અભ્યાસ:—** એ કારણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી પણ વારંવાર સ્વરૂપમાં એકાગ્ર થવાનો

* આઠ અંગનાં નામ:— નિ:શંકિતત્વ, નિષ્કાંક્ષિતત્વ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન અથવા ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના. આના વિસ્તાર માટે જુઓ બૃ. દ્રવ્યસંગ્રહ ગા. ૪૧ સં. ટીકા, સમયસાર ગા. ૨૨૮ થી ૨૩૬ ગાથા, ટીકા અને ભાવાર્થ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પુરુષાર્થ કરવો અને તે જ અભ્યાસમાં સારી રીતે સાવધાન રહેવું તે જરૂરી છે. ૪૭.

## ધ્યાનમાં લીન થવાનો ઉપાય

मा मुज्झह मा रज्जह णा दुस्सह इट्ठनिट्ठअत्थेसु ।
थिरमिच्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए ॥४८॥
मा मुह्यत मा रज्यत मा द्विष्यत इष्टानिष्टार्थेषु ।
स्थिरं इच्छत्त यदि चित्तं विचित्रध्यानप्रसिद्ध्यै ॥४८॥

**અન્વયાર્થ:—** [यदि] જો [विचित्रध्यानप्रसिद्ध्यै] [1]વિચિત્ર અર્થાત્ અનેક પ્રકારનાં ધ્યાનની પ્રાપ્તિ કરવા માટે [चितं] ચિત્તને [स्थिरं] સ્થિર કરવા [इच्छत्त] ચાહતા હો તો [इष्टानिष्टार्थेषु] [2]ઈષ્ટ અને [3]અનિષ્ટ પદાર્થોમાં [मा मुह्यत] મોહ ન કરો, [मा रज्यत] રાગ ન કરો અને [मा द्विष्यत] દ્વેષ ન કરો.

**ભાવાર્થ:—**સંસારી જીવ ઈષ્ટ પદાર્થોમાં મોહ કરે છે અને તેમાં અધિક અનુરાગ કરે છે તથા અનિષ્ટ પદાર્થોમાં દ્વેષ કરે છે. ઉત્તમ ધ્યાનની પ્રાપ્તિ માટે એમ ન કરવું જોઈએ.

**કોઈ પરપદાર્થ ઈષ્ટ–અનિષ્ટ નથી.** (૧) જે [1]પોતાને સુખદાયક-ઉપકારી હોય તેને ઈષ્ટ કહીએ છીએ

---

૧. વિચિત્રનો અર્થ શુભ અને અશુભ વિકલ્પ રહિત, તથા અનેક પ્રકારના પદસ્થ ધ્યાન વગેરે પણ થાય છે.
૨. પુત્ર, સ્ત્રી, ધન, માલા વગેરે.
૩. સર્પ, શત્રુ, વિષ, કંટક વગેરે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તથા જે પોતાને દુઃખદાયક—અનુપકારી હોય તેને અનિષ્ટ કહીએ છીએ. હવે, લોકમાં સર્વ પદાર્થો તો પોતપોતાના સ્વભાવના કર્તા છે; કોઈ કોઈને સુખદાયક—દુઃખદાયક કે ઉપકારી—અનુપકારી નથી. માત્ર આ જીવ પોતાના પરિણામોમાં તેમને સુખદાયક અને ઉપકારી જાણી ઇષ્ટરૂપ માને છે, અથવા દુઃખદાયક અને અનુપકારી જાણી અનિષ્ટરૂપ માને છે. જો પદાર્થોમાં ઇષ્ટ—અનિષ્ટપણું હોય તો જે પદાર્થ ઇષ્ટરૂપ હોય તે સર્વને ઇષ્ટરૂપ જ થાય, પણ એમ તો થતું નથી. માત્ર આ જીવ પોતે જ કલ્પના કરી તેને ઇષ્ટ-અનિષ્ટરૂપ માને છે, પણ એ કલ્પના જૂઠી છે.

(૨) જો પરદ્રવ્ય [1]ઇષ્ટ-અનિષ્ટ હોત અને ત્યાં આ જીવ રાગદ્વેષ કરતો હોત તો મિથ્યા નામ ન પામત; પણ તે તો ઇષ્ટ-અનિષ્ટ નથી અને આ જીવ તેને ઇષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરે છે. પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે; જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિક ઉપજતા નથી, ત્યારે જ સાચો ધર્મ થાય છે.

(૩) આત્મા જ્ઞાતા અને પરપદાર્થો જ્ઞેય છે. તેમાં આત્મા પોતાથી પોતામાં એકરૂપ થઈ પોતાને જાણે છે. તેથી પોતાનો નિશ્ચયનયે જ્ઞાતા છે. પર પદાર્થો તેના જ્ઞાનનો વિષય છે, પણ પર સાથે જીવ એકરૂપ થઈ જતો

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૯૩—૯૪, ૨૩૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



નથી, તેથી પરનો વ્યવહારનયે જ્ઞાતા છે. એટલો જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહારસંબંધ જીવને સર્વે પરપદાર્થો સાથે છે અને તેથી જ આત્મા સર્વે પદાર્થોનો જ્ઞાતા છે.

૨. **મોહ-રાગ-દ્વેષઃ**— પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માનવા તે મિથ્યાત્વભાવરૂપ મોહ છે, અને તેના પ્રત્યે કષાય-ભાવ થવો તે રાગ-દ્વેષ છે. મિથ્યાત્વરૂપ મોહના કારણે આત્મસાવધાનતાનો સર્વથા અભાવ થાય છે. માયા અને લોભ એ બે કષાય તથા હાસ્ય, રતિ અને ત્રણે પ્રકારના વેદ—એ બધાનું નામ રાગ છે, કારણ કે ત્યાં ઈષ્ટબુદ્ધિ થઇ અનુરાગ પ્રવર્તે છે. તથા ક્રોધ-માન એ બે કષાય અને અરતિ, શોક, ભય, જુગુપ્સા—એ બધાનું નામ દ્વેષ છે. કારણ કે ત્યાં અનિષ્ટબુદ્ધિ થઈ દ્વેષ પ્રવર્તે છે. સામાન્ય-પણે એ રાગ-દ્વેષ અને મોહ—એ બધાનું નામ મોહ છે. કારણ કે એ બધા પ્રસંગે સર્વત્ર આત્માની [1]અસાવધાનતા જ હોય છે.

૩. **'વિચિત્ત ઝાણપ્પ સિદ્ધિએ'**:—ગાથામાં આ પદ છે. તેના બે અર્થ થાય છે. (૧) એક અર્થ 'વિચિત્ર' થાય છે, જેને અનુસાર પિંડસ્થ-પદસ્થાદિ નાના પ્રકારનાં

---

૧. આ સંબંધનું વર્ણન મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૨, પૃ. ૪૨ થી ૪૪. અ. ૩, પૃ. ૫૪ થી ૬૧ તથા અ. ૪, પૃ. ૮૦ થી ૮૮, તથા ૯૨ થી ૯૮ સુધી છે. તે મુમુક્ષુઓએ અભ્યાસ કરવા યોગ્ય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ધ્યાન એવો અર્થ નીકળે છે. (૨) બીજો અર્થ વિગત (નષ્ટ) થઈ ગયું છે ચિત્ત—અર્થાત્ મનના નિમિત્તે ઉત્પન્ન થતા શુભાશુભ વિકલ્પોનો સમૂહ—જેમાં, એવું નિર્વિકલ્પ ધ્યાન. એવો પણ થાય છે. અહીં બન્ને અર્થ લાગુ પડે છે.

**તાત્પર્ય:**—નિજ પરમાત્મસ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન થતા પરમાનંદ એકલક્ષણધારક સુખામૃતરસ વડે ઉત્પન્ન તથા તેમાં લીન જે પરમ કળા છે તેમાં હે જીવો! તમે સ્થિર થાઓ કે જેથી મોહ-રાગ-દ્વેષ ઉત્પન્ન ન થાય. ૪૮.

## ધ્યાન કરવા યોગ્ય મંત્ર

**पणतीस सोल छप्पय चदु दुगमेगं च जवह झाएह ।**
**परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण ॥ ४९ ॥**

**पंचत्रिंशत् षोडश षट् पंच चत्वारि द्विकं एकं च जपत ध्यायेत ।**
**परमेष्ठिवाचकानां अन्यत् च गुरूपदेशेन ॥ ४९ ॥**

**અન્વયાર્થ:**— [ परमेष्ठिवाचकानां ] પરમેષ્ઠી વાચક* [ पंचत्रिंशत् ] પાંત્રીશ, [ षोडश ] સોળ, [ षट् ] છ, [ पंच ] પાંચ, [ चत्वारि ] ચાર, [ द्विकं ] બે, [ एकं ] એક [ च ] અને [ गुरुपदेशेन ] ગુરુના ઉપદેશ વડે [ अन्यत् ] અન્ય મંત્ર [ च ] પણ [ जपत ] જપો [ ध्यायेत ] અને તેનું ધ્યાન કરો.

---

* અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ—એ પાંચ પરમેષ્ઠી કહેવાય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ભાવાર્થ**:—ધ્યાન કરતી વખતે પરમેષ્ઠીવાચક મન્ત્રોનો* અથવા ગુરુઓની આજ્ઞાથી સિદ્ધચક્ર વગેરે મંત્રોનો જાપ કરવો જોઇએ. જીવ જ્યારે સ્વરૂપમાં સ્થિર ન રહી શકે ત્યારે આવું વ્યવહારધ્યાન તેને હોય છે. ૪૯.

## અરહન્ત પરમેષ્ઠીનું લક્ષણ

णट्ठचदुघाइकम्मो दंसणसुहणाणवीरियमईओ ।
सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो ॥५०॥
नष्टचतुर्घातिकर्म्मा दर्शनसुखज्ञानवीर्यमयः ।
शुभदेहस्थः आत्मा शुद्धः अर्हन् विचिन्तनीयः ॥५०॥

**અન્વયાર્થ**:— [ नष्टचतुर्घातिकर्म्मा ] જેણે ચાર પ્રકારનાં

---

* ધ્યાન કરવા યોગ્ય મંત્રો:—
પાંત્રીસ અક્ષરોનો મંત્ર:-
णमो अरहंताणं णमो सिद्धाणं णमो आयरियाणं ।
णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं ॥ (સર્વપદ)
સોળ અક્ષરોનો મંત્ર:- अरहंत सिद्ध आयरिय उवज्झाय साहू (નામપદ)
૭ અક્ષરોનો મંત્ર:—अरिहंत सिद्ध, अरहंत सिद्ध, अरहंत सिसा, ॐ नमः सिद्धेभ्यः नमोऽर्हत्सिद्धेभ्यः ।
પાંચ અક્ષરનો મંત્ર:— असिआउसा (પ્રથમ અક્ષર)
ચાર અક્ષરોનો મંત્ર:— अरहंत, असिसाहू, अरिहंत.
બે અક્ષરોનો મંત્ર:—सिद्ध, અ. આ. ઓં, હ્રીં.
એક અક્ષરનો મંત્ર:— અ, ઓમ્

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ઘાતીકર્મોનો નાશ કર્યો છે, [ दर्शनसुखज्ञानवीर्यमयः ] જે અનંત-દર્શન, સુખ, જ્ઞાન અને વીર્ય સહિત છે, [ शुभदेहस्थः ] સાત ધાતુ રહિત પરમ ઔદારિક શરીરમાં રહેલા છે [शुद्धः] ૧૮ દોષ રહિત અને શુદ્ધ જ્ઞાનાદિ સહિત છે [अर्हन् आत्मा] તે આત્મા અહંત પરમાત્મા છે અને તે [ विचिन्तनीयः ] ધ્યાન કરવા યોગ્ય છે.

**ભાવાર્થ:—** જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિયા કર્મ છે તેને નષ્ટ કરવાવાળા અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય એટલે કે અનંતચતુષ્ટયને પ્રાપ્ત, નિશ્ચયથી અશરીર પણ વ્યવહારથી રક્ત માંસ વગેરે સાત ધાતુઓથી રહિત, ઉત્તમ પરમઔદારિક શરીરમાં રહેલાં અને ક્ષુધા, તૃષા, જન્મ, જરા

---

ઓમ્ કેવી રીતે બને છે:—

અરહંતા અસરીરા આયરિયા તહ ઉવઝાયા મુણિણો
પઢમક્ખરણિપ્પણ્ણો ઓમ્કારો પંચપરમેષ્ઠી.

અર્થ:- પાંચ પરમેષ્ઠીઓના પહેલા અક્ષરોની સંધિ કરવાથી ઓમ્ બને છે. જે નીચે બતાવેલ છે:-

| | | | | |
|---|---|---|---|---|
| અરહન્ત | અ | | | |
| અશરીર (સિદ્ધ) | અ | આ | | |
| આચાર્ય | આ | આ | | |
| ઉપાધ્યાય | ઉ | | ઓ | |
| મુનિ (સર્વસાધુ) | મ | | | ઓમ્ |

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



વગેરે *અઢાર દોષ રહિત દેવ જ અરહન્તપરમેષ્ઠી છે. ૫૦.

## સિદ્ધ પરમેષ્ઠીનું લક્ષણ

णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा ।
पुरिसायारो अप्पा सिद्धो झाएह लोयसिहरत्थो ॥५१॥
नष्टाष्टकर्म्मदेहः लोकालोकस्य ज्ञायकः द्रष्टा ।
पुरुषाकारः आत्मा सिद्धः ध्यायेत लोकशिखरस्थः ॥५१॥

**અન્વયાર્થઃ**— [ नष्टाष्टकर्म्मदेहः ] જેણે જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપ શરીરનો નાશ કર્યો છે, [ लोकालोकस्य ] લોક અને અલોકના [ ज्ञायकः द्रष्टा ] જાણવાવાળા તથા દેખવાવાળા છે, [पुरुषाकारः] દેહ રહિત પણ પુરુષના આકારે [लोकशिखरस्थः] લોકના અગ્રભાગમાં રહેલ છે તે [आत्मा सिद्धः] આત્મા સિદ્ધ પરમાત્મા છે, તેનું [ध्यायेत] ધ્યાન કરવું જોઈએ.

**ભાવાર્થઃ**— ચાર ઘાતિયાં (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય) તથા ચાર અઘાતિયાં (વેદનીય,

---

* ક્ષુધા તૃષા ભયં દ્વેષો રાગો મોહશ્ચ ચિન્તનમ્ ।
જરા રુજા ચ મૃત્યુશ્ચ ખેદઃ સ્વેદો મદોઽરતિઃ ॥
વિસ્મયો જનનં નિદ્રા વિષાદોઽષ્ટાદશ સ્મૃતાઃ ।
એતૈર્દોષૈર્વિનિર્મુક્તઃ સોઽયમાપ્તો નિરંજનઃ ॥

**અર્થઃ**—ભૂખ, તરસ, ભય, દ્વેષ, રાગ, મોહ, ચિંતા, ઘડપણ, રોગ, મરણ, ખેદ, પરસેવો, મદ, અરતિ, આશ્ચર્ય, જન્મ, નિદ્રા અને શોક—આ અઢાર દોષોથી રહિત આપ્તદેવ અથવા **અરહન્ત** કહેવાય છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



આયુ, નામ અને ગોત્ર)–એ આઠ કર્મોનો નાશ કરવાવાળા, ત્રણલોક અને ત્રણકાળના સમસ્ત પદાર્થોને દર્પણની માફક દેખવા–જાણવાવાળા, છેલ્લા મનુષ્ય-શરીરના આકારથી કાંઈક ઓછો પુરુષાકારે આત્માના પ્રદેશોનો આકાર ધારણ કરવાવાળા અને લોકના અગ્રભાગમાં રહેવાવાળા પરમેષ્ઠી છે; એમનું સદા ધ્યાન કરવું જોઈએ.

## આચાર્ય પરમેષ્ઠીનું લક્ષણ

दंसणणाणपहाणे वीरियचारित्तवरतवायारे ।
अप्पं परं जुंजइ सो आयरिओ मुणी झेओ ॥५२॥
दर्शनज्ञानप्रधाने वीर्यचारित्रवरतपआचारे ।
आत्मानं परं च युनक्ति सः आचार्य्यः मुनिः ध्येयः ॥५२॥

**અન્વયાર્થ:**—[दर्शनज्ञानप्रधाने] દર્શનાચાર અને જ્ઞાનાચાર જેમનામાં મુખ્યપણે રહેલા છે એવા [वीर्यचारित्रवरतपआचारे] વીર્યાચાર, ચારિત્રાચાર અને તપાચારમાં–એ પાંચ આચારોમાં [मुनिः] જે મુનિ [आत्मानं] પોતાને [च] તેમ જ [परं] બીજાને [युनक्तिः] જોડે છે [सः आचार्य्यः] તે આચાર્ય પરમેષ્ઠી [ध्येयः] ધ્યાન કરવા યોગ્ય છે.

**ભાવાર્થ:**—જે સાધુ દર્શન, જ્ઞાન, વીર્ય, ચારિત્ર અને તપ–એ પાંચ આચારોમાં સ્વયં લીન રહે છે, એનું આચરણ કરે છે અને બીજાઓને પણ આચરણ કરાવે છે તેને આચાર્યપરમેષ્ઠી કહે છે; તેમનું સદા ધ્યાન કરવું જોઈએ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



સમ્યગ્દર્શનનું આચરણ તે દર્શનાચાર; સમ્યગ્જ્ઞાનનું આચરણ તે જ્ઞાનાચાર; વીતરાગચારિત્રભાવનું આચરણ તે ચારિત્રાચાર, તપનું આચરણ તે તપાચાર અને આ ચારે આચારોને પાળવામાં પોતાની શક્તિ છુપાવવી નહિ તે વીર્યાચાર છે. ૫૨.

## ઉપાધ્યાય પરમેષ્ઠીનું લક્ષણ

जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवएसणे णिरदो ।
सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स ॥ ५३ ॥

यः रत्नत्रययुक्तः नित्यं धर्म्मोपदेशने निरतः ।
सः उपाध्यायः आत्मा यतिवरवृषभः नमः तस्मै ॥ ५३ ॥

**અન્વયાર્થ:—** [ यः ] જે [ रत्नत्रययुक्तः ] રત્નત્રય-સહિત [ नित्यं ] હંમેશાં [ धर्म्मोपदेशने ] ધર્મોપદેશ કરવામાં [ निरतः ] લીન રહે છે [ सः आत्मा ] તે આત્મા [ यतिवरवृषभः ] યતિઓમાં શ્રેષ્ઠ [ उपाध्यायः ] ઉપાધ્યાય છે; [ तस्मै ] તેને [ नमः ] નમસ્કાર હો.

**ભાવાર્થ:—** જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સહિત છે અને સદા ધર્મનો ઉપદેશ દેવામાં તત્પર, મુનીશ્વરોમાં પ્રધાન છે, તે ઉપાધ્યાય પરમેષ્ઠીને દ્રવ્ય તથા ભાવરૂપ નમસ્કાર હો. ૫૩.

## સાધુ પરમેષ્ઠીનું લક્ષણ

दंसणणाणसमग्गं मग्गं मोक्खस्स जो हु चारित्तं ।
साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स ॥ ५४ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



दर्शनज्ञानसमग्रं मार्गं मोक्षस्य यः हि चारित्रम् ।
साधयति नित्यशुद्धं साधुः सः मुनिः नमः तस्मै ॥ ५४ ॥

**અન્વયાર્થ:**–[ यः मुनिः ] જે મુનિ [दर्शनज्ञानसमग्रं] દર્શન અને જ્ઞાન સહિત [ मोक्षस्य ] મોક્ષના [ मार्गं ] માર્ગરૂપ [ नित्यं ] સદા [ शुद्धं ] શુદ્ધ [ चारित्रं ] ચારિત્રને [ साधयति ] સાધે છે [ सः साधुः ] તે સાધુ પરમેષ્ઠી છે; [ नमः तस्मै ] તેને નમસ્કાર છે.

**ભાવાર્થ:**— જે મુનિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને સાધે છે એટલે કે રત્નત્રયને ધારણ કરે છે તેને સાધુ પરમેષ્ઠી કહે છે. રત્નત્રય જ મોક્ષમાર્ગ છે. ૫૪.

[આ પાંચ પરમેષ્ઠીનું સ્વરૂપ નિયમસારની ગાથા ૭૧ થી ૭૫ માં તથા મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૧ ના પૃ. ૨ થી ૭ સુધીમાં છે તે મુમુક્ષુઓએ વાંચી લેવું. પંચપરમેષ્ઠી વ્યવહારધ્યાનનો વિષય છે, તેથી તેનું ધ્યાન ભાવલિંગી મુનિનું વ્યવહારચારિત્ર છે. તેને લગતી ગાથા ૪૫ પહેલાં આવી ગઈ છે–તે અહીં પણ વાંચવી.]

## ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનું લક્ષણ

जं किंचिवि चिंतंतो णिरीहवित्ती हवे जदा साहू ।
लद्धूण य एयत्तं तदाहु तं तस्स णिच्चयं झाणं ॥५५॥

यत् किञ्चित् अपि चिन्तयन् निरीहवृत्तिः भवति यदा साधुः ।
लब्ध्वा च एकत्वं तदा आहुः तत् तस्य निश्चयं ध्यानम् ॥

**અન્વયાર્થ:**—[च] અને [यदा] જ્યારે [साधुः] સાધુ [एकत्वं लब्ध्वा] એકાગ્રતા પ્રાપ્ત કરીને [यत् किञ्चित् अपि]

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


જે કાંઇ પણ [चिन्तयन्] ચિંતવન કરતો થકો [निरीहवृत्तिः] ઈચ્છા રહિત [भवति] થાય છે [तदा] ત્યારે [तत्] તે કારણથી [तस्य निश्चयं] તેને નિશ્ચય [ध्यानं] ધ્યાન [आहुः] કહે છે.

**ભાવાર્થ:— ૧. યત્કિંચિત્ અપિ ચિંતયન્:—** નિશ્ચયધ્યાન પ્રગટ થયા પહેલાં જીવને અંતર્જલ્પરૂપ વ્યવહાર ધર્મધ્યાન હોય છે. ઉગ્ર પુરુષાર્થ વડે જીવ તેનો અભાવ કરી ઈચ્છારહિત થાય છે ત્યારે જે નિર્વિકલ્પ-ધ્યાન પ્રગટે છે તે નિશ્ચય અર્થાત્ સાચું ધ્યાન છે. તે વડે જીવને સંવર-નિર્જરા થાય છે. કહ્યું છે કે—

ગુપ્તેન્દ્રિયમનો ધ્યાતા, ધ્યેયં વસ્તુયથાસ્થિતમ્ ।
એકાગ્રચિન્તનં ધ્યાનં, ફલં સંવરનિર્જરૌ ॥

અર્થ:— ધ્યાતા—ઇંદ્રિય અને મનગુપ્તિ પ્રાપ્ત કરનાર ધ્યાતા છે. વસ્તુયથાસ્થિતમ્ અર્થાત્ નિજ જ્ઞાયકભાવ ધ્યેય છે અને તેમાં એકાગ્રતા તે ધ્યાન છે. તેનું ફળ સંવર-નિર્જરા છે.

**૨. નિશ્ચયધ્યાનનું સ્વરૂપ:—** ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં જ્યારે સમસ્ત શુભાશુભ વિકલ્પ શાંત થઈ જાય ત્યારે શુદ્ધ-બુદ્ધ-નિત્યનિરંજન નિર્વિકાર ચિદાનંદરૂપ નિજ આત્મામાં થતી એકાગ્રતા તે નિશ્ચયધ્યાન છે. ૫૫.

## પરમ ધ્યાનનું લક્ષણ

मा चिट्ठह मा जंपह मा चिंतह किं वि जेण होइ थिरो ।
अप्पा अप्पंम्मि रओ इणमेव परं हवे झाणं ॥ ५६ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



मा चेष्टत मा जल्पत मा चिन्तयत किम् अपि येन भवति स्थिरः।
आत्मा आत्मनि रतः इदं एव परं ध्यानं भवति ॥ ५६ ॥

**અન્વયાર્થ:—** હે ભવ્ય પુરુષો! [किम् अपि] કાંઇ પણ [मा चेष्टत] ચેષ્ટા ન કરો [मा जल्पत] બોલો નહિ, [मा चिंतयत] ચિંતવન ન કરો [येन] જેથી [आत्मा] આત્મા [आत्मनि] આત્માની અંદર [रतः] લીન થઈને [स्थिरं] સ્થિર [भवति] થાય છે. [इदं एव] આ જ [परं] ઉત્કૃષ્ટ [ध्यानं] ધ્યાન [भवति] છે.

**ભાવાર્થ:—(૧) નિશ્ચયધર્મધ્યાન-નિશ્ચયશુક્લધ્યાનઃ—** આ [1]બન્ને ધ્યાનો સ્વાત્માશ્રિત હોય છે. આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. ધ્યાન-ધ્યેયાદિ સુતપ અર્થાત્ ધ્યાન-ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ કલ્પનામાત્ર રમ્ય છે—આવું જાણીને બુદ્ધિમાન પુરુષ સહજ પરમાનંદરૂપી અમૃતના પૂરરૂપ સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે. પોતાના આત્મામાં સ્થિરતા વડે લીન થવાથી આ પરમ ધ્યાન પ્રગટે છે. ત્યાં કોઇ પણ ચેષ્ટાનો, બોલવાનો કે ચિંતવનનો બુદ્ધિપૂર્વક વિકલ્પ હોતો નથી. એટલે કે સ્વાત્માના આશ્રયે જ આવી નિર્વિકલ્પદશા પ્રગટે છે. પૂર્વે વ્યવહારધ્યાન હતું માટે તે પ્રગટયું એમ નથી, પણ પોતાનો પુરુષાર્થ વધારી, તે વિકલ્પનો અભાવ કરી, આત્મા પોતાના આશ્રયે (પરથી અને વ્યવહારથી

૧. નિયમસાર કળશ ૧૨૩. ગાથા ૯૨–૯૩ પૃ. ૧૭૫–૧૭૮. સમયસાર ગા. ૩૦૬.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પરમ નિરપેક્ષ) શુદ્ધ ચારિત્રરૂપ પરમદશા પ્રગટ કરે છે એમ સમજવું. આ નિશ્ચયધર્મધ્યાન અને શુકલધ્યાન અમૃતકુંભસ્વરૂપ છે, વ્યવહારધર્મધ્યાન વિષકુંભ સમાન છે.

**૨. "મા ચેષ્ટત, મા જલ્પત, મા ચિંતયત"નો અર્થ:—** જીવની આવી દશા થતાં શુભાશુભ ચેષ્ટારૂપ કાયનો વ્યાપાર તથા શુભાશુભરૂપ અંતરંગ-બહિરંગરૂપ વચનનો વ્યાપાર તથા જડ મનનો તેવો વ્યાપાર તે તે પુદ્ગળના ઉપાદાન કારણે થતો નથી તેથી તે રોકાઇ જાય છે એમ કહેવામાં આવે છે. જીવની ધ્યાનરૂપ પર્યાય તો ત્યાં નિમિત્તમાત્ર છે. જીવને શુભ-અશુભ વિકલ્પોનો વ્યય થઇ જાય છે અને ધ્યાનરૂપ પર્યાયનો ઉત્પાદ થાય છે.

**૩. તેનું ફળ સુખ છે:—** [૧]સહજશુદ્ધ જ્ઞાન-દર્શન-સ્વભાવી પરમાત્મતત્ત્વનાં સમ્યગ્શ્રદ્ધાન-જ્ઞાન અને અનુ-ચરણરૂપ અભેદ રત્નત્રય છે, એ સ્વરૂપ પરમધ્યાનથી સર્વ-પ્રદેશોએ આહ્લાદજનક સુખાસ્વાદરૂપ પરિણતિ થાય છે તે ધ્યાન છે અને તેનું ફળ આત્મિક સુખ છે. ૫૬.

## તપ, વ્રત અને શ્રુતમાં લીન થવાને માટે પ્રેરણા

तवसुदवदवं चेदा झाणरहधुरंधरो हवे जम्हा ।
तम्हा तत्तियणिरदा तल्लद्धीए सदा होह ॥ ५७ ॥

तपःश्रुतव्रतवान् चेता ध्यानरथधुरन्धरः भवति यस्मात् ।
तस्मात् तत्त्रिकनिरताः तल्लब्ध्यै सदा भवत ॥ ५७ ॥

---

૧. બૃ. દ્રવ્યસંગ્રહ પૃ૦ ૨૭૪-૨૭૫. ત્યાં જીવની આ દશાનાં જુદાં જુદાં ૬૫ નામો આપ્યાં છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**અન્વયાર્થ:—** [ यस्मात् ] જેથી કરીને [ तपःश्रुतव्रतवान् ] તપ, શ્રુત અને વ્રતને ધારણ કરનાર [चेता] આત્મા [ध्यान-रथधुरन्धरः] ધ્યાનરૂપી રથની ધુરાને ધારણ કરનાર [भवति] થાય છે, [तस्मात् ] તે કારણથી [तल्लब्ध्यै] તે પરમ ધ્યાનની પ્રાપ્તિ માટે [सदा] નિરંતર [तत्त्रिकनिरताः] તપ, શ્રુત અને વ્રત એ ત્રણમાં લીન [भवत] થાઓ.

**ભાવાર્થ:— ૧. તપ:—** (૧) મોક્ષશાસ્ત્ર (તત્ત્વાર્થ-સૂત્ર) માં 'तपसा निर्जरा च' કહ્યું છે. અર્થાત્ તપથી નિર્જરા પણ થાય છે. શુભ-અશુભ ઇચ્છાઓ મટતાં ઉપયોગ શુદ્ધ થાય છે. તેથી તપ વડે નિર્જરા [૧]કહી છે.

(૨) તપનો અર્થ મુનિપણું થાય છે અને તેથી તીર્થંકર દેવોના દીક્ષા કલ્યાણકને 'તપકલ્યાણક' કહેવામાં આવે છે (૩) આત્માના શુદ્ધ સ્વરૂપમાં સ્વરૂપવિશ્રાંત[૨] નિસ્તરંગ ચૈતન્યનું દેદીપ્યમાન થવું તે તપ છે. પોતાના અખંડિત પ્રતાપરૂપ સ્વશુદ્ધાત્માના પ્રતપન વડે કામક્રોધાદિ શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવો તે તપ છે. પ્રસિદ્ધ [૩]શુદ્ધકારણ પરમતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને–લીન રહીને પ્રતાપવંત વર્તવું તે તપ છે. આવા શુદ્ધભાવરૂપ પરિણમન તે નિશ્ચયતપ છે અને તપસંબંધી શુભવિકલ્પ તે જ્ઞાનીનો વ્યવહારતપ છે.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૭, પૃ. ૨૩૪.
૨. પ્રવચનસાર ગા. ૧૪, પૃ. ૧૯ ગુ., સં. ટીકા જયસેનાચાર્ય પૃ. ૧૭.
૩. નિયમસાર ગાથા ૧૧૮, પૃ. ૨૩૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**૨. દ્રવ્યશ્રુતઃ—** (૧) ખરેખર આગમ વિના [૧]પદાર્થોનો નિશ્ચય કરી શકાતો નથી, કારણ કે, આગમ જ જેને ત્રણે કાળે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણો વર્તે છે એવા સકળ પદાર્થસમૂહના યથાતથજ્ઞાન વડે સુસ્થિત અંતરંગથી ગંભીર છે. મુમુક્ષુએ ભગવાન અર્હંત સર્વજ્ઞથી સ્વયં જાણીને કહેવાયેલા શબ્દબ્રહ્મમાં કે જેનું અનેકાંતરૂપી લક્ષણ પ્રગટ છે તેમાં નિષ્ણાત થવું; કેમકે પદાર્થોના નિશ્ચય વિના ધ્યાનરૂપ એકાગ્રતા સિદ્ધ થતી નથી.

(૨) ટંકોત્કીર્ણ જ્ઞાયક એકસ્વભાવ એવો જે નિજ-પરમાત્મપદાર્થ તેમાંથી શરૂ કરીને બધા પદાર્થો સંબંધીનો નિર્ણય આગમથી થાય છે. જીવભેદ-કર્મભેદ પ્રતિપાદક આગમઅભ્યાસ ઉપરાંત આગમપદોમાં સારભૂત ચિદાનંદ એક પરમતત્ત્વ છે તેનાં પ્રકાશક અધ્યાત્મ પરમાગમો વડે પદાર્થની પિછાન થઇ શકે છે, માટે આગમ-પરમાગમનો અભ્યાસ કરવો જરૂરી છે.

(૩) જેમાં [૨]અનેકાન્તરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે તથા જે સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ દર્શાવે છે તે જૈનશાસ્ત્રોની ઉત્કૃષ્ટતા છે.

(૪) તીર્થંકર પરમદેવની વાણી જે પૂર્વાપર દોષરહિત

---

૧. પ્રવચનસાર ગા. ૨૩૨, પૃ. ૩૭૯ તથા શ્રી જયસેનજીની ટીકા પૃ. ૩૨૦.

૨. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૨૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



તથા શુદ્ધ છે તેને [૧]આગમ કહેલ છે. ભગવાન [૨]અર્હંતના મુખકમળથી નીકળેલો સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો સુન્દર આનંદઝરતો અનક્ષરાત્મક દિવ્યધ્વનિ છે અને તે ઉપરથી ગણધરદેવોએ તથા તેને અનુસરીને આચાર્યો આદિ જ્ઞાનીઓએ જે વીતરાગી શાસ્ત્રો રચ્યાં તે આગમ છે.

(૫) જે આગમ મોક્ષમાર્ગનો [૩]પ્રકાશ કરે તે જ આગમ વાંચવા–સાંભળવા યોગ્ય છે; કારણ કે જીવો સંસારમાં નાના પ્રકારનાં દુઃખોથી પીડિત છે. જો શાસ્ત્રોરૂપી દીપક વડે મોક્ષમાર્ગને પામે તો તે મોક્ષમાર્ગમાં ગમન કરી એ દુઃખોથી મુક્ત થાય. હવે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે, માટે જે શાસ્ત્રોમાં કોઈ પ્રકારે રાગ-દ્વેષ મોહનો નિષેધ કરી, વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ શાસ્ત્રો વાંચવા–સાંભળવા યોગ્ય છે.

(૬) આ જીવનું મુખ્ય કર્તવ્ય [૪]આગમજ્ઞાન છે. એ થતાં તત્ત્વોની શ્રદ્ધા થાય, તત્ત્વશ્રદ્ધા થતાં સંયમ થાય છે. આગમથી આત્મજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. જેથી સહજ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ધર્મનાં અનેક અંગો છે તેમાં પણ એક ધ્યાન વિના આનાથી ઊંચું ધર્મનું એક

---

૧. નિયમસાર ગાથા ૮.
૨. નિયમસાર ગાથા ૧૦૮.
૩. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૧૫.
૪. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૪.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પણ અંગ નથી એમ જાણી હરકોઈ પ્રકારે આગમનો અભ્યાસ કરવા યોગ્ય છે.

(૭) જેણે પ્રથમ ભૂમિકામાં [1]ગમન કર્યું છે એવા જીવે સર્વજ્ઞે સ્વયં જાણીને કહેલા અને સર્વ પ્રકારે અબાધિત એવાં દ્રવ્યશ્રુત પ્રમાણને પ્રાપ્ત કરી તેમાં ક્રીડા કરવી. તેનાં સંસ્કારથી વિશેષ પ્રકારની સંવેદન (જ્ઞાન) શક્તિરૂપ સંપદા પ્રગટ કરવી. આનંદના ફુવારા પ્રગટ કરનારા પ્રત્યક્ષપ્રમાણ વડે અથવા તેનાથી અવિરુદ્ધ અન્ય પ્રમાણ-સમૂહ વડે **તત્ત્વત:** સમસ્ત વસ્તુમાત્રને જાણવી કે જેથી અતત્ત્વ અભિનિવેશના સંસ્કાર કરનારો મોહ ક્ષય પામે જ, માટે મોહનો ક્ષય કરવામાં પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો. તે એક ઉપાય છે.

**૩. દ્રવ્યશ્રુતના સારપદો–ભાવશ્રુતજ્ઞાન–ધ્યાન:-** (૧) જેમ વાંસ ઉપરનાં વિચિત્ર ચિત્રો[2] ધોઈ નાખવાથી વાંસ શુદ્ધ થાય છે; તેમ આ જીવ પણ જ્યારે ગુરુની પાસે શુદ્ધાત્મસ્વરૂપના પ્રકાશક પરમાગમને જાણે છે— 'एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः। वाह्याः संयोगजा भावा यत्तः सर्वेऽपि सर्वदा।' ઈત્યાદિ પ્રકારે જાણે છે—તથા દેહ અને આત્મા વચ્ચેના અત્યંત ભેદને જળ અને અગ્નિની માફક ભિન્ન લક્ષણ વડે લક્ષિત થવાથી જાણે છે

---

૧. પ્રવચનસાર ગા. ૮૬, પૃ. ૧૨૮.

૨. પંચાસ્તિકાય ગા. ૨૦, પૃ. ૪૪ જયસેનજી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



—એ રીતે અનુમાનજ્ઞાનને જાણે છે તથા વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનને જાણે છે, ત્યારે આવાં આગમજ્ઞાન–અનુમાનજ્ઞાન–સ્વસંવેદનપ્રત્યક્ષજ્ઞાન દ્વારા (આ જીવ) શુદ્ધ થાય છે.

(૨) एगो मे सस्सदो[1] अप्पा णाणदंसण लक्खणो ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥

એવી એકત્વભાવના વડે સ્વજન–પરજનાદિ પ્રત્યે જીવ નિર્મોહપણું પ્રાપ્ત કરે છે.

(૩) [2]વીતરાગ-સર્વજ્ઞપ્રણીત શાસ્ત્ર વડે "एको मे सस्सदो अप्पा" ઇત્યાદિ પરમાત્મ-ઉપદેશક શ્રુતજ્ઞાન વડે પ્રથમ આત્માને જાણે છે, પછી વિશિષ્ટ અભ્યાસ વડે પરમસમાધિકાળે રાગાદિ વિકલ્પરહિત આત્માને અનુભવે છે.

**(૪) અપધ્યાનને છોડી[3] :—**

ममत्तिं परिवज्जासि णिमम्मत्तिवट्ठिदो ।
आलंबणं च मे आदा अवसेसाइं वोसरे ॥९९॥
(નિયમસાર)

---

૧. નિયમસાર ગા. ૧૦૨. તેનો અર્થ:—જ્ઞાન-દર્શન લક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે, બાકીના બધા ભાવો મારાથી બાહ્ય છે.

૨. પ્રવચનસાર ગા. ૮૬, પૃ. ૧૦૮ જયસેનજી. અહીં પણ નિયમસાર ગા. ૧૦૨ આધારરૂપે છે.

૩. બૃહદ્ દ્રવ્યસંગ્રહ ગા. ૫૭ ટીકા પૃ. ૨૧૩.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



[ અર્થ:—હું મમત્વને પરિવર્જું છું અને નિર્મમત્વમાં સ્થિર રહું છું. આત્મા મારું આલંબન છે અને બાકીનું હું વોસરું છું-તજું છું. ]

आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्तेय ।
आदा पच्चखाणे आदा मे संवरे जोगे ॥ १०० ॥

[ અર્થ:— ખરેખર મારા જ્ઞાનમાં આત્મા છે, મારા દર્શનમાં તથા ચારિત્રમાં આત્મા છે, મારા પ્રત્યાખ્યાનમાં આત્મા છે, મારા સંવરમાં તથા યોગમાં (શુદ્ધોપયોગમાં) આત્મા છે. ]

एको मे सासदों अप्पा णाणदंसण लक्खणो ।
सेसा मे बाहिरा भावा सव्वे संयोग लक्खणा ॥

[ અર્થ:— આગળ ફૂટનોટ નં. ૨ માં આવી ગયો છે ] ઈત્યાદિ સારપદોનું ગ્રહણ કરીને ધ્યાન કર્તવ્ય છે (એમ સમજવું) બૃ. દ્રવ્યસંગ્રહ ગાથા ૫૭, પૃ૦ ૨૧૩.

**(૫) [ આ શાસ્ત્રનું સારપદ — ગાથા ૧૩ ]**

૧. "सव्वे सुद्धा हु सुद्धणया" સર્વે જીવો શુદ્ધનયે શુદ્ધ છે. સમયસાર ગા. ૧૦૯ થી ૧૧૨ માં આધારરૂપે શ્રી જયસેનજીએ આ પદ લીધું છે.

૨. સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક નયના બળે પૂર્વોક્ત વ્યંજન પર્યાયોથી, સિદ્ધ અને સંસારી સમસ્ત જીવ સર્વથા વ્યતિરિક્ત જ છે. કેમકે "सत्त्वे सुद्धा हु सुद्धणया" એવું વચન હોવાથી. (નિયમસાર ગા. ૧૯ ટીકા, પૃ. ૪૬).

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૬) શુદ્ધનયના વિષયભૂત જ્ઞાયકભાવના આશ્રયે જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. તે સંબંધીનું સારપદ—

व्यवहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो ॥ ११ ॥

(શ્રી સમયસાર)

(૭) चिद्रूपः केवलः शुद्ध आनंदात्मेत्यहं स्मरे ।
मुक्त्यै सर्वज्ञोपदेशः श्लोकार्धेन निरूपितः ॥ २२ ॥

અર્થઃ—હું ચિદ્રૂપ, કેવળ શુદ્ધઆનંદસ્વરૂપ છું એમ સ્મરણ કરું છું. મુક્તિ માટેનો સર્વજ્ઞનો ઉપદેશ આ અડધા શ્લોકથી નિરૂપિત છે.

**(૪) વ્રત (નિશ્ચય-વ્યવહાર):**– નિશ્ચયવ્રતનું સ્વરૂપ ગા. ૩૫ માં તથા વ્યવહારવ્રતનું સ્વરૂપ ગા. ૪૫ માં આવી ગયું છે. એટલું યાદ રાખવું કે નિશ્ચયવ્રત વિના સાચા વ્યવહારવ્રત કોઈને પણ હોઈ શકે નહિ. નિશ્ચયવ્રત વિનાનાં વ્રતને તો ભગવાન બાળવ્રત કહે છે.

**(૫) પરમધ્યાનની પ્રાપ્તિનું ફળ:**— તપ, શ્રુત અને વ્રતમાં લીન થવાનો ઉપદેશ પરમધ્યાનની પ્રાપ્તિ માટે છે. અર્થાત્ પુરુષાર્થ વધારી, વિકલ્પ તોડી સ્વસ્વરૂપમાં લીન થવું. તેનું ફળ—(૧) ચાર ગતિઓનું નિવારણ, (૨) શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ નિર્વાણ, (૩) પરતંત્રતાની નિવૃત્તિ અને (૪) સ્વતંત્રતાની પ્રાપ્તિ છે. ૫૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



## ગ્રન્થકારનું અંતિમ નિવેદન

दव्वसंगहमिणं मुणिणाहा दोससंचयचुदा सुदपुण्णा ।
सोधयंतु तणुसुत्तधरेण णेमिचंदमुणिणा भणियं जं ॥५८॥
द्रव्यसंग्रहं इदं मुनिनाथाः दोषसंचयच्युताः श्रुतपूर्णाः
शोधयन्तु तनुसूत्रधरेण नेमिचन्द्रमुनिना भणितं यत् ॥५८॥

**અન્વયાર્થ:—** [तनुसूत्रधरेण] અલ્પજ્ઞાનના ધારક [नेमिचन्द्रमुनिना] નેમિચન્દ્રમુનિએ [यत्] જે [इदं] આ [द्रव्यसंग्रहं] દ્રવ્યસંગ્રહ નામનો ગ્રંથ [भणितं] કહ્યો છે, તે [दोषसंचयच्युताः] દોષના સમૂહથી રહિત અને [श्रुतपूर्णाः] શ્રુતજ્ઞાનમાં પૂર્ણ એવા [मुनिनाथाः] મુનિઓના સ્વામીઓ (આચાર્યો) [शोधयन्तु] શુદ્ધ કરો.

**ભાવાર્થ:—** રાગાદિ તથા સંશય આદિ દોષ રહિત *દ્રવ્યશ્રુત અને +ભાવશ્રુતના જાણકાર મુનીશ્વર, અલ્પજ્ઞાની નેમિચંદ્રમુનિ દ્વારા રચિત દ્રવ્યસંગ્રહનું સંશોધન કરે. ૫૮

---

* રાગદ્વેષ રહિત જીવાદિ છ દ્રવ્ય, સાતતત્ત્વ, નવ પદાર્થોનો પ્રતિપાદકવર્ણ–પદ–વાક્યરૂપ દ્રવ્ય-આગમ તે દ્રવ્યશ્રુત.

+ સંશય, વિમોહ અને વિભ્રમ રહિત શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન તે ભાવશ્રુત.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# અર્થ-સંગ્રહ

**અઘાતિકર્મ:**—જે જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ જીવના સ્વભાવના ઘાતમાં નિમિત્ત નથી પણ અવ્યાબાધ, અગુરુલઘુ વગેરે પ્રતિજીવી ગુણોના ઘાતમાં નિમિત્ત છે તેને અઘાતિ કર્મ કહે છે. તેના નામો-વેદનિય, આયુ, નામ અને ગોત્ર. (તેના નિમિત્તથી જીવને બાહ્ય સામગ્રીનો સંબંધ બને છે.)

**અધિકાર:**—પ્રકરણ, પરિચ્છેદ, અધ્યાય.

**અચક્ષુદર્શન:**-નેત્ર સિવાય બાકીની ઇંદ્રિયો અને મનના સંબંધથી થતાં મતિજ્ઞાન પહેલાં થવાવાળા સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને અચક્ષુદર્શન કહે છે.

**અજીવ:**—સુખદુ:ખનું જ્ઞાન, હિતનો ઉદ્યમ અને અહિતનો ભય-જેને સદાય (-કદીપણ) હોતા નથી તેને શ્રમણો અજીવ કહે છે. (અજીવ દ્રવ્યના પાંચ પ્રકાર છે-પુદ્ગલપરમાણુઓ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાલાણુ.) (પંચાસ્તિકાય ગા. ૧૨૫)

**અણુ:**—સર્વ સ્કંધોનો જે અંતિમ ભાગ તેને પરમાણુ જાણો. તે અવિભાગી, એક, શાશ્વત, મૂર્તપણે ઉપજનારો અને અશબ્દ છે. મૂર્તત્વ (-રૂપીપણું)ના

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


કારણભૂત સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો, પરમાણુથી કથન-માત્ર વડેજ ભેદ કરવામાં આવે છે. જે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ ચાર ધાતુઓનું કારણ છે તે પરમાણું જાણવો–કે જે પરિણામ ગુણવાળો છે અને સ્વયં અશબ્દ છે. (પંચાસ્તિકાય ગા. ૭૭-૭૮.)

**અધર્મદ્રવ્ય:**—સ્વયં ગતિપૂર્વક સ્થિતિ પરિણામને પ્રાપ્ત પુદ્ગળ અને જીવોને સ્થિર રહેવામાં સહકારી કારણ અધર્મદ્રવ્ય છે—જેમ પથિકને છાયા.

**અનુપ્રેક્ષા:**—જેવો પોતાનો અને શરીરાદિનો સ્વભાવ છે તેવો ઓળખીને ભ્રમ છોડવો; શરીરાદિને ભલા જાણી રાગ ન કરવો અને બુરાં જાણી દ્વેષ ન કરવો. આવી સાચી ઉદાસીનતા અર્થે નિત્ય જ્ઞાનાનંદમય નિજાત્મતત્ત્વના લક્ષે અનિત્યત્વ વગેરેનું યથાર્થ ચિંતવન કરવું તેમાં જેટલી વીતરાગતા વધે છે તેટલા અંશે સંવર-નિર્જરા છે અને રાગ રહે તે બંધનું કારણ છે. આ અનુપ્રેક્ષા સમ્યગ્દષ્ટિને જ હોય છે. (મોક્ષશાસ્ત્ર અ. ૯, સૂ. ૭.)

**અનુભાગબંધ:**—જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોના તીવ્રમંદ રસ-વિશેષને અનુભાગબંધ કહે છે.

**અભ્યંતરક્રિયારોધ:**–શુદ્ધાત્મ અનુભવના બળ વડે સ્થિરતા-નુસાર શુભ-અશુભ મનના વિકલ્પરૂપ ક્રિયાના વ્યાપારનો રોધ થવો તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**અમનસ્ક:**—મનરહિત જીવ, અસંજ્ઞી. હિતમાં પ્રવર્તવાની અથવા અહિતથી દૂર રહેવાની શિક્ષા જે ગ્રહણ કરે છે તે સંજ્ઞી છે અને હિત-અહિતની શિક્ષા, ક્રિયા, વગેરેનું જે ગ્રહણ નથી કરતા તે અસંજ્ઞી જ હોય છે. એકેન્દ્રિયથી ચાર ઈન્દ્રિયવાળા સુધીના જીવો અસંજ્ઞી જ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને પ્રકારના હોય છે. બાકીના મનુષ્ય, દેવ, નારકીના જીવો સંજ્ઞી જ હોય છે. (કેવળીને અમનસ્ક કહેવામાં આવે છે તે જુદો પ્રકાર છે.)

**અમૂર્તિક:**— (અરૂપી) જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ (રંગ) ન હોય તે.

**અર્હંત પરમેષ્ઠી:**—ભાવ અને દ્રવ્યરૂપ જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિ કર્મોનો નાશ કરી, અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય અથવા નવ કેવળલબ્ધિને ધારણ કરવાવાળા, ક્ષુધાદિ ૧૮ દોષરહિત શ્રી જિનેન્દ્ર ભગવાન, અર્હંત પર-પરમાત્મા, જેઓ દેહસહિત હોવાથી સકલપરમાત્મા કહેવાય છે.

**અલોકાકાશ:**—જેમાં જીવાદિ પાંચ દ્રવ્યો સદાય રહેલા છે તે લોકાકાશ છે અને જેમાં જીવાદિ પાંચ દ્રવ્યો નથી, કેવળ જે આકાશ દ્રવ્ય છે એવા આકાશના ભાગને અલોકાકાશ કહે છે. લોકાકાશના ક્ષેત્રથી તે સર્વ તરફ અનંતગુણા ક્ષેત્રરૂપે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**અવધિદર્શન:**–અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકન.

**અવિપાક નિર્જરા:**–આત્માના શુદ્ધભાવ વડે સ્થિતિ પૂરી થયા પહેલાં કર્મોનું ખરવું.

**અસ્તિકાય:**–જેને હોવાપણું અને કાય (–બહુપ્રદેશી)પણું છે એવાં દ્રવ્ય [તેનાં નામ--જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ.]

**આકાશ:**— જીવ, પુદ્ગલાદિ બધાં દ્રવ્યોને અવકાશ આપનાર દ્રવ્ય જે અનંતપ્રદેશી અખંડ અને ક્ષેત્રે સર્વવ્યાપક એવું અજીવ (અચેતન) દ્રવ્ય છે.

**આચાર્ય પરમેષ્ઠી:**— જે નિશ્ચય સમ્યગ્દર્શનાદિ સહિત છે; ઉપરાંત વિરાગી બની, સમસ્ત પરિગ્રહ છોડી, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઈને ઈષ્ટ-અનિષ્ટ માની તેમાં રાગદ્વેષ કરતા નથી, હિંસાદિરૂપ અશુભ ઉપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી. એવી અંતરંગ-દશા થતાં બાહ્ય દિગંબર સૌમ્ય મુદ્રાધારી થયા છે. ૨૮ મૂલગુણોને જેઓ અખંડિત પાળે છે. ૧૦ ઉત્તમક્ષમાદિ ધર્મ, ૧૨ પ્રકારના તપ, ૫ દર્શના-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચાર; ૬ આવશ્યક (-સામાયિક, ચોવીસ તીર્થંકર અથવા પંચ પરમેષ્ઠીની સ્તુતિ, વંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ) ૩ ગુપ્તિ (મન, વચન, કાયગુપ્તિ) એ પ્રમાણે ૩૬ ગુણ પોતે પાળે છે અને બીજા ભવ્ય જીવોને પળાવે છે એવા આચાર્ય જેઓ મુનિઓના સંઘના અધિપતિ હોય છે.

**આતપઃ**— સૂર્ય અને સૂર્યકાન્તમણિમાં રહેવાવાળો ખાસ ગુણ.

**આયુકર્મઃ**— જેના નિમિત્તે પોતાની સ્થિતિ સુધી પ્રાપ્ત થયેલ શરીરનો સંબંધ (જીવને) છૂટી શકતો નથી તે કર્મને આયુકર્મ કહેવામાં આવે છે. ( આયુ ચાર પ્રકારના છે—દેવ, મનુષ્ય, તિર્યંચ (-પશુ) અને નારક.)

**આસ્રવઃ**— આત્માની મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગરૂપ મલિન અવસ્થા તે **ભાવાસ્રવ** અને જ્ઞાનાવરણાદિ આઠ કર્મોરૂપ થવાને યોગ્ય કાર્મણ-વર્ગણાનું આવવું તે **દ્રવ્યાસ્રવ** છે.

**ઈન્દ્રિયઃ**— આત્માના અસ્તિત્વને બતાવનાર અને પરોક્ષ-જ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્ત.

**ઉત્પાદઃ**— દ્રવ્યમાં નવી પર્યાયનું પ્રગટ થવું તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ઉદ્યોતઃ**— ચંદ્ર, ચંદ્રકાન્તમણિ અને આગીયા (ખદ્યોત નામે પતંગીયા) વગેરેનો પ્રકાશ.

**ઉપયોગઃ**— જ્ઞાન અને દર્શનગુણનો વ્યાપાર અથવા ચારિત્ર અપેક્ષાએ શુભ-અશુભ અને શુદ્ધ એમ આચરણના અર્થમાં ચારિત્રગુણની ક્રિયાને ઉપયોગ કહેવાય છે.

**ઉપાધ્યાય પરમેષ્ઠીઃ**— તેઓ પણ મુનિના ૨૮ મૂળગુણ તથા નિશ્ચય સમ્યગ્દર્શનાદિ સહિત છે, બાહ્યમાં દિગમ્બર સૌમ્યમુદ્રાધારી થયા છે. આવા ઉપાધ્યાય ના ૨૫ ગુણ, ૧૧ અંગ, ૧૪ પૂર્વને પોતે ભણે છે તથા પાસે રહેનાર મુનિઓને શાસ્ત્રનો અભ્યાસ કરાવે છે. (તે મુનિઓમાં શિક્ષક—અધ્યાપક હોય છે.)

**ઓમ્** (ॐ):— તેના ઘણા અર્થો થાય છે. તેમાં (૧) ભાવરૂપ ઓમ્ 'શુદ્ધાત્મા' છે અને તેનો વાચક શબ્દ 'જિનેશ્વરની દિવ્ય વાણી' છે. (૨) અરહન્ત આદિ પાંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષરોથી બનેલો શબ્દ જેનાથી પાંચ પરમેષ્ઠીનું લક્ષ થઈ શકે છે.

**કર્તાઃ**—(૧) શુદ્ધ નિશ્ચયનયે રાગાદિરહિત પોતાના શુદ્ધ પરિણામનો અર્થાત્ શુદ્ધ સ્વભાવનો કર્તા.

(૨) નિશ્ચય (અશુદ્ધ નિશ્ચય) નયે રાગાદિ અશુદ્ધ ચેતનભાવોનો કર્તા.

(૩) વ્યવહારનયે જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મોનો બંધ કરવાવાળો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**કષાયઃ**—જેનાથી (कष्=સંસારરૂપ, દુઃખ, आय=લાભ) સંસારની વૃદ્ધિ થાય, આત્માના કલુષિત પરિણામ જેવાં કે મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ અથવા મોહ, રાગ, દ્વેષ વગેરે.

**કાયઃ**—ઘણા પ્રદેશોનો સમૂહ.

**કાળદ્રવ્યઃ**— પોતપોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતા જીવાદિ દ્રવ્યોને પરિણમનમાં નિમિત્તરૂપ જે દ્રવ્ય છે તેને કાળદ્રવ્ય કહે છે. જેમકે કુંભારના ચાકને ફરવા લોઢાનો ખીલો.

**કેવળદર્શનઃ**— કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકનને કેવળદર્શન કહે છે.

**કેવળજ્ઞાનઃ**—ત્રણ લોક અને ત્રણ કાળવર્તી સમસ્ત પદાર્થોને એકી સાથે એક સમયમાત્રમાં સ્પષ્ટ જાણે એવું સંપૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન.

**કેવલિનાથઃ**—કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયના ધારક કેવળી ભગવાન.

**ગુણસ્થાનઃ**—મોહ–યોગના સદ્ભાવ વા અસદ્ભાવથી આત્માના સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને યોગ આદિની થવાવાળી અવસ્થાઓને ગુણસ્થાન કહે છે.

**ગુપ્તિઃ**—મોહ રાગ દ્વેષના અભાવને લીધે અખંડ અદ્વૈત પરમચિદ્રૂપમાં સમ્યક્પણે અવસ્થિત રહેતાં, મન,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



વચન, કાયા તરફની પ્રવૃત્તિ અટકી જવી તેને ગુપ્તિ કહે છે.

**ઘાતિકર્મ**:–આત્માના જ્ઞાન, દર્શન, સુખ, (-સમ્યક્ત્વ-ચારિત્ર) અને વીર્યગુણના વિભાવ પરિણમનમાં નિમિત્તરૂપ દ્રવ્યકર્મ.

**ચક્ષુદર્શન**:–નેત્રના સંબંધથી થતા મતિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને ચક્ષુદર્શન કહે છે.

**ચૈતન્ય**:—જ્ઞાન તથા દર્શન ઉપયોગ જેમાં રહેલ છે તે.

**છદ્મસ્થ**:—ક્ષાયોપશમિક (-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય) જ્ઞાનધારક સંસારી જીવ.

**છાયા**:– તડકામાં મનુષ્યાદિનો પડછાયો અથવા દર્પણમાં મુખનું પ્રતિબિંબ.

**જિન**:– મિથ્યાત્વ અને રાગાદિને જીતનાર. (અસંયત સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક અને મુનિને જિન કહી શકાય છે.)

**જિનવર**:- જિનોમાં જે શ્રેષ્ઠ હોય તે. શ્રી ગણધરદેવ પણ જિનવર કહેવાય છે.

**જિનવરવૃષભ**:– જિનવરોમાં પણ જે શ્રેષ્ઠ હોય છે તે. દરેક તીર્થંકર ભગવાન 'જિનવરવૃષભ' (ભાવ અપેક્ષાએ) કહેવાય છે.

**જીવ**:– જેમાં ચેતના એટલે જ્ઞાનદર્શન પ્રાપ્ત હોય તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**જીવસમાસઃ**– જે ૧૪ ધર્મદ્વારા અનેક પ્રકારના જીવના ભેદ જાણી શકાય તે. (ગાથા ૧૨)

**તપઃ**– શુભાશુભ ઈચ્છાઓને રોકવી અર્થાત્ શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપમાં વિશ્રાંતિ, શુદ્ધરત્નત્રયરૂપ મુનિપણું.

**તમઃ**– પ્રકાશથી વિરુદ્ધ=અંધારું, અંધકાર.

**ત્રસઃ**– ત્રસનામકર્મના ઉદયથી બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય અવસ્થાને પ્રાપ્ત જીવ.

**દર્શનઃ**– સામાન્યરૂપથી નિરાકાર પ્રતિભાસ (–અવલોકન) દર્શનચેતના.

**દિશાઃ**– પૂર્વ વગેરે દિશાઓ.

**દુરભિનિવેશઃ**– સંશય, વિપર્યય અને અનધ્યવસાય (–અનિર્ધાર.)

**દ્રવ્યઃ**– જે ગુણપર્યાયસહિત અને સત્સ્વરૂપ હોય તે.

**દ્રવ્યબંધઃ**– કર્મ અને આત્માના પ્રદેશોનો એક ક્ષેત્રમાં જે સંબંધ વિશેષ.

**દ્રવ્યમોક્ષઃ**– જ્ઞાનાવરણીય આદિ બધા કર્મો અને શરીરનો સંબંધ આત્માથી છૂટી જવો.

**દ્રવ્યસંવરઃ**– દ્રવ્ય આસ્રવોનું રોકાવું.

**દ્રવ્યાસ્રવઃ**– આઠ કર્મોને યોગ્ય પુદ્ગલોનું આવવું તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ધર્મઃ**– જે સંસારના દુઃખોથી છોડાવી મોક્ષરૂપી ઉત્તમ સુખની પ્રાપ્તિ કરાવે તે, સમ્યક્‌રત્નત્રય (શુદ્ધ દર્શન જ્ઞાન ચારિત્ર), ઉત્તમક્ષમાદિ વીતરાગભાવ.

**ધર્મદ્રવ્યઃ**– સ્વયં ગતિરૂપ પરિણત જીવ અને પુદ્‌ગલોને ગમન કરતી વખતે જે દ્રવ્ય નિમિત્ત છે તે. જેમ માછલીને પાણી.

**ધ્યાનઃ**– સમ્યક્‌જ્ઞાન દ્વારા પોતાના આત્માને આત્મામાં એકાગ્ર કરવો.

**ધ્રૌવ્યઃ**–પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ દ્રવ્યની નિત્યતાને ધ્રૌવ્ય કહે છે.

**નયઃ**– શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ, જ્ઞાતાનો અભિપ્રાય.

**નિર્જરાઃ**– બંધનો એકદેશ અભાવ.

**નિશ્ચયનયઃ**– ભેદ, પરાશ્રયને ગૌણ કરી પદાર્થને યથાર્થ જાણનાર શ્રુતજ્ઞાનનો અંશ તે નિશ્ચયનય છે.

**નિશ્ચય ચારિત્રઃ**– નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમાં ચરવું તે, નિજસ્વભાવમાં પ્રવર્તવું-શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે. મોહ-ક્ષોભરહિત પરિણામ, સામ્ય, ધર્મ અને ચારિત્ર (-વીતરાગભાવ) એ બધા એકાર્થવાચક છે. (પ્રવચનસાર ગાથા ૭ ટીકા).

**પરમધ્યાનઃ**– મન, વચન, કાયા સન્મુખ રોકાયેલા જીવના પરિણામને અંતર્મુખ કરી નિજસ્વરૂપમાં સ્થિર થવું તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**પરમેષ્ઠી:-** પરમ (ઉત્કૃષ્ટ) પદમાં રહેવાવાળા અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુદશાને પ્રાપ્ત આત્મા.

[ નોંધ: અર્હંત અને સિદ્ધ પરમાત્મપણું તે આત્માની પૂર્ણદશા, સાધ્યદશા અને મોક્ષતત્ત્વ છે તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપરમેષ્ઠી તે આત્માની અપૂર્ણ નિર્મળ-દશા, સાધકદશા (-મોક્ષમાર્ગ-શુદ્ધ રત્નત્રયરૂપ મુનિપદ) અને સંવર-નિર્જરાતત્ત્વ છે. એ પાંચે પરમપદ આત્મામાંથી આત્માવડે આત્માના આધારે પ્રાપ્ત થાય છે.]

**પરીષહ:-** કર્મોના ક્ષય અર્થે, શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ-માંથી ન ડગવા માટે, સ્વરૂપમાં સ્થિર થઈ (બાહ્ય અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોની ઉપેક્ષા વડે) રાગ-દ્વેષ ઉત્પન્ન થવા ન દેવા અર્થાત્ સમ્યક્પ્રકારે સ્વરૂપમાં જ્ઞાતાદૃષ્ટાપણે સાવધાન રહેવું તેનું નામ પરીષહ અથવા પરીષહજય છે.

**પરોક્ષજ્ઞાન:-** પાંચ ઇન્દ્રિયો અને મન જેમાં નિમિત્ત છે એવું જ્ઞાન, મતિ અને શ્રુત એ બે પરોક્ષજ્ઞાન છે.

**પ્રત્યક્ષજ્ઞાન:-** ઈન્દ્રિયો અને મનના આલંબન વિના આત્મા પોતાના સ્પષ્ટ જ્ઞાનથી એકદેશ અથવા સંપૂર્ણપણે પ્રત્યક્ષ જાણે તે, તેના ત્રણ ભેદ છે -અવધિ, મન:પર્યય, અને કેવળજ્ઞાન.

**પરમાણુ:-** અતિસૂક્ષ્મ અણુ જેનો ભાગ ન થઈ શકે તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri


**પર્યાપ્તિ:**– (૧) પૂર્ણતા, (૨) પુદ્ગલપરમાણુઓને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનરૂપે થવામાં નિમિત્તરૂપ જીવની શક્તિની પૂર્ણતા.

**પાપ:**– જીવના અશુભભાવ (–ભાવપાપ) અને અશુભભાવોથી બંધાયેલું કર્મ તે દ્રવ્યપાપ છે.

**પુદ્ગલદ્રવ્ય:**– જે દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તે પુદ્ગલદ્રવ્ય છે.

**પ્રકૃતિબંધ:**– જ્ઞાનાવરણીય આદિરૂપ પુદ્ગલકર્મોનો સ્વભાવ તે.

**પ્રદેશબંધ:**– બંધાયેલાં કર્મપરમાણુઓનું આત્માના પ્રદેશો સાથે વિશિષ્ઠપણે એકક્ષેત્રાવગાહ સંબંધપણે રહેવું અથવા તે કર્મોના પરમાણુઓની સંખ્યાને પ્રદેશબંધ કહે છે.

**પ્રમાદ:**– આત્મસ્વરૂપની આસાવધાની અથવા પરવસ્તુ તરફ ઉત્સાહ, શુભ અશુભભાવમાં વર્તવું તે પણ પ્રમાદ છે.

**બંધ:**– આત્મા અને કર્મોના પ્રદેશોનું પરસ્પર એકક્ષેત્રાવગાહરૂપે સંબંધવિશેષપણે રહેવું તે.

**બાહ્યક્રિયા:**– શુભ અને અશુભ વચન અને કાયાની ક્રિયા.

**ભાવઆસ્રવ:**– આત્માના જે ભાવથી (મિથ્યાત્વ, અવિરતિ,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



પ્રમાદ, કષાય અને યોગરૂપ અશુદ્ધ પરિણામથી) દ્રવ્યકર્મોનું આવવું થાય તે.

**ભાવનિર્જરા:**— આત્માના જે શુદ્ધ પરિણામોથી કર્મોની-નિર્જરા થાય તે.

**ભાવબંધ:**— આત્માના રાગદ્વેષમોહભાવરૂપ વિભાવ પરિણામોની સ્નિગ્ધતાથી આત્મપ્રદેશો સાથે દ્રવ્યકર્મોનો સંબંધવિશેષ થાય તે સ્નિગ્ધ પરિણામને ભાવબંધ કહેવામાં આવે છે.

**ભાવસંવર:**— આત્માના શુદ્ધપરિણામ કે જેથી દ્રવ્યકર્મોનું આવવું થતું નથી.

**ભાવમોક્ષ:**— દ્રવ્યકર્મ મોક્ષના હેતુભૂત પરમ સંવરરૂપ ભાવ તે ભાવમોક્ષ છે. (તેરમા, ચૌદમા ગુણસ્થાનની દશાને ભાવમોક્ષ કહે છે.)

**ભોક્તા:**—(૧) નિશ્ચયનયે જીવ પોતાના સહજ સ્વભાવરૂપ શુદ્ધભાવનો ભોક્તા.

(૨) અશુદ્ધ નિશ્ચયનયે અઘાતિકર્મોના ઉદયથી જે કંઇ સંયોગો આવી મળતાં જીવ સુખ કે દુ:ખની લાગણીને વેદે છે તે જીવ અશુદ્ધ-ભાવનો ભોક્તા છે.

**મતિજ્ઞાન:**— (૧) પરાશ્રયની બુદ્ધિ છોડીને — દર્શનઉપયોગ પૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ-આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



(૨) ઇન્દ્રિય અને મન જેમાં નિમિત્તમાત્ર છે એવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

**મનઃપર્યયજ્ઞાનઃ**– દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી બીજાના મનમાં રહેલ રૂપી પદાર્થોનું સ્પષ્ટ જાણવું તે.

**મિથ્યાત્વઃ**– તત્ત્વોની વિપરીત શ્રદ્ધા કરવી, સ્વ-પરનો એકપણાનો અભિપ્રાય, રાગથી ભલું થવું માનવું.

**માર્ગણાઃ**– ગતિ આદિ ૧૪ પ્રકારના ધર્મદ્વારા અનેક પ્રકારના જીવના ભેદ જાણી શકાય તે, અથવા જે વડે જીવસમૂહને શોધવાં તે.

**મંત્રઃ**– પંચપરમેષ્ઠીવાચક નમસ્કારમંત્ર અથવા ધ્યાન કરવા માટે તે પ્રકારના ૐ, હ્રીં વગેરે વચન.

**રત્નત્રયઃ**– સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર, મોક્ષમાર્ગ.

**લોકાકાશઃ**– આકાશના જે ભાગમાં જીવાદિ દ્રવ્યો રહેલાં છે તે.

**વિકલત્રયઃ**– બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવ.

**વિદિશાઃ**– ઇશાન, નૈઋત્ય, વાયવ્ય અને અગ્નિ ખૂણા.

**વિભ્રમઃ**– (વિપર્યય, વિપરીત) વસ્તુના સ્વરૂપને ઉલટું સમજવું.

**વિમોહઃ**– (અનધ્યવસાય, અનિર્ધાર) વસ્તુના સ્વરૂપનો કાંઇપણ નિશ્ચય ન કરવો તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**વ્યય:**– દ્રવ્યના પૂર્વ પર્યાયના ત્યાગને વ્યય કહે છે. [દરેક દ્રવ્યમાં નિરંતર દરેક સમયે નવીન પર્યાય (અવસ્થા)-ની ઉત્પત્તિપૂર્વક પૂર્વપર્યાયનો (અપ્રગટ થવારૂપ) વ્યય થયા જ કરે છે.]

**વ્યવહારકાળ:**– સમય, ઘડી, કલાક, મિનિટ વગેરે.

**વ્યવહારનય:**– જે ગુણ ગુણી ભેદ, પરાશ્રય અથવા સંયોગના લક્ષે કારણ કાર્યાદિના ભેદ બતાવે તે શ્રુતજ્ઞાનનો અંશ.

**વ્યવહાર મોક્ષમાર્ગ:**– નિશ્ચય મોક્ષમાર્ગી જીવને સ્વરૂપમાં એકાગ્ર ન રહી શકે ત્યારે શ્રી વીતરાગ સર્વજ્ઞદેવ-કથિત છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થનું ભેદરૂપ શ્રદ્ધાન—જ્ઞાન અને વ્રતાદિરૂપ આચરણ એ વ્યવહાર મોક્ષમાર્ગ છે. (જે અસદ્ભૂત ઉપચરિત વ્યવહારનયનો વિષય છે.)

**શબ્દ:**– શ્રોત્રેન્દ્રિયનો વિષય.

**શ્રુતજ્ઞાન:**– મતિજ્ઞાનથી જાણેલા પદાર્થના સંબંધથી અન્ય પદાર્થને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે તથા આત્માની શુદ્ધ અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનને ભાવ-શ્રુતજ્ઞાન કહે છે.

**સમનસ્ક:**– સંજ્ઞી—મનસહિત જીવ, હિતમાં પ્રવર્તવાની અહિતથી દૂર રહેવાની શિક્ષા, ક્રિયા, ઉપદેશ વગેરેનું જે ગ્રહણ કરે છે તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**સમિતિ:**– (૧) નિશ્ચયથી અનંતજ્ઞાનાદિ સ્વભાવધારક નિજ આત્મામાં સમ્યક્ પ્રકારે સમસ્ત રાગાદિ વિભાવના ત્યાગપૂર્વક આત્મામાં લીન થવું, આત્માનું ચિંતન કરવું, તન્મય થવું આદિ રૂપથી જે અયન–ગમન–પરિણમન તે સમિતિ છે.

(૨) વ્યવહારથી આચારગ્રંથકથિત ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને ઉત્સર્ગ એ પાંચ સમિતિ છે.

**સમુદ્ઘાત:**–મૂળ શરીરને છોડ્યા વિના આત્માના પ્રદેશોનું વિસ્તારરૂપે બહાર નીકળવું.

**સમ્યગ્જ્ઞાન:**–સંશયાદિ રહિત સ્વ–પરના નિશ્ચયવાળું જ્ઞાન.

**સર્વજ્ઞ:**–ત્રણલોક, અલોક અને ત્રણ કાળવર્તી સમસ્ત પદાર્થોને એકી સાથે એક સમયમાં સ્પષ્ટ–પ્રત્યક્ષ જાણનાર.

**સર્વ સાધુ પરમેષ્ઠી:**–જે નિશ્ચય સમ્યક્દર્શનાદિ સહિત છે. વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઈને ઈષ્ટ અનિષ્ટ માની રાગદ્વેષ કરતા નથી, હિંસાદિરૂપ અશુભપયોગનું તો અસ્તિ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



ત્વ જ જેને રહ્યું નથી એવી અંતરંગદશા થતાં બાહ્ય દિગંબર સૌમ્ય મુદ્રાધારી થયા છે. ૨૮ મૂળગુણોને અખંડિત પાળે છે. સર્વ મુનિ (-સાધુ, શ્રમણ) ને ૨૮ મૂળગુણ હોય છે તેનાં નામઃ-

૫ મહાવ્રત (-હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહની વિરતિ)

૫ સમિતિ (-ઇર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ, પ્રતિષ્ઠાપન)

૫ ઇંદ્રિયનિરોધ (-પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ઇષ્ટ અનિષ્ટપણું ન થવું.)

૬ આવશ્યક (-સામાયિક, ૨૪ તીર્થંકર અથવા પંચપરમેષ્ઠીની સ્તુતિ, વંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ.)

---

૨૧

(૨૨) કેશલોચ, (૨૩) અચેલપણું એટલે વસ્ત્રરહિત - દિગંબરપણું, (૨૪) અસ્નાનતા, (૨૫) ભૂમિશયન, (૨૬) દાતણ ન કરવું, (૨૭) ઉભા ઉભા ભોજન, (૨૮) દિવસમાં એક વખત આહાર--પાણી.

[આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-એ ત્રણે નિશ્ચય રત્નત્રય અર્થાત્ શુદ્ધોપયોગરૂપ (મુનિધર્મરૂપ) જે આત્મસ્વરૂપનું સાધન તે વડે પોતાના આત્મામાં સદા તત્પર (--સાવધાન, જાગ્રત) રહે છે. બાહ્યમાં ૨૮ મૂળગુણોના ધારક હોય છે વળી તેમની પાસે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



દયાનું ઉપકરણ પીંછી, શૌચનું ઉપકરણ કમંડલ અને જ્ઞાનનું ઉપકરણ સુશાસ્ત્ર હોય છે. તેઓ શાસ્ત્રકથિત ૪૬ દોષ, ૩૨ અંતરાય, ૧૪ મલ-દોષથી બચાવીને શુદ્ધ આહાર લે છે અને તે જ મોક્ષમાર્ગના સાધક સાચા સાધુ છે અને તે જ ગુરુ કહેવાય છે. શ્રી અર્હંત અને સિદ્ધભગવાન દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે.]

**સિદ્ધપરમેષ્ઠી:**– જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનો નાશ કરી સિદ્ધાલયમાં (–લોકાગ્રે) સ્થિત, સમ્યક્ત્વાદિ ગુણોના ધારક, શુદ્ધ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સહિત છે અને પુનરાગમનરહિત છે.

**સૂક્ષ્મ સ્કંધ:**–જે બીજાથી બાધા પામે નહિ અને બીજાને બાધા આપે નહિ, બીજાથી રોકાય નહિ –બીજાને રોકે નહિ.

**સૂક્ષ્મ એકેન્દ્રિય:**–સૂક્ષ્મ નામે નામકર્મના ઉદયથી પ્રાપ્ત સૂક્ષ્મશરીરી જીવ જેને માત્ર એક સ્પર્શન ઇંદ્રિય હોય છે.

**સંસ્થાન:**–ત્રિકોણ, ચતુર્કોણ વગેરે આકાર.

**સંશય:**– નિશ્ચયરહિત અનેક વિકલ્પોને ગ્રહણ કરવાવાળું કુજ્ઞાન.

**સંસારી:**– મનુષ્ય, દેવ, તિર્યંચ (–પશુ) અને નારક એ ચાર ગતિવાળા જીવ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**સ્થાવર:**- પૃથ્વીકાયિક, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયિક જીવને સ્થાવર અથવા એકેન્દ્રિય કહે છે. સ્થાવર નામકર્મના ઉદયના કારણે તેમને સ્થાવર કહેવામાં આવે છે.

**સ્વદેહ પરિમાણ:**-સમુદ્ઘાત અવસ્થાને છોડીને નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા પોતાના નાના મોટા શરીર પ્રમાણે રહેવું તે.

**સ્થૂળ**- તલ, બોર વગેરે એક બીજાથી નાનું મોટું છે તે અપેક્ષિત સ્થૂળ છે અને જે સંયોગમાત્રપણે બીજાથી બાધા પામે, રોકાય અને બીજાને બાધા કરે, રોકે તે ખરેખર સ્થૂળ છે અને તેનાથી વિપરીત તે ખરેખર સૂક્ષ્મ છે.

**શાસ્ત્ર:**- જેમાં અનેકાન્તરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે તથા જે સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ દેખાડે છે તે જૈનશાસ્ત્રો છે.
(મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૨૮.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# ભેદ–સંગ્રહ

**અજીવઃ**–૫. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ.

**અધિકારઃ**–૯. જીવત્વ, ઉપયોગમય, અમૂર્તિ, કર્તા, સ્વદેહપરિમાણ, ભોક્તા, સંસારસ્થ, સિદ્ધ, વિસ્સસા-ઉર્ધ્વગમન.

**અનુપ્રેક્ષાઃ**–૧૨. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ, ધર્મ.

**અનન્ત ચતુષ્ટયઃ**–૪. અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ, અનંતવીર્ય.

**અષ્ટગુણઃ**– ૮. સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, સૂક્ષ્મત્વ અવગાહનત્વ, અગુરુ લઘુત્વ, અવ્યાબાધત્વ.

**અસ્તિકાયઃ**–૫. જીવ, પુદ્ગલ, ધર્મ અધર્મ, આકાશ.

**આસ્રવઃ**–૨. દ્રવ્ય, ભાવ.

**આસ્રવઃ**–૩૨. મિથ્યાત્વ ૫, અવિરતિ ૫, પ્રમાદ ૧૫, યોગ ૩, કષાય ૪.

**આચારઃ**– ૫. દર્શન, જ્ઞાન, વીર્ય, ચારિત્ર, તપ.

**ઇન્દ્રઃ**– ૧૦૦. ભવનવાસી ૪૦, વ્યન્તર ૩૨, કલ્પવાસી

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



૨૪, જ્યોતિષી ૨ (સૂર્ય, ચન્દ્રમા), ચક્રવર્તી ૧, સિંહ ૧.

ઇન્દ્રિયો:–૫. સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, કર્ણ (શ્રોત્ર).

ઉપયોગ:–૨. જ્ઞાન, દર્શન.

ઉપયોગ:–૧૨. જ્ઞાન ૮, દર્શન ૪.

એકેન્દ્રિય:–૨. સૂક્ષ્મ, બાદર (સ્થૂલ).

એકેન્દ્રિય:–૫. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ-કાયિક, તેને સ્થાવર કહેવાય છે.

કર્મ:–૨. પુણ્ય, પાપ.

કર્મ:–૨. ઘાતિયા, અઘાતિયા.

કર્મ:–૮. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય.

કાળ:–૨. નિશ્ચય, વ્યવહાર.

ક્રિયા:–૨. અન્તરંગ, બાહ્ય.

ગન્ધ:–૨. સુગંધ, દુર્ગંધ.

ગુણસ્થાન:–૧૪. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત સમ્યક્ત્વ, દેશ સંયત, પ્રમત, અપ્રમત્ત, અધ:કરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સંયોગકેવલી, અયોગ કેવલી.

ગુપ્તિ:–૩. મન, વચન, કાય.

ચારિત્ર:–૨. બાહ્ય, અંતરંગ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**ચારિત્રઃ**—૫. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત.

**છદ્મસ્થઃ**—૪. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય જ્ઞાનના ધારક.

**જીવઃ**—૨. સંસારી, મુક્ત.

**જીવસમાસ**.—૧૪. એકેન્દ્રિય સૂક્ષ્મ, એકેન્દ્રિય બાદર, બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંજ્ઞી પંચેંદ્રિ, અસંજ્ઞી પંચેંદ્રિ એ સાત ભેદોને પર્યાપ્તા અને અપર્યાપ્તા લગાડવાથી ચૌદ ભેદ થાય છે.

**તપઃ**—૨. બાહ્ય ૬, અભ્યંતર ૬.

**ત્રસજીવઃ**—૪. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય.

**દ્રવ્યઃ**—૨. જીવ, અજીવ.

**દ્રવ્ય**.—૬. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ.

**દિશાઃ**—૧૦. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, વાયવ્ય, આગ્નેય, નૈરૂત્ય, ઉર્ધ્વ, અધઃ.

**ધર્મઃ**—૧૦. ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન્ય, બ્રહ્મચર્ય.

**નિર્જરાઃ**—૨. દ્રવ્ય, ભાવ.

**નોકર્મઃ**—૫. ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ, કાર્મણ.

**પંચેન્દ્રિઃ**—૨. સંજ્ઞી, અસંજ્ઞી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**પર્યાપ્તિઃ**—૬. આહાર, શરીર, ઇન્દ્રિય, ભાષા, શ્વાસોશ્વાસ, મન.

**પરીષહઃ**—૨૨. ભૂખ, પ્યાસ, ઠંડ, ગરમી, દંશમશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, શય્યા, આસન, વધ, આક્રોશ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કારપુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન.

**પુદ્ગલકર્મઃ**—૮. જ્ઞાનાવરણાદિ.

**પુદ્ગલગુણ**—૨૦. સ્પર્શ ૮, રસ ૫, રૂપ ૫, ગન્ધ ૨.

**પાપકર્મઃ**—૮. અસાતાવેદનીય, અશુભઆયુ, અશુભ નામકર્મો, નીચગોત્ર અને ૪ ઘાતિયા કર્મ જ્ઞાનાવરણાઆદિ.

**પુણ્યકર્મઃ**—૪. સાતાવેદનીય, શુભ આયુ, શુભ નામકર્મો, ઉચ્ચગોત્ર.

**પ્રાણઃ**—૧૦. ઇન્દ્રિય ૫, બલ ૩, આયુ, શ્વાસોશ્વાસ.

**બન્ધઃ**—૨. દ્રવ્ય, ભાવ.

**બન્ધઃ**—૪. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ.

**ભાવાસ્રવઃ**—૫ મિથ્યાત્વ, અવિરતિ, ૫, પ્રમાદ, કષાય, યોગ.

**ભાવસ્રવઃ**—૩૨. મિથ્યાત્વ ૫, અવિરતિ ૫, પ્રમાદ ૧૫, યોગ ૩, કષાય ૪.

**ભાવનિર્જરાઃ**—૨. સવિપાક, અવિપાક.

**મહાવ્રતઃ**—૫. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



માર્ગણા:-૧૪. ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞીત્વ અને આહારત્વ.

મિથ્યાત્વ:-૫. વિપરીત, એકાન્ત, વિનય, સંશય, અજ્ઞાન.

મુનિચારિત્ર:-૧૩. વ્રત ૫, સમિતિ ૫, ગુપ્તિ ૩.

મોક્ષ:-૨. દ્રવ્ય, ભાવ.

મોક્ષમાર્ગ:-૨. વ્યવહાર, નિશ્ચય. (નિરૂપણ અપેક્ષાથી).

યોગ:-૩. મન, વચન, કાયના અવલંબનથી આત્મ-પ્રદેશોમાં-યોગગુણની અશુદ્ધ પર્યાય તેનું ચંચળતા-રૂપ=કંપન અને કર્મગ્રહણરૂપ વિકારને યોગ કહે છે સામાન્ય પણે તે યોગ એક પ્રકારે છે પણ નિમિતના અવલંબન અપેક્ષાથી-મન વચન કાયાના સંબંધથી ત્રણ અથવા ૧૫ ભેદ છે.

રત્નત્રય:-૩. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ.

વિદિશા:-૪. ઇશાન, નૈરૂત્ય, વાયવ્ય, આગ્નેય.

વ્રત:-૫. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

વિકલત્રય:-૩. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિયજીવ.

સંવર:-૨. દ્રવ્ય, ભાવ.

સંવર:-૭. વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા.

સંવર:-૬૨. ૫, ૫, ૩, ૧૦, ૧૨. પરીષહજય, ચારિત્ર. ૨૨, ૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



**સમુદ્ઘાતઃ**-૭. વેદના, કષાય, વિક્રિયા, મારણાન્તિક, તૈજસ, આહાર, કેવલ.

**સમિતિઃ**-૫. ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ, વ્યુત્સર્ગ.

**જ્ઞાનોપયોગઃ**-૨. જ્ઞાન, અજ્ઞાન.

**જ્ઞાનોપયોગ**-૮ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ, અને કુમતિ, કુશ્રુત, કુઅવધિ (વિભંગ)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

# લઘુ દ્રવ્ય-સંગ્રહ

छद्दव्व पंचअत्थी सत्त वि तच्चाणि णव पयत्था य ।
भंगुप्पाय-धुवत्ता णिद्दिट्ठा जेण सो जिणो जयऊ ॥ १ ॥

અર્થ:—જેમણે છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થ તથા ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય, નિર્દેશ (વર્ણન) કરેલ છે, તે શ્રી જિનેન્દ્રદેવ જયવંત રહો.[1]

जीवो पुग्गल धम्माऽधम्मागासो तहेव कालो य ।
दव्वाणि कालरहिया पदेस बाहुल्लदो अत्थिका य ॥ २ ॥

અર્થ:—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ-દ્રવ્ય છે, કાળ સિવાયનાં તે પાંચ દ્રવ્ય, બહુપ્રદેશી હોવાથી અસ્તિકાય છે.[2]

जीवाजीवासवबंध संवरो णिज्जरा तहा मोक्खो ।
तच्चाणि सत्त एदे सपुण्ण-पावा पयत्था य ॥ ३ ॥

અર્થ:—જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા તથા મોક્ષ-સાત તત્ત્વ છે; એ (સાત તત્ત્વ) પુણ્ય-પાપ સહિત નવ પદાર્થ છે.[3]

जीवो होइ अमुत्तो सदेहमित्तो सचेयणा कत्ता ।
भोत्ता सो पुण दुविहो सिद्धो संसारिओ णाणा ॥ ४॥

અર્થ:—જીવ, (દ્રવ્ય) અમૂર્તિક, સ્વદેહ-પ્રમાણ, ચેતના સહિત, કર્તા અને ભોક્તા છે, તે જીવ બે પ્રકારના છે,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



સિદ્ધ અને સંસારી; (સંસારી જીવ) અનેક પ્રકારના છે.૪ (આ ગાથા બૃ. દ્ર. સંગ્રહ ગા. ૨ સાથે મળતી છે.)

*अरसमरुवमगंधं अव्वत्तं चेयणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठ–संट्ठाणं ॥ ५ ॥

અર્થ:— જે અરસ, અરૂપ, અગંધ તથા અવ્યક્ત છે, અશબ્દ છે, અનિર્દિષ્ટ સંસ્થાન છે (–જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો છે), ચેતના ગુણવાળો છે અને ઇન્દ્રિયો (–લિંગ) વડે અગ્રાહ્ય છે, તે જીવ જાણો.૫

वण्ण-रस-गंध-फासा विज्जंते जस्स जिणवरुद्दिट्ठा ।
मुत्तो पुग्गलकाओ पुढवी पहुदी हु सो सोढा ॥६॥

અર્થ:—જેને વર્ણ, રસ, ગંધ તથા સ્પર્શ વિદ્યમાન છે, તે મૂર્તિક પુદ્ગલ-કાય, પૃથ્વી આદિ છ પ્રકારના શ્રી જિનેન્દ્રદેવ દ્વારા કહેવામાં આવેલ છે.૬

पुढवी जलं च छाया च उरिंदियविसय कम्म परमाणू ।
छव्विह भेयं भणियं पुग्गलदव्वं जिणिंदेहिं ॥ ७ ॥

અર્થ:—પૃથ્વી, જળ અને છાયા, (નેત્રેન્દ્રિય વિના બાકીના) ચાર ઇન્દ્રિયના વિષય (વાયુ, શબ્દાદિ)–કર્મ-વર્ગણા અને પરમાણુ, એવા પુદ્ગલ દ્રવ્યના છ પ્રકાર શ્રી જિનેન્દ્રદેવે કહ્યા છે.૭

---

* સમયસાર ગા. ૪૯, પંચાસ્તિકાય ગા. ૧૨૭, પ્ર. સાર ગા. ૧૭૨, નિ. સાર ગા. ૪૬, ભાવપાહુડ ગા. ૬૪, ધવલાટીકા પુ. ૩ પૃ. ૨.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



[1]गई परिणयाण धम्मो पुग्गलजीवाण गमण-सहयारी ।
तोयं जह मच्छाणं अच्छंता णेव सो णेई ॥ ८ ॥

અર્થ:—ગમનથી પરિણુત પુદ્‌ગળ અને જીવોને ગમનમાં સહકારી ધર્મ-દ્રવ્ય છે, જેમ માછલિયોને (ગમનમાં) જલ છે તેમ. (પણ) ગમન નહીં કરનારાને (-સ્થિર રહેલાં પુદ્‌ગલ તથા જીવોને) તે (ધર્મદ્રવ્ય) ગમન કરાવતું નથી ૮

[2]ठाणजुयाण अधम्मो पुग्गलजीवाण ठाण-सहयारी ।
छाया जह पहियाणं गच्छांता णेव सो धरई ॥ ९ ॥

અર્થ:-(ગતિપૂર્વક) સ્થિત રહેલાં પુદ્‌ગલ અને જીવોને સ્થિર રહેવામાં સહકારી અધર્મ-દ્રવ્ય છે, જેમ છાયા મુસાફરને સ્થિર રહેવામાં છે તેમ. (પણ) ગમન કરનારાને (જીવ-પુદ્‌ગલોને) તે (અધર્મ-દ્રવ્ય) સ્થિર કરે છે એમ નથી.૯

[3]अवगासदाणजोग्गं जीवादीणं वियाण आयासं ।
जेण्हं लोगागासं अलोगागासमिदि दुविहं ॥ १० ॥

અર્થ:- જે જીવાદિ દ્રવ્યોને અવકાશ દેવામાં યોગ્ય છે, તેને શ્રી જિનેન્દ્રદેવ દ્વારા કહેવામાં આવેલ આકાશ દ્રવ્ય જાણો, તેના બે ભેદ—લોકાકાશ અને અલોકાકાશ છે.૧૦

---

१ બૃ. દ્ર. સ. ગા. ૧૭.
૨. બૃ. દ્ર. સં. ગા. ૧૮,
૩. બૃ. દ્ર. સં. ગા. ૧૯,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



[१]दव्व परियट्टजादो जो सो कालो हवेइ ववहारो ।
लोगागासपएसो एक्केक्काणु य परमट्ठो ॥ ११ ॥

અર્થ:- જે દ્રવ્યોના પરિવર્તનથી ઉત્પન્ન થવા વાળા છે; તે વ્યવહારકાલ છે; લોકાકાશમાં પ્રદેશરુપથી સ્થિત એક એક કાલાણુ પરમાર્થ (- નિશ્ચય) કાલ છે. ૧૧.

[२] लोयायासपदेसे एक्केक्के जे ट्ठिया हु एक्केक्का ।
रयणाणं रासीमिव ते कालाणू असंखदव्वाणि ॥ १२ ॥

અર્થ:- જે લોકાકાશના એક એક પ્રદેશે, રત્નોની રાશિની જેમ, (પરસ્પરભિન્નર) એક એક રહેલાં છે; તે કાલાણુ અસંખ્ય દ્રવ્ય છે.૧૨

[३] संखातीदा जीवे धम्माऽधम्मे अणंत आयासे ।
संखादासंखादा मुत्ति पदेसाउ संति णो काले ॥ १३ ॥

અર્થ:- એક જીવના, ધર્મ તથા અધર્મદ્રવ્યના અસંખ્યાત (પ્રદેશ) છે, આકાશના અનંત (પ્રદેશ) છે, પુદ્ગલના સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશ છે; કાલમાં (પ્રદેશ) નથી. (અર્થાત્ કાલાણૂ દ્રવ્યો દરેક એક પ્રદેશી જ છે તેમાં શક્તિ અથવા વ્યક્તિની અપેક્ષાથી બહુ-પ્રદેશીપણું નથી.)૧૩

---

૧. બૃ. દ્ર. સં. ગા. ૨૧ કંઇક અંતર સહિત
૨. બૃ. દ્ર. સં. ગા. ૨૨.
૩. બૃ. દ્ર. સં. ગા. ૨૫નું રૂપાન્તર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



[1] जावदियं आयासं अविभागीपुग्गलाणुवट्टद्धं ।
तं खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं ॥१४॥

અર્થ:- અવિભાગી પુદ્ગલાણુથી આકાશનો (નાનામાં નાનો) જેટલો ભાગ રોકાય છે, તેને પ્રદેશ જાણો; (તે પ્રદેશ) સર્વ (પુદ્ગલ) પરમાણુઓને સ્થાન દેવામાં સમર્થ છે. ૧૪.

जीवो णाणी पुग्गल-धम्माऽधम्मायासा तहेव कालो य ।
अजीवा जिणभणिओ ण हु मण्णइ जो हु सो मिच्छो ॥१५॥

અર્થ:- જીવ જ્ઞાનવાળા છે, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ તથા કાલ — અજીવ છે, એમ શ્રી જિનેન્દ્રદેવે વર્ણન કર્યું છે; એમ જે નથી માનતા તે મિથ્યાદૃષ્ટિ છે. ૧૫.

मिच्छतं हिंसाई कसाय–जोगा य आसवो बंधो ।
सकसाई जं जीवो परिगिण्हइ पोग्गलं विविहं ॥१६॥

અર્થ:- મિથ્યાત્વ, હિંસાદિ (અવ્રત), કષાય અને યોગોથી આસ્રવ થાય છે, કષાય સહિત જીવ અનેક પ્રકારના પુદ્ગલોનું જે પરિગ્રહણ કરે છે, તે બંધ છે. ૧૬.

मिच्छत्ताईचाओ संवर जिण भणइ णिज्जरादेसे ।
कम्माण खओ सो पुण अहिलसिओ अणहिलसिओ य ॥ १७ ॥

અર્થ:- શ્રી જિનેન્દ્રદેવે મિથ્યાત્વાદિના ત્યાગને સંવર

---

૧. બૃ. ગા. ૨૭.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



કહેલ છે, કર્મોનો એક દેશ ક્ષય નિર્જરા છે વળી તે નિર્જરા અભિલાષા સહિત અર્થાત્ (-સકામ અને અવિપાક) તથા અભિલાષા રહિત (-અકામ અને સવિપાક) એમ બે પ્રકારની છે. ૧૭.

कम्म बंधण-बद्धस्स सब्भूदस्संतरप्पणो ।
सव्वकम्म-विणिम्मुक्को मोक्खो होइ जिणेडिदो ॥ १८ ॥

અર્થઃ- કર્મોના બંધનથી બંધાએલ સદ્‌ભૂત (પ્રશસ્ત) અંતરાત્માનું જે સર્વ કર્મોથી પૂર્ણરૂપથી મુક્ત થવું-છુટવું તે મોક્ષ છે; એમ શ્રી જિનેન્દ્રદેવે વર્ણન કર્યું છે. ૧૮.

सादाऽउ-णामगोदाणं पयडीओ सुहा हवे ।
पुण्ण तित्थयरादी अण्णं पावं तु आगमे ॥ १९ ॥

અર્થઃ- સાતાવેદનીય, શુભઆયુ, શુભનામ, શુભગોત્ર અને તીર્થંકર આદિ પુણ્ય પ્રકૃતિ છે, અન્ય બાકીની પાપ છે, એમ પરમાગમમાં કહ્યું છે. ૧૯.

णासइ णर-पज्जाओ उप्पज्जइ देवपज्जओ तत्थ ।
जीवो स एव सव्वस्सभंगुप्पाया धुवा एवं ॥ २० ॥

અર્થઃ- મનુષ્ય પર્યાય નષ્ટ થાય છે, દેવ પર્યાય ઉત્પન્ન થાય છે, તથા જીવ તેનો તેજ રહે છે, આમ સર્વ દ્રવ્યોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે. ૨૦.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



उप्पादप्पद्धंसा वत्थूणं होंति पज्जय-णाएण (णयण) ।
दव्वट्ठिएण णिच्चा बोधव्वा सव्वजिणवुत्ता ॥ २१ ॥

અર્થ:- વસ્તુમાં ઉત્પાદ તથા વ્યય પર્યાય-નય થી થાય છે, દ્રવ્યદષ્ટિથી (વસ્તુ) નિત્ય (ધ્રૌવ્ય) જાણવી જોઈએ; શ્રી સર્વજ્ઞ જિનેન્દ્ર દ્વારા એમ કહેવામાં આવ્યું છે. ૨૧.

एवं अहिगयसुत्तो सट्ठाणजुदो मणो णिरुं भित्ता ।
छंडउ रायं रोसं जइ इच्छइ कम्मणो णास (णासं) ॥ २२ ॥

અર્થ:- જો કર્મોનો નાશ કરવા ચાહતા હો તો આ રીતે સૂત્રથી અભિગત થઈને (-પરમાગમના જ્ઞાતા થઈને), કાયને નિશ્ચલ કરીને અને મનને સ્થિર કરીને રાગ અને દ્વેષને છોડો. ૨૨.

विसएसु पवट्टंतं चित्तं धारेत्तु अप्पणो अप्पा ।
फायइ अप्पाणेणं जो सो पावेइ खलु सेयं ॥ २३ ॥

અર્થ:- જે આત્મા વિષયોમાં લાગેલા મનને રોકીને પોતાના આત્માને પોતા વડે ધ્યાવે છે, તે આત્મા ખરેખર શ્રેય ને પામે છે. ૨૩.

सम्मं जीवादीया णच्चा सम्मं सुकित्तिदा जेहिं ।
मोहगयकेसरीणं णमो णमो ठाण साहूणं ॥ २४ ॥

અર્થ:- જીવાદિને સમ્યક્‌પ્રકારે જાણીને જેમણે તે જીવાદિનું સારી રીતે - સમ્યક્‌પ્રકારે વર્ણન કર્યું છે, જે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri



મોહરૂપી હાથીને માટે સિંહ સમાન છે, તે સાધુઓને (અમારા) નમસ્કાર હો....નમસ્કાર હો. ૨૪.

सोमच्छलेण रइया पयत्थ-लक्खणकराउ गाहाओ ।
भव्वुवयारणिमित्तं गणिणा सिरिणेमिचंदेण ॥ २५ ॥

અર્થ:- શ્રી સોમ શ્રેષ્ઠીના નિમિત્તથી ભવ્ય જીવોના ઉપકારના માટે શ્રી નેમિચંદ્ર આચાર્ય દ્વારા પદાર્થોના લક્ષણ કહેવાવાળી ગાથાઓ રચવામાં આવી છે. ૨૫.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

| | | | |
|---|---|---|---|
| શ્રી આત્મસિદ્ધિ ગાથા | ... | ... | ૦-૧૨ |
| શ્રી આલોચના | ... | ... | ૦-૧૨ |
| શ્રી પુરુષાર્થ | ... | ... | ૦-૨૫ |
| શ્રી દસલક્ષણ ધર્મ | ... | ... | ૦-૬૨ |
| શ્રી પંચાધ્યાયી ભાગ-૧-૨ દરેકના | | ... | ૩-૦૦ |
| શ્રી સામાયિક પાઠ | ... | ... | ૦-૨૫ |
| શ્રી સમ્યક્દર્શન | ... | ... | ૧-૨૫ |
| શ્રી ભેદવિજ્ઞાનસાર | ... | ... | ૧-૨૫ |
| શ્રી ચિદ્વિલાસ | ... | ... | ૦-૭૫ |
| શ્રી જૈન બાળપોથી | ... | ... | ૦-૨૫ |
| શ્રી પ્રવચનસાર ગૂટકો | ... | ... | ૦-૩૧ |
| શ્રી સમયસાર ગૂટકો | ... | ... | ૦-૫૦ |
| શ્રી જૈનસિદ્ધાંતપ્રવેશિકા અધ્યાય ૧ | | ... | ૦-૧૫ |
| શ્રી જિનેન્દ્ર સ્તવનમાળા | ... | ... | ૧-૦૦ |
| શ્રી પંચકલ્યાણક પ્રવચન | ... | ... | ૨-૨૫ |
| શ્રી નિયમસાર | ... | ... | ૩-૫૦ |
| શ્રી નિયમસાર પદ્યાનુવાદ | ... | ... | ૦-૩૧ |
| શ્રી સમયસાર ટીકા સહિત | ... | ... | ૬-૦૦ |
| શ્રી આત્મધર્મ માસિક ગુજરાતી લવાજમ | | ... | ૪-૦૦ |
| શ્રી આત્મધર્મ ફાઇલ વર્ષ ૩-૪-૫-૬-૭-૮-૯ દરેક | | | ૩-૭૫ |
| શ્રી પ્રશ્નોત્તરમાળા | ... | ... | ૧-૫૦ |
| શ્રી પંચાસ્તિકાય | ... | ... | ૩-૦૦ |
| શ્રી પં. પદ્યાનુવાદ | ... | ... | ૦-૩૧ |
| શ્રી પૂજાપલ્લવ | ... | ... | ૦-૫૦ |
| શ્રી આત્મ પ્રસિદ્ધિ | ... | ... | ૩-૭૫ |

[ પોસ્ટેજ અલગ ]

∴ પ્રાપ્તિસ્થાન ∴

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર**

સોનગઢ—(સૌરાષ્ટ્ર)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પ્રકાશક :
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
મુદ્રક :
શ્રી રમણભાઈ બી. પટેલ, ગંગા મુદ્રણાલય વલ્લભવિદ્યાનગર (ગુજરાત)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi